॥ જય શ્રી પ્રગટ પુરૂષોત્તમ નારાયણ નમો નમઃ ॥


# પ.પૂ. પ્રભુ શ્રી પુરૂષોત્તમ નારાયણના જ્ઞાન પત્રો



પ્રગટ પ્રભુ શ્રી નારાયણ મુની મહારાજ ( ભાદરણ )

॥ જય શ્રી પ્રગટ પુરૂષોત્તમ નારાયણ નમો નમઃ ॥

# પ્રભુ શ્રી પુરૂષોત્તમ નારાયણના જ્ઞાન પત્રો



શ્રી નારાયણ મુની મહારાજ શ્રી પુરૂષોત્તમ મહારાજ શ્રી ડાહ્યાભાઈ મહારાજ



અક્ષરમુક્ત પુંજાભાઈ પટેલ



અક્ષરમુક્ત ગંગાબા પટેલ



અક્ષરમુક્ત જશુભાઇ પટેલ



અક્ષરમુક્ત રમેશભાઇ પટેલ



અક્ષરમુક્ત જગદીશભાઇ પટેલ



અક્ષરમુક્ત સુરેશભાઇ પટેલ

# -: પ્રસ્તાવના :-

શ્રી પુરૂષોત્તમનારાયણ ભગવાનના જ્ઞાનપત્રોએ શ્રી હરિના કરૂણાસભર પ્રેરણાનું પ્રવાહિત થયેલું અખંડ ઝરણું છે. પુરૂષોત્તમ થવાની કેડી કંડારતા પ્રગટ સંપ્રદાયના અક્ષરમુક્તોએ વિવિધ સંજોગોમાં પ્રગટ ભગવાનને જે તે સમયમાં પુછેલા પ્રશ્નોનાં શ્રી હરિએ યથાર્થ જ્ઞાનસભર જવાબો આપેલા છે. એટલેકે, આ પુસ્તકએ શ્રી હરિની દિવ્ય પરાવાણી છે. આ પુસ્તકમાં રહેલું જ્ઞાન એ મુમુક્ષુની યોગ્યતા અને પાત્રતા અનુસાર કામ, ક્રોધ, લોભાદિક અંતઃશત્રુના નિવારણ તથા પંચવર્તમાન પાલનના સુંદર, સરળ અને સચોટ ઉપાયો બતાવી ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિરૂપી મંગલમય ચતુષ્ટયની સિદ્ધિના ઉપાયો બતાવનારૂં, અનંત દુઃખોને દુર કરનારૂં ને અપાર મૂર્તિનો આનંદ અને પરાવાણીનું સુખ આપનારૂં છે.

આ પુસ્તકને છપાવવામાં અન્ય જે જે હરિભક્તોએ તન મનથી સેવા કરી છે તેમનો પણ હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

આશા છે કે, આ પુસ્તક સંપ્રદાયના તમામહરિભક્તોની આજ્ઞા અને ઉપાસના દૃઢ કરાવશેજ અને તેમાં રહેલું જ્ઞાન મુમુક્ષુઓના અંતઃકરણને ભેદી તેમનામાં દિવ્ય પુરૂષોત્તમનારાયણ આનંદરસની છોળોનો ઉભરો ઠાલવશે.

લી. લીલાબેન પુજાભાઇ પટેલ


પ્રકાશક :- શ્રી પ્રગટ પુરૂષોત્તમનારાયણ ભાદરણ સંસ્થા. અમદાવાદના અક્ષરમુક્ત શ્રી પુંજાભાઇ સોમાભાઇ પટેલ અક્ષરમુક્ત શ્રી ગંગાબા પુંજાભાઇ પટેલ તથા અક્ષરમુક્ત શ્રી જશુભાઇ પુંજાભાઇ પટેલ , અક્ષરમુક્ત શ્રી રમેશભાઇ પુંજાભાઇ પટેલ, અક્ષરમુક્ત શ્રી સુરેશભાઇ પુંજાભાઇ પટેલ તથા અક્ષરમુક્ત શ્રી જગદીશભાઇ પુંજાભાઇ પટેલ ના સ્મરણાર્થે આ પુસ્તક શ્રી લીલાબેન પુજાભાઇ પટેલે છપાવ્યું છે.

પ્રથમઆવૃતિ :- સ્પટેમ્બર - ૨૦૦૯

પ્રાપ્તિ સ્થાન :- શ્રી પુરૂષોત્તમનારાયણ મંદિર, મુ.પો. ભાદરણ, તા.બોરસદ, જી. આણંદ

પ્રત :- ૧૦૦૦

કિંમત :- અમુલ્ય

## પ.પૂ. પ્રભુશ્રી પુરૂષોત્તમ નારાયણના
## જ્ઞાનપત્રો

**શ્રી પ્રગટ પુરૂષોત્તમ** તા. ૧૧-૮-૪૩

સરસપુરનો પત્ર પોત્યો ઉત્તરજે બળેવ ઉપર રજા છે તે વાત જાણી પણ હાલ સંજોગો મળતા આવે તેવા નથી બળેવની રજા લખો છો પણ તે દિવસે ગ્રહણ છે, તે ભેગી હસે બીજુ લખો છો જે ચાર કલાક આવો પણ ચાર કલાક મળે નહી એતો પહેલાં અમદાવાદથી સાડા ચાર વાગે ગાડી ઉપડતી હતી તેથી સાંજે ઘેર અવાતુ પણ તે ગાડી બંધ થઈ છે. વળી હાલ સાડા ચારે ચાલતી હોય પણ બોરસદથી ભાંદરણની મોટર બંધ છે. વરસાદને લીધે માટે આગળ ની વાત આગળ, હાલ કોઈ ગામ જવા વિચાર નથી. સાંજે ઘેર અવાય તેવા ગામે બહાર જવું, જેથી કોઈ આવ્યું ગયું તે સચવાય ને રાતે ઘર પણ સચવાય, પણ સાંજે ઘેર અવાય નહી માટે બળેવ ઉપર નહી અવાય એજ ઉત્તર કાગળ પોત્યાનો ઉત્તર લખવા કવર મુકયું છે. સરવેને જય શ્રી પુરૂષોત્તમ છે.

લી. નારાયણ..

**શ્રી પ્રગટ પુરૂષોત્તમ** તા. ૯-૧-૪૯

રવિવાર રાતે દોઢ વાગે

દિવસે મજુર આવે જેથી રાતે લખું છું હાલ કંકોત્રીનું કામ ચાલે છે બંને કાર્ડ પોત્યાં છે. ઉત્તર જે તમો જે દેગડાં લઈ ગયા હતા તે પડ્યો હસે ને બીજો જો ઉપયોગ લાગે તો શાહપુર બેચરભાઈ લઈ ગયા હતા તે ચંચળબેન પાસે માગજો, જો ખુટે ને બીજો લાવવાની સવડતા સુગમ હોય તો માગજો - ખોડાભાઈને શરીરે કસર છે ખાધેલું પચતું નથી તો ગયે વખતે જેનાથી ફાયદો

થયો હોય તે કરો ને તે ખાઓ જેમ પોતાને અનુકુળ આવે તેમ કરો. પેલી વખતે જે દવા કરી હતી તે કરો. જુનો ગોળ મારે ત્યાં છે. તમને આપ્યો હતો તેમાંનો ને આદરફૂવા કે છે કે મધને રોટલો ખાઓ તે પણ પોતાને ઠીક પડે તો ખાવુ. જેમાં ફાયદો પડે તે ખોરાક લેવો. ગયે વખતે જેમાં સુખ પડ્યું તેમ આ વખતે કરવું દયાભાઈને તાવ આવે છે. તેનો ઉત્તર જે ભજન કીરતન નહી કરતા હોય એમ જણાય  છે. પારકુ અન્ન એતો ના પચે. કેવત છે "સંસારીના ટુકડા દો દો આંગળ દંત, ભજન કરે તો ઉગરે, નહીતો આડો કાઢે અંત" માટે કાંઈક ભજન કરો ને કીરતન કરો. પ્રભુની લીલા જ્ઞાન વાર્તાનાં પદ બનાવો તો પ્રભુમાં મનવૃત્તી જોડાય. ઝાઝુ સું લખીએ હવે બીજા કાર્ડનો ઉત્તર જે બીજા કાર્ડમાં દયાભાઈનું તેનો જવાબ ઉપર લખ્યો બીજુ નારણભાઈનો ઉત્તર જે જેમ. તેમ કરીને કામ કરો છો તે સારૂ બેઠા બેઠ તો વધારે ઢીલા થવાય માટે પચે એવું ખાવું ને કામે જવું. નકામા ઘેર બેસી રહો ને રોજ ખોવો માટે એતો જવુંજને વેલા આવવાનું લખો છો તે રોજ પાડીને સા સારૂં આવવું રોજ ના પડે તેમાં તો શની રવિની રજાનો મેળ લીધો. જેથી રવિ કામમાં આવે માટે કામે તો જવું ને શની રવિની રજામાં આવવું, જેથી એકજ શનીની રજા પડે ને સોમવારે હાજર થવાય. સાકર તથા બચુનો જવાબ ઘરમાં કલેસ થાય તેમ ના આવવું, મહીને મહીને હું આવું છું. માટે રાજીપો હોય તોજ આવવું. નહીતો ઘેર બેસીને સંભારવાં, સાસરે જશો તો તે ક્યાંથી આવવા દેસે માટે એતો ઘેર બેસીને પ્રભુ સંભારવા ના આવવું. તમે લખ્યું કે મણીને વેલી તેડાવજો, તે કઈ મણી તેનો ફોડ નથી. ત્રણ મણી છે. એક મધુની મા તેતો ખાવા કરવા જોઈએ. ડાહ્યાભાઈની મણી તે તો રાંધવા જોઈએ. ને ત્રીજી મણી

તેતો ભણે છે. એ ત્રણેનું જે હોય તે સમજી લેજો. ખોડાભાઈની બીજા કાર્ડમાં લખે છે, તેનો ઉત્તર પાછળ આવી ગયો છે. તમારે જેમાં ગોઠે તે ખાજો પોતાને રૂચે તે ગયે વખતે જે કર્યુ તે કરજો, ને પ્રભુ સંભારજો. પ્રભુ સહાય કરસે, માટે આનંદથી પ્રભુ સંભારજો. મન ઢીલુ ના કરસો. પ્રભુ હીંમત આપે છે, માટે આનંદ રાખજો કામે ના જવાય તો ભાદરણ આવજો. જવાની હીંમત હોય તો કામે જજો. હીંમત રાખીને જવુ. પ્રભુ મદદ કરસે. પછી સું કહેવું છે. એજ ...

લી. નારાયણ જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.** **રવિવાર.**

સરસપુરથી પત્ર આવ્યો ઉત્તર માંડો લખાયાનું કારણકે પુનમે બપોરે કેતાં શુક્રવારે ભરૂચ ગયો હતો તે રાત રહી શનીવારે ઘેર આવતો રહ્યો. કારણકે શરીર નરમની વાત. ચતુરભાઈએ ઘેર કરી તેથી પત્ર લખ્યો જે એક રાત આવજો. ચીંતા થાય છે. તેથી પુનમ બપોરે ઘેરથી નીકળ્યો શનીવારે પાછો આવ્યો. બીજુ ખોડાભાઈની તબીયત સારી નથી એમ મણી લખે છે તે વાત જાણી. તથા બાંનસની વાત જાણી. ઉત્તર જે તમે જ્યારે બાંનસ લ્યો ત્યાર પછી લખજો. તે ભીખાભાઈ લેવા આવે. બાંનસ અપાતુ થાય એટલે લખજો એટલે લેવા આવશે. એજ મારી તબીયત ઘણી સારી છે. ભરૂચ જઈને આવ્યો તે કાંઈ દાખવ્યું નથી. આ પત્ર પોત્યાનો ઉત્તર લખવા માટે કાર્ડ મુક્યું છે. એજ. માટે લખજો જે કવર પોત્યુ છે....

લી. નારાયણ જયશ્રી પુરૂષોત્તમ ખોડાભાઈની તબીયત પણ લખશો....

**શ્રી પ્ર.પુ.** **તા. ૧૮-૮-૪૪**

સરસપુરનો પત્ર પોત્યો. શુક્રવારે પોત્યો ને તરત ઉત્તર લખું છું. જે અમોસની રજા છે. પણ મંગળભાઇ આવ્યા નથી. બીજે આવીસ એમ કહીને ગયા છે. પણ ગુણાતીતાનંદ સ્વામીની વાતોમાં છે. જે ભગવાન ભજવામાં હજારો અંતરાય કરે. નાંતીલાં કુટુંબી, ઘરનાં, છોકરાં, બાયડી, ધન, પૈસા, ટકા, આબરૂ વિગેરે ઘણાં રોકનાર હોય તેમાં ઘરની સ્ત્રીથી કુંટાળીને આવ્યા હતા પણ ગયા નહી ને ખેડૂતનો કાગળ આવ્યો તેમાં લખ્યું જે શ્રાવણ માસ ઉતરી રહ્યા પછી આવીશ. પછી બીજે જ દિવસે ગયા, માટે લખેલું ધારેલું રહેતું નથી. માટે તા. ૨૦મી નું નક્કી નથી. નવાણું વસા તો ૨૦મીએ નહીજ અવાય, કારણકે ગુ. સ્વામીની વાતોમાં છે જે ઘરનો ઉમરો સો કરોડ જોજન ઉંચો છે. કેતાં ચારસો કરોડ ગાઉં ઉંચો તે શી રીતે ચઢી ઉતરે. કેતાં માયાનું એવું જોર છે તે છુટવા કોઇ સમર્થ નથી. એતો પ્રભુ જ્યારે એ જીવની ભક્તી જોઇને પોતે છોડાવે તે લખ્યું છે જે સામ, દામ, ભેદ ને છેલ્લી બાકી દંડે કરીને છોડાવીશું. કેતાં સામ સમજાવવું ખોટું છે. દામ સુખ આપીને, ભેદ અનેક કારણો કહીને, ને દંડ તે સ્વામી કે છે કે છેવટે કોઇ રોગ પેરીને પણ માયાથી ચોખા કરીને લઇ જઇશું. તે શ્રીજીએ વચનામૃતમાં લખ્યું છે. મધ્યના ૪૫ માં જે સુધા સાવધાન રહેજો પગ ટકશે નહી. માટે હે ભાઇ સરસપુર – રાયપુર એતો જે ઘડીએ જે બને તે ખરૂ માટે એજ ઉત્તર જે, મંગળભાઇ આવ્યા નથી, આવશે તો આઠમને રવિવારે વાત બનશે. નહીતો પુરૂષોત્તમ..પુરૂષોત્તમ કરવું. એજ. સરવેને જયશ્રી પુરૂષોત્તમ. પત્ર પોત્યાનો ઉત્તર લખવા કવર મુકયું છે. તેનો જવાબ આવશે એટલે આવ્યા કે નહી તેનો ખુલાસો, બીજા પત્રમાં ફરી આવશે. માટે કવર મુકયું છે તે લખશો એજ......

લી. નારાયણ. જય શ્રી પુરૂષોત્તમ...

ડાહ્યાભાઇનો સંદેશો દીવાળીને કહ્યો છે તે બીજે આવે તો આવે..

**શ્રી પ્ર. પુ. તા. ૫-૯-૪૩**

સરસપુરથી પત્ર પોત્યો ઉત્તર જે ડાહ્યાભાઇ લખે છે જે સ્વપ્ન દોસ તેનો ઉત્તર જે એતો સ્વામીની વાતોમાં છે જે આત્મા રૂપ પોતાને માનવું ને પુરૂષ માનીએ તો સ્ત્રીનો ભાવ રહેને સ્ત્રી માને તો પરૂષનો ભાવ રહે, માટે પોતાને આત્મા માનીએ એટલે સ્ત્રી પુરૂષનો ભાવ રહે નહીં એટલે કાંઇ આવેજ નહી. હવે ગુરૂ જ્ઞાન ગીતામાં છે જે સાત પ્રકારે આપણે સંસાર વહેવારનો સંબંધ છે તેથી જે જોગને લીધે સ્વપ્નદોષ થાય માટે તેની ચીંતા ના રાખવી. ગુરૂ જ્ઞાન ગોવિંદ ગીતા તમારી પાસે હોય તો વાંચજો. ના હોય તો આવશો ત્યારે આપીશું ઘણે ભાગ તમે તરંગમાં બાબરભાઇ પાસેથી લીધો છે તેમાં છેલા પાનામાં હસે ખરૂં, નહી હોય તો હું આપીશ. તેનો સાર જે સ્વપ્ન દોસનો બાધ નથી. ગ્રહસ્થને આઠ પરકારે સબંધ તેમાં તમારે સાત પ્રકારે છે. તેથી સ્વપ્ન દોસ થાય માટે તેની ચીંતા ના રાખવી. એતો ભગવું પહેરી માગી ખાતો હોય તેની વાત છે. હવે ખોડાભાઇના બાપા ને ઉઠાડવા બેસાડવામાં તેજાબેન અચકાય છે તે તો તેમનું અજ્ઞાન છે. કેતાં એકતો ઘરડા માંદાને સુઝે નહી તેને ઝાલે, ઉઠાડે, બેસાડે, બોલે વિગેરેમાં કાંઇ હરકત નથી. એતો જવાન સસરો હોય તેને વહુને વાંધો માટે ભક્ત ચીંતામણીમાં છે જે ।। માંદાની સેવા કરવી એવી તકે રાખવી સુટેવ ।। માટે તેજાને કેજો જે સુખેથી બાપને જેમ ઉઠાડે, બેસાડે તેમ સેવા કરે. શાસ્ત્રમાં ચાર માબાપ કહ્યાં છે. બે સાસરીનાં ને

બે પોતાનાં પીયેરનાં માટે શાસ્ત્રને લોક વહેવાર. તેજાને બાધ નથી માટે સુખેથી સેવા કરવી. એજ લી. નારાયણ જયશ્રી પુરૂષોત્તમ પત્ર પોત્યાનો ઉત્તર લખવા કવર મુકયું છે. માટે લખજો એજ....

**શ્રી પ્ર.પુ. તા. ૧૫-૪-૪૪**

સરસપુરથી પત્ર આવ્યો વાત જાણી. જે સરવે ખુશીમાં છો. બીજુ મણીને પરીક્ષા ની વાત જાણી. ભીખાભાઇએ લખ્યું તે વાંચ્યું. એ તો સંસારમાં રહીએ તે સંસારનો સંગ અડે માટે કસી ચીંતા રાખવી નહી. બીજુ અહી સરવે ખુશીમાં છીએ હાલતો મણીભાઇ ખાવા કરે છે ને અમે બંને જમીએ છીએ. હરીપુરા, સોખડા, કાલોલ, શાહપુરવાળા આવ્યા હતા. તે કાલે ગયા ને શાહપુરથી ગોવિંદભાઇ પણ રવિવારે સવારમાં જવાના છે. એવી રીતે અહીં ચાલે છે. ખોડાભાઇ દિવસની નોકરી કરે છે. તે વાત જાણી. પ્રભુ જેમ જે ઘડીએ રાખે તેમ રહીને પ્રભુ સંભારવા. એજ સરવ મુદ્દો છે.

એજ.....લી. નારાયણ...જય પુરૂષોત્તમ..

હવે બે કવર અમારાં રહ્યાં માટે આ વખતે મુકયું નથી
એજ. લી. નારાયણ..

**શ્રી પ્ર.પુ. તા. ૫-૫-૪૫**

સરસપુરથી પત્ર આવ્યો. રજાઓ લખી તે વાત જાણી નક્કી થયે કાર્ડ લખશો. સવડે અવાસે, કારણકે મંગળભાઇ વેલા આવવાના છે. તે જો આવશે તો વેલો આવીશ, નહીતો મંગળવારે તો જરૂર આવીશજ. હાલ લીંગડના ભરૂચના ભાટીઆના વિગેરે ભક્તો આવેલા છે, તથા મોગરીથી બેન આવ્યાં છે. વિગેરે વિગેરે સેજ જાણવા લખ્યું છે. તેઓ એક બે દિવસે જશે. કારણકે નવમીની

વાત સઘળા જાણે છે. એટલે નવમી નક્કી જ છે. એજ. લી. નારાયણ.. જય પુરૂષોત્તમ..

બંને મણીઓને જોડે લેતો આવીશ.

**શ્રી પ્ર.પુ.** તા. ૧-૨-૪૩

સરસપુરના ભક્તોનો પત્ર પોત્યો ઉત્તર જે લીલામાં તો સરસપુરનાં તથા ભરૂચી બધાં ભેગાં થયેલાં તે ભજન કીરતન કરે છે ખાવા કરે છે નાહાય છે ધૂવે છે. ને વડીઓ પાપડ મઠીયાં કરે છે. કારણકે બધાં એક રૂચીનાં છે તેથી નહીતો કાંણ ઉપાધી કરે. વળી લંગોટીઆં છોટા ઉદેપુરનાં બે ચાર થાકેલે સો દોઢસો આવેલાં તે રાત દિવસ ભજન કરે કારણકે ખાવા કરવાનું જ નહી. આઠ આઠ દિવસનાં ઢેબરાં લઇને આવેલાં તેથી ખાવાની ઉપાધી મટી તે. ભજન એકલું જ રહ્યું. હવે ખોડાભાઇનો ઉત્તર જે ઉદ્યમ કરવો. ભજન તો થયાં જ જાય છે. સમજાય નહી. કારણકે ડાહ્યાભાઇની મધુ કયે દિવસે વધી મોટી થઇ. ને કેટલી વધે છે. તે કાંઇ તેના બાપ માં ભેગાં રહે છે. તોપણ તેમને ખબર પડતી નથી, તેમ ભજન થયાં જ જાય છે. માટે ખોડાભાઇનો ઉતરજે પેટના માટે ઉદ્યમ કરવો, સોકાતુર ના થવું. જે દિવસનું મોંઢું જોયું તે દિવસથી જે કરવાનું તે થઇ ગયું. કારણકે લોયાના ૧૨ ના. વ. પ્રમાણે કોઇ પ્રકારે સંકા નથી. તો નીશ્ચે છે તો નીશ્ચે રૂપી ગર્ભ વધતો જાય છે. માટે હવે ગર્ભ ને જેમ કાંઇ કરવું પડતું નથી તેમ ભજનને કાંઇ કરવું પડતું નથી. ગર્ભ જેમ વધે છે. તેમ ભજન વધે છે. જેમ મધુ મોટી થઇ ગર્ભ વધે છે. તેમ ભજન વધે છે. કેતાં થાય છે. જેમ છોકરૂ વધે છે. તેમ જેમ ડુંગર વધે છે. તેમ વધે છે. માટે ભજન થાય છે. એ ખોડાભાઇનો ઉત્તર હવે બીજો ઉત્તર જે પ્રભુ ભજતાં દુ:ખ પડે છે. જુઓ પાંડવ, સીતા દ્રોપદી,

નરસીમેતો, મીરાં, શ્રી કૃષ્ણ વખતે ગોપીઓ, સ્વામીનારાયણ વખતે સાધુને માર મારયા સ્વામી ગુણાતીતને પથ્થર નાંખ્યો બે ત્રણ કળસીનો તે વાતોમાં છે. વળી પ્રાગજીને ઝેર દીધું વળી આપણામાં દુઃખ પહેલાં પડતું. આતો અંગ્રેજનું રાજ્ય તેથી કોઇને કોઇ કેવાતું નથી. ॥ હરીને ભજતાં હજુ કોઇની લાજ જતાં નથી જાણીરે. ॥ રૂષીરાજ કે છે કે ॥ દુનીઆં રૂઠીને સું કરશે પ્રભુ જેના બેલી ॥ કોઇના માર્યા કેમ મરશે પ્રભુ જેના બેલી ॥ વળી હરીરતન છે ॥ હરીગુણ ગાતાં દુરીજનીઆં નો ધડક ન મનમાં ધારીએ ॥ ટાળ્યાં નવ ટળે ઘટ સાથે ઘડીઆં, હીંમત નવ હારીએ ॥ જુઓ કદરજ મહા દુઃખીઆ કાવ્યા, તે સુખ દુઃખ મનમાં નવ લાવ્યાં.॥ જુઓ પાંડવ પ્રભુને બહુ પ્યારા, હરીજન થઇને હાણ વૃદ્ધ સુખ દુઃખ મનમાં નવ લાવીએ ॥જુઓ પાંડવ ભટક્યા સંગ લઇ દારા.

લી. નારાયણના.. જય શ્રી પુરૂષોત્તમ..

**શ્રી પ્ર. પુ.** **તા. ૨૧-૯-૪૩**

પત્ર પોત્યો ઉત્તરજે હાલતો મણીભાઇ અમદાવાદ આવ્યા છે. તેથી હું ખીચડી કરૂં છું. ને તુળસીભાઇ વાસણ ઉટકે છે. ને સાંજે હું દાળ શાક કરૂં ને તુળસીભાઇ રોટલા કરે છે. ખાઇએ છીએ ને નવરાસમાં પરભુનું ભજન કરીએ છીએ. કોઇને નવરાસ હોય તે હરી ભગત ગામો ગામથી આવે છે. ને જાય છે. અહીં અમો ખુશીમાં છીએ. તમારી ખુશીના સમાચાર મળ્યા છે. નવા ભગતની વાત વાંચી. સરવે સુખનું મુળ પ્રભુ સંભારવા એ છે. એમાં બધુ આવી ગયું. માટે દેહને દેહનાં સગાંનું પેટ પોસણ કરતા જવું ને પ્રભુ સંભારતા જવું બેજ કામ છે. બીજુ બધું ફેલ છે. પત્ર પોત્યાનો ઉત્તર લખવા કરવ મુક્યું છે.

એજ લી. નારાયણ.. જય પુરૂષોત્તમ...

શ્રી પ્ર. પુ. તા. ૯-૧-૪૪

ખોડાભાઈની જોડ કેતાં સુઢલ કેતાં ઘર-સંસાર રૂપી ગાડુ ચલાવવા માટે બે જોડ કરેલી. આલોક રીતે સ્ત્રી કહેવાય તેમનો કેતાં તેજાનો પત્ર પોત્યો ઉત્તરજે તેમણે લખ્યું જે મન જતું રહે છે. તે કયાં જતું રહે છે. ઘર વહેવારમાં, જયાં કામ હોય ત્યાં જતું રહે તમારૂં તો કોઈ જગાએ જાય નહી. આગળના પાછળના વિચારમાં જતું રહે કાંઈ મોટી હવેલી સાત માળની કરવાનું મન ના થાય. કેતાં મન જતું ના રહે કાંઈ ખોડાભાઈને ત્યાં પડતું મુકીને પીયેર કાયમ અખંડ રહેવાનું મન જતું રહે નહી. કાંઈ દસ વીસ ભેંસો રાખીને વહેવાર કરવાનું મન જતું રહે નહી. એતો કદાપી ખોડાભાઈને તમાકુ કરવાનું મન થાય પણ તમારે હળ હાંકવા મન જતું ના રહે. માટે હે તેજાબેન એતો જતું રહે છે તે આગળ પાછળના વહેવારના સંબંધે જતું રહે તે વળી વિચાર થઈ રહે. ત્યારે પાછુ આવે. જુઓને તમે દસ બાર વરસના થયાં હસો ત્યારથીજ પારકે ઘેર જવાનું મનમાં દ્રઢ થઈ ગયેલું જે આપણાં મા-બાપ મુકી કોઈ ઓળખે પારખે નહીં તેનાં ઘરમાં રહેવું એવું દરેક સ્ત્રીને છે અને કેતાં જન્મ ભુમી દેસવાસનાં રહેતી નથી. એતો પુરૂષને છે પણ સ્ત્રી તો તે થકી જ મુક્ત છે. ને પુરૂષ બધ છે. કેતાં પુરૂષને દેસવાસના હોય છે. જુઓ વચનામૃત પ્ર.-૩૭ જેને જન્મભુમી ના સાંભરતી હોય તે બોલો. લાજે કરીને ના બોલે તેને નરનારાયણના સમ છે. એમ સ્વામી નારાયણે પણ કહ્યું છે. માટે પુરૂષ બધ બંધાયેલો છે. સ્ત્રી મુક્ત છે. કેતાં કોઈ દિવસ ભેગાં બેઠેલાં વાતો ચીતો કદી કરેલી નહી એવા જોડે એકદમ રહે છે ને તેની સાથે સ્નેહ કરે છે. ને ભીંના, ટાઢાં, કોરાં કરેલાં

મા બાપને મુકી દે છે. માટે સ્ત્રી તો મુક્ત છે. માટે તેજાબેને લખ્યું છે. મન જતું રહે છે. તે વાત ખોટી છે. ને જે જણાય છે. તે ખરૂં છે. કેતાં વહેવારને અંગે મન જાય ને પાછુ આવે, અને તે કામનો નીકાલ થાય ત્યારે મન જાય નહી. જુઓ કદાપી કોઈ દિવસ ધોતીયું કોટ, ટોપી પેરી બઝારમાં ફરવાનું મન થાય છેકે ? ના એની જરૂર નથી. માટે હે તેજાબેન એતો પોતાના કામનું હોય ત્યાં જાય ને પાછુ આવે માટે મુરતીમાં જોડવું. કેતાં ભગવાન સંભારવા ને તમારે તો ઉતરતો ઢાળ કેતાં સ્ત્રીને સેજે પુરૂષમાં હેત થાય ને પુરૂષને સેજે સ્ત્રીમાં હેત થાય. પ્રથમના ૩૪ વચનામૃતમાં છે. માટે તમારે તો પુરૂષ માં સેજે હેત થાય. માટે મન ભગવાનમાં વળગાડવું ના પડે, એની મેળે જ વળગે ને વળગ્યું એટલે હેત થાય. સુખને લીધે ને હેત થયું તેથી જીવ કૃતાર્થ થયો. ગોપીઓના જેવું જેને હેત હોય તેને કાંઈ કરવું બાકી નથી. એમ વચનામૃતમાં છે. મ. ૫૬ માં ૩ પ્રશ્નમાં છે. મ.૯

માટે ઘરકામ કરતાં જવું ને પ્રભુને સંભારતા જવું. કસી ચીંતા ના રાખવી. આગે આગે ગોરખ જાગે. પ્રભુએ ધાર્યું હોય તેમ થયાં જાય છે. માટે હેતે પ્રીતે પ્રભુ સંભારો એજ લ્યાં. જય શ્રી પુરૂષોત્તમઃ પત્ર પોત્યાનો ઉત્તર લખવા તથા સંકલ્પ થાય તો તે લખવા કવર મુકયું છે.

**શ્રી પ્ર. પુ. તા. ૨૧-૧૦-૪૩**

નાના ડાહ્યાભાઈનો પત્ર પોત્યો ઉત્તર જે મોટા ડાહ્યાભાઈ ભાદરણ આવી ગયા છે હવે ટીકીટ ની વાત જે દીવાળીનો દીવસ છે તે ભીડ તો થાય ને ડાહ્યાભાઈ કહેતા હતા જે ચાર વાગે હું ગયો તો પણ સ્ટેશને પાંચસો માણસની લાઈન હતી. માટે તે દિવસે જેને આવવું હોય તેના ટીકીટના પૈસા રોકડા લઈ ને એક

જણ વેલું સ્ટેશને ત્રણ વાગે આવી બારી પાસે બેસે તો પહેલી ટીકીટ આપણીજ થાય ને તે બીજા મોડાં આવે તો ટીકીટનો વાંધો ના આવે તે પણ બધા સંપીને એક જગા નીમે, કેતાં બધાં ભેગાંથઇ ને કહે જે અમે આ જગ્યાએ આવીશું તો ટીકીટવાળો ને બીજા માંડા જનાર ભેગાં થાય. નહીતો ખોળી ખોળીને આથડે પણ પતો લાગશે નહી. માટે અમુક જગાએ બધાંએ નીમેલી તે જગાએ જાય તો ભેગું થવાય. ને દિવસવાળો ટીકીટ ગમેતે ભગત જાય તે ફાવે હવે મોટરમાં પણ ભીડ થાય છે. માટે મળસ્કાની ગાડીમાં આવો તો ભાદરણની ટીકીટ ઠેઠથી મળે છે. ને તે દોઢ રૂપિયો લે છે એમ ડાહ્યાભાઇ એ લીધી હતી. તે આંણદથી દાદર ચઢીને બીજે દાદર ઉતરીને પેટલાદવાળી ગાડી ઉભી રહે છે. તેમાં બેસી જવું. ને ત્યાંથી પેટલાદ આવે ત્યારે દાદર ચઢીને દાદર જોડેજ ભાદરણની ગાડી ઉભી રહે છે. તે તેમાં બેસી જવું. તે ઠેઠ અવાસે આગળ ગાડી જતી નથી. હવે બપોરે ટીકીટ લો તો આણંદની કરાવજો ને ત્યાંથી બોરસદથી ચાલતુ આવશે. બપોરની મોટર ચાલતી નથી ને બપોરની ટીકીટ કરાવો તો ભાદરણની કરાવશો નહી. કારણકે સાંજે જે ગાડી ભાદરણ આવે છે તેનાં માણસ આણંદથી પેટલાદ ગાડી આવતી નથી કેતાં બપોર પછી આણંદથી પેટલાદ ગાડી આવતી નથી. કેતાં બપોર પછી આણંદથી ગાડી આવતી નથીમાટે ભાદરણની ટીકીટ કરાવો તો મળસ્કે બેસજો ને બપોરે નીકળો તો આણંદની કરાવજો. એજ તમારે સુગમ પડે તેમ કરવું એજ. લી. નારાયણ. સરંવેને જય શ્રી પુરૂષોત્તમ. બીજુ [illegible]રાભાઇ તથા ભીખાભાઇને કાગળ વંચાવજો તે જેને જેમ સુગમ પડે ત[illegible]રે એજ લી. નારાયણ.....

શ્રી પ્ર. પુ. તા. ૧૧-૧-૪૪

સરસપુરથી પત્ર પોત્યો ઉત્તર જે તમે લખ્યું જે ઉતરાયણ ઉપર રજા છે. તે ઉપર આવજો ઉત્તર જે એતો નક્કી કાંઇ કહેવાય નહી કારણકે ઉતરાયણ ઉપર કોઈને કોઇ આવે એતો રવિવાર ફાવે તે પણ શનિવારે સાંજે કોઇ ના આવ્યું હોય તો રવિવારે અવાય. તેહવારને દિવસે તો અવાય જ નહી. હવે બીજુ તમે લખ્યું જે વાટ સ્ટેશને જોઇ હતી. તે ખોટી જોઇ કારણકે બારસ તેરસ ચૌદસ ને પુનમ ઉપર તો ૩૦ થી ૩૫ સુધી પંગત થતી હતી. બારસ ઉપર સોખડાવાળાએ લખ્યું હતું જે કારજ ઉપર આવજો પણ અહીં તે દિવસે વીસ હતા. તે સી રીતે જવાય માટે કેવાનું શું જે તમે વાટ જોઇ તે જોવી નહી હવે આ દિવસે નક્કી આવીશું એતો ઠરાવ થાય નહી. કારણકે સાંજે કોઇ આવે તો સવારે કેવી રીતે અવાય માટે તમારે વાટ જોવાની નહી, એતો મારા સવડે અવાય માટે સ્ટેશને વાટ જોશો નહી. એજ મારી નવરાસે હું આવીશ નક્કી દિવસ થાય નહી એજ. લી. નારાયણ.....

### શ્રી પ્ર.પુ.

પત્ર પોત્યો ભરૂચથી મંગળવારે ઘેર આવ્યો અને ઘેર આવીને આખો દિવસ સુઇ રહ્યો. પછી બીજે દિવસે એક જણ કે છે કે ગોરધન કાછીઓ કુવા માટે આઠ દિવસ પછી આવશે. બીજે કામ રાખેલું છે તે પુરૂ થએ આવીશ, માટે હાલ કુવાનું કામ ચાલુ નથી. મીસ્ત્રી સુથાર આવે છે. જાળી બાગનાં બારણાંની કરે છે. મઝામાં છીએ તમારા તરફ વાતાવરણ તંગ છે. તે વાત જાણી સેવામાં આવવાની વાતમાં હાલમાં જોગ નથી. કુવામાં તાપ છે. માટે જ્યારે ઠંડાસ ના વખતમાં કામ હસે ત્યારે લખીશું. હાલમાં એજ લી. નારાયણના જયશ્રી પુરૂષોત્તમ પત્ર પોત્યાનો ઉત્તર

લખવા કાર્ડ મુકયો છે.

ગુરૂવારે તમારો કાર્ડ પોત્યો ઉત્તર જે મારો પત્ર મેં લખ્યો છે. પણ વેલો મોડો આવે છે. તે જ્યારે ત્યારે આવશે. બીજું હું ખુશીમાં છું. પારડી જઇ આવ્યો તે ભરૂચ ગયો હતો ત્યારે લીંગડ જવાનું હતું. જેથી પારડી ગયો હતો લીલા તો શું લખું હાલ ઠંડીને લીધે સુઇ રહું છું. મજુરાંને ના પાડી છે. કહું છું કે વા આવ્યો છે. એમ કરી પાછા કાઢું છું. એટલે નવરો જ છું. ને વિચાર થયા કરે છે. જે ભઇબંધો કેવી રીતે સુખેથી ભજન કરે, પણશું જ્યાં સુધી દેહાભીમાન છે ત્યાં સુધી ભજન થાય તેવું જણાતું નથી. એમ વિચારને છેડે સાર આવે છે. દરેકના મુદ્દા જડે છે. એમાં જ રોકાયો છું. એજ......

**શ્રી પ્ર.પુ. તા. ૨૦-૧૨-૪૦ રાતે ૨-૪૦**

અહીં ખુશીમાં છીએ ને તમારો પત્ર પોત્યો છે ને કવર પણ પોત્યું છે બીજુ આનંદ વાત તો તો ધીરે ધીરે થાય. જેમ જેમ પચે તેમ તેમ થાય. જુઓને ગરીબ હોયને તેને એકદમ બે ચાર ચરૂ રૂપિયા કોઇ જગાએથી મળે તો પોળુ મોઢું થઇ જાય. કેતાં ગાંડો થઇ જાય કારણકે એને એટલું ખમવાનો અધીકાર નથી. જુઓને જગતમાં એવું કેટલુંક જગાએ થાય છે. માટે ધીરે ધીરે જેમ જેમ થાય, થાયને પચે તો રહે. તેમ તેમ વધતો જાય માટે આનંદથી ભજન કરવું. બીજુ તમે લખ્યું જે એ કીરતન અમને મળ્યું નહી તો આની અંદર ચોપડીમાંથી પાન ફાડીને મુક્યું છે, તે બીજી ચોપડીમાં સીધુ મુકી રાખજો. નહીતો વચ્ચેથી ગડી પડી ફાટ્યા જશે જે તરંગ જે લીલામાં પાંચમા સાતમા તરંગમાં લખ્યું છે જે ॥ લલ્લુ ભગતની લે છે સાયરે, હોંકારે તેતો દોડતો જાયરે ॥ એ લલ્લુ ભગત તે આજથી ૩૦ ત્રીસ વરસ ઉપર મરણ પામેલો

તેની ચોપડી હતી તેમાંથી ફાડીને મુક્યું છે.

હે ભાઈ તમે લખ્યું જે ત . ંતરનો આનંદ વધારો છો તેનો ઉત્તર જે હું શું વધારૂં, એ તો બધુ ભગવાનનું કામ છે. કારણકે તમે અનેક જન્મના જુના છો પણ આ જન્મે હાલ નવા આવ્યાને પ્રભુનો આ લોકમાં દેખાતો જે દેહ તેનો ત્યાગ થયો. તેથી તમને મનમાં શોક ના થાય તેને માટે ભગવાને તમને અતીસે આનંદ આપ્યા કરે છે. જેથી આનંદ થતો જાય માટે એમાં કાંઈ મારૂં થતું નથી. કેતાં હું કાંઈ તમને આનંદ આપતો નથી. એતો તમારા પૂર્વના સંસ્કાર પ્રમાણે તમને પ્રભુ આનંદ તમારી ભક્તિને લીધે થાય છે. હુંતો જેમ ગાડા તળે કુતરૂં ચાલે ને જેમ જાણે જે ગાડું હું તાણું છું એમ હું જો માનું તો હું જ મુર્ખો ગણાઉં ને કુતરાથી પણ ભૂંડો ગણાઉ માટે હે ભાઈ તમારી ભક્તિથી પ્રભુ આનંદ વધારે છે.

વજન વધારે થવાથી કવર કાઢી ટીકીટો મુકી છે નં.૨ એક દિવસ માંડો લખવાનું કારણકે નીરાંતેથી લખાય માટે નીરાંતથી ઉત્તર લખાય તેથી એક દિવસ મોડું થયું.

**શ્રી પ્ર.પુ. તા. ૨૧-૧-૪૬**

તા. ૨૦મી સાંજે આવ્યો. પત્ર પોત્યો વાંચ્યો. ઉત્તર જે તા.૨૩,૨૪ રજા છે. બે કલાક આવવાનું લખ્યું તે જાણ્યું. બે કલાક જોગ હસે તો ૨૩ કે ૨૪ એ આવીસ નક્કી કહેવાય નહી. કારણકે કોઈ આવે તો રોકાવું પડે. હાલ કોઈ નથી. અને મોગરીથી ભાણાનો પત્ર છે જે મામાને મોકલજો, માટે જેવો સવડ એ પ્રમાણે આવવાનું થશે. વળી ગામડીથી પત્ર છે જે દરશન ઈશ્વરને દેવા આવશો તે પણ જોગ પ્રમાણે જવાય તેનું પણ નક્કી નથી. પણ માંદાંનું પહેલું કામ કરવું પડે, પણ હવે જેમ થાય તેમ ખરૂ કોઈ

વાતનો નક્કી નીરધાર થાય તેમ નથી. એજ લી. હાલ બીજા ઘણા ઉત્તર છે. લખવાના તે બસ છે. લી. નારાયણ... જય શ્રી પુરૂષોત્તમ.....

પણ જ્યારે તમારે રજા હોય તે દિવસે તમે લખો તો બે કલાક ભેગા બેસી બીજી ગાડીમાં પાછુ ઘેર અવાય, કારણકે જે બપોરે મંદિરમાં આવ્યું હોય તેને રાતે ભેગા થવાય. ને સાંજે આવે તે તો ભેગાજ મોટરમાં અવાય. પણ જે દિવસે તમારે ત્યાં આવું તે દિવસે બપોરે જે આવે તેને ચાર કલાક ભેગા ના થવાય ને તમારે રજા હોય તે દિવસે જો કોઇ સાંજે મંદિરમાં આવે તો તેને મુકીને રજાને દિવસે મારાથી તમારે ત્યાં અવાય નહી. માટે જ્યારે તમારે રજા હોય ને મન થાય ત્યારે ત્યારે લખો તો તે દિવસે જો કોઇ મંદિરમાં સાંજે કોઇના આવ્યું હોય તો તમારે ત્યાં રજાને દિવસે બે કલાક ભેગુ રહેવાય ને સાંજે પાછો હું ઘેર આવું એવી રીતે હવે ફાવે. આગળ ની વાત આગળ હાલતો આવી રીતે સવડ છે. એજ સમજ્યાનો ઉત્તર લખવા કવર મુક્યું છે. લી.નારાયણ..જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.** **તા. ૨-૮-૪૩**

સરસપુરથી પત્ર પોત્યો ઉત્તર જે તમે લખ્યું જે અંતર શત્રુ ટાળજો ઉત્તર જે કોઇ કોઇ અવગુણ હોય તો જીવને અહંકાર અભીમાન આવે નહી માટે દોસ થોડા થોડા સારા જેથી જગતનો વહેવાર થાય. સ્વામી નારાયણનાં વખતમાં દોસ હતાં ને કેટલાક ને કૃપાએ દુર દરશન, દુર શ્રવણ સામાના અંતરનું દેખાય વિગેરે શરૂ થયું તેમાં ઘણાને સામાના અવગુણ આવ્યા ને ઘેર જતા રહ્યા છે. તે જુની વાતો વિચારો તો સમજણ પડે. સાધુ, બ્રહ્મચારી, પાલા સત્સંગી, હરી-ભગત વિગેરેને દોસ હતા તે કૃપાથી ટાળ્યા

તેમાંથી કેટલાંકને અવગુણ આવ્યાને પાછા પડી ગયા. માટે આલોક દોસવાળો છે. તેમાં રહેવું તેથી દોષ હોય તોજ રહેવાય. ખીચડીમાં મીઠુ હોય તો સારૂં લાગે ને દુધપાકમાં સાકર હોય તો જ ઠીક લાગે. વ્યાપકાનંદને ગુણ જતાં સેજ ઐશ્વર્ય આવ્યું. ઘોડી જીવતી કરી તેથી મહારાજ કહે આતો મારા ભગવાન આવ્યા વિગેરે વાત કરી પછી વ્યાપકાનાંદ રડી પડ્યા માટે દોસ જતાં આમ થાય માટે દોસ હોય તો દેહાભિમાન આવે નહી. મહારાજ હતા તે નાગડા વેરાગીની જમાતમાં ગયા તે લંગોટી કઢાવી ત્યારે મહારાજને છુટકો કર્યો. માટે જ્યાં રહેવું ત્યાં તેવું રહીએ તોજ ત્યાં સાનુકુળ આવે માટે જ્યારે આલોકમાં રહેવું ને માયીક દેહમાં રહેવું તેમાં ત્યાંની સામગ્રી જોઈએ. ને પરલોકમાં રહીએ ત્યાં દીવ્ય દેહમાં રહીએ ત્યાં મુરતી સામુ જોઈ રહેવાય માટે ત્યાં જઈશું ત્યારે અહીંનું મુકી દઉશું. લંગોટીની ફાકત (માફક) હાલ વરસાદને લીધે મોટર ભાદરણથી બંધ છે. બે ગાઉ ચાલવું પડે છે. મણીને કેજો કે કાકો મહેસાણા ગયો છે. પણ દાદાને ને બાપને કાંણ રોટલો કરી આપે. મહેસાણા ગયો દયાભાઈ તે વાત તો જાણી મણીને કેજો બોરસદથી બે ગાઉ ચાલવાનું છે ને બાપને દાદાને રોટલાનું દુઃખ પડે. લી. નારાયણ... જય શ્રી પુરૂષોત્તમ....

**શ્રી. પ્ર.પુ. તા. ૧૦-૯-૪૩**

સરસપુરના ભક્તોનો પત્ર પોત્યો કવર પોત્યું. બીજુ લીલામાંતો હાલ તમારા ગયા પછી બારેજા ગામડી, મીરોલી, અમદાવાદના આવ્યા હતા. પછી ખેડાના આવ્યા હતા. તથા છોટા ઉદેપુરના પણ પંદર વીસેક આવ્યા હતા તેમજ જાય છે. ને આવે છે તેમ ચાલ્યા જ કરે છે. સત પુરૂષના મુખ થકી સાસ્ત્ર

સમજાય છે. માટે જે વાતનું વાતાવરણ ચાલે છે. તેજ વાત સમજાય માટે નવરાશમાં વાંચવાનું સારૂં નકામા ગપાટા માર્યા કરતાં કથા વારતા કીરતન ને ધ્યાન એ ચારમાંથી નકામી વેળાયે કરવું તે વાત વચનામૃતમાં છે. મધ્યના ૪૯માં જે ચાર વીના પળના પડવા દેવી. મ.૧૩/૧ પત્ર પોત્યાનો ઉત્તર લખવા કવર મુકયુ છે. લી. નારાયણ....

પહેલાં પણ તમારી માફક શ્રીજી માહારાજે પણ કહેલું છે માટે આનંદથી ભજન કરો. કોઈ વાતે સોક કરવો નહી. બીજું હાલ લીલામાં તો પુનમ ઉપર પાંચ દસ હતા. અને અત્યારે નડીઆદથી નરસીકાકા આવ્યા છે. તે બે ત્રણ દિવસ રહીને જવાના છે. એવી રીતે જેને જેમ નવરાસ આવે તેમ જાય છે. ને આવે છે. જેથી કોઈ ગામ જવાનો સવડ થતો નથી. કારણકે બારેજાથી પત્ર આવ્યો હતો જે જડાવબાને દરશનનો ભાવ થયો છે. માટે આવજો વળી બે ચાર જગાથી કંકોતરીઓ પણ આવી છે. પણ એતો જ્યારે બધે વાત થાય જે સવારમાં નીકળીને સાંજે ઘેર જાય છે. એમ વાત થસે ત્યારે નીકળાસે બે કલાક રહીને ઘેર અવાય. પણ હાલતો એમ ને એમ ઠેલાય છે. મીરોલીથી પત્ર આવ્યો હતો જે આદરભાઈ આઠમ સોરા આવે છે. ને અંબારામ તથા તેમનો દિકરો પાંચ દિવસ રહીને ઘેર પરમ દિવસે ગયા એમ અત્યારે લીલા ચાલે છે. એજ લી. નારાયણ.. કવર બીડ્યું છે. કવર બીડ્યું છે. પત્ર પોત્યાનો ઉત્તર અમે મંગળવારે જોઈશું.......

**શ્રી પ્ર. પુ.**

ખોડાભાઈનો પત્ર પોત્યો. ઉતર જે તમારી જોડ ખુશીમાં છે ને તે દરરોજ તમારો થાળ કરીને જમાડે છે. બીજુ તમે હાથે રાંધી ખાઓ છો તે કામ ને ચુલાને બેને બને ને ઝાઝા દિવસ થાય ત્યારે

મન અકળાય માટે હવે બે ચાર દિવસમાં તમારી જોડને તમારે ત્યાં મોકલીશું. બીજુ વાવોલ સગાં ટોકે છે. તે વાત વાંચી છે. તે બાબતનો આગળ અમને પણ ઘણા અનુભવ થયેલા છે. તે વાતો ડાહ્યાભાઈને હરીપરાવાળા શેઠની તથા વસોના અમીન ચતુરબાપા વિગેરેની વાતો કરી છે. તે તમને કહેશે. લખે પાર આવે નહી. માટે કાલે શુક્રવારે બપોરે અગીયાર વાગે બબુભાઈ જોડે આવશે. તે બાર વાગે તમારે ઘેર આવશે. આનંદમાં.. રૂપી ડોસીને મોકલજો. કારણકે.. ને હાલમાં બે ચાર જાય છે આવે છે ને હાલ સોમાભાઈનાં ઘેર આવવાનાં તે લગ્નના પ્રસંગે માંડાં આવે છોડી ને સાસરેથી મોકલે એટલે તે બધાં આવવાનાં છે. ને વરસાદ વરસે ત્યારે ખેતીના કામે તે ઘેર જશે ને વળી કાલે સુરત તરફ લીંગડના ભગત આવ્યા હતા તે કહેતા હતા જે અમારે ત્યાંથી એક બઈને તેનો ઘણી બે કોતો મોકલીએ તે તમારે ચુલાનું ને બહારનું બધુકામ કરસે માટે કહેવાનું શું. જે મને કોઈ વાતે અડચણ આવવાની નથી. વળી કાલે મુંબઈથી તુળસીભાઈનો કાગળ આવ્યો છે જે હવે મારા ખર્ચથી હું ભાદરણ રહું એમ મન થાય છે માટે મારે તો ....... તેથી હજુ વરસ દિવસથી ચાલુજ છે ચુલાની ખોટ નથી. વળી તુળસીભાઈનો બાપ પણ ચુલાનું કામ ઘેર પોતે કરે છે. ને તે કહે છે જે હું રાંધી ખવરાવું પણ ચુલાનું કામ ચાલુ કરનાર આવે છે ને જાય છે માટે અડચણ નથી. તેથી આનંદથી તમારી જોડને કાંતો તમે રાંધવા રાખો કે વખત થાય ત્યારે વાવોલ જવુ હોય તો જાય. નહીતો શહેર માં સરકારી સુવાવડ કરનાર ઘણાં ખાતાં ઉઘડેલાં છે. તે દરરોજ ધોયેલી ચાદરો, મછરદાંની, ખાટલો, પાયણું મળે છે. ને ઘેરતો ઝાઝા બૈરાં ભેગાં થઈને જેમ કેરી ઘોલીને ગોઠલો કાઢે તે ઢચેલીને કાઢે માટે તમારી જોડને

વખત થાય ત્યારે તેમને ખુશી પડે તેમ કરે. કારણકે મને માન્યું દુઃખ તો લાવે તો પણ તેમાં જીવને આનંદ રહે. માટે ખાટલા વખતે તેમને જ્યાં મન માંનસે તેમ કરસે. ત્યાં સુધી તમને કામ ક્રોધની લાય ઓલવસે. ને રાંધી ખવરાસે હવે ભજનની વાત તે તો ભજન જ થાય છે. તમે નથી માનતા પણ હું માનું છું. જે ભજન કરો છો. પણ તે વાતની ગેડ તમને બેઠી નથી માટે આનંદથી પેટ માટે ઉદ્યમ કરોને બને તેટલું સંભારો જે મન બળે છે. જે ભજન નથી થતું એમ જે મનને બળાપો થાય છે. તેનું નામજ ભજન છે. કારણકે બળાપાને લઈને ભેગા ભગવાન સાંભરે છે. સંભારવા પડતા નથી. એની મેળેજ સાંભરે છે. તે વાતની ગેડ બેસશે ત્યારે શાંન્તી થઈ એમ મનાશે. પણ અત્યારે નથી મનાતું પણ ભજન થાય છે. "ધખારો છે તેજ સુખનો આપનારો છે. એમ તરંગમાં છે. માટે આનંદથી પ્રભુ સંભારો વળી બીજું છે જે દાસના દુશ્મન કેદી નથી. ફીકરો ફાડવી નામ નામીક થી એમ પણ તરંગમાં છે. માટે આનંદથી સંભારો એજ. જય શ્રી પુરૂષોત્તમ..લી.નારાયણ...

શ્રી પ્ર.પુ. તા. ૧-૬-૪૪

આતો ભુખ લાગી તે ખાધામાં યાદ ના રહ્યું પણ તમે લખ્યુ જે મારાં સાં પાપ તે મને છેટો રાખ્યો, ઉત્તર જે ઝાઝો સહેવાસ અનાદરનું કારણ છે. તે વાત ડાહ્યાભાઈને મથુર માસ્તર આવતે જન્મે કલ્યાણ થશે. તે એકજ દિવસ વધારે રહ્યા તેથી વળી વેણાની એ ગંગા રાંડેલી જવાન હતી તે ઝાઝા દિવસ થયા ત્યારે કે છે આપણે જુદાં થઈએ ને મુનીને દીવાળી જુદુ ખાય ને આપણે ચાંદીનાં વાસણ લાવો ને દરરોજ દોઢસેર ઘી આપણે ખાવા જોઈએ. કારણકે રાતે કામનાથ એમ કરતાં વધારે દિવસ થયાં

તો મને કે છે કે આતો મારૂં છે. તમારૂ કાંઇ નથી. હું માલીક છું માટે ઝાઝા દિવસમાં એમ થાય. વળી નડીઆદથી દિવાળીને પણ એમ ઝાઝા દિવસથી થયું હતું. તે કીરતન છે. જોને બેની દુઃખમાં ડુલી ગયાં વળી ભાયડા પુરૂષ પણ લલ્લુભગત, મથુરભગત વિગેરે થાકી ગયા. એમ પુરૂષને પણ થાય છે. વળી નરસીકાકો તેતો તમે જોયો છે. તે ગંગાએ કાચો રોટલો આપ્યો તે કહે છે સેકી આપો એમ ગંગાને કહ્યું તે વાત મહારાજે જાણી તો કહે પાકો ખાવો હોય તો જાવ ઘેર બૈરૂ કરી આપશે તેથી કાકો બપોરે નડીઆદ જતો રહ્યો માટે એતો થોડા મીઠા માટે એતો કમાવ ને ખાવો ને પ્રભુ સંભારો જુઓ પુર્ણાનંદની વાત સ્વામી નારાયણ વખતે આવો સ્વામી એ એમ ના કહ્યું તો તે ઘેર જતાં રહ્યા. મુક્તાનંદ બ્રહ્માનંદ બે વઢયા વળી મુળજી બ્રહ્મચારી વિગેરે હરીભગત જોડે બથંબથા આવ્યું. મહારાજ જુએ તો પણ ભાંયે મારી ધકેલી પાડ્યા એમ ઝાઝુ ભેગુ રહેથી માહાત્મ ઓછુ થાય. સરખાપણું આવે. તેથી કલેસ થાય. માટે એજ ઉતરજે મનને કહેવું જે ભાવ થશે ત્યારે મોંઢુ જોઇશું પણ ભેગુ રહેવાનું મન ના કરશો. એજ. હવે તો બહુ થયું લી. નારાયણ.... જય પુરૂષોત્તમ....

**શ્રી. પ્ર.પુ.**

તેની જોડે આખી રાત ખુણામાં ચાટ ચાટ કરે કરડ કરડ કરેને તે હાડકુ છોલાઇને પોતાના મોંઢાનું લોહી તે હાડકાને ચાટે તે ચાટી રાજી થાય છે. તેમ પોતાનું સુખ તે ચાટી રાજી થાય કેતાં પોતાનું સુખ ખાઇને રાજી થાય. મોંઢામાંથી લોહી બહાર નીકળી ચોટે તે ચાટીને રાજી થાય છે. એમ માટે પુરૂ સુખ સાચુ આવે ત્યારે સુકા હાડકા ની પેઠે ચાટે નહિ ત્યાં સુધી નાના છોકરાની

ધાવણી તથા કુતરાની માફક વિસયમાં મચ્યા રહે એમાં કોઈનો વાંક નથી. એતો ભગવાને એવો ફેર ચઢાવ્યો છે. તે પ્રથમનું ૩૪ વચનામૃતમાં છે જે સ્ત્રીને પુરૂષમાં સેજે હેત થાય છે ને પુરૂષને સેજે સ્ત્રીમાં હેત થાય છે. ને તેમાંથી ઉપજી જે પ્રજા તેમાં પણ સેજે હેત થાય છે. તે પ્રવાહમાં જેની વૃત્તિ રહી ત્યારે તે ભગવાનનો ભગત થયો. માટે કહેવાનું શું છે જે એતો ફેર ચઢાવ્યો છે. તે જ્યારે મન ભજન કરતાં કરતાં સુખ એવું આવશે ત્યારે એમાં મન નહી જાય. જેમ પૈસા રૂપિયા ને ગીનીઓ જમીન ઉપર વેરાયેલી હોય ને તે ઉતાવળથી ભેગી કરવી હોય. વીણી લેવા માટે કેટલી ઉતાવળ કરે. તે પહેલી તો ગીનીઓ વીણે કારણકે ગીનીમાં મન માંનેલું છે જે આ વધારે કીંમતની છે. કેતાં પહેલું મન એની અંદર વધારે દોડે. તેમ ભજનનું સુખ મન વધારે જાણે છે પણ હાથમાં નહી કેતાં સ્વતંત્ર નહી માટે મન ફાંફાં મારે છે. તેથી મન વિષયમાં દોડે . મનનો વાંક નથી. વિચારનો વાંક છે. મરચું તીખું છે. છતાં ખાય છે. માટે તો ધીમે ધીમે થશે. ઉતાવળમાં સારૂ નહી તે એક વાત સાંભળો. એક પુના તરફ જુન્નર ગામ છે ત્યાંનો ભગત મોહનલાલ કરીને છે. કે જેણે મહારાજને મુગટ કરાવી પહેરાવ્યો હતો તે તમે ખાટલામાં જોયો હસે. તે માણસ સ્ત્રી પુરૂષનું જોડું છે. તેમ નાનાં નથી ને ઘરડાં પણ નથી. તમારી ઉંમરનાં બંને જણ છે. તેમ તમારી માફક વિષયની વાત કરતાં હતાં તેવી રીતે ભગવાનમાં પણ હેત વધારે કરતાં. પછી એક વખત કહે આ વિષયમાં વૃત્તિ જાય છે તેથી ભગવાનનું સુખ બરાબર આવતું નથી. તે વાત કહી પછી. ઘેર ગયાં તે વિષયમાં મન ઉઠી ગયું. તો ગયું પણ મન રહેતું અટક્યું ને વિષય શું કરીએ તો ભોગવાય એવું થાય. આતે શું થયું . નપુંસક તો ના

થયા. એમ ઘણું દુઃખ થયું પછી સમજ પડી જે આપણે કહેલુ તેથી આવુંતો ના થયું. પછી બીજે ફેરે આવ્યો ત્યારે તે માણસ કહે મારે તો વખત જતો નથી. ને ઉલટા ભગવાન સાંભરતા ગયાં ને વિસયમાં મન રહ્યું. આતો સારૂં ના થયું. મારૂં હતું તે સારૂ હતું. પછી ઘેર ગયાં ત્યારે ફરી જેમ પ્રથમ હતું તેવું ને તેવું ત્યારે શાન્તી થઇ એ વાત સાથી થઇ કે વિસયનો ભોગવટો થયેલો તે નડ્યો. જેમ અફીણ દુઃખ દાયક છે. પણ ભોગવટો પગ ઢીલા કરે છે. જો અફીણ ના ખાય તો માટે જેમ જેમ સુખ આવે તેમ તેમ વિસય મુકાઇ જાય. એતો જુવાન અવસ્થાના ગુણ છે. ઉપલી વાત તે સ્ત્રી પુરૂષે બંને જણે મને કરી હતી. તે જો તેનો દાખલો જાણવો હોયતો સરનામું મોકલીશ. તે લખી મંગાવજો તે માણસ આ વખતે પુનાથી આવ્યો હતો. માટે આપણે તો આનંદથી ભજન કર્યા કરવું. જેમ ગરીબના છોકરાંને કંદોઇની ભુકરી ઠીક લાગે પણ કંદોઇનાં છોકરાં ને ઠીક ના પડે. એ શું કારણકે અછત પડી તેથી સ્વાદ આવ્યો તેમ ભગવાનાના સુખની અછત હોય તો તાંણ વધારે રહે. ભુકરીની પેઠે. ને વધારે હોયતો ઉલ્ટું મન ધરાઇ જાય ને જેમ લખેસરીનું છોકરૂં ઘી ખાંડ ના ખાય ત્યાર કહે મારા છોકરાને નજર લાગી છે. તે ખાતુ નથી. પણ એમ નથી જાણતો જે ધરાઇ ગયો છે. માટે ભજનનું ભુખ હોયતો સારૂં થાય. ને તાંણ રહે. જેમ આ હીંદુસ્થાન તે ભરત ખંડ નામે ઓળખાય છે. તે ભરતજીને નામે હતું. તે રૂષભદેવ ભગવાનના પુત્ર હતા. આગલે જન્મે તે આખુ રાજ્ય છોડીને ભજન કરવા ગયા પણ ભુખ હતી ત્યાં સુધી ભજન કર્યું છેવટે મારૂ મરગલું. મારૂં મરગલું થયું તે મૃગનો દેહ આવ્યો. પછી પૂર્વનું બળ તે આ શું થયું ? તેથી તરત દેહનો ત્યાગ કરી ગરીબ બ્રાહ્મણને ત્યાં

જન્મયા. ને ગાંડાની માફક રહ્યા તેથી મા-બાપે ખાવા ના આપ્યું. પછી ભાઇ ભોજાઇએ ખાવા ના આપ્યું. ને રખડ્યા કર્યું. ને અંતરથી ને ઉપરથી જગતથી અસંગી રહ્યા તેથી જડ ભરત નામ પડ્યું માટે હે ભાઇ ડાહ્યાભાઇ જેટલી ભુખ તેટલું ભાવે ઘણા હરીભગત કે છે કે નોકરી છોડીને ભજન કરીએ પણ એના એજ માણસને પેન્સન આવે ત્યારે કાંઇ ભજન કરતા નથી. ને ઉલટુ વલખુ માર્યા કરે છે. માટે દેહ વહેવારમાં ને મન ભગવાનમાં એમ રાખે તોજ એમને એમ ઠેઠ પાર પડે. માટે સો વાતની એક વાત ભગવાન સંભાર્યા કરવા. એમાંથી જેમ થાય તેમ ખરૂ. એક મુદ્દો રાખવો બીજુ લખ્યું કે ભૂલ થતી માફી આપજો. તે તો જીવ તો ભૂલેલો જ છે. એમાં માફી સી કેતાં ભૂલ્યો જ નથી. ભૂલતો જ નથી. એમ જણાવવાનું નાનું છોકરૂ એની માને કહે મારી સાસુ ધવરાવ. તેથી મા છોકરાને મારી નાંખતી નથી. માટે કસી ફીકર રાખવી નહી. ભગવાન માથે છે. આનંદથી ભજન કરો કાગળ પોત્યાનો ઉત્તર લખવા સવા આનાનું કવર મુક્યું છે. લી. નારાયણ... જયશ્રી પુરૂષોત્તમ.....

**શ્રી પ્ર.પુ.  તા. ૩૦-૧૦-૪૦**

અહીં સરવે ખુસીમાં છીએ બીજુ તમારો પત્ર પોત્યો ઉત્તરજે પરભુ સંભારતાં સરવ વાતે સારૂં જ થાય. ભૂંડુ થાય જ નહી. માટે બેફીકર રહીને પ્રભુ સંભારવા. સરવે વાતે ભગવાનને ચીંતા છે. કેવત છે જે તું મેરી ઝક્કડમાં તો હું તેરી ફીકરમાં માટે બધી ચીંતા ભગવાનને છે. માટે ભગવાન સંભારવા કવર પોત્યું છે. પત્ર પોત્યાનો ઉત્તર લખવા કવર મુક્યું છે. લી. નારાયણ....

**શ્રી પ્ર.પુ. તા. ૨૫-૧૧-૪૦ રાત્રે ૧-૪૦**

અમદાવાદના એક ભાગમાં કે સરસપુરમાં પેટના પોસણ

માટે ઉદ્યમ કરતાં ને નવરાસમાં ભેગા થઈને ભગવાન સંભારતા એવા ડાહ્યાભાઈ, ખોડીદાસ, ભીખાભાઈ, નારણભાઈ, વિગેરે ભગવાનના પરમ ભક્ત પરતે તેમ માન્યા જે ભાઈબંધ તેના ઘણા હેત પૂર્વક પ્રગટ પ્રભુની નખશીખ મુરતીની સ્મૃતી સાથે સરવે બાઈ ભાઈને ઘણા ઉંડા ઉમળકાથી જયશ્રી પુરૂષોત્તમ નારાયણ છે. વીસેસ તમારો પત્ર મળ્યો એક આનાનું કવર મળ્યું. પત્ર વાંચતા મનમાં ઘણો આનંદ થયો પણ મજુરો દરરોજ દસબાર આવે છે. તે દરેકને કામ બતાવવું તેમાં નવરાસ નહી આવવાથી રાતે એક ઉંઘ લઈને ઊઠી લખવા બેસવાનો જોગ આવે છે. વળી બીજા ગામોના દરરોજ બે ત્રણ પત્ર હોય હોયને હોય તેથી રાતે નીરાંતે લખવાનો જોગ સારો મળે ને શાન્તીથી લખાય. માટે ચોથે દિવસે તમને જવાબ મળે ને તાત્કાલીક જેવું હોય તો દસવીસ લીટી લખવાનો જોગ મળે ને રાતે જોગ સારો મળે. કારણકે રાતની ઉપાધી ડાહ્યાભાઈની માફક બૈરાં છોકરાની નથી. ડાહ્યાભાઈને હીંદોળવાનું પણ મારે તો કાગળ ને કલમ હીંદોળવાની ચાલુ છે. એટલે રાતે શાંતી મળે. આનંદ આનંદ શું કરો છો. ભગવાન સંભારવા તેથી બીજો આનંદ નથી. કે જેમાં કોઈ પ્રકારનું દુઃખ જ નહી ને પૈસો બેસે નહી. અને નવરાસ જોઈએ જ નહી. એતો ખાતાં પીતાં હાલતાં ચાલતાં સુતાં બેસતાં ઉઠતાં શુભ અશુભ તમામ ક્રિયામાં ભગવાન સંભારાય. વખત જોઈએ નહી. કામ ભેગું કામ કેતાં નામ કેતાં જેવું કામ તેવું સંભરાય જેમકે દાખલો કોઈ પલાખુ પુછે જે બાર તરી તો તેના જવાબમાં કાંઈ કાગળ સ્લેટ પેન ના જોઈએ. છત્રીસ જવાબ દેઈ દેવાય. પણ સાત સાત આંકડાના ગુણાકાર હોય તો કાગળ પેન જોઈએ તેમ નામ દેવું એમાં નવરાસનો જોગ ના જોઈએ તે તો હરતાં ફરતાં દેવાય

જુઓ પ્રથમ પ્રકરણનું વચનામૃત ૨૩ તેવીસ તેમાં છેક છેલ્લી લીટીમાં છે. હાલતાં ચાલતાં ખાતાં પીતાં વગેરેમાં ભગવાન સંભારવા. તે બાર તરી છત્રીસ જેવુ છે. ને સાત સાત આંકડાના ગુણાકાર વાળુ મધ્યના ૬૨ નામાં છે. આખો દિવસ ગમે તેવી પરવતી કરી હોય તો સારા દિવસમાં જે પાપ કર્યું હોય તે બળે કે ના બળે? ઉત્તર જે ઘડી કે અડધી ઘડી જો એકાગ્રહ થઇને ભગવાન સંભારે તો ગમે તેવું હોય તો પણ બળીને ભસ્મ થઇ જાય. હવે એકાગ્રહ કેવું તેનો દાખલો સાંભળો જેમ મચ્છ વેંધવા માટે ઘણા ચઢયા તે દ્રોણાચાર્ય પૂછે જે સભા દેખાય છે તો કહે હા તો કહે ઉત્તર પછી બીજો ચઢે તો પૂછે જે થાંભલો દેખાય છે ? ઉત્તર જે હા, તો કહે ઉતરી પડ. પછી વળી બીજો ગયો તો જે જે પૂછે તે નથી દેખાતું કહે પછી કહે મચ્છની આંખો દેખાય છે ? તો કહે હા, તો કહે ઉતરી પડ. પછી વળી બીજો ચઢયો તે જે પૂછે તે નથી દેખાતું નથી દેખાતું નથી દેખાતુ એમ કહ્યાંજ જાય પછી કહે ડોક વીના કાંઇ નથી દેખાતુ તો કહે ધીરે રહીને પાણીમાં નીચું જોઇને ઉંચે માર પછી વેંધ્યો તો જીત્યો. તેમ એકાગ્રહ ની વાત જુદી. વળી બીજો દાખલો સાંભળો જે ખરામાં ખરો ભાઇબંધ ખોવાઇ ગયો હોય ને તે એકદમ રસ્તામાં મળે તો તેની સાથે તમામ વિચાર કામ બંધ રાખી વાતો કરવા ઉભો હોય હવે તેવામાં પાસે રહીને કોઇ જતુ હોય તેને તે દેખે નહી. પછી ત્રીજો આવીને પૂછે જે કોઇ અહીં થઇને ગયું. તો કહે ના મને ખબર નથી. એમ એકાગ્રહ થઇને ભગવાન સંભારવા તે પેલા સાત સાત આંકડાના ગુણાકારના જેવું છે. વળી બીજો એક દાખલો સાંભળો કોઇ વાત છે. જે કોઇ એક મુસલમાન નમાજ પઢતો હસે તેવામાં કોઇ એકને અકસ્માત થવાથી દોડતો દોડતો જતો હસે તે દોડનાર પેલા નમાજ

પઢનાર ઉપર થઈને દોડયો ગયો તે દોડનાર ને ખબર પડી નહી. પોતાના વિચારમાં જયાં જવું હસે તેના ધ્યાનમાં પણ નીમાજ પડનારને ખબર પડી જે પેલા દોડનારને વઢવા ગયો જે હું નીમાજ પડતો હતો તે ઉપર થઈને કેમ ગયો. ઉત્તર દીધો જે મને ખબર નથી પણ તમારૂ કહેવું સાચું છે. જે મારા કામમાં મારા દેહની ખબર ખાડા ટેકરાની ના રહીતો તમે નીમાજમાં ખુદા સંભારતા હતા તે કેવા સંભારતા હતા. તે તમારા દેહની ખબર રહી. પછી પેલો બંધ થયો. તેમ એવું એકાગ્રહ ભજન નવરાસમાં થાય. પણ દેહના ભરણપોષણના કામમાં તો હાલતાં ચાલતાં ભગવાન સંભારવા. તેથીજ એકાગ્રહનો રસ્તો હાથ આવે. પહેલી તો બારાખડી શીખવી પડે પછી વાંચતા આવડે જુઓ ખોડીદાસને એકાગ્રહ ભજન પ્રભુ ઈચ્છાથી એમની પૂર્વની ભક્તિના પૂન્યે એકાગ્રહ વૃત્તિ થઇ તો દીવ્ય મુર્તી સંખ, ગદા, પદમ સહીત દરશન થયાં એજ એનું ફળ છે. માટે ધીરે ધીરે બધુ થશે. નીશાળે બેઠા તે જયારે ત્યારે વાંચતા આવડશે. માટે સરવ ક્રિયામાં ભગવાન સંભારવા એજ સરવે શાસ્ત્રનો સાર છે. ને તમામ શાસ્ત્ર કેસે જે ભગવાન સંભારો. તે રામાયણમાં પણ કહ્યું કે જે હું લીલા કરૂં છું મારકુટની તે જે સાંભરે તેનું રૂડું થાય તે માટે આ કરૂં છું. વળી ભાગવતમાં દસમ સ્કંધ માં કહયું કે જે આ સાંભરે તે નકકી મુકતીને પામે ને વચનામૃતમાં ઠેકાણે ઠેકાણે ભગવાન સંભારવાનો જ મુદો આવશે. તેમજ જગતમાં અજ્ઞાનીમાં અજ્ઞાની હસે તે પણ શાસ્ત્રનો મુદો જાણે છે જે કોઇ મરવા પડ્યું હોય તો તેને કહેજે ભાઇ તમારી વાડી લીલી છે. માટે હવે રામ રામ કરો. ભગવાન સંભારો. અંતનો એ બેલી છે. બીજો કોઇ બેલી નથી. એમ અજ્ઞાની હોય તે પણ સરવ શાસ્ત્રનો મુદો જાણે છે જે કોઇ

મરવા પડ્યું હોય તો તેને કહેજે ભાઈ તમારી વાડી લીલી છે. માટે હવે રામ રામ કરો. ભગવાન સંભારો. અંતનો એ બેલી છે. બીજો કોઈ બેલી નથી. એમ અજ્ઞાની હોય તે પણ સરવ શાસ્ત્રનો સાર જાણે છે. ને છેલ્લી ઘડી હોય તેને પણ તે શાસ્ત્રનો સાર કહે છે.માટે ભગવાન સંભારવા હરતાં ફરતાં કામજ કરતાં એમાં સરવ શાસ્ત્રનો સાર આવી ગયો જેમ ઘરમાં અનેક ચીજો હોય તે લઈ જવી હોય પરગામ પણ તેના બદલામાં પૈસા લીધા એટલે બધુ સીધુ તેમાં આવી ગયું. કેતાં ભગવાન સંભારવા. એમાં બધુ આવી ગયું. માટે હે ભાઈ તમે બધા ભેગા થઈને ભજન કરો છો તેથી મને ઘણો આનંદ થયો કોઈ સોટકાં બાજીમાં ળખત કાઢી આનંદ કરે. કોઈ પતંગમાં, કોઈ વિસય આનંદમાં વખત કાઢે તો મારે તમારે આનંદ થયો. જેથી હું રાતે લખીને આનંદ કરૂને તમે વાંચીને આનંદ કરો છે ને બંને ને ગરજ હોય છે જેમકે છોકરાને ધાવવાની ગરજ હોય છો તે માને થાંન તતડયાની પીડા મટે તેની ગરજ છે. એમ અનોઅન સામાસામી ગરજે કામ થાય છે. માટે મારે વચ્ચલી રાત આનંદમાં જાય છે. તેથી લખુ છું ને તમારે સાંજે ભેગા થાવ તે વાંચીને આનંદ થાય છે. તેથી ફરી વાંચવા સારૂ એક આનાનું કવર મુકો છો તે મારી મજુરી પડી તે મજરે આવી કે નહી તે જાણવા પત્ર પોત્યો કે નહી તેની શાન્તીને માટે કવર મુકુ છું. એમાં કોઈ કોઈને આભાર નથી. માટે સો વાતની એક વાત જે હાલતાં ચાલતાં મુર્તી સંભારવી. નહી તો ખરૂ. એજ આપનો દાસાનું દાસ એવો નારાયણ મુની નામની નીસાની વાળો તેના સરવે બાઈ ભાઈ ને જય શ્રી પુરૂષોત્તમ છે.

સોળ નંબર પોત્યાનો ઉત્તર લખવા એક આનાની કોથળી મુકી છે. હવે બીજા ગામનો જવાબ લખવા લવું છું. લી.

નારાયણમુની....

**શ્રી પ્ર.પુ. તા. ૨૧-૧૧-૪૦ રાતે ૨-૧૫**

અહીં સરવે ખુશીમાં છીએ, તમો પણ પ્રભુની કૃપાથી ખુશીમાં ને આનંદમાં છો તે વાત જાણી આનંદ છે. જેમ જેમ વધારે પ્રભુ સાંભરે તેમ વધુ વધુ આનંદ થાય. જુઓ પ્રથમ પ્રકરણનું ૨૮ મું વચનામૃત તેમાં તમારે ચઢતો રંગ છે. કેતાં કોઇનો અવગુણ આવતો નથી. એટલે ભાવ છે. જેથી પહેલેથી વાંચતા સમજાશે. જે જેને અવગુણ આવતો હોય તેને પહેલું પ્રથમ વાંચતાં પહેલો ભાગ અવગુણનો છે. અવગુણથી અંતર શાન્ત રહે નહી ને તમારે ભાવ છે. તો છેક છેલ્લી પાંચ દશ લીટી વાંચો જે સત્સંગમાં જેને વધારે થવાનો હોય તેને શુભ વાસના વૃદ્ધી પામે છે. ત્યારે તેને દિવસે દિવસે સત્સંગી માત્રનો ગુણ આવે છે. ને સરવે ભક્તને મોટા સમજે છે. ને પોતાને શુન્ય સમજે ને આઠે પહોર તેના હૈયામાં સત્સંગનો આનંદ વરત્યા કરે છે." હે ભાઇ ભગવાનનાં દરશન બબુભાઇના સમાગમે ડાહ્યાભાઇને તમારે ભાઇબંધી તેથી તમને સંખ ચક્ર ગદા પદમ સહીત થયાં તેથી ભાવ ચઢતો ને ચઢતો રહ્યો તે સત્સંગથી આનંદ વધતો ને વધતો જાય છે. હવે હાલ સત્સંગ એટલે સારા માણસ સાથે બેસવું ઉઠવું, સહેવાસ કરવો તે હાલ સત્સંગ છે. સારા માણસનું લક્ષણ કોઇ જીવ પ્રાણી માત્રનું ભૂંડું ના બોલે મન ક્રમ વચને તે સારો માણસ કોઇ પ્રકારનું ભૂંડું બોલે તો તે તેટલો તે ભૂંડો માણસ માટે બબુભાઇના સહેવાસે ડાહ્યાભાઇ તમને મળ્યા તે સત્સંગથી ભગવાનનાં દિવ્ય દરશન થયાં ને તે દરશનથી આનંદ વરત્યા કરે છે. ને વરતતો રહે. હવે તમે કેસો જે હાલ જ્યાં સુધી તે દરશન પોતાની કાબુમાં નથી કેતાં જેમ આપણે ખાવું હોય ત્યારે ખાઇએ છીએ. પીવું હોય ત્યારે

પીએ છીએ. ઉઠવું હોય ત્યારે ઉઠીએ છીએ. બોલવું હોય ત્યારે બોલીએ છીએ. એમ સ્વતંત્ર જ્યારે ભગવાનનાં દરશન કરવાં હોય ત્યારે કરીએ એવો અભ્યાસ પડે ત્યારે કરીએ એવો અભ્યાસ પડે ત્યારે અખંડ આનંદ વરત્યાજ કરે હવે હાલને પછીનો અર્થ જે હાલ ચઢતો રંગ છે. તે સારા માણસની સોબતે ને પછી એટલે સત્સંગ નાં બે અર્થ એટલે હાલ સારા માણસનો સંગ એ સત્સંગ ને પછી શું તે સંગ રગરગમાં પ્રવર્તી જાય કેતાં એ સારા માણસ ના સંગથી આનંદ થાય ને તે આનંદથી દરસન થાય તે દરસનનો જે સંગ તે સત્સંગ જુઓ છેલ્લા પ્રકરણનું ૩૯ નું જે "સત્સંગ એટલે સતરૂપી જે આત્માને સત્ય રૂપી જે પરમાત્મા તેનો જે સંગ તેનું નામ જ સત્સંગ કહેવાય. તે ખોડીદાસને પહેલાં સારા માણસના સંગથી સત્સંગ થયો ને પછી સત્યરૂપી જે આત્મા તેમાં સતરૂપી જે પરમાત્મા તેનો સંગ થયો તે પુરો સત્સંગ થયો. હવે તેનું સમરણ કરે તો જેટલું સમરણ કર્યું તેટલો સાચો સત્સંગ થયો ને તે આનંદ સાચો તે ખોડીદાસને અનુભવ્યું. દિવ્ય મુર્તનીનાં દરશન શંખચક્ર ગદા પદમ સાથે, હવે તેનું મનન કરવાનું રહ્યું. એટલે તેનો નિદિધ્યાસ કરવાથી સાક્ષાત્કાર થાય એટલે હંમેશાં આનંદ રગરગ માં રાખ્યો રહે તે સાક્ષાત્કાર થાય તે સારંગપુર-૩ વાંચતા સમજણ પડશે. આનંદની વાત જેવો ભગવાનનો આનંદ છે. તેવો આનંદ પ્રથમના ૩૪ વાંચતાં સમજણ પડશે એ બાબતમાં કલેશ થાય નહી. એટલે આનંદમાં ખાંમી આવે નહી વળી આનંદ વિસયમાં તમે માન્યો નથી. તો ભક્ત થયા કારણકે વિસયનો અભાવો થયો. કારીઆણીના - ૯ પ્રમાણે છેક છેલી પાંચ છો લીટી વાંચસો તો સમજાસે. દસ બાર પંદર લીટી છેલેથી વાંચશો વધારે સમજાશે કેતાં તમે પંચ વિસયમાંથી વૃત્તિ તોડાવો.

લખ્યું તે અભાવ વિના એવી વાત મનમાં આવે નહી. માટે કારીઆણીના ૬. પ્રમાણે ભક્ત થયા તેને હવે ભગવાનમાં વૃત્તિ રહે એટલે આનંદ જેવો ભગવાન નો છે. તવો જ રહે હવે પ્રથમના ૭૮ પાંચમું પ્રશ્ન છે. તેમાં લખે છે જે આઠે પહોર આનંદના સમુદ્રમાં ઝીલતો રહે તે ખોડીદાસને દિવ્ય દરશન થયાં તેથી આનંદ થયો તે આનંદથી દરરોજ સરસપુરથી રાતે મીલના થાકેલા તો પણ આવતા જે આવાં દરશન દિવ્ય થયાં. તેથી આનંદ થયો તેથી રાતે આવવાનું મન થતું તે ઠેઠ સાહપુર આવતા ને અડધી રાતે જતા. તે દુઃખ જણાયું નહી તે સાથી તે પેલાં દરસનનો આનંદ થયો હતો તેથી આવવાનું મન થતું. જાણ્યું જે આવા ભાઈબંધ આનંદવાળા જોડે બેસીશું તો આનંદ થસે એમ પહેલા અનુભવ થયો એટલે અવાતુ. દરેક વસ્તુ પહેલાં ચાખીએ ત્યારે લેવાનું મન થાય તેમ ખોડીદાસે પહેલેથીજ આનંદનો સ્વાદ ચાખ્યો એટલે કેમ આનંદ હોય નહી. હજુ ક્યાં આનંદ છે એમ ને એમ મુરતીનું વધુ ચીંતવન વધુ વધુ થાશે. તેમ તેમ આનંદ વધતો જશે. તેમ તેમ સુખ વધતું જશે. ત્યારે રાત દિવસની ખબર પડતી નથી. ગેડીદડામાં ખબર નથી એતો માયીક આલોકનું સુખ છે તો ખબર નથી પડતી ને પતંગમાં હજારો છાપરા ઉપરથી પડી ને મરી જાય છે. ગેડીએ માંથા ભાગે છે. તો પણ તે જીવ છોડતો નથી. તો આતો દુઃખ પડે નહી ને આનંદ થાય તે જીવ કેમ મૂકે. આમાં કાંઈ હાથ પાંગોઠું ભાંગે તેવું નથી એવો સુખનો રસ્તો છે. તે મન કેમ આનંદને રસ્તે નહી જાય. એતો જશે જ. પતંગ ગેડીમાં દુઃખ જુવે છે. સાંભળે છે. તો પણ તે રમ્યાવગર રહેતા નથી. તો આ દુઃખ વગરનો આનંદ કેમ મન છોડશે. નહીજ છોડે.ખાડીદાસે લખ્યું. પંચ વિસયથી વૃત્તિ તોડાવજો અરે ભાઈ

તમે તો ગામડાના છો તે સમજો જે ગાડામાં ખીલો કેતાં ખૂંટો ભરાયો હોય તે કાઢવો હોય તેને બીજો ખીલો પાછળથી ઘાલી ઠોકે છે ત્યારે પેલો કાઢવાનો ખીલો નીકળે છે. તેમ પંચ વિસય થી વૃત્તિ તોડાવજો શું. એતો ભગવાનની મુરતીના સુખરૂપી જે ખીલો તે જેમ જેમ ઠોકાસે તેમ તેમ પંચ વિસય નીકળસે. કાઢવા નહી પડે પેલા ગાડાના ખીલાની માફક તે પ્રથમના ૨૪ માં છે વિસય એવા કઠણ થશે કે જેમ દાંતે લીબું ચુસ્યાં હોય તેથી રાંધેલો ભાત ચાવવા કઠણ પડે ને તે લીંબુ ચુસ્યાં પહેલાં સોપારી ખાય તોપણ દુઃખ ના પડે તેમ ભગવાનનો આનંદ જેમ જેમ વધશે તેમ તેમ પંચ વિસય ભોગવવા કઠણ પડશે. માટે કોઈ વાતે અકળાવવું નહિ. પંચ વિસય સારા છે. કેમકે નાનું છોકરૂં હોય તેને તેની મા કામે વળગી હોય ત્યારે રડે તેથી મા છોકરાંને રમકડું આપે કે હાથમાં ધાવણી આપે તે ચુસ્યા કરે તેમ જીવને ભગવાનનું સુખ ઓછુ આવ્યું હોય કે સુખથી ધરાઈ ગયો હોય જેમ ધાવતો ધરાય તેમ ને રડે તેને રમત આપે તો પજવે નહી. તેમ ભગવાનનું સુખ ભોગવવું તેટલી શક્તી હોય નહી તો ધાવણીની માફક પંચ વિસય આપ્યા તે રમ્યા કરે. જેમ નાના બાળકને ભેંસનું દુધ ઓછું પચે તે ઉનું કરીને તોર કેતાં ઉપરની કાવળી કાઢી નાંખી પાય છે. તો પચવામાં કઠણ પડતુ નથી. તેમ જેની જેવી શક્તિ પચવાની તેવું ને તેટલું ધાવવા દે. કેતાં તેટલું જ સુખ આવવા દે. મા જગ્યાએ ભગવાન છે. જે આ જીવ આટલું ખમસે. તે પ્રમાણે સુખ આવે. જેમ છોકરૂ ઢીલું હોય માંદુ હોય તો ધાવણ ઓસડ જોડે ઘસારા સાથે આપે છે. દુધ પચવા માટે તેમ ભગવાનનું સુખ પચવા માટે તેની પાસે અનેક ઓશડીયાં છે તે લગાવે, જેથી ધાવણ પચે. ને મોટું થાય. વધારે ધવરાવે પચ્યાં કરતાં ઉપરાંત તો ઓકી કાઢે

તેમ વધારે સુખ આપે તો આલોકનો વહેવાર બરાબર થાય નહી. તેથી વહેવાર કરે નહી. તો કુટુંબી એને ગાંડો કહે ને મા-બાપ ભાઇ છોકરાં સ્ત્રી તેને દુઃખ થાય, કારણકે આલોકના વહેવાર પ્રમાણે ચાલે તોજ સગાં સંબંધી ને સુખ રહે માટે ભગવાનને મા કરતાં અક્કલ સારી છે. જગતમાં પોતાનાં છોકરાંને ઉછેરવાં મા એટલું રક્ષણ કરે છે. છોકરા ને જે અન્ન ના પચે તે મા પણ ખાતી નથી. આખી રાત જાગે છે. મુતર ગંદામાં સુઇ રહે છે. તે સા સારૂ તો છોકરૂં મોટું થાય ને સુખે આનંદ થાય. તો જીવ પણ આટલી બરદાસ રાખે છે. તેના કરતાં ભગવાનને ઘણી ફીકર છે. માટે હે ભાઇ પંચ વિસય તો જેમ જેમ ભગવાનનું સુખ આવશે તેમ તેમ ઓછા થશે. ઓછા કરવા નહી પડે. જેમ જેમ ખાતા જઇએ તેમ તેમ ભૂખ ઓછી થતી જાય. તેમ તેમ ભોજન ઉપરથી મન ઉતરતું જાય ને જ્યારે પુરા ધરાઇએ ત્યારે થાળી પણ ઠેલી મુકીએ. તેમ ભગવાન જેમ જેમ સાંભરશે તેમ તેમ સુખ આનંદ વધતો જશે. તેને પંચ વિસયમાંથી આનંદ મન ઓછું થતું જશે. પછી પંચ વિસયમાં અભાવ થાય તો પછી વાસના રહે નહિ માટે સો વાતની એકજ વાત એ છે જે ખાતાં પીતાં હરતાં ફરતાં પોતાનો ધંધો કરતાં ભગવાન સેજે સાંભરે તેટલા સંભારવા ને પોતાનુ પેટ ને પેટની પછવાડે વળગ્યા તેનું પોસણ કરવા કાંઇ ઉદ્યમ કરવો તે કરવાથી સેજે સેજે આનંદથી ભગવાન સંભારવા બને તેટલા સંભાર સંભાર કરવા જેથી એમાંથી સરવે થશે. જેમ નોકરી અનેક જાતની તેમાં મુદ્દો પૈસા કમાવવાનો તેમ ગમે તે રીતે ભજન પણ મુદ્દો ભગવાન સંભારવાનો છે. માટે આનંદથી જેમ સંભારો છો તેમ સંભાર્યા કરો એજ એનો કાંઇ છેડો હોય નહિ માટે આ સાથે નં. ૨૦ નો કાગળ પહોંચ્યાનો ઉત્તર લખવા કવર મૂક્યું

છે.

એજ લી. નારાયણ મુની .... જય શ્રી પુરૂષોત્તમ......

**બબુ અમદાવાદ... તા. ૧૯-૬-૪૦**

બબુનો પત્ર પહોંચ્યો રૂપિયો પહોંચ્યો. બીજુ ડાહ્યાભાઈનો પત્ર પહોંચ્યો ડાહ્યાભાઈ શંકરભાઈ બીજુ મનુષ્યમાં ભગવાન ઓળખ્યા એટલે કેડે ફરનારનાં મનોરથ પુરા થયા વરતાલ ઓગણીસ તથા કારીપાણી પાંચમા વચનામૃતમાં છે તે વાંચતાં સમજાશે. જે મનોરથ પુરા કરવા માટે આવે છે. માટે ડાહ્યાભાઈ શંકરભાઈને માલમ થાય જે મહારાજમાં પુરૂષોત્તમ પ્રભુનો વાસો છે. એટલે અમારે ડાહ્યાભાઈ આદિકને કેડે ફરે તે સર્વેના મનોરથ પુરા કરવા એવો અમારે માથે કર છે. માટે કસી ચિંતા રાખવી નહિ. બીજુ મુકતાનંદ સ્વામી કરતાંય વધારે અનુભવ થશે. ને ભાદરણ શાન્તી રહી હતી એટલે ધરઈ જવું નહિ. દહાડે દહાડે શાન્તી વધે એમ માગવું. જેથી મનના મનોરથ પુરા થાય. ભાગવતના એકાદસના પંદરમા અધ્યાય પ્રમાણે ધરઈ જવું નહિ. શાન્તી વધારે માગવી.

શ્રી પુરૂષોત્તમ મહારાજ.....

**શ્રી પ્ર.પુ. તા. ૧૦-૭-૪૦**

ડાહ્યાભાઈ શંકરભાઈને પત્ર પહોંચ્યો. એક આનાનું કવર પહોંચ્યું. સમસ્ત વાત જાણી ડાહ્યાભાઈ શંકરભાઈ સવા રૂપિયો ભાદરણ મોક્લોય તે ઠોકરજીના થાળનો પહોંચ્યો છે. બધાં અમદાવામાં પંચાલ જીણાભાઈ ભાઈશંકર ચાંદીનું કામ કરનાર ઠેકાણું હાથીખાના નવા વાસ સામે સ્વામીનારાણના મંદીર પાસે ઘર નંબર કા. ૩. ૫૮૭/૪૭ અમદાવાદ તેમને ચાંદીનાં ઘરેણાં તૈયાર થયાં. તે જીણાભાઈએ ભાદરણ કાગળ લખ્યો કે પ્રભુનાં

ઘરેણાં તૈયાર થયાં ઘરેણું લેવા અમદાવાદ આવવાના છે. તેનો દહાડો વાર નીચે મુજબ સંવત ૧૯૯૬ ના અસાડ સુદ નવમી તા. ૧૩-૭-૪૦ ને શનીવારે દોઢ કે બે બપોરે ભાદરણથી નીકળી અમદાવાદ સ્ટેશને ઉતરશે ને શનીવારની રાત રહી રવિવારે ભાદરણ જશેં. માટે મળવું હોય તો આવજો.

જીણાભાઈને ઘેર આવજો કે તા. ૧૩-૭-૪૦ ને શનિવારે સાંજે સ્ટેશન પર આવજો. તે પ્રભુ મળશે. તે જે કહેવું હોય તે કહેજો એજ ઉત્તર કાગળમાં લખેલા પ્રશ્ન તે સમસ્ત વાત જાણી. તેનો ઉત્તર સંવત ૧૯૯૬ અસાડ સુદી નવમી તા. ૧૩-૭-૪૦ ને શનીવારે પ્રભુ અમદાવાદ આવશે. શનીવારે સાંજે તે રવિવારે જમી ભાદરણ જશે. તે રવિવારે જે પ્રશ્ન પુછવું હોય તે ઉત્તર આપીશ.

અમદાવાદથી જીણાભાઈ ભાદરણ ઘરેણું આપવા આવ્યા છે માટે તા. ૧૩-૭-૪૦ ને શનીવારે પુરૂષોત્તમ અમદાવાદ નહીં આવે શ્રી પુરૂષોત્તમ....

**અમદાવાદ ડાહ્યાભાઈ -૧ તા. ૨૫-૭-૪૦**

પત્ર પહોંચ્યો ભાદરણથી લી. જે ભીખારી હોય તે માગી લાવે તે માગેલામાંથી પણ દસમો ભાગ કાઢી પ્રભુને અર્પણ કર્યા પછી નવ ભાગ વાપરવા. ખેતી વાળો ખેતી કરે. તો ખેતીનું ખરચ જતાં જે વધે તેમાંય દસમો ભાગ કાઢી ભગવાનનો જુદો મેલી, નવ ભાગમાં બધો વહેવાર કરવો. હવે નોકરી વાળાને મા-બાપ સ્ત્રી છોકરાં ઘણાં હોય ને રૂપીયા પંદર મહીને મળતા હોય તો પણ દોઢ રૂપિયો કાઢી દસુંદ કાઢી બાકીના નવ ભાગ રહ્યા તેમાંથી છૈયાં છોકરાં મા-બાપ સ્ત્રી વિવાહ બારમું તમામ ખર્ચ તેમાં કરવો ને પંદર રૂપિયે ઘરમાં દસ માણસનું પુરૂ ના થાય

તો, બાવટો કોદરાને પાણી તેણે ખાઇ દહાડો કાઢવો. તેથી ખૂટે તો ઘર ખેતર લખી આલી દેવું કરી ખાવું. પણ જે આવક થઇ તેનો દસમો ભાગ કાઢવો એ તમારો ભાગ નહીં. તમે તો નવમા ભાગીયા. એક ઘર હોય ને ચાર ભાઇ હોયને બાયડી છોકરાં ઘણાં હોય તો મોટાભાઇ કહેશે મારે ખોટ પડે છે. તે પાંચભાઇ તમે નેકળો ઘરમાંથી. તમારો ભાગ નથી. એમ આતો પુન્ય કહેવાય નહી, આતો પ્રભુનો ભાગ કહેવાય. તો અડધુ ઘર હોય ને ઘરમાં બૈરાં છોકરાં ઘણાં હોય ને ભીડ પડે. માટે ભાઇએ ભાગ તો આલવોજ પડે. તેમ ઓછી કમાઇ હોય ને ખર્ચ ઘણો હોય માટે. દસમો ભાગતો પ્રભુને આપવોજ પડે. એ તો ભઇએ ભાગ પાડયો. એક મોટાભાઇને ઘણાં માણસો હોયને બીજા ત્રણ ભાઇ રહ્યા તે કહેશે જે મારે ઘરમાં ભીડ છે. તો સાંકળું પડે તો દુઃખ પડે છે. ઘર સાંકડું પડે છે. તો સાંકડું પડે તો દુઃખ વેઠવું પડે. ઘરમાં ના માવ તો ભાડે રાખી રહેવું. પણ એતો ચાર ભાઇ તે ચોથા ભાગનું જ ઘર ભાગ આવે એતો ભાગ આલવોજ પડે તેમ પ્રભુનો દસમો ભાગતો આલવોજ પડે. એમાં તમારૂં નસીબ. અમને અમારો ભાગ આપો. નહીંતો પેસવા નહીં દઇએ. અમારો બીજો ઉપાય નથી. દ. પોતે.

**શ્રી. પ્ર.પુ.                તા. ૩૧-૭-૪૦**

ભાદરણથી લી.ડાહ્યાભાઇનો પત્ર પહોંચ્યો. જયાંથી ભગવાન ઓળખાયા ત્યાંથી તમે નોકરી કરો છો. ત્યાંથી દસુંદનો ભાગ બાકી છે. તમે આપ્યો નથી. તે તમારો વાંક નથી કેમકે પ્રભુ પાસે અષ્ટ સિદ્ધિ નવનીધી. તે શું કરવા કોઇકને દસુંદ માગેજ ? પણ આતો પાંચ પ્રકારના નિશ્ચયનો આજ સુધી શાન્તિ રૂપી માલ આલેલો તેના બદલામાં પાંચ પ્રકારના નિશ્ચયમાં દસુંદ

માગીએ છીએ. તે બદલો નહીં. આપે તેને ભાદરણ પેસવા નહી દઈએ. કેમકે કર્યા ગુણને જાણે નહિ તે કૃતઘ્ની કહેવાય. તે સ્વામીનારાયણે શાસ્ત્રને આધારે શિક્ષાપત્રીમાં લખ્યું છે. પ્રથમ પ્રકરણના ગઢડાના દસના વચનામૃતમાં જે, કર્યા ગુણને જાણે નહીં તો તેમનો ત્યાગ કરજો. તે એમ શાસ્ત્રમાં આજ્ઞા છે. તેમાં ગઢડાના દસમા વચનામૃતમાં ખાસ સ્વામીનારાયણે લખાવ્યું છે.

જે કર્યા ગુણનો બદલો ના વાળે તો તેનો ત્યાગ કરજો એમ શાસ્ત્રને આધારે પણ પુરૂષોત્તમ મહારાજ લખે છે. જે ભાદરણથી પુરૂષોત્તમ ભગત દ્વારે અનેક પ્રકારની શાંન્તિ રૂપી માલ લેઇ ગયા છો તેના બદલામાં દસમો ભાગ કમાઈમાંથી નહીં આલો તો તેને કૃતઘ્ની જાણી ભાદરણ પેસવા નહી દઈએ. ભાદરણ આવવું હોય તેની વાત છે. ના આવવું હોય તેની કને માગતા નથી.

**શ્રી પ્ર.પુ.** **તા. ૩૧-૭-૪૦**

અમદાવાદ બબુભાઇ

બબુનો પત્ર પહોંચ્યો. સમસ્ત કાગળની બીના જાણી ને દસુંદ પગાર આવે મોકલશો તે વાત જાણી. એજ ઉત્તર ... દા. પોતે.

સંવત ૧૯૯૬ ના શ્રાવણ સુદ આઠમ તા. ૧૧-૮-૪૦ રવિવારે સવારની ગાડીએ ભાદરણથી બેસી પેટલાદ આણંદ થઇ અમદાવાદ પાસે વટવાને સ્ટેશને ભાદરણવાળા પુરૂષોત્તમ મહારાજ ઉતરશે. માટે દરશનનો ભાવ હોય તો આવજો. ભાવવાળાને ખબર કરજો. વળતી ગાડીએ ભાદરણ જશે. રાત રહેવાના નથી. દા. પોતે....

**શ્રી. પ્ર.પુ.** **તા. ૨૨-૧૦-૪૦**

અહીં સરવે ખુશી આનંદમાં છીએ બીજુ પત્ર પોત્યો કવર

પોત્યું. ઉતરજે અમદાવાદ બે મહીના બેસી રહ્યો. પછી અહીં પરવતી પેઠી એટલે મનમાં પેઠી તે તનમાં આવી. તે એકાદ દિવસ રહીને હવે તો દિવસે દિવસે સારૂ થતું જાય છે. છાપેલી કારતક સુદી. ૫ ની ખબર મળી હશે. તે દિવસે બધા ભક્તો ભેગા થશે એવું આજે તમને મળશે. એજ. લી. નારાયણ મુની.......

લોકો મીલમાં જતા હોય તો જવું. જગતથી અતડા પડીએ તો સારૂ નહી. કારણકે મનમાં બીક રહે ખરી. રક્ષાતો ભગવાન કરે પણ અંતરમાં ભીતી રહે માટે મનમાં જેમ ઉપાડે તેમ કરવું. એમાંજ સુખ રહે. ખોડાભાઇ તથા ભીખાભાઇ મીલમાં નથી જતા તે વાત જાણી ને તમો મીલમાં નથી જતા તે વાત જાણી. ને તમો મીલમાં જાવ છો. જાણીને આનંદ થયો અહીં હાલ પંતગમાં ૨૫ ની પંગત થાય છે. મીરોલી બારેજા ભરૂચ જીણાભાઇનાં વિગેરે હાલ અહીં રહ્યાં છે. તે સેજ જાણવા લખ્યું છે. એજ સુખ સમાચાર આ પત્ર પોત્યાનો ઉત્તર લખવા કવર મુક્યું છે. લી. નારાયણ મુની......

તમે લખ્યું કે પેટ વધ્યાં જાય છે. ને દુઃખ પડે છે. જેથી બીજો પત્ર આવ્યો જે બહુ અકળાયો છું પછી પ્રભુ જાતે જઇ પેટ ઉપર હાથ ફેરવીને અદ્રશ્ય થયા. તેજ વખતથી ઓછુ થયું. એવો કાલે પત્ર આવ્યો ને આજે બાધાના પૈસા પણ આવ્યા. માટે રાવજીભાઇને થયું તેમજ છોટાઉદેપુરમાં પણ હાથ ફેરવવા પ્રભુ દીવ્ય દેહે ગયા ને તે બઇ તથા ભાઇ તથા માધુભાઇને પ્રભુએ આનંદ કરાવ્યો એજ. લી. નારાયણ સરવેને જયશ્રી પુરૂષોત્તમ પત્ર પોત્યાનો તથા સોકેટનો જવાબ લખવા કવર મુક્યું છે.

જે થાય તે ખરૂ આજે ભીખાભાઇ કહે છે કે પહેલી તારીખે પાટી ઉત્તર રજા આવી જવાની જેથી ટપાલ આજે વાંચ્યા પછી

વિચાર. સો વાતની એક વાત રાંધણછઠ્ઠની સીતળા સાતમે ને ગોકળ આઠમે સરસપુર નહી આવું. લોકનીંદીત વાત છે. ને તમે ચુલો સળગાવ્યા વિના રહો નહી. માટે નહી આવું. એજ હાલ વિચાર છે. પછી સ્ટેશનેથી ક્યાં જવું તે હાલ નક્કી નથી.

બબુભાઈને કેજો કે ગોકળઆઠમ ઉપર મીલોમાં રજા પડે ત્યારે તે દિવસે શાહપુર આવશે તે હરમાનદાસ રાવજીભાઈ કરાલીના, ચંપા, મોહનલાલ, રામનારાયણ વિગેરે તેમના તરફનાં લતાવાળાને ખબર કરે જેથી તે દિવસે ઉતાવળ ના થાય. એજ. હાલતો એજ વિચાર છે. સીતળા ગોકળ આઠમે રવિવારને દિવસે સરસપુર નહી અવાય તમે ખવડાવ્યા વિના ના રહો માટે એતો એજ. પછી સ્ટેશને જેવો વિચાર એજ તમારો કાર્ડ તા. ૪ ગુરૂએ પોત્યો છે. જયશ્રી પુરૂષોત્તમ...

પહેલું પશ્ચિમમાં જઉં છું. એમજ ફાવસે આ મતને ભીખાભાઈ પણ ટેકો આપે છે. કે એ તો એવાજ છે. આ પત્ર શનિવારે નાંખ્યો છે રવિવારે પોતસે. સોમવારે આવશો ને લખશો તો પણ મંગળવારે પોતસે ને મંગળવારે લખશો તો પણ બુધવારે પોતસે તો હુંતો ગુરૂવારે નીકળવાનો છું એજ લી. નારાયણ.....

સરસપુરનો પત્ર આવ્યો વાંચ્યો. મેં સવારમાં લખેલો પછી બપોરે આવ્યો બેચરભાઈ લખે છે કે માસીબાનો માસીઓ કરવો છે. તે નાંમને દિવસે આવજો. જેથી હું ગુરૂવારે નાંમે નીકળીશ. ત્યાંથી સરસપુર ક્યારે આવવું તે નક્કી નથી. કારણકે તમો લખો છો ખરા પણ જમવાનું કરો છો. એટલે ઘણા વખત જોયું પણ હવે તમારા લખાણ ઉપર વિશ્વાસ નથી. માટે હવે ઉત્તર માં જવું ને વળી ડાકોરનું ભજન છે. " જે દુઃખ થાય તે થાજો રૂડા રામને ભજતાં" પીંડ પડે તો રખે પછડાતો, માર મુસળનો ખાજો રૂડા

રામને ભજતાં, ઉંચા બાંધીને તળે અગ્ની સળગાવે.

ગુણ પ્રભુજીના ગાજો રૂડા રામને ભજતાં " પાંચ સાત સંત મળી રણછોડ કે છે ગુણરે ગોવિંદના ગાજો રૂડા રામને ભજતાં" માટે હે ભાઈ આગળના જે જે નરસીંહમેતો, મીરાં, પાંડવ, સુદામા, અક્રુર, વિદુરજી વિગેરનો દાખલો જોતાં અત્યારે ઘણું સુખ છે. પહેલાં તો મારતા, દેવતા દીવો બંધ કરતાં. મીરાં રાજાની રાણી પણ પ્રભુ ભજતાં છાણાં વીણે તેવી કરી તે કહેતાં ઝેર પાયું. નરસીમેતો જુઓ માટે આગળ ભગતો પાંડવ જુઓ લાખાગૃહ માં બાળ્યા. વિગેરે આગળના દાંખલા વિચારવા માટે અત્યારે તો હજાર ઘણું સુખ છે અત્યારે માર નથી પડતો એતો રાજ્ય અંગ્રેજનું તેથી સાનુંકુળ છે. અરે ભાઈ ગાળો દે. તેની પણ સરકાર ફરીઆદ સાંભળે છે. માટે શબ્દ તો આપણે સહન કરવા ને આતો મા છે તે કાંઈ છોકરાનું હેત જતું રહેતું નથી આતો લોકોના શબ્દો જાણવાથી આબરૂને માટે વઢે છે. નહી તો રૂપિયા જાત્રામાં ખરચવા શું કરવા આપે. માટે કશી ચીંતા રાખવી નહીં. પ્રભુ સંભારવા એતો સૌ પોત પોતાનું સારૂં દેખાવા માટે વઢે છે. જાણ્યા વિના એમ થાય. અરે ભાઈ જાણ્યા વિના ખોડાભાઈ પણ શાહપુરમાં વલ્લવભાઈને મેડેથી પડતું મુકીને નાસવાનો વિચાર કરલો. પણ પૂર્વના ભક્તે તે પ્રભુએ ઝાળવી લીધા તેમજ તેમને જાણ્યા વિના એમજ થાય માટે કશો વાંધો નથી....

**શ્રી. પ્ર. પુ. તા. ૧૫-૨-૪૪**

જયશ્રી પુરૂષોત્તમ સરવેને મારા સરસપુરના ભક્તોનો પત્ર પોત્યો. ઉત્તર જે પ્રગટ પ્રભુના લાડીલા ભક્તો પરતે નારાયણના સુખ સમાચાર સાથે જયશ્રી પુરૂષોત્તમ. બીજુ સરસપુરના ભક્તોનો પ્રેમ ભર્યો પત્ર વાંચીને હૈયું ભરાઈ આવ્યું જેથી તરત ઉત્તર લખાયો

નહિ. તેથી અનંતવાર માફી માંગુ છું. કેતાં હંમેશા બીજે દિવસે વાટ જોતા હતાં તેમ જોતા હશો કારણકે જયશ્રી પુરૂષોત્તમ છે. જયશ્રી પુરૂષોત્તમ છે. બીજુ તમે લખ્યું જે ધન તથા બૈરાની વાસના છોડીને ભગવાન પ્રત્યે જોયા કરવું છે. ઉતરજે ધન બૈરાની વાસના નથી. આતો ઉપરથી જે જણાય છે તે દેખવા પુરતું છે. દ્દષ્ટાંત જે ઘઉંનો દાણો ઉપરથી આખો દેખાય પણ દાબે તેટલે ભાગી જાય. કારણકે અંદર સળી ગયો છે. જેથી ભાગી જાય છે. ને ઉપર આખો દેખાય છે. માટે દેખાવા માત્ર દાણો દેખાય છે. તેમ વાસના જણાય છે. લખું છું. ઘણી ટપાલો ભેગી થવાથી આજે તમારો પત્રનો જવાબ આપવાનો વારો આવ્યો છે. વિસેસમાં લખ્યું જે વિસયમાં વૃત્તિ જતી નથી ક્ષમા કરજો. ઉત્તર જે ભાગવતના અગીયારમાં ભાગમાં પંદરમાં અધ્યાયમાં સિદ્ધિઓનું પ્રકરણ છે તેમાં લખે છે જે "વિસયમાં અનાશક્તિ" કેતાં વિસયમાં આશક્તિ ના થાય ત્યારે એ નામની સિદ્ધિ પાડનારી છે. એમ થયું. માટે આશક્તિ સેજ.

છે તો લોકો કહે છે ભાઇ આ બહુ હોંશિયાર છે. દરેક કામમાં પાર પડે છે. તો મારૂં કહેવું એવું છે જે વિસયમાં વૃત્તિ ચાટે છે તે સુખ લેવા ચોટે છે. તો મનને સુખ ભાવે છે. તો બુદ્ધિ પરીક્ષા કરશે જે ભગવાનના ભજન કરતાં આ સુખ વિસયનું નકામું છે. એટલે ફરી ત્યાં જશે નહી. કેતાં સુખ ખોળે છે. તે સુખનું મન બેલી છે તે દુઃખ છે. એમ જાણે છે. પણ અનુભવ થયેલો છે. દુઃખના કટોરામાં મોંઢુ નાંખ્યું છે. એમ કોઇ કહેશે જે આ દુધમાં સાપે મોઢું બોળ્યું છે તો કોઇ હજાર રૂપિયા આપે તો પણ તે પીવાય નહી. કારણકે તે વાત અનુમાને થયો છે. જેથી તે વાત ઝટ મનાય છે. માટે પાકો સાક્ષાત્કાર થાય જે વિસયમાં કેવળ

દુઃખ છે. સુખ નથી. વળી તમે લખ્યું જે બીજાથી શાસ્ત્ર સંભળાય છે. ને સત્યપુરૂષથી શાસ્ત્ર સમજાય છે. એ ખરૂ છે. કારણકે જે જે બાબતનું સુખ દુઃખ આવે ને તે ઉપર વાત શાસ્ત્રમાંથી નીકળે ત્યારેજ તે વાત સમજાય છે. તે વિના તેની ગમ પડતી નથી માટે વચનામૃતમાં છે જે ( મધ્યના ૧૩માં )

દેવી પણ તે તો સાધુ ભેખધારી હતા. પારકી કમાઇ ઉપર દિવસ કાઢતા તેને માટે ને કમાઇને ખાનાર ને તો નવરી વેળાએ કરવું. કારણકે સુતરના તાંતણાનું દરસન કરીએ તોજ ઘરનાં ઝંપવા દે. પેટ પણ પોતાના ઘરનું માટે ફરતાં હરતાં મનથી થાય ને નવરી વેળાએ તનથી થાય માટે કોઇ પ્રકારે અચકાવે પાર ના આવે. એજ જયશ્રી નારાયણ....

તો પછી મન જાય નહી. પણ જેમ નાનું છોકરાં ને ધાવણીમાં દુધ નથી આવતું તો પણ ચુસ ચુસ કરે છે. તેમ વિસયમાં સુખ નથી. પણ વલખાં મારે છે. એ મનનો વાંક છે. પણ મન શું કરે. એક બીજાનું સુખ તો જોઇએજ.. માટે જેમ જેમ સુખ આવશે તેમ તેમ ઓછું થાય વળી બીજો ફાયદો જે ચાર ખીલા હોય તેમાં એક ખીલો અણીવાળો બારીક હોય તે જ્યાં નાંખે ત્યાં ચોટી જ જાય ને બીજા ચઢતા ઉતરતી બુઠા હોય તે જેવી અણી તેણે

ના મળે તો ધાવણી જોડે ગડમથલ કરીને વખત કાઢે છે. એતો ગેડ બેઠી જોઇએ. જે વિસયમાં સુખ નથી. દુઃખજ છે. તે દરેક અનુભવે છે. ને જાણે છે. છતાં તણાઇ જાય છે. માયાનો મોહ છે. તે મોહ ઘણા ઘણા વિચાર કરે તો પાછો હેઠ પણ મન સુખ ખોળે છે. તે ના મળે ત્યારે જે હોય તેમાં કાઢે. જેમ કુતરૂં સુકા હાડકાને એકાંતે લઇ જઇ કરડ્યા કરે. તેમાં લોહી માંસ હોય નહી તોપણ ચાટે છે. શ્રી પુરૂષોત્તમ....

વાવોલના ખોડાભાઈને માલમ થાય કે ગાડીમાં મેં વાત સાંભરી છે. તેમાં કટેલાક વાતો કરતા હતાં તે સરકારી અમલદાર જેવા હતા ગૌમદોમો જ પણવાર થાય છે. આ વખતે બરાબર શરત રાખવી છે. કે કોકને જ પેટી પાટીએ માટે અપદે વીસ કે પચીસ દેનો કઈદો છે. તેથી વધારે કરવું નહિ. નહીતો ફજેત થશો. આપણે નોનપણમો ભેગા રહેલા તેથી મેં સાંભરી તેથી મેં લખ્યું છે. હું કલોલ ની ગાડીમાં બેઠો હતો તો આ વાત સાંભરી હતી તેથી આ વાત લખી છે....

બબુભાઈને ત્યાંથી મેળવેલ પત્રો......

પત્ર પોત્યો કવર પોત્યું. બબુનો પત્ર વાંચ્યો. મન તો હસ્યું જે ઠીક લખ્યું છે. હોંકે...

હાલ તો લીલા બીજી કાંઈ નથી. હાલ ખેતરમાં પગલાં મુકવા ઓટલાનું કામ ચાલે છે. હું તો ઘેર રહું છું. પણ મજુરને પોપટ બંને જાય છે. બીજી લીલાતો અમદાવદ ચાલે છે. તેમાં દરેકને જવાબ આપવામાં બપોરે વખત જાય છે. અવર નવર જવાબ આપુ છું. હાલ એજ. ચાલે છે. બીજુ ખોડીદાસની વાત જાણી ઘેર ગયાહતા ને વળી આવ્યા તે સરવે હકીકત જાણી.

સમૈયે વેલા તેડજો તે વાત જાણી જરા શહેરમાં શાન્તી થાય એટલે બધાંને લખવું છે. વૈશાખ વદી. ૫ રાખીશું. એવો વિચાર ચાલે છે. પણ જરા જીણાભાઈ વલ્લવભાઈ લખે જે શાન્તી થવા આવી છે. એમ જરા એટલે બધે લખીએ એજ. લી. નારાયણ પત્ર પોત્યાનો ઉત્તર લખવા કવર મુક્યું છે. ૧૭૨ નંબરવાળું....

બબુભાઈની જોડ ચંચળને માલમ થાય જે તમે કોટ સામુ જોતાં હતાં તેનો ઉત્તર જે જીણાભાઈને ત્યાં મારો કોટ છે. તે લઈ આવજો. ને તેના કાપલા પ્રમાણે કાપલા જોડસો એટલે બરાબર

થશે. જુઓને ખમીસ જોઇ જોઇને કર્યુ તે આવડ્યું. માટે હીંમત શું કરવા હારો છે. બીજુ જીણાભાઇને ત્યાં મારૂં રેશમી ખમીશ બગલેથી ફાટેલું છે. તેને અંદરને ભાગે જીણું પાતળું ઠીંગળું મારજો. તમારે ત્યાં સંચો છે. તે બદલાવા ચાલે ને ઉનાળામાં અંદરના ભાગે પહેરાશે એજ. લી. નારાયણ...જયશ્રી પુરૂષોત્તમ....

**શ્રી. પ્ર.પુ.** **તા. ૩-૪-૪૪**

બબુભાઇ તેમજ ચંચળ મનુ નિરંજનનો પત્ર પોત્યો શરીર નરમ છે. તે વાત જાણી એતો આ સંસારમાં એમજ ચાલ્યા જાય છે. તમારે એકલાંને નથી કોઇને કાંઇ કોઇને કાંઇ એમજ છે. બીજુ તમારાથી અવાય નહીને મારાથી જવાય નહી તે બરાબર છે. હવે તુળસીભાઇ પણ તેમની બેનનો કાગળ આવ્યો જે મારે ત્યાં આવજો જે મારે ત્યાં આવજો, નહીતો હું તમારે ઘેર નહીં આવું. તેથી તે જવાના છે. ને જવાના વિચારમાં કાંઇ કામ કાજ સુઝતું નથી. કામ કાજમાં મન રોકાતું નથી.

આપણે પુછીએ જે ફલાણું કામ કર્યું તો કહે હા પણ તે કર્યું ના હોય, કેતાં હવે તેમનું મન ભાદરણ નથી. તેમનુ મન તેમની બેન પાસે છે. કાંઇ કામ પુછી એ તો બોલે ચાલે નહી માટે હવે થોડાસા મીઠા હવે તેમનો વિશ્વાસ ઓછો આવે દરેક વાતમા એજ. માટે મારે આવવાનું.... એજ લી. નારાયણ.. જયશ્રી પુરૂષોત્તમ....

**શ્રી. પ્ર.પુ.**

પત્ર પોત્યો ઉત્તર જે હરી ઇચ્છાએ જે થાય તેમાં આનંદ માનીને પ્રભુ સંભારવા. તે વાત તરંગમાં છે. પ્રશ્ન ઉત્તર કરેલા તે ભાગમાં જે કાળે કયા કંપાય છે માટે પ્રભુ ઇચ્છાએ જે થાય તે ખરૂં એજ. લી. નારાયણ... જયશ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ. મંગળવાર તા. ૨-૧૦-૪૫**

બબુભાઈનો પત્ર પોત્યો ઉતર જે પોતાને મનમાં જેમ ભગવાન ઉપાડે તેમ કરવું નોકરીની બાબતમાં હવે તમારે ત્યાં બધાંનાં શરીર નરમ છે. તેમનીજ હકીકત જાણી. તે ભીખાભાઈને કહી છે. પણ તમો જ્યારે બાંનસ લાવો ત્યારે પત્ર લખશો. લાવ્યા પછી લખશો જેથી તરત ભીખાભાઈ બોનસ લેવા આવશે. કારણકે દસ દિવસ આવવાનું વચ્ચે ગાળો છે. એટલે તમે લાવો કે તરત સાંજે ઘેર આવતાંજ કાગળ લખશો જે હું લાવ્યો તે વાંચવાથી બીજે દિવસે સાંજે ભીખાભાઈ અમદાવાદ લેવા આવશે કારણકે ઘડી ઘડી મીલવાળાના ઠરાવ જુદા હોય તેથી લાવ્યા પછીતે જ દિવસે સાંજે ઘેર આવતાં ટપાલ નાંખશો તેને બીજે દિવસે ભીખાભાઈ સાંજે આવશે લાવ્યા પછી પત્ર લખવા કાર્ડ મુક્યું છે. તે લેવા જાવ ત્યારે ઘઝવામાં રાખશો તે તરત લખાય. સોધવું ના પડે એજ. લી. નારાયણ ના જય પુરૂષોત્તમ.....

**જયશ્રી પુરૂષોત્તમ શ્રી પ્ર.પુ. તા. ૨૯-૨-૪૪**

સરસપુરના ભક્તોનો પત્ર પોત્યો. બંને પત્રો તેમને મળ્યા તે વાત જાણી તથા સરવેની વાત જાણી, ખોડાભાઇ તથા ડાહ્યાભાઈ, ભીખાભાઈ લખે છે. જે એક નજરે જોઇ રહેવાય તે સેવા તે તો ધીરે ધીરે થાય. કારણકે પેટને પેટની પછવાડે રહ્યાં તેના પોસણ માટે ઉધમ કરવો પડે માટે ઉધમ કરતાં કરતાં જે થાય તે ખરૂં પ્રથમનું બીજું જે વહેવાર કરે તે ઉદાસ થકો કરે જે તેને બંધન થાય નહિ માટે તમારા બધાનાં મનમાં એમ છે. જે અખંડ જોઇ રહીએ તે થઇ ચુક્યું, કારણકે અખંડ જોવાની ચીંતા રહે છે. તેનું જ નામ અખંડ વૃત્તિ રહે છે. એમ સમજવું. કારણકે ગમે તે પ્રકારે વૃત્તિ રાખવાની છે. વરતાલ ૧૮માં છે. કામભાવ,

સ્નેહભાવ વિગેરે વિગેરે માટે જન્મ મરણના ભય થી વૃત્તિ રહે છે. પણ સમજાતી નથી જેમ પક્ષી ઈંડાને સવે છે કેતાં ઉપર પાંખ મુકી બેસી રહે છે. કાંઈ ઈંડુ ઈંડુ ઈંડું એમ ગોખતી નથી પણ વધે છે. ને જો પાંખ ના મુકે તો સુકાઈ જાય વધે નહિ. તેમ પ્રભુનો ગમે તે ભાવે સંબંધ છે. તનથી મનથી તો તે વૃત્તિ રહે છે. ઉપરના ઈંડાના દષ્ટાંતે લઈને સમજવું. વળી ડાહ્યાભાઈ લખે છે. જે ધખારો રહે છે તેનો ઉત્તર જે તમને પહેલાં વીસ રૂપિયા મળતા ત્યારે વધારે મળે તેનો ધખારો રહેતો. વળી ત્રીસ મળ્યા ત્યારે ચાળીસ નો ધખારો રહેતો, પચાસનો રહેતો, સાઠ થવાનો રહેતો કેતાં આલોકની સંપત વધારવાનો ધખારો રહે છે. તેમ પરલોકની સંપત વધારવાનો ધખારો રહે. તે તરંગમાં છે જે " એક બાજુ રહે ધખારો જાણો તે છે સુખનો આપનારો " માટે જેમ થાય છે. તેમ સારૂ જ થાય છે. બીજુ ખોડાભાઈનાં જોડ તેજા કહે છે કે વૃત્તિ રહે ને બીજુ ના જોઈએ. તે આલોકમાં બધુ જોઈએ. બધાનો ખપ માટે જે ઘડીએ જેમ પ્રભુ રાખે તેમ રહેવું આપણું સારૂં થાય તેમ પ્રભુ કરે માટે એક પ્રભુની પ્રસન્નતા રૂપ સેવા ઈચ્છવી. ફલાણું મારે નથી જોઈતું તેવા વિચાર ના કરવા. પ્રભુ સંભારવા તેમાંથી જે થાય તેમ સારૂ તે ભક્ત ચીંતામણીમાં છે જે "સંસારીને એટલું સુખ" "સુતવીત વિના પામે દુ:ખ" માટે છોકરાં નથી જોઈતાં એમ ના કહેવું. જેમ ભગવાન કરેને જેવા સુખ દુ:ખના સંજોગોમાં રાખે તેવામાં રહી પ્રભુ સંભારવા. એમાંજ આપણુ સારૂ થતુ હોય છોને દસ વીસ છોકરાં થાય, ના થાય, ના થાય, એવા વિચાર ના રાખવો "પેટ ઘડ્યું તે પોસણ કરશે, ફીકર ત્યજીને ફરીએ જોને " અજગર સુતો અરણ મધ્યે ડગલુ ના દેવે દોટ જોને, કીડીને કણ હાથીને મણ, ચાર પગાંને ચાર જોને

"વિસ્વંબરનું બરદ વિચારો ખાવાની શી ખોટ જોને" વગર બદામે વાય વાયરો, કેશવ કરૂણા કેવી જોને. માટે હે તેજાબા પ્રભુ જે ઘડીએ જેમ રાખે તેમ રહેવું, રાજી રાજી ને રાજી રહેવું ને પ્રભુ સંભારવા બીજુ હોળી ઉપર રજાઓ છે તેથી આવવા વિચાર છે તે વાત જાણી તે તો રજામાં ભીડ હોય ને વળી પહેલી તારીખથી ટાઈમમાં ફારફેર થવાની અફવા ઉડે છે. માટે જેમ જેને સાનુકુળ પડશે તેમ તે હોળી ઉપર આવશે. શાહપુરથી પણ લખે છે. જે આવવુ છે. માટે જેવી ભીડ ને જેવો ટાઈમ જેવુ સાનુકુળ તેમ થશે. તેની તપાસ કરવાથી જણાશે પહેલી તારીખે.

એજ લી. નારાયણ...

જેવું કામ તેવું માટે વહેવારમાં સરવે જોઈએ લંગોટીયાં આવ્યાં હતાં તે કેતાં જે મહારાજ અમારામાં જે બૈરાં જોડે રાતમાં એક બે ફેરા જાય નહી તો તે બૈરી બીજાને જતી રહે. માટે મન ના હોય તો પણ બૈરા જોડે જવું પડે પછી મેં તેમનાં બૈરાંને પુછયું તો કહે હા જુઓ પછી પુરૂષ શું કરે. ઉદાસ થકો ભોગવે. નહી તો મારી માટે દંપતી બંને ખુશી આનંદથી પ્રભુ સંભારો. બીજુ મુરતી અખંડ સાંભરે ઉત્તર જે અખંડ સાંભરે છે તે જણાય નહિ. એતો વહેવારને અંગે એમ લાગે છે ને અખંડ મુરતીનું તો જુઓને તમારી જોડ કહે જે આવું ને આવું રહે તો હું તો છોકરાંવાળી છું. તે વહેવાર શી રીતે કરીશ એમ થાય. માટે જે ઘડીએ જેમ પ્રભુ રાખે તેમ રહી ને પ્રભુ સંભારવા. એજ લી. નારાયણ...

બીજુ પારકી પંચાતમાં પડ્યા તે પસ્તાવો થાય માટે તે પારકી રંડાવા મંડાવામાં આપણે શું કરવા માથાં મારવાં. આપણું કામ ઘણું છે. તેને તે ફાવે તેમ કરે. હશે જેમ થયું તેમ ખરૂં એજ લી. નારાયણ...

ભાદરણથી લી. બબુચંદ ફકીરચંદ ગોવિંદભાઇનો રૂપિયા સવાનો મનીઓર્ડર પહોંચ્યો છે. તે પ્રભુ જમતા હતા. રોટલી પ્રસાદી મુકી છે. ફાયદા પ્રમાણે ટીકીટો ચોંટાડી છે. નોટપેડના પૈસા આપશો નહિ, કાગળ પહોંચ્યાનો ઉત્તર તથા પ્રસાદી પહોંચ્યાનો ઉત્તર લખવા એક આનાનું કવર મુક્યું છે. પ્રભુનું શરીર સારૂં છે. દરશન પુરૂષોત્તમ મહારાજ..

ભાદરણથી લી. બીજુ લખવાનું કે વૈશાખ માસનો સમૈયો બંધ રાખ્યો છે. કારણકે ઉનાળાના તાપને લીધે તથા ગાડી મોટર પરચુરણ વિગેરેની ઘણી અડચણ જતાં આવતાં પડે. તેથી સમૈયો બંધ રાખ્યો છે. આ વાતની બધાંને ખબર કરજો.

**શ્રી પ્ર. પુ. તા. ૨૨-૭-૪૫**

બબુભાઇનો પત્ર પોત્યો ઉત્તર જે બે ભગત દરશને આવ્યા છે. ને બીજાનો કાગળ છે. વળી બુધવારે પુનમ છે રવિવારે પત્ર મળ્યો તથા મંગળવારે ચૌદશ છે ને ચૌદશે સાંજની તથા બપોરે ગાડીમાં આવે છે. ને બુધવારે પુનમ આવી માટે જે આ વખતે રજા પડી તે નકામી ગઇ માટે ફરી જ્યારે રજાઓ પડે ત્યારે જેમ થાય તેમ ખરૂ ડાહ્યાભાઇને મોકલશો નહિ. પુનમ આવી. નહી અવાય. લી. નારાયણ..નહી અવાય પુનમ છે.

**શ્રી પ્ર.પુ. તા. ૨૪-૧૦-૪૪**

બબુભાઇનો પત્ર પોત્યો તે ભેગો ડાહ્યાભાઇનો પણ પોત્યો. તે તેમને આપ્યો. બીજુ શરીર નરમ રહે છે. ને મીલમાંથી કોઇ વખત ઘેર આવવું પડે છે. તે વાત જાણી પ્રભુ જેમ કરે તેમ સારૂ કરે. એકદમ ભોગવવાનું હોય તે થોડે થોડે ભોગવાવે તેથી વહેવાર ચાલે ને બેય કામ થાય. ને ચંચળતો મન ઢીલી સ્થિતીનું તેથી શરીર નરમ રહે જુઓને વસંત પંચમી ઉપર પણ લાગતુ હતું.

હોળી ઉપર પણ લાગતુ જેની ઢીલી પ્રકૃતિ હોય તે માંદા જેવુંજ લાગે રાયપુર જેવું ઢીલું હતું. તેવું શાહપુર નાંતુ ને તેવું મણીનગર સ્ટેશને નાંતુ માટે મન ઢીલું છે. એજ લી.નારાયણ.જય પુરૂષોત્તમ..

**શ્રી પ્ર.પુ**

બબુભાઈનો પત્ર પોત્યો ઉત્તરજે ખેતી કરવા ઘેર ગયાને ખર્ચ કોઇ આપે છે. વિગેરે વિગેરે વાત તમે કહી હતી. હવે વળી શું મનમાં આવ્યું તે ફરી પુછવાનું થયું વહેવારની વાત તો પોતાને સુખ પડે તેમ કરવું. એમાં શું પુછવાનું. એજ લી. નારાયણ.. જય પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ. તા. ૧૬-૮-૪૬ શુક્રવાર**

ડાહ્યાભાઈનો પત્ર પોત્યો ઉત્તર જે બધે જઇ આવ્યા. તે વાત જાણી જીણાભાઈને સાઠ હજાર લખ્યા છે. તે કાંણ કેટલા આવ્યા તે જ્યારે જાણો ત્યારે લખજો. બીજુ શહેરમાં શાંતી છે. સરસપુર પણ છે પણ હજુ ભીખાભાઈ આવ્યા નથી. અને આજે બબુભાઈનો પત્ર છે. જે આઠમ ઉપર ત્રણ રજાઓ છે. તેથી હું બબુભાઇ ભાદરણ આવીશું, એવું આજે કાર્ડ બબુભાઇનો આવ્યો છે. હવે બબુભાઇને માલમ થાય જે પંડીત છટકી ગયા ને કારીગર કહે છે પણ કારીગર ને કહેજો જે બે હાથના બે મોટા ટેકા તોડવાના તથા ઉભી આંગળી ને અંગુઠો તેના ટેકા તોડવાના તેના રૂપિયા ઉચક પાંચ આપીશું. તે જતા આવતાનું ગાડી ભાડુ રૂપીયા ત્રણ સવા ત્રણ રૂપિયા આપીશું. જો વિચાર હોય તો કારીગર આવે એમ બબુભાઇ કારીગરને કહે હવે બબુભાઇ તમે કારીગરને કહેજો જે તે પછી શું કહે છે. કદાચ બે ચાર રૂપિયા વધારે કહે તો કેજો જે હું અપાવીશ. પછી જો વધારે મોંઘો થાય તો આપણે લોઢાની વેરવાની

કરવતી આપણે ઘેર છે. તે ધીરે ધીરે વેરીશું. તમો આઠમ ઉપર આવવાના છો તે આપણે બે મથીશું મેં વેરી જોયું છે. તે વહેરાશે. જરા વાર લાગશે પણ કારીગર ને મોંઘઇ આવે તો બોલશો નહિ. નહીતો તમો આવશો ત્યારે કરી જોઇશું. ને નહી ફાવે તો પછી કારીગર ને દસ રૂપિયા સુધી આપીશું. તે વાત આઠમ ઉપર તમો આવી જશો ત્યાર પછી વાતને પાંચ રૂપિયા ને ગાડી ભાડુ કહેતો કારીગર છો આવે. હજુ આપણે ઉતાવળ નથી. કારતકે તથા માગસરે કે મહામાં જ્યારે કરીશું ત્યારે, માટે જો તમને હિંમત કરવતીથી હોય તો કારીગરની જરૂર નથી. ને પડશે તો આઠમે અનુભવ કરીને નહી ફાવે તો પછી બોલાવીશું. એજ. લી. નારાયણ..જય પુરૂષોત્તમ પત્ર પોત્યાનો ઉત્તર લખવા કાર્ડ મુક્યું છે.

**શ્રી પ્ર.પુ.** **તા. ૧૨-૮-૪૩**

બબુભાઇ તેમજ ચંચળનો પત્ર પોત્યો ઉત્તરજે રવિવાર તેમજ ગમે તે દિવસ હોય પણ હાલ અમદાવાદ આવવાનો સવડ નથી. કારણકે બોરસદથી ભાદરણ મોટર આવતી નથી.

વરસાદને લીધે તેમજ ભાદરણથી સવારની ગાડીમાં અમદાવાદની ગાડી મળતી નથી બપોરે ઉપડે છે. તે ગાડી અમદાવાદ નવ વાગે આવે છે. માટે હાલ મારે જવા આવવાનો સવડ સારો ઉપયોગી નથી માટે હાલ અવાય તેમ નથી. આગળ મોટર ગાડીનો સવડ સારો થશે ત્યારે આવવાનું થાય તે દિવસની વાત તે દિવસે બીજુ નાનો ધામમાં ગયો તે જીવ પૂર્વનો મુક્ત હસે તે પ્રભુનાં દરશન કરી વાસના વગર ગયો. બાર વરસની અંદર જે જીવ ધામમાં ભગતને ઘેરથી જાય તે વાસના પૂર્વની ચૂકતે કરીને જાય. એમ શાસ્ત્રમાં છે માટે પ્રભુ જેમ કરે તેમ સારૂંજ કરે

એજ. લી. નારાયણ. સરવે ને જયશ્રી પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ.**

બબુભાઇને માલમ થાય જે સરસપુરથી પત્ર આવ્યો જે તા. ૧૯મી રવિવારે રજા છે. માટે સવડ હોયતો આવજો તે ઉત્તર લખ્યો છે. જે સવડ હશે તો આવીશ.તેથી સરસપુરથી એક ભગત સ્ટેશન ઉપર રવિવારે દસ સાડા દસં વાગે આવશે તે મુનીને દેખશે તો સરસપુર જઇને ખબર કરશે. નહીતો પાછા સરસપુર જશે. કારણકે ધારેલું જો પહેલે ફેરે નકામું ગયું. છોટા ઉદેપુરથી સો ભગત આવ્યા તેથી તાર કરવો પડ્યો જે નહી અવાય તેથી આ વખતે રીવાજ બદલી નાંખ્યું જે દેખે તો ખબર કરે. વળી બીજે ફેરે જેમ થાય તેમ ખરૂં આ વખતે એવું કર્યું જે સમે જે બને તે ખરૂં. એજ લી. નારાયણ.....જયશ્રી પુરૂષોત્તમ...

સરસપુર લખ્યું છે પણ કદાચ તેમને માંડો પત્ર પોતે તો તમે મીલમાં જાવ ત્યારે ખબર કરજો જે મારે ખબર આવી છે. લી. નારાયણ....

**શ્રી પ્ર.પુ.**

બબુભાઇનો પત્ર પોત્યો ઉત્તર જે પ્રભુને અરજી કરી હવે તેમને જેમ ઠીક લાગશે તેમ કરશે માટે પારકા હાથમાં વાત ગઇ એટલે બધા સંકલ્પ મુકી દઇને પ્રભુ સંભારો લી. નારાયણ...

**શ્રી પ્ર.પુ.** **તા. ૪-૯-૪૪**

સરસપુરથી પત્ર પોત્યો ઉત્તર જે હાલ કોઇ નથી. છોટાભાઇ છે. મંગળભાઇ ખેતીના કામે તથા બાયડી બાઝી છે. કેતાં ગુ. સ્વામીની વાતમાં છે. જે ભગવાન ભજવામાં સ્ત્રી નાતીલા કુંટુંબી છોકરાં આડ કરે વળી લખ્યું જે પોતાની છોડીને છોકરાંને ચાંલ્લો કરીને વળાવે છે. પણ કોઇ અક્ષરધામમાં જવા ચાંલ્લો કરીને

વળાવે છે ? પણ કોઈ અક્ષરધામમાં જવા ચાંલ્લો મોકલતું નથી. એતો માયાનો મોહ એવોજ છે. કહેવાનું શું છે. જે જ્યારે જોગ આવશે ત્યારે આવશે. પછી કોરૂ નીકળશે ત્યારે મોટરો ચાલશે ત્યારે સવારમાં આવતીને સાંજની મોટરમાં પાછુ અવાસે. એતો કોઈ બે ત્રણ જણ હોય તો તેને બોલા ચાલીથી રાત જાય તે પુછો હાથ્યાભાઈ જે તુળસીભાઈ શું કહેતા હતા દિવસે બીક લાગતી હું જ્યારે વડોદરે ગયો હતો ત્યારે માટે જોગ પરમાણે થશે માટે ઉતાવળ કરવા જેવું નથી. હું આવવા તલખી રહ્યો છું પણ મોટા મુકામમાં લાયકાત માણસ જોઈને અવાય. ઝાઝુ લખે શું થાય. આતો અરસ પરસ કાગળથી વાતચીત થાય છે. એ પણ એક સંબંધ જ છે. તે ગુ. સ્વામીની વાતમાં છે જેની વાતો કથા કરીએ તેનો સંબંધ થયો કહેવાય. માટે શાસ્ત્ર જોતાં આ પણ એક જોગ જ થાય છે. એજ..

બીજું બબુભાઈ જ્યારે મીલમાં ભેગા થાય ત્યારે કેજો કે મોહનલાલ કહેતા હતા જે હું લાકડાની મુરતી કરૂં તે વાત મેં ચંપાને કરેલી જે મોહનલાલને કેજો જે મુખારવીંદ જો ફોટા બરાબર આવે તો લાકડુ તમારે જેવું જોઈએ એવું લેવા તપાસ કરજો. ને ફાટી જાય નહી તેવું સારૂ લેવું તો તેના પૈસા મોકલું ને તે જુની બેઠક ઉપર તમારી કરેલી મુકીશું. ને પથ્થરની જગા ચણી છે ત્યાં મુકીશું એમ વાત મોહનલાલને બબુભાઈ કહે પછી શું તે કહે છે. ને સો ઉદ્‌ગાર કાઢે છે.

ભાવથી કે ચુમાઈ ચુમાઈ ને તે લખવા કવર મુક્યું છે. આતો રાતે વિચાર ઉપડ્યો તે લખ્યો છે. એજ લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ કવર મુક્યું છે.

શ્રી પ્ર.પુ. તા. ૩-૪-૪૫

ડાહ્યાભાઇનો કાર્ડ મળ્યો. રજાઓ જાણી માટે તા.૧૨-૮-૪૫ રવિવારે વલ્લવભાઇને ત્યાં ભેગા થઇશું માટે સરસપુરમાં તથા બબુભાઇને ખબર કરજો બબુને કહેજો કે હરમાનદાસ, ચંપા, મોહનલાલ વિગેરેને ખબર કરે જે તા. ૧૨મીએ રવિવાર આવે છે. શ્રાવણ સુદી. ૪ ને રવિવાર વલ્લવભાઇને ત્યાં ભેગાં થવાશે એમ. એમના લતામાં કેજો ને હરમાનદાસને કેજો કે કંકુબા નાથાભાઇના રાવજીભાઇ તથા નટવરભાઇને ત્યાં ખબર કરે કે તા. ૧૨-૮-૪૫ રવિવારે વલ્લવભાઇને ત્યાં ભેગાં થશે. એજ. લી. નારાયણ...જય પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ.**

બબુભાઇનો પત્ર પોત્યો ઉતર જે નોકરી કોઇ જગાએ મળે એવી નથી તે વાત જાણી એતો બધે જોતા રહેવું જેથી કોઇ જગાએ ઠેકાણું થાય. એ ખાતુ નહી તો બીજું ખાતુ પણ મળે બીજું કામ પણ બેસી રહેવું એ ઠીક નહી. એક કામ ઉપર.....

-૩- ઉત્તર બબુભાઇનો આવ્યો નથી. કવર મુક્યું હતું. તેમની જોડ લખે છે જે એકવાર આવો. પણ અહીં મારે મહેમાન તે શી રીતે અવાય. વિગેરે લખ્યું હતું પણ તેનો ઉત્તર આવ્યો નથી. આજ છો દિવસ થયા માટે બેચરભાઇ જતા હોયતો ખબર કહે ગાડીની વિગત કહે તો સારૂ પછી બેચરભાઇની મરજીની વાત છે. કારણકે આતો બધા મુક્ત જીવ ભેગા થયા તે કેમ બંધનમાં રહે ? માટે મન ઉપડે તો જાય તો કહે નહીતો હરી ઇચ્છા.

પ્રભુ સત્તાવાળા છે. તે પ્રેરણા કરશે. એજ લી. નારાયણ..જય પુરૂષોત્તમ..

**શ્રી પ્ર.પુ.** **બુધવાર**

બુધવારે પત્ર મળ્યો વાંચ્યો કાપલી વાંચી રેસાની વાતનો ઉત્તર જે સાત આઠ રૂપીએ હંદવેટ મળે તો બહુ જ સાંધુ કહેવાય જેમ સ્વામીની વાતમાં છે જે સોમણ લોઢાનો ગોળો આવતાં ઘસાઇને રજ ભેગો થઇ જાય. એવા પ્રભુ સાંધા તેના જેવુ સાંધુ છે. માટે બે હંદવેટ લેવા ને પારસલથી કે લગેજથી કોથળામાં ઘાલીને કરવું લ્યો એતો બહુ સારૂ.

એન્જીનની વાત લખી તેને તમો દીવા કરી જો જો આપણે જેમ દીવેલ નીકળે છે તેમ ના નીકળે વજન કેટલું છે. દીવા કેટલા છે. વિગરે માહીતી મેળવશો. કયા ગોળા ચાલે છે. વિગેરે વિગેરે. પેલા પાણી કાઢવાનું પાણી નીકળવાનું મોંઢું કેટલા ઇંચનું છે. કેટલું વજન છે. ને શું બાળવું પડે છે. વિગેરે માહીતી મેળવી. જુનું છે કે નવું છે. તે જોતાં સમજ પડે. તમને વેલો પત્ર તમારા સરનામાથી મળશે કે શાંન્તિલાલનાથી તે લખશો.

કુવાનું કામ પુરૂ થયું. પાણી કાઢયું એન્જીનથી લી. નારાયણ...જય શ્રી પુરૂષોત્તમ ઉત્તર માટે કવર મુક્યું છે.

**શ્રી પ્ર.પુ.**

બબુભાઇનો પત્ર પોત્યો. ઉત્તર જે પોતાને જે જગાએ ધ્યાનમાં આવે તે ખરૂ. તેમાંથી જે પ્રભુ કરે તે ખરૂ માટે આપણે સારૂ પુરૂસ પ્રયત્ન કરવું. તેમાથી જે ફળ આવે તે ખરૂં મોંઢાની બોલી થી લલચાઇને પડવું તે સારૂં નથી. એજ લી. નારાયણ..જયશ્રી પુરૂષોત્તમ

**શ્રી પ્ર.પુ.**

બબુભાઇ ખુશીથી પોતી ગયા. તે વાતનો પત્ર પોત્યો બીજુ પ્લાસ્ટીકના વાળાની વાત લખી તે વાંચી આપણા ગોળા છે તે બરાબર છે. એમ લખ્યો છે. તે વાત બરાબર છે. આપણે તા.

૨૩-૧૫, ૨૦-૧૦ તે ચાલે નહી તે વાત જાણી તમે પાછો લઇ ગયા તે ચાલ્યો નહી તે બરાબર છે. એજ બીજુ રાયપુર જે પાણી કાઢવાનું જોયું હતું તે જનરેટર જોયું છે તેની માહીતી મેળવી લખશો જે ટ્રાય કરવા દે. તો ટ્રાય કરજો ને વિગત લખશો. આ સાથે કવર મુક્યું છે.....

બીજી જગાએ પાંચ કુવે અગર ગામડામાં જે ભાડે ફેરવતા હોય તેને માહિતી બરાબર હોય ને ઝાઝા નમુના આપણને જોવા મળે માટે જતાં આવતાં પુછતા રહેવું. જેથી ભુમીઆ થવાય તેમ ભુમીઆ થશો ત્યારે આપણે મુંબઇ જઇશું તે વધારે માહીતગાર થઇશું. એજ લી. નારાયણ... જય પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ.**

પત્ર પોત્યો ઉત્તર જે ડાહ્યાભાઇ લખે છે કે સુરતી ઇલેકટ્રીક હાઉસમાં પીળા બંડલના રૂા. ૧૮ કે છે ગ્લોફના બારના વાયરના રૂા.૬ કે છે. તમારા ભાવ લખ્યાથી સુરતી કંપનીના ઓછા છે. તેમ તપાસ કરી જોજો. નહીતો ડાહ્યાભાઇને પુછજો. વાયરમાં તમારો એક રૂપિયો વધારે છે. તમે ૧૯ લખો છો ને ગોળા ના પણ વધારે છે. માટે ડાહ્યાભાઇને પુછી જોજો ને તપાસ કરજો. આપણે જુદી લાઇન નાંખીશું. તે હ્વે ફરી તમો આવસો ત્યારે બધી વાત ચીત થશે ત્યાં સુધી જનરેટર આપણે ત્યાં છે. તેવું બીજું જોતા રહેજો. ભાવ પુછજો. કારણકે જે લાઇન નાંખી છે. તેને એક ને બીજુ નવી પીળાની નાંખીશુ. આજે મુંબઇ ગોવિંદભાઇને પણ જનરેટરની તપાસ કરીશું. એમ લખ્યું છે. જેથી એક બગડે તો બીજુ ચાલુ રહે. અટકે નહી તેથી બે લાવવાં છે. માટે તમે નવરાશમાં પુછી જોજો, જનરેટરનો ભાવ ને કેટલી બતી થાય છે. તે તેવી જાતનું છેકે જુદુ છે. તે પણ જોવુ છે. બધી

પેસી ગયું. તેથી વરસાદનું પાણી પીએ છીએ. આ છેલો વરસાદ ખુબ પડ્યો તે પાકને બાજરીને નુકશાન થયું. અમારે પણ મુકામમાં કેટલીક જગાએ દુરસ્ત કરવાનું કામ ચાલસે પણ મજુરે મળતો નથી હાલ ખેતીનાં કામમાં વળગ્યા છે. માટે કેવાનું શું જે વેલા મોડાં બબુભાઇ સાથે નવરાશમાં આવીશું. એજ. લી. નારાયણ.. જય પુરૂષોત્તમ..

**શ્રી પ્ર.પુ. તા. ૫-૧૧-૪૪**

બબુભાઇનો પત્ર પોત્યો ઉત્તર જે હું તા.૯ મીએ આવીશ નવાણું વસા. કારણકે મોટર રેલ્વેને પોચી શકતા વચ્ચે પંચર પડે અગર માંડી થાય તો સવારની ગાડી મળે નહી તો બપોરે બારની ગાડીમાં બેસી ત્રણ વાગે ઉતરાય, ને સાંજે છોમાં નીકળાય તોયે બે કલાક મળે. માટે એક વસો મોટરનો હવે તમો લખો છો જે રાયપુર આવો તેનો ઉત્તર જે સવારની ગાડીમાં અગીયાર વાગે ઉતરાય તો તે દિવસની માફક ઉભા ઉભા અવાય ને ત્રણ વાગે ઉતરાય તો બારોબાર શાહપુર જવાય. રાયપુર આવવાનો વખત મળે નહી. કારણકે આખા દિવસના તપેલા તે કયાં સુધી વાટ જુવે. તો વળી બીજે ફેરે અવાય. હવે બીજી વાત જે તમે સરસપુર વાત સાંભળી તો સરસપુરને તમો પણ કરજો જે અગીયાર વાગે ઉતરશે તો ઠીક નહીતો ત્રણ વાગે ઉતરશે. ને બે કલાક રહી સાંજે ઘેર જશે. મોટર માંડી પડે. તેના કારણે હવે ચોથી વાત જે તમારા તરફ જે કોઇ મળે તેને કેવું જે નવમીએ ઘણું ખરૂં અગીયાર વાગે આવશે. પછી મોટર માંડી પડે તો સાંજના ત્રણ વાગે આવશે. એજ. હાલ. લી. નારાયણ......જયશ્રી પુરૂષોત્તમ......

**શ્રી પ્ર.પુ. તા.૮-૮-૪૪**

ખોડાભાઇ વિગેરેને માલમ થાય જે તમામ છૈયાં છોકરાં

વિગેરે સુખેથી પોત્યાં છે. નાની ગાડીમાં થઈને આવ્યાં છે. પેટલાદ ભાદરણ પોતી ગયાં છે. આવવાનો સવડ ના હોયતો હું દસમ અગીયારસ સોરો આવીશ માટે ચોવીસ કલાક માટે આવવું જવું ના હોય તો કશી ચીંતા રાખશો નહી. કારણકે સાતમની તમને રજા નથી. આઠમે બપોરે અવાય ને નોમે જવું પડે, માટે ચોવીસ કલાક માટે ભીડ વેઠસો નહી. બબુભાઈને કેજો. લી. નારાયણ...

નીરંજનનો પત્ર પોત્યો ઉત્તર જે હાલ મારાથી અવાય તેમ નથી. ને જ્યારે જોગ આવશે ત્યારે આવીશ. એજ નીરંજનને માલમ થાય જે છો પૈસાનું કવર પોસ્ટમાંથી લાવવું કારણકે ટીકીટો ઉખડી જવાથી નોટપેડ થયું. માટે કવર કોથળી અગર કાર્ડ લખવું ટીકીટ ઉખડી જાય નહી. એમ મનુનો ભાઈ નિરંજન બબુભાઈની ચંચળનો દીકરો તેને કાગળ આપજો. જે મારાથી હાલ અવાય તેમ નથી. એજ લી. નારાયણ... જય પુરૂષોત્તમ....

ભાદરવા સુદી-૨ રવિવાર તા. ૯-૯-૪૫ ને રોજ શાહપુર ભેગા થવાશે. લી. નારાયણ.,.

બબુભાઈને કેજો જેથી તે મોહનલાલ હરમાનદાસ રાવજીભાઈને હરમાનને કેસે. બબુભાઈને કેજો તે હરમાનદાસ રાવજીભાઈ ચંપાને કેજો.

બબુભાઈ તેમજ ચંચળ તેમજ મનુભાઈ તેમજ નિરંજન વિગેરેનો પત્ર પોત્યો ઉત્તર જે દેસકાળ હાલ એવા જ છે તેમ ગાડીમાં જવા આવવાની ભીડ વધારે છે. ટીકીટ પણ અમદાવાદથી મળવી કઠણ છે. તેમજ અમારી નાની ગાડી એક ટાઈમ થઈ ગઈ છે. દરરોજ બપોરે એક વાગે આવે છે. ને ત્રણ વાગે ઉપડે છે. સાંજે આવતી નથી. તેમજ સવારમાં ઉપડતી નથી. ખોડાભાઈ ડાહ્યાભાઈ તથા જોડે દયાભાઈ નાની દિવાળી તથા ભીખાભાઈ

વાત પુછીને ખુલાસો ભેગા થયે. થશે પણ ભાવ તાલતો લખજો કવર મુક્યું છે.

જય શ્રી પુરૂષોત્તમ...... એજ લી. નારાયણ...

શ્રી પ્ર.પુ. તા. ૨૭-૨-૪૪

પત્ર પોત્યો ઉત્તર જે બાબુભાઈએ લખ્યું જે પાપી છીએ. તેનો ઉત્તર જે આપણે ભક્ત છીએ ને આપણાં દરશન કરે તે પાપી હોય તે પણ મુક્ત થવાના રસ્તામાં પડે માટે હું પાપી છું એમ લખાય નહી તથા બોલાય નહી. તથા મનમાં રખાય નહી. તે મધ્યના ૧૨ના વચનામૃતમાં છે જે જીવે અવળાઇ કરીને પોતામાં દોસ માની લીધા છે. માટે ત્યારે કે છે કે આવું ને આવું ક્યારે રહેશે. છોકરાંને ઘરકામ શી રીતે ચાલશે. તેવું ચંચળનો ભાગીદાર બબુભાઈ હતા ને બોલતા હતા. એતો જેમ ઘટે તેમ પ્રભુ રાખે માટે આનંદથી પ્રભુ સંભારવા એક મુદ્દો છે. ગમે તે રીતે મુરતી યાદ આવે તેમ વરતવું. કયો શબ્દ ક્યારે લેવો ને કયો ક્યારે વાપરવો તેની વિગત સમજવી ચંચળ ખીચડી કરે ત્યારે મીઠું જ જોઈએ ને દુધપાક કરે ત્યારે ખાંડ જ જોઈએ. જેવો વખત તેવી વાત. તે સમજી લેવું. નહીતો જીવમાં બળ આવે નહિ. માટે હું આત્મા છું. બ્રહ્મ છું. અક્ષર છું. એવું મધ્યના ૩૧માં છે જે તેનું મનન કરવું. તો તેના પ્રમાણે છેટું હતું પણ ભેગું જ છેટું. લાવ્યાજ નહી. પછી વિરેહ થય તે કુરૂક્ષેત્રમાં તેડી માટે પ્રભુ જેમ કરે તેમ સારૂં જ કરે. માટે લખો છો જે આલોક અને પરલોક બેયમાં રહેવાય. પ્રભુ જેમ સુખ પડે તેમ રાખે માટે પ્રભુ સંભારો. એજ. લી. નારાયણ.... ડાહ્યાભાઈનો કાગળ વાંચજો...

શ્રી. પ્ર.પુ.

સમાચાર જાણ્યા બીજુ દરશન થયાં તે સારૂં થયું ને હવે

પહેલાંની માફક અમદાવાદ આવવાનું ના થાય કારણકે કોઈને કોઇ અહીં આવે માટે હવે પહેલાંના જેવું આવવાનો હાલ સવડ નથી. ને જો અવાય તો સ્ટેશને ભેગુ થવાય. પણ રાત તો રહેવાય જ નહિ. બીજુ હૈયું હાથ નથી. રહેતું તો કોઇ દિવસ આવીસ ત્યારે ખબર કરીશ. બીજુ મોહનલાલની રજા લઈને આવવું. કહ્યા વિના આવવું નહિ. શાન્તી લેવા આવો તેમાંથી કલેશ થાય તે ઉલટી અશાંતી થાય. માટે ધણીને કહીને આવવું એજ. આજ્ઞા. લી. નારાયણ..જય પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ. તા. ૨૯-૪-૪૫**

બબુભાઇનો પત્ર પોત્યો ઉત્તર જે સરવે બીના જાણી બોલી ચાલીમાં વિચાર રાખવાથી સીધો રસ્તો પડે. બીજુ ઓઢવવાળાની વાત કેજો જે શાહપુર નવમી તારીખે આવે. એમ ત્રણ વાર આવવાથી સરવે વાતે સમજણ જેવી પડે તે ખરી તે નીષ્કુળાનંદ કાવ્યમાં ચોસટ પદીમાં કહેલું જે "ખુબ હોય ખરા ખપ વાળારે, તેને જોવું તપાસી પોતાનું મન જેમ કહે તેમ કરવું. કોઇનું કહેલું સાંભળેલું શા કામનું. મનરૂપી સુબો છે. તે જે ઠરાવ કરે તે ખરો માટે કેજો જે શાહપુર આવે તે પણ મન ઉપડે તો આવવું એજ. લી. નારાયણ. જય પુરૂષોત્તમ.."

**શ્રી પ્ર.પુ. તા. ૨૮-૯-૪૫**

પુનાથી પત્ર આવ્યો ઉત્તર જે હાલ અમારે વરસાદ ઘણો થયો તેથી મોટર ગાડીઓ પણ બંધ હતી. હજુ મોટર બંધ છે. તેમજ અમારા મુકામમાં પાણી ખુબ પડવાથી બે દિવસ ટપાલ વહેવાર પણ માંડા થતા, કારણકે બઝારમાં પણ છાતી બરાબર પાણી તેથી દુકાનોમાં અનાજ વિગેરે પલળી ગયાં હતાં તે અનાજ અત્યારે પણ ગંધાય છે. ને અમારે પણ કેટલીક જગ્યાએ પાણી

તથા ગામડીના મણીભાઇ પણ બોરસદથી ચાલતા આવ્યા છે. તે કે છેકે સવારમાં પહેલી ગાડીએ બેસીએ તો ભાદરણની ગાડી મળે. તેમાં તમારે સવાર ની ગાડીએ ફાવે નહી. છોકરાં તેથી વળી કરફી ઓર્ડર છે. ખાડીઆ રાયપુર તે માટે તે ડાહ્યાભાઈ કહેતા હતા. ને હાલ મારાથી પણ ત્યાં અવાય તેમ નથી કારણકે અગીયાર મુર્તિ જમવા બેસે છે. ને સાંજે ને સાંજે ઘેર મારાથી અવાય તેમ ગાડીઓનો સવડ નથી. માટે હાલ તો આંખ્યો મીચી પ્રભુ સંભારો. " ચંચળનો ઉત્તરજે પ્રભુ સંભારીએ એટલે સુખ આવે સરવે સુખ મુર્તિમાં છે. સમૈયે તો કહેતાં હતાં જે આવું ક્યાં સુધી રહેશે. સુખ ગયું ત્યારે સાંભરે છે. માટે હવે તો મુર્તિ સંભારો એજ. લી. નારાયણ... જય પુરૂષોત્તમ..."

**તા. ૨૪-૭-૪૨**

સરસપુરનાં સરવે બાઇ ભાઇ પ્રેમી જનો પ્રત્યે મારા સરવેને જયશ્રી પુરૂષોત્તમ છે. બીજું જે જે જેણે જેણે વાત લખી તેનો ઉત્તર જે સરવેમાં મુદ્દો પ્રભુ સંભાર્યાથી સરવે કામ થાય છે. ને થયાં છે. ને થશે માટે સર્વે દુઃખમાં એજ ઓસડ જે પ્રભુ સંભારવા બીજુ આલોકમાં તો પેટ પોસણ માટે ઉદ્યમ તો કરવો જ પડે તે પણ દેહે છે, ને મનથી તો પ્રભુ સંભારાય. માટે આલોકને પરલોકનું કામ જોડેજ થાય એવું છે. માટે પ્રભુ સંભાર્યાથી સર્વ રીતે સુખી જ થવાય. એવો અનુભવ છે. ને થયો છે. ને કેટલાંકને થાય છે. ને સરવ શાસ્ત્ર પણ કહે છે. માટે એમાં કાંઇ દુઃખ નથી. બીજુ હાલ પોકર ભગત એકલો છે. એટલે કોઇ ગામ રાત રહેવાય તેમ નથી. સવારે જવાય ને સાંજે પાછા અવાય એમ હાલ ચાલે છે. બે દિવસથી સોમાભાઇ ભરૂચવાળા અમદાવાદ આવ્યા છે. તે તો મળ્યા હસેજ એજ. લી. નારાયણ....

જય શ્રી પુરૂષોત્તમ... પત્ર પોત્યો ઉત્તર લખવા કવર મુક્યું છે.

બબુભાઈ તેમજ જોડ ચંચળબાનો પત્ર પોત્યો કવર પોત્યું હાલ ગાડીઓ અનીયમિત થઇ છે. માટે જતાં આવતાં ફાવે તેમ નથી. ડાહ્યાભાઇ બે દિવસથી મોગરી ગયા છે. તે અમદાવાદ આવશે પછી વખત હસે તો વાવોલ જશે. પાછા ભાદરણ આવનાર છે. કારણકે જોડને તથા મધુને ભાદરણ મુકતા ગયા છે. તે પાછા આવશે. ક્યાં જવુ ને ઘરભાડુ ઉતારવું કે રાખવું તે નક્કી કરવા અમદાવાદ તપાસ કરવા આવશે. એમ કહીને ભીખાભાઇ તથા ડાહ્યાભાઇ બન્ને મોગરી ગયા છે. તેમની વહુને મુકી ગયા છે. માટે પાછા આવશે. એજ લી. નારાયણ... ના જય શ્રી પુરૂષોત્તમ.. ચંચળના અક્ષર સારા છે. માટે પત્ર પોત્યાનો ઉત્તર લખજો. કવર મુક્યું છે.

સરસપુરથી પ્રેમી ભક્તોને જય શ્રી પુરૂષોત્તમ ઘણા ઘણા કરીને છે. તમારા અમારા છુટા પડ્યા પછી આણંદ થઇને બોરસદ થઈને સાંજે હું ખુશીથી ઘેર આવી ગયો છું. તેમાં એકાદ દિવસ જઇ આવું કે નહી એમ વિચાર ઢીલા પોચી છે પછી આ ગુરૂવારની રાતે જેથાય તે ખરૂં. જવા વિચાર ઉપડશે તેવો શુક્રવારે જોઇ લેવાશે. હાલ એજ નવા જુની બીજું કાંઇ નથી. ખોડાભાઇનો ઉત્તર જે પ્રભુ જે વખતે જેવા રાખે તેવામાં આનંદ માનવો કોઇ પ્રકારે સોક તો કરવો જ નહી. સરવે પ્રભુનું ધાર્યું થાય છે. દેહ ધર્યો તે ભેગા થોડા થોડા દોસ હોય તો પ્રભુ ભજાય માટે આનંદમાં રહેવું.

પુંજાભાઈનો પત્ર પોત્યો. શાહપુરમાં દિવાળી આવીને પ્રસાદ આવ્યો કારણકે સુખેથી પોતી ગયાં તે સમાચાર જાણ્યા. વીસેસમાં બોરસદથી મોટર બંધ થઇ છે. તેમજ નાની ગાડી ભાદરણની

બપોરે આવે છે. ને બપોરે જાય છે. સાંજે આવતી નથી. સવારમાં છો વાગે અમદાવાદથી બેસાય તો ઠેઠ ભાદરણ ઉતરાય નહીતો બોરસદથી ચાલતુ અવાય એવું થયું છે. તે વળી પહેલી તારીખે જે થાય તે ખરૂં વાતો ઉડે છે. જે ગાડીઓ મોટી પણ એક ટાઇમ થઇ બંધ થવા સંભવ છે. પછી જેમ થાય તેમ ખરૂં. એજ હાલ લીલા છે. મીલો નિસાળ બંધ છે. તેથી જેને આવવું હોય તે આવે છે. એજ. બેચરભાઇ જીણાભાઈ ને ત્યાં જાય છે. તેમ લખો છો. તો ગાડીના સમાચાર જાય તો કહે તો ટીચાય નહી. તેમ બબુભાઇને પણ કહે તે પણ આવવા લખ્યું હતું. પાછો.

મોહનલાલનો થાળ પાંચ નો પોત્યો અહીં સરવે ખુશી આનંદમાં છે. તેમજ તમો પણ પ્રભુ કૃપાથી હસોજ બીજુ અત્યારે સમૈયો નહી હોવાથી વારાફરતી જેને નવરાશ હોય તે આવે છે ને જાય છે. અત્યારે છોટાઉદેપુરના પચાસેક હરીજન આવ્યા છે. તે પોત પોતાનું ભાતુ લઇને આવ્યા છે. અમારે ખાવા કરવું પડતું નથી. તો પણ સવારમાં જરા ભજીયાં કરી ખવડાવ્યાં કારણકે તે ઢેબરાં લઇને આવ્યા છે. તે વળી સાંજના જરા પ્રસાદ કરી જમાડીશું. તે તો ના જ પાડે છે. પણ અમારૂં મન સંતોષ ના પામે વળી જરા ઝાલર વાલ વઘારી વળી ખવડાવીશું. એમ કરી તેમનું ને અમારૂં મન શાન્ત થાય તેમ કરવું. કારણકે તેતો પાંચ દિવસનું ભાતુ લઇને દરેક આવ્યાં છે. પણ એમ જબર જસ્તીથી પ્રસાદ કરી ખવડાવીએ છીએ. એક બે દિવસ રહીને જવાનાં છે એજ. સહેજ જાણવા લખ્યું છે. કાગળ પોત્યાનો ઉત્તર લખવા કાર્ડ મુક્યું છે. લી.નારાયણ...

પત્ર મોહનલાલનો પોત્યો. કાગળીયું પોત્યું. બીના જાણી બીજું નવરાશ આવેથી અમદાવાદ આવીશ. હાલ ઇંટો આવે છે.

તેમજ આયપત વેરાનું કામ ચાલે છે. તે કયે દિવસે મુદત પડે તે જોઇને અવાય. વેહલા આવું તો પેટલાદ વડોદરે જવું પડે ને વાટ જોઇએ તો પરગામ જવું પડે નહી. હાલ પુરૂષના નાવાના પરથારે બીજી કુઇ કરીએ છીએ. કારણકે ઉનાળામાં ત્યાં પંપથી હલાવીને નાવા કામ લાગે. એજ હાલ અમારૂ વર્તન ચાલે છે. પત્ર પોત્યાનો ઉત્તર લખવા કવર મુક્યું છે. બંને જણને જય શ્રી પુરૂષોત્તમ છે. લી. નારાયણ.

પત્ર પોત્યો થાળ પોત્યો. બીના જાણી જનોઇના મુરતમાં વેહલું જવા માટે હું વેહલો આવીશ મંગળ કે બુધવારે હું આવીશ પછી કોઇ આવે જાય તો એકાદ દિવસ માંડું અવાય માટે બે ચાર દિવસમાં આવીશ વધારે વાર નહી થાય. આતો હુતાસનીની પુનમ ને ધુળેટી માટે કોઇ આવે જાય તે માટે રોકાવું પડે. એજ. સરવે ને જયશ્રી પુરૂષોત્તમ છે. તમારી બાને પણ જણાવીશ જે હું જઉં છું. લી. નારાયણ.

અમદાવાદથી જીણાભાઇ ભાદરણ ઘરેણું આપવા આવ્યો છે. માટે તા. ૧૩-૭-૪૦ ને શનીવારે પુરૂષોત્તમ અમદાવાદ નહી આવે શ્રી પુરૂષોત્તમ અમદાવાદ નહી આવે. શ્રી પુરૂષોત્તમ.

**સંવત ૧૯૯૬ ના શ્રાવણ સુદ આઠમ તા. ૧૧-૮-૪૦** રવિવારે સવારની ગાડીએ ભાદરણથી બેસી પેટલાદ આણંદ થઇ અમદાવાદ પાસે વટવાને સ્ટેશને ભાદરણવાળા પુરૂષોત્તમ મહારાજ ઉતરશે. માટે દરશનનો ભાવ હોય તો આવજો. ભાવવાળાને ખબર કરજો. વળતી ગાડીએ ભાદરણ જશે. રાત રહેવાના નથી. દા. પોતે.

**શ્રી પ્ર. પુ. તા. ૬-૮-૪૫**

પુનાથી પત્ર આવ્યો. હકીકત જાણી. તેમજ થાળના સવા

પાંચ રૂપિયા પણ પોત્યા છે. બીજુ પ્રભુ ઈચ્છા જ્યારે થશે ત્યારે પુના તરફ આવવાનું થશે. જીવના જીવન જે પરમાત્મા તેની મરજી સીવાય કાંઈ પણ થઈ શકતું નથી. જીવ હું કરૂં હું કરૂં એમ કહે તે નકામુ છે. માટે ધણીએ ધાર્યું હસે ત્યારે પુના તરફના સંજોગો થાય. માટે એજ. ઉત્તર જે પ્રભુ જ્યારે આવવાનો જોગ મેળવી આપશે ત્યારે અવાશે. એજ લી.નારાયણ...જય શ્રી પુરૂષોત્તમ.

**શ્રી પ્ર.પુ. તા. ૪-૧૦-૪૪**

બબુભાઈનો પત્ર પોત્યો ઉત્તર જે તાવ આવે છે. તે વાત જાણી બીજુ સરસપુરવાળા તથા હારવાળાં ઉતાવળ કરે છે. જેથી દિવાળી પહેલા અમદાવાદ આવવા ધારૂં છું. બીજું ભીખાભાઈને રાતે રાતે એક કલાક સેજ તાવ આવે છે. ખાય છે. ખાવા કરે છે. હરે છે ફરે છે. ઘરનું કામકાજ કરે છે. બીજું રાતે સાંજે છો વાગ્યાની લોકલના માણસ મોટર લઈને આવતા હસે તો તા.૯મી એ અમદાવાદ શાહપુર આવવા ધારૂં છું. તે બે ત્રણ દિવસ પછી મોટરે પુછયા પછી તા. ૯મી નું નક્કી થાય. જેથી બધાંને સુગમ પડે. મીલોવાળાંને માટે બે ત્રણ કલાક આવી જઈશ. એવો વિચાર ધાર્યો છે. જે તા. ૯મીએ જવું પછી ઘડીકમાં કોઈ સુતુ જાગે તો નક્કી ના થાય. એજ...

લી. નારાયણ મુનીના જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ. તા. ૬-૧૦-૪૪**

બબુભાઈ તથા મોહનલાલ તથા હરમાનદાસ, રામનારાયણને માલમ થાય જે બનતા સુધી તા.૯મી એ અમદાવાદ સ્ટેશને સવારના સાડા દસ વાગે ઉતરીને શાહપુર બે ત્રણ કલાક રહી પાછો સાંજની ગાડીમાં બેસી ભાદરણ આવવા

વિચાર રાખ્યો છે. મોટર આણંદ સ્ટેશને બરાબર ટાઈમસર પોચાડે તો સાડા દસે અવાય પછી હરી ઈચ્છા ઘણું કરીને તા. ૯મી આવવા વિચાર રાખ્યો છે. કારણકે બધાંને રજાઓ હોય જેથી સુગમ પડે માટે સોમવારે સવારે દસ વાગે ઉતરીને શાહપુર ભેગું થવાશે એજ નવાણું વસા. લી. નારાયણ.... જય શ્રી પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ. તા. ૭-૧૧૪૭**

બબુભાઈનો પત્ર પોત્યો ઉત્તર જે આપણે કાંઈ માંડવો બાંધવો નથી. લોકો નકામા ભેગા થાય ને નાની ઓરડી હસે તો પણ આપણે સમાવેશ થશે. બે કલાક બેસવાનું એમાં અડચણ ના પડે ને બધા આવી શકે નહી. કારણકે અજાણ્યા રસ્તે અજાણ્યા ઘર કોઈને જડે નહી. અથડાઈ મરે. જેથી સરસપુર તથા જે કોઈને આવવું હસે તે સાથે હસે તે ખરા માટે જગાની જરૂર નથી. અને જ્યારે આવીશ ત્યારે હસે તેજ આવશે બીજુ દિવાળી ઉપર બંધ રાખ્યું છે કારણકે ના ફાવે એતો ભાઈબીજને દિવસે આવીએ તે જતાં આવતાંમાં દિવસ જતો રહે. ને બેસતાં દિવસે ઘરે રહેવું પડે. માટે કારતક સુદી નોમ દસમે જોગ આવશે. નવરા દિવસમાં દિવાળી ઉપર બંધ રાખ્યું છે. ને કારતક સુદી નોમ દસમે રાખીશું. તે પુનમ પછી કે પહેલું જવાશે એજ. બીજુ ચંપાબેનને કેજો કે લુંગડુ કેટલું વાપર્યું ને કેટલુ બાકી છે. ને દસમે કારતકમાં તા. ૨૩ એ આવું તો લેતો આવું કે કેમ તે કહેસો એમને ત્યાં મારૂં કાર્ડ રીપ્લાઈ છે. તે લખસે. તા. ૧૮મીનું લખેલું છે. બીજું દયાભાઈ કહે છે. કે તેજા આવવાનાં છે. તો શાહપુરથી મારા પોટલામાં સાલ્લો છે તે લેતાં આવે ને ના આવવાનાં હોય તો કાંઈ નહી. હું આવીશ ત્યારે લાવીશ એજ. લી.નારાયણના જય શ્રી પુરૂષોત્તમ

શ્રી પ્ર.પુ.          તા. ૧૮-૨-૪૪

પત્ર પોત્યો ઉત્તર જે સરસપુરથી તથા ભરૂચથી તથા મીરોલીથી જેને જેમ નવરાશ આવે છે. તેમ આવે છે. ને જાય છે. ભરૂચીને સરસપુરવાળાને જેમ જે ફાવ્યું તે તેમણે હાથેથી ખાવા કર્યું. ને ખાધું હોળી ઉપર મીલોમાં રજાઓ બે ત્રણ પડેતો સરસપુર વાળાં આવવાનું લખે છે. પછી એક રજા હોય તો શી રીતે આવે માટે એતો રજામાં જે નક્કી થાય તે ખરૂં રજામાં સરસપુરથી પુરૂષ આવે. કારણકે સ્રીઓ બધાં આવી ગયાં છે. માટે જે આવે તે ખરૂં. એજ. તે વખતે જે વિચાર તમને ઉપડે તે તેતે પ્રમાણે આવે. ઘડી ઘડીના વિચાર જુદા થાય. તેનો કાંઈ નીરધાર નથી. એજ. જયશ્રી પુરૂષોત્તમ.લી. નારાયણ

શ્રી પ્ર.પુ.          તા. ૨૨-૫-૪૫

અંબાલાલ તેમજ ચંચળબેન તથા ડાહીબેનનો પત્ર પોત્યો સરવે પત્રમાં લખેલી હકીકત જાણી. પરંતુ હવેથી કોઇ દિવસ આવું ના કરવું. બે આના ખરચેલા સારા. આતો પ્રભુ ઈચ્છાથી મળ્યું. પણ ચંચળબેન જાણે છે જે સરસપુરવાળાં એ આવું કરેલું તે ગવલ્લે પડ્યું હતું. ચંચળબેન ભૂલ કરી એજ.. બીજું ડાહીબેનની વાત વાંચી ઉતરજે પ્રભુ સંભારવા એથી સરવે કામ થાય. "રામ નામકી ઔસધી ખરી નીત્યસે ખાય. અંગ રોગ આવે નહી, મહા રોગ મટી જાય." એ તુળસીદાસની સાખી છે. અને બીજા શાસ્રોમાં પણ સાખ છે. માટે પ્રભુ સંભારવા. સઘળી વાત બબુભાઇ તથા ચંચળબેનને અનુભવ થયેલો છે જે શાન્તીથી પ્રભુ સંભારે છે. તેના સરવે કામ થાય છે.

એજ. લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ....

શ્રી પ્ર.પુ.          તા. ૨૨-૩-૪૪

બબુભાઈ તેમજ ચંચળબેન તથા મનુ નિરંજન વિગેરે ખુશીમાં છો. ચંચળનું શરીર નરમ રહે છે. તે વાત જાણી એતો હદ ઉપરાંત ખાઈએ પીએ તેથી દુનિયામાં રીત છે. એતો ચાલ્યા જ જાય છે. બીજું કલાક બે કલાક ભજન કરો છો વાત જાણી આખો દિવસ ઉભે ઉભે કામ કરવું તેથી ઊંઘ આવે એનો કાંઈ વાંધો નથી. બીજુ જેમ મા-બાપ છોકરાના અવગુણ જોતાં નથી. તેમ ભગવાન ભક્તનાં અવગુણ જોતા નથી. સરવ શાસ્ત્રનો સાર છે. ફક્ત ભક્તના દ્રોહનું જુવે પણ તેના ઉપાય કહ્યા છે. માટે કોઈ વાતે ચીંતા કરવી નહી. આનંદથી પ્રભુ સંભારવા. બીજુ લખ્યું જે બુદ્ધી થોડી ઉતર જે ભગવાન ઓળખ્યા તેથી મોટામાં મોટી બદ્ધિ કુસાગ્ર બુદ્ધિ વચનામૃતમાં લખી. બીજી ઘણી હોય તે વહેવારી લખી. માટે ચિંતા ત્યાગ કરો. બીજુ તમારા ગયા પછી રંગ ખુબ રમ્યા તે બારેજાના છોટાભાઈનો મત ઘણો તેથી આખો દિવસ ચાલ્યું. પછી ખુબ રમાડ્યાં. એક બાજુ હું ને બીજી બાજુ બધાં તેથી આખા મુકામમાં રંગ રંગને રંગ નવાં જુનાં કાંઈ મેળ રહ્યો નહી. રમવાના તાંનમાં તે સાંભરતું હસે. પાણી રંગનું પથ્થર ઉપર પડેલું. છેવટે જે હાથ આવે તેને લઈ બઈ કે ભઈ પાણીમાં ગોથમડાં ખવડાવી પલાળવાનું થાય. જે તમારાં છોકરાં કહેતાં હસેજ. ને ચંચળને વીતે તે તે કહે. બીજું રામનવમી ઉપર કોઈને કોઈ આવે તેથી નોંમ ઉપર અવાય નહી પણ કલાક આગળ પાછળ અવાય. રવિવારે નવમી તારીખ હોય ત્યારે એક કલાક અવાય, તો સાંજે ઘેર આવવું પડે આતો ઝાઝાને ભાડુ થાય માટે એકલાનું ભાડુ નભી જાય માટે રામનવમી ઉપર અવાય જ નહી. બીજા દિવસોમાં અવાય. આપણે તો સદાય રામનવમી જ છે. ને હજુ બધાં જાણે છે. જે જ્યારે જઈશું ત્યારે મળશે. માટે નોમ ઉપર નહી અવાય

રવિવાર કે નવમી તારીખે અવાય. તે પણ સાંજે ઘેર જવું પડે હવે દિવાળીની ચેલીએ અટક દરશનની લીધી છે. જેથી તેને માટે જ્યારે લખે ત્યારે આવવું પડશે. તેનો પત્ર આજ કાલમાં આવવાનો છે. પણ તમારે દિવસની નોકરી તેથી જોગ ખાશે નહીને વાટ જોવી સારી નહી. કારણકે એક રજામાં પાંચછો રૂપિયા જાય તેમાં હું ખુશી નથી. તેથી હું એકલો ભાડું ભરૂ તેમાં હું ખુશી છું વળી તમે અગીયાર વાગ્યાની ગાડીમાં વાટ જુવો ને સાંજે કોઇ ઘેર આવ્યું હોય તો બીજે દિવસે અવાય નહી. વળી મોટર માંડી પડે ને ગાડી ઉપડી જાય તો નડીયાદ, માતર, બારેજા, અમદાવાદ થઈને અવાય તો ટાઈમમાં ફેર પડી જાય એવા કારણને લીધે ધારેલું અવાય નહી માટે રજા લેવી સારી નહી. રજામાં હું આવું એ સારૂ બે ત્રણ કલાક મળે ને સાંજે ઘેર અવાય જેથી ઘેર કોઇ આવ્યું હોય તેને પણ ત્રાસ પડે નહી. માટે રામનવમીની એક રજામાં તમો શું આવોને જાવ તેથી રજામાં હું આવું એ સારૂ એતો રામનવમીની બે ત્રણ રજાઓ હોય તો આવેલું મજરે આવે માટે એક રજામાં તો ફાવે નહી એ તમારા પ્રશ્નનો ઉત્તર થઇ રહ્યો હવે ચંચળબેન લખે છે જે મને લખતાં નથી આવડતું ઉતરજે લખી લખીને જે લખવાનું હતું તે તમે લખી લીધું તેનું સુખ હજુ બે ત્રણ વરસ થયે સાંભરે છે. તે તે સુખની માગણી કરો છો. માટે જે જે લખવાનું હતું તે તમે લખ્યું ઉનાળામાં ઓટલા ઉપર જે મુરતી લખવાની હતી તે લખી લીધી એથી બીજું ઉપરાંત કાંઇ લખવાનું બાકી નથી. હવે તેને સંભારવાનું રહ્યું એજ. કરવાનું છે. "ભક્ત ચીંતામણીમાં છે જે ગુરૂસંતને ભજવા શ્રી હરિ જે સાક્ષાત" માટે હવે એજ કરો છો તે કરજો. એજ.લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ પત્ર પોત્યાનો ઉત્તર લખવા કવર મુકયું છે.

લી. નારાયણ....

શ્રી પ્ર.પુ. તા. ૧૧-૧૨-૪૨

બબુભાઈનો તથા ચંચળનો પત્ર પોત્યો તથા સરસપુરના ભક્તોનો પત્ર પોત્યો તેમજ થાળ વિગેરે પોત્યો અત્યારે અહીં પુંજાભાઈનો મનુ તથા ગોકળભાઈનો ગોવિંદ બે જણ છે. તથા હું પોકર ને તુળસીભાઈ એ ત્રણ જણ છીએ તેમજ જીણાભાઈ, રૂક્ષ્મણી વળી એ ગુરૂવારે મંદિરે ગયાં છે. તે જતાં આવતાં તમને મળશે. તુળસીભાઈ રસોઈનું કરે છે. ને અમે બધા ખાઈએ છીએ.

સરસપુર ટપાલ પોળમાં નહી વહેચાતી હોય તેમ લાગે છે. કારણકે બબુભાઈ ઉપર લખવાનું લખ્યું તથા રાયપુર વહેંચાતી હસે એમ જણાય છે. સરવેને જયશ્રી પુરૂષોત્તમ લી. નારાયણ....

શ્રી પ્ર.પુ. તા. ૨-૩-૪૪

બબુભાઈનો પત્ર પોત્યો. બીજુ લખ્યું જે દોષને અવગુણ નીકળે. તે દોષ નથી કારણકે વહેવારને અંગે સરવે હોય. ભજીયાં કરવાં હોય તો તેલ ને લોટ જોઈએ. ને શીરો કરવો હોય તો ઘી ખાંડ લોટ જોઈએ. ને સેવો કરવી હોય તો લોટ એકલોજ જોઈએ. કારણકે વણતાં તુટી જાય તો મોંવણ નાંખવું જોઈએ. માટે જેવું કાર્ય.....

માફક હાથે રોટલા કરવા પડે ને દિવસે ખેતરમાં જાય તે થાક્યો પાક્યો ઘેર આવે તે શું ખાવા કરે. આળસે ભુખ્યો પડી રહે. માટે તો મુકામ છોડી કયાંય જવાનું નહી તે માટે હાથેથી કર્યાથી ચાલે પણ ખેતી વાળા, ધંધાવાળા, નોકરીવાળા ને શી રીતે ચાલે. માટે ભાઈ કહેવાનું શું છે. જે જેવું સંસાર નકામું તેવું....

ત્રણ જન્મ લેવા પડ્યા તે દયાથી લેવા પડ્યા માટે સૌના

પ્રભુ છે. તે જેના જેવા સંસ્કાર તેવું તેનું કાર્ય થાય તેમાં આપણે માથું મારવાનું કામ શું. એજ વહેવારમાં અનેક ઝઘડા છે.

મોહનલાલનો પત્ર પોત્યો હતો. તેનો ઉત્તર લખ્યો છે. જે પારકી દયા તેમાં દુઃખ ઉભુ થયું હાલના સંજોગોમાં કોઈનો વિશ્વાસ રખાય નહી. સગી મા કે છોકરા બાયડી બાપ કોઈનો વિશ્વાસ સારો નથી. તો આતો અજાણ્યા બન્ને જણ તેનો રાખ્યો માટે હસે ઠોકર વાગસે તેમ તેમ સમજ આવશે. શહેરમાં રહે છે. લોકોની વાતો સાંભળે છે. તો પણ આવા સપડાય છે. તે દયાથી થાય છે. હસે પ્રભુ સંભારો એજ લી. નારાયણ. ગામડીના બાબરકાકાનો તરંગ મારી પાસે છે. તે બબુભાઈને જોઈતો હસે તો આપીશું. ડાહ્યાભાઈના જેવો જ છે. પૈસા બાબરકાકાને આપવાના છે. મારો નથી. એજ લી. નારાયણ.....

નાની દિવાળી કે છે કે સેવોમાં મોંવણ ના નંખાય તેથી લખ્યું છે. હું તો મોંવણ નાંખી ને કરૂં છું. ચંચળ તો શું મોંવણમાં જાણે છોકરાંવાળાને શી ખબર આતો દિવાળી આવી છે. તે ખાવા કરે છે. ત્યારે નવરાશ શું લખવું. એજ. લી. ચંચળ..

(અધુરો છે.) ને મુરતી યાદ આવે તેથી થાય એજ સરવે શાસ્ત્રનો સાર છે. માટે જેને જેમ યોગ લાગે તેવી રીતે મુરતી યાદ રહે તેમ એજ ઉપાય જુઓ કૃષ્ણ ભગવાન ગોપીઓને તજી ત્યારે વધારે મન ખેંચાયું ને પહેલાં પ્રીત કરી ને ગાઉ છેટે...ગયા કેતાં ઘરમાં કામ કાજ કરવા ચંચળ નામની છોડી લાવ્યા ત્યારે ચાલીને જતા થયા. માટે તેવી રીતે ઘડીએ ઘડીએ ને પળે પળે વાત જુદી જુઓને ચંચળથી છાનું રાખ્યું....પણ પહેલાં આવતું નહી ને...... ને કેછે કે થોડી વાનગી ને વળી લખે છે. જે સ્નેહ ગીતામાં થયું જુઓને પહેલાં કેમ હતું ને ત્યારે કેમ છે. માટે ઘડી ઘડીનો

વખત જુદો છે. વળી લખે છે જે વધારે....કરતાં વધારે સુખ આવે તો.....ને વૈશાખમાસમાં ચંચળને રસ....મારા હાથના રોટલા ખાસે તેનું પણ કલ્યાણ થાશે. તથા વચનામૃતમાં છે જે પ્રથમનું જે જીવ દરશન કરે તેનું કલ્યાણ થાય તો મારામાં ...શું બાકી છે હવે તેમ લખ્યું જે.....ક્યારે રાખવું છે. જે હું મોટો મુક્ત છું... નવા થઇને ગરીબ હરિ ભક્તને...સ્વભાવ થાય ત્યારે હું પાપી છું...અભીમાન આવે નહિ માટે...

**શ્રી પ્ર.પુ.** **બુધવાર**

પત્ર પોત્યો ઉત્તર જે આખુ શહેર છે. તે હજારો ઉદ્યમો છે. છતાં એક ઉપર આધાર રાખીને બેસી રહેવુ એવું નિરાધારવાળુ મન કર્યું એ અજાયબી ભરેલું વાતાવરણ બનેલી વાતોથી થયું છે. શું બીજો એકેય ઉદ્યમ સુઝતો નથી. વાહ આતો ખરાખરી વાત કહેવાય. બાર લાખની વસ્તી શું એકજ ઉદ્યમ ઉપર બેસી રહે છે. વાહ જુઓ તપાસ કરો.

એજ લી. નારાયણ.(ફકીરભાઇ ગો.પટેલ) જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.**

ચેલી જોડે ખપ જેટલો વહેવાર સારો હું પુનમ પહેલાં રવિવારે ભરૂચ જઇશ. ને પુનમ પછી બુધ કે ગુરૂવારે સરસપુર પા કલાક રહીને બઝારમાં ફરવા જઇશ પહેલાં વાંઢાંની વહુ બનવા તથા પાવડીઓ પહેરી બ્રહ્મચારી બનવા માટે શહેરમાં ફરવાનો છું તથા રેવડી બજારમાં પંપના વાયસર લેવા છે તથા નવી જાતનું એન્જીન હોસ્પીટલ આગળ છે તે જોવા જવું છે. શુકરવારી ફરવી છે. બારેજા જવું છે. દાણાપીઠમાં જમવા જવું છે. રવિવારે શાહપુર રહેવું છે. રાતે ભક્તોના જવાબ ઉત્તર આપવાના છે. ને ભજન તમારૂં કરવું છે. એવા કામ છે. ને રાતે ગોપીઓ પાસે વાતો

કરવા પ્રભુને કેવું છે. કહો ક્યાં નવરાસ છે. તે રાયપુર અવાય. બસ...

**શ્રી પ્ર.પુ. બુધવાર**

ફકીરભાઈને માલુમ થાય જે આ શનિવારે આવશો નહી હું રવિવાર પહેલાં આવવા વિચાર રાખું છું. સમજ ના પડે તો કુંજમાં જઈ આવજો કે સરસપુર જઈ આવશો જેથી તમને આ શનિવારે ફેરો ના પડે મોહનલાલ ચંપા મળે તો કેજો કે આ રવિવારે આવવા ધારે છે. એજ. લી. નારાયણ..જયશ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ. મંગળવાર**

બબુભાઈનો પત્ર પોત્યો. ઉત્તર જે શરીર જરા ધડક થાય ત્યારે વિચાર થાય. કારણકે પચાસ સાઠ કલાક બેસી રહેવાનું ને ઉજાગરા તેથી અડચણ આવે માટે અશક્ત છે. તે તો તમે જોયુંજ છે. એટલે બીજું લખતો નથી. હું મંગળવારે પોતી ગયો છું સુખેથી સરસપુર કેજો એજ.લી. નારાયણ...

**શ્રી પ્ર.પુ. ભાદરણ**

બબુભાઈને માલમ થાય જે હું રવિવારે શાહપુર આવીશ તા.૩૦-૩-૪૭ ને રોજ શુક્રવારે શહેરમાં ફરવા આવવા વિચાર છે. શનિવારે બારેજા સવારમાં પહેલી મોટરમાં જવા વિચાર છે. રવિવારે રાતે કે સોમવારે સવારમાં ભરૂચ જવા વિચાર છે. પ્રભુની મરજીની વાત છે. જે ઘડીએ જે થાય તે ખરૂં સ્પ્રીંગો લેવા આવશો. શાહપુર રવિવારે નક્કી છે. શુક્રવારે બજારમાં ફરવું છે. રાત ક્યાં કાઢવી તે નક્કી નથી. મહેસાણાથી પત્ર આવ્યા ઉપર આધાર છે. લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ એન્જીનના સમાચાર પત્ર લખી રાખશો તો વાંચીસ જોવા ગયા હસો ને ભાવ જાત ક્રુડ વિગેરે પુછયું હશે.

**શ્રી પ્ર.પુ.**

આજે રજનીકાંત સુખરૂપે આવી પહોંચ્યા છે. મઝાથી સાડા નવ વાગે પોતી ગયા છે. બબુભાઇએ ચોપડી મોકલી તે રૂપાળી વાંચી અથાણું નાંખે છે. ના ફાવે મનથી તે એ ખોટુ એમ ચાલે છે. એજ લી. નારાયણ...જય શ્રી પુરૂષોત્તમ તાપને લીધે હાલમાં કોઇ ગામ જવું નથી. એજ લી.

**શ્રી પ્ર.પુ.**

ફકીરભાઇને માલમ થાય જે મને કાનમાં ફોલ્લી થઇ ફૂટી ગઇ છે. તે પાચપરૂ નીકળે છે જેથી રૂ ને દીવાસળીને વીંટી કાઢીએ છીએ. પણ કાચની પીચકારીને કાંન પાસે ધરવાની ખાંચાવાળી થાળી જ્યારે આવો ત્યારે લેતા આવજો. ને કાન ધોનારા ઇશ્વરલાલ ડૉક્ટરને પુછજો જે કઇ દવાથી ધોવાનો કે પાણીથી ધોઇને શી દવા મુકવાની તે કહે તે લેતા આવજો બાવળેથી વલ્લવભાઇ લખતા હતા કે ગોળી ખાજો જેથી પરૂ બંધ થશે. કાનમાં કાંઇ દુઃખ નથી. જ્યારે આવો ત્યારે લેતા આવજો. આવો ત્યારે લેતા આવજો. ઉતાવળ નથી. એજ લી. નારાયણ....

**શ્રી પ્ર.પુ.**

ફકીરભાઇનો પત્ર પોત્યો ઉતરજે તમો ફોટો પાડવા સોમવારે અમદાવાદ ગયા તે વાત જાણી. વહેવારમાં સરવે કરવું પડે માટે વહેવાર તો મનમાં સુઝે તેમ કરવું. એમાં કાંઇ પુછવાનું રહેતું નથી. એજ લી. નારાયણ... જય શ્રી પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ.** ભાદરણથી..

રામનવમી ઉપર મીલોમાં રજા છે. એમ ડાહ્યાભાઇ લખે છે. માટે શનીવારે રામનવમીને દિવસે શાહપુર ભેગા થવાશે પણ બુધવારે નીકળવાનો છું. તે સ્ટેશનેથી જ્યાં જવાય ત્યાં ખરૂં

પાવડીઓ તૈયાર થઇ હશે. તો જીણાભાઇ ને ત્યાં જવાય ત્યાં ખરૂં. એજ. તમારા લતામાં મોહનલાલને માસ્તર, સારંગપુર હરમાનદાસ રાવજીભાઇ સરસપુરમાં સરવે ખબર કરજો કે શનીવારે રામનવમી ઉપર શાહપુર ભેગા થવાશે. એજ લી. નારાયણ જયશ્રી પુરૂષોત્તમ...

બાપાને કહેજો તમારા તરફ રહેતા હોય તો કપડાં તૈયાર થયેલા નકામાં હસે તે લેતો જઇશ.

**શ્રી પ્ર.પુ.**

બબુભાઇનો પત્ર પોત્યો વાંચ્યો આગળનો લખેલો અમને મળ્યો નથી. કોઇકને આપ્યો હસે તે તેના ગજવામાં રહી ગયેલો અને બીજો વાંચ્યો તેમાં રંગવાનું લખ્યું પણ શણગારે સહીતનું શું લે છે. તે કાંઇ હકીકત આવી નથી. કેતાં લખી નથી. તેથી શું સમજ પડે તેમજ સફેદાનું કાંઇ ભાવ તાલ લખ્યો નથી. તેમજ કેટલા શેરીઆ પીપ છે. ને શું લે છે. તે કાંઇ બીજા કાગળમાં નથી તેમજ કાચના ફોટાવાળા કાચના ભાવ લખ્યા નથી એટલે શું જવાબનો ઉત્તર આપવો કાંઇ કોઇ વાત લખતાં શું લખવું તેથી ભાવ પુછી લખશો એટલે લખીશ. ભાવ પુછીને લખશો એટલે જવાબ આપીશું. જયશ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ. તા.૨૦-૧૨-૫૧ ગુરૂવાર**

બબુભાઇને ફકીરભાંઇને આ શનીવારે આવવાનું મન હોય તો કુંજમાંથી જીવણલાલ એકીકરણની ચોપડીઓ લાવ્યા છે. તેમાંથી મોટર ઉપર ના મુકવી પડે તેટલી લાવજો. સાથે પાસે રખાય તેટલી લાવજો. પહેલો ને બીજો એમ જોડખાં લાવજો. જેથી એકને બે ચોપડીઓ જુદી જુદી આવે તે પણ પોતાની પાસે થેલીમાં રહે તેટલી જ લાવવી ઉપર મુકવી ના પડે રાતે ઉથલી

પડેતો ખબર ના પડે માટે થોડી લાવવી. એજ લી. નારાયણ..જય શ્રી પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ. તા. ૧૮-૧૦-૪૫ ગુરૂવાર**

બબુભાઈને માલમ થાય જે હું પુનમની બપોરે જે ગાડી અમદાવાદથી સાડાબારે મુંબઇ જાય છે. તેમાં બેસીને ભરૂચ સોમાભાઇ ઈશ્વરભાઇ ઘાસવાળા ઠે. હાજીખાના બજાર પારેખફળીયાં જઈશ. કેતાં રવિવારે તા. ૨૧-૧૦-૪૫ ને સાંજે સાત વાગે ભરૂચ ઉતરીશ માટે તમારે નવરાસ હોય મન ઉપડે તો સવડ હોયતો ભરૂચ આવજો. તે સોમવારે ફાસ્ટમાં તમો ભરૂચ નહી આવો તો હું સોમવારે સાંજના ફાસ્ટમાં ઘેર પાછો જઈશ. તમે રવિવારે કે સોમવારે સવારમાં ફાસ્ટમાં બેસી ભરૂચ એક વાગે નહી આવો તો હું સોમવારે સાંજના ફાસ્ટમાં પાછો આવતો રહીશ માટે સવડ હોય તો પુના જવા આવજો બીજુ પુના જવા આવો તો વલ્લવભાઈને ત્યાંથી મારો ગરમ કોટ ભરૂચ લેતા આવજો કારણકે ટાઢ અહીં પડે છે. તો ત્યાં ઘણી હોય ના આવો તો કોટની જરૂર નથી. એજ લી. નારાયણ ના જય શ્રી પુરૂષોત્તમ...

લાવજો કારણકે પોટલું કોઈ લઈ જાય. કાગળ ગજવામાં રાખો. સરનામું છે તેથી રાખો. કાગળ મીલમાં મોકલાવજો...

**શ્રી પ્ર.પુ. તા. ૧૫-૨-૪૬ ભાદરણથી**

બબુભાઈને માલમ થાય જે તમો દરરોજ મીલમાંથી ઘેર જતાં દોલતખાનામાં મુરતી જોવા માટે જતા હસો મેં પંડીતને કહ્યું છે જે વલ્લવભાઈના માસીના દીકરા દરરોજ તમારે ત્યાં કેટલું તમો કામ કરો છો તે જોવા આવશે. અને મને તે લખશે જે આટલું કામ થાય છે. એવી રીતે મેં કહ્યું છે. માટે તમને ઘેર જતાં

જોવાનું કહેલું તે પ્રમાણે દરરોજ મુરતીનું કેટલું કામ થાય છે. તે જોતા જવું અને ત્રણ કારીગર કામ કરે છે. માટે પણ જોતા રહેશો અને આજ સુધીમાં કેટલું કામ થયું છે તે આ સાથે રીપ્લાઇ કાર્ડ છે. તેમાં સરવે હકીકત લખશો. કારણકે ત્રણ માસમાં પુરૂ કામ કરવાનું રૂપિયાનાં સ્ટેમ્પ ઉપર લખેલું છે. નહીતો તે પથ્થર આપણો લઇ બીજા પાસે કરાવીએ. એવી શરત કરેલી છે. રૂપિયા અઢીસો પથ્થરના આપ્યા છે. આતો સઘળી હકીકત તમો ના જાણતા હો તે માટે લખી છે. માટે આ સાથેના રીપ્લાઇ કાર્ડમાં સઘળી હકીકત મુરતીનું કામ, કેટલું દરરોજ થાય છે. ને કારીગર કેટલા રહે છે. તે સરવે બીના લખવા જોડે રીપ્લાઇ કાર્ડ રાખ્યું છે. તેમાં લખશો. એજ લી. નારાયણ. જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.**

હું બારેજા તા.૧-૨-૪૭ શનીવારે જઇશને પાછો સાંજે સરસપુર આવીશ રવિવારે સવારમાં જમીને બપોરે શાહપુર આવીશ ને સાંજનો પાછો ઘેર આવીશ. કારણકે એક કલાક મોડી ગાડી થઇ છે. બારેજા કદાચ ઉતરી પડુ મોટર શરૂ થઇ છે. તે ત્યાંની વાત ત્યાં. મોટર દેખું તો ઉતરૂ નહીતો કાંઇ નહી. બીજુ ખોડાભાઇ ડાહ્યાભાઇનો વિચાર સરસપુર રાખ્યાનો છે. નારણભાઇ અમૃતના પ્રેમથી તેતો ત્યાં આવીને જેમ વિચાર ગોઠવીએ તે ખરો કારણકે જોઇતી ચીજ ત્યાં છે. પછી તેમની મરજીની વાત છે. એજ રામનારાયણ માસ્તરને ચંપા મોહનલાલ ને કેજો હરમાનદાસ કેહજો. લી. નારાયણ. જય શ્રી પુરૂષોત્તમ.

**શ્રી પ્ર.પુ.** **તા. ૧૪-૫-૪૬**

બબુભાઇનો પત્ર પોત્યો ઉતર જે શાહપુરથી નીકળતાં વલ્લવભાઇને મેં કહ્યું છે જે મળી આવજો અને તમારી જોડે જ

પત્ર લખ્યો છે. તે પોત્યો હશે ને ગયા હશે હવે જુઓ નવ વાગે તેમને મોટર ના મળી ને તેમને સવા નવે મળી માટે બોલીમાં ભુઠાસ છે. માટે કહેવાનું શું છે. જે કેટલું કામ કરે છે. તે જોતા રહેશો. કારણકે બે કારીગર તેને પેલાબસ્ટ માટે લાવ્યા હશે આપણા માટે નહી. તે તો તેમાં ઉઘાડાવસો એટલે ત્યાં બીજો કારીગર ઉભો રહેશે માટે કામ જોજો. હવે ટોપીની વાત કરે તો કહેજો જે હજુ મહારાજની ટોપી સાડી બાવીસની અધર રહેતી હતી તે તો નીચે ઉતારો. ત્યારબાદ ટોપીનું માપ આપશે એમ કરી કામ જોતા રહેશો. હવે મારી ટોપી બાવીસે સાડી બાવીસ છે. ને તમારી ટોપી ભરી જોઇ સાડી એકવીસની છે. હાલ તમારી ભરી જોઇને બીજી જરકશી ટોપીઓ પણ ભરી તો વીસ સાડી વીસની થાય છે. એમ આ અડધો પત્ર લખ્યા પછી ટોપીઓ માપી જોઈ માટે કોઈની વીસ સાડી વીસની ટોપી હોય તે બે દિવસ પછી ઘાલતા જજો. તે મુકી જોજો પછી સમજ પડશે. હવે તેમ છતાં જો પંડીત ટોપી માગે તો કેજો જે કોઇ આવીને તેડી ગયું હશે. જેથી પત્ર લખીશ તે ટોપી મહારાજ લઇને આવશે તો તે હવે શું કહે છે કરે છે. તે લખશો જેથી શુક્રવારે ભરૂચ જવાનો છું સવારમાં ઉઠીને શનીવારે રહીશ રવીની મળસ્કે નીકળું તો અમદાવાદ સવારમાં રવિવારે આવું ટોપી લઇને જોવા ટોપી માટે પંડિત હઠ કરે તો લખજો જેથી આવીશ. ડાહ્યાભાઈને બપોરે આપજો તે લેતા જશે મીલમાં. એજ લી.નારાયણ.

શ્રી પ્ર.પુ. તા.૧૬-૪-૪૬ મંગળવાર

હું સોમવારે સવારે ફાસ્ટમાં ગયો ઘેર પોત્યો પુનમને લીધે ભીડ વધારે હતી. તેથી લોકલમાં ગયો નાંતો હવે બુધવારે ભરૂચ જઇશ ત્યાંથી વાતો સાંભળી ને લીંગડ જવાનું શું નક્કી થાય છે તે

પછી જવાનો વિચાર હાલ નક્કી નથી. તે સમાચાર ભરૂચ ગયા થછી લખીશું હાલ કાંઇ નહી. હવે ખોડાભાઇ એક બે દિવસમાં આવશે કારણકે સરકારને કાયદે ખરચ કરવું સારૂં નહી. તેથી વેલા પરવારશે.

બીજુ બબુભાઇ સોમ, મંગળની વાત મુરતી બાબત ની લખશો. જોડે રીપ્લાઇ પતું મોકલ્યું છે. હવે તો જ્યારે કામ ચાલુ થાય ત્યારે ખરૂ કારણકે એક કારીગર રજામાં ગયો બીજો પથ્થર લેવા ગયો દોઢમાં પંડીત કરાવવા ગયો. પણ તે બીજો પણ પોતાનું આગવું કામ કરવા પથ્થર લેવા ગયો. માટે હવે જ્યારે શરૂ થાય ત્યારે ખરૂ. એજ.લી. નારાયણ.

**શ્રી પ્ર.પુ.** **તા. ૯-૪-૪૯**

બબુભાઇનો પત્ર પોત્યો. ઉતર જે મોંઢાનું કામ થઇ રહ્યું. બોચી, કપાળ, કાન વિગેરેનું ચાલે છે. તે વાત જાણી પગની ચોકીમાં કાંણાં પાડવાની વાત કમજોર થઇ તે જો તમને સાચું મનાતુ હોય તો બે બે ઇંચ ઉંડાં ચારબાજુ ચાર પડાવજો. જેથી ચાર બાજુ ચાર સળીયા ઘાલીશું તે કાંણાં પોળાં એક એક ઇંચ કરાવજો તે કોઇ બાથાટે તો ઉથલી પડે નહી. મોંઢાનો આકાર મળતો આવતો હશે તો ખરો કે હજુ કાન ગળું બોચીનો ભાગ તૈયાર થઇ જાય ત્યારે મોંઢાનો દેખાવ આવે એમ તમને લાગતુ હસે પણ મુખાકૃતી મળતી આવે છે કે નહી તે જો જો. ઓળખાણ તો પડવું જોઇએ. મુખાકૃતી ઉપર બધુ કામ છે જોનાર જીવે છે. પછી તો જેવો આકાર હોય તેવો ચાલે પણ આતો જોનારા જીવે છે. એટલે આકૃતી મળતી ના આવે તો કેટલાંકને ના ફાવે એજ લી. નારાયણ.. રાત રહેવાનો જેવો સવડ એજ. વાવોલ બાપાને ભાંન નથી.ખવાતું નથી ચાર દિવસથી વાવોલ બાપા ચા પાણી

ઉતરતું નથી. ભાંન નથી ઘણાં માંદા છે.

**શ્રી પ્ર.પુ. તા.૨ શની.**

બાબુભાઈનો પત્ર પોત્યો ઉતર જે હાલ રંગની વાત રહેવા દો. કારણકે લીલું ચઢાવતાં ઉતારતાં ગોઠવતાં ફેરવ્યાં ફેરવમાં ઘસાઇ જશે. અને ઘેર લાવી પોલીસ વધારે કરાવીશું કારણકે ચળકાટ આવે ને તેમાં રંગ હોય તો વધારે રંગ ચળકાટમાં લાગે માટે હાલ રંગની વાત રહેવા દેવી છે. ઘસાઇ જાય પછી ઘેર લાવ્યા પછી. પોલીસ સારૂં કરાવીને પછી એને અડવાનું જ ના રહે ત્યારે પછી કરાવીશું.જેથી કોઇ ભાગ ઘસાયજ નહી. ને બધી ચામડી જેવા રંગથી રંગવું છે. મંદીરમાં જોસો. રંગ મહોલમાં ચામડીનો રંગ કર્યો છે. હાલ તો વરસાદ પહેલાં ઘેર આવતી રહે એવી ઉતાવળ કરવી છે. કારણકે વરસાદ આવે તો લાવતાં ફાવે નહી. રસ્તા ભરાઇ જાય. પુંજાભાઇ લખે છે કે નક્કી થયે સોમ મંગળે લખીશ તે આવજો તે હવે જે થાય તે ખરૂં જોગ ના આવે તો પછી રબડના પૈંડાવાળા ગાડામાં બે રાતો વેઠી લાવી નાંખીએ. એજ. પાંચ વીસનો એકેય રંગ નથી કરાવવો...

**શ્રી પ્ર.પુ. તા. ૧૯-૬-૪૬**

પત્ર પોત્યો ઉતર જે પુનાથી પત્ર આવ્યો હતો. લખે છે કે શરીર સારૂં થયે દરશને આવીશું. જેવી રીતે અહીં લખે છે. તેવું તમને લખતા હસે. મેંતો લખ્યું હતું જે પ્રભુનું ભજન કરવું તે અમારો ઉપાય છે. બીજુ કારીગર કહે છે કે જેવું જોઇએ તેવું કરી આપીશું તો ત્યાં તો કર્યું નહી. હવે અહીં આવીને શું કરશો, જરા ખોતરી ઘસીને કહે લ્યો. થઇ ગયું ને પોલીસનું કહે હવે નહી થાય. ને વળી કહે કે જેવું મુખાકૃતિ છે તેવી તો ના જ આવે તો હવે તે શું વધારે કરશે. માટે હવે તો એ શું આવીને કરે આગળ

જોઇ લઇશું. હું ભરૂચ શનીવારે ગયો હતો ને મંગળવારે આવ્યો જેથી તમારો પત્ર એકાદ દિવસ માંડો આવ્યો. ને મને મળ્યો. લી. નારાયણ...

બીજું વળી કોઇ વખત જતાં આવતાં જરા જવું તો તેના રૂદ્દયનું હારદ જણાય. તમારે તો એ રસ્તો છે. એટલે સુગમ. એજ. લી. નારાયણ...

**શ્રી પ્ર.પુ. બુધવાર..**

સરસપુરથી પત્ર પોત્યો ઉત્તર પ્રભુને સંભારતા એવા ના જય શ્રી પુ. વાચ્યાં છે. બીજુ પગનો દુઃખાવો બહુ ચાલીએ ત્યારે દુઃખે છે. મોટા મુકામમાં સેજ સેજ ચાલવું પડે, તો પણ વધારે થાય. બીજું શરીરે સારૂં છે. હાલ કુવાની ઇંટો, માટી ઢગલા કરીએ છીએ. ભરૂચ પડવે જઇ રાત રહી પાછાં આવ્યાં. હજુ લીંગડ જવાનું નક્કી નથી. ભરૂચ ગયોહતો. ત્યાં વાતો થતી હતી જે લીંગડ તેડવા છે. પત્ર આવશે ત્યારે લખીશું. બીજુ બબુભાઇએ લખ્યું તે એન્જીન રસ્ટન કે કઇ જાત છે. ક્રુડથી ચાલે છે કે કેમ ? કેટલા પાવરનું છે ? કેટલામાં આપે છે ? ને ચાલું છે કે પડી રહેલું છે ? વિગેરે માહીતી મેળવીને લખશો. બીજુ બબુભાઇ લખે છે કે કવર મળ્યું હશે તે તો કાંઇ મળ્યું જ નથી. તે કવરમાં શી બીના હતી તે જોડેના કાર્ડમાં લખશો. રીપ્લાઇ પત્તું છે. બેટરીની વાત પડી રહી. મોટરમાં ચાલે છે. મેં જોઇ હતી. હસે તે વાત પડી રહી તમે સ્પ્રીંગનું કહેતા હતા ક્રમાંડ અડકાઇ જાય છે. તેનું શું થયું વાળા ગોળ ગોળ હોય છે. તેનું શું થયું. હાથે તોળવાના કાંટા જેવી સ્પ્રીંગ ઘુંટીવાળો મળે તો લેજો જાડી પાતળી બે ચાર લેજો. એજ. લી. નારાયણ જય શ્રી પુરૂષોત્તમ. લેપની હવે જરૂર નથી. સરવે સૌ સૌને ઘેર ગયાં છે. બુધવારે તમારો બીજો કાર્ડ પોત્યો

છે...

**શ્રી પ્ર.પુ. સોમવાર**

બબુભાઇનો પત્ર પોત્યો છે. ટોપી જરીની તેમ રવિવારે લઇને ગયાને દોરી નાંખી તે વાત જાણી. મુખાકૃતી બરાબર મળતી આવતી હશે. ટોપી મુકી જોઇ તેથી જરા ફેર પડતો હસે. શું કહે છે. બોલી ચાલી લખસો. બીજું શાહપુર જ્યારે જાવ ત્યારે કહેજો જે સો રૂપિયા આવ્યા છે. નવરાસ ને ફુરસદે જવું પડે તો કેજો ને મોટર સંબંધી વાત કરજો મેં લખ્યું છે ખરૂ, મોટરનું તથા સો રૂપિયાનું પણ જાવ તો કેજો ના જાવતો કાંઇ નહિ. બીજુ હું સોમવારે રાતે મેલમાં બેસી વડોદરે ઉતરી ને ગોવાગેટ થઇને બપોરે બાર વાગે તારાપુર જવાનો છું. માટે મંગળવારે લખો તો તારાપુર ને બુધવારે જે પત્ર લખો તો ભાદરણ લખશો. એજ લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ. તા. ૧૭-૪-૪૬ બુધવાર**

હું બુધવારે બપોરે એક વાગે ભરૂચ પોતી ગયો છું. હવે મારા આવતા પહેલાં લીંગડ જવાનું ઠરાવીને બીજાં ગાડાં લેવા એક જણ આગળથી ઘેર મોકલી દીધા છે. તે ગુરૂવારે સવારે સ્ટેશને ગાડાં લઇ આવશે ને ગુરૂવારે સવારમાં લીંગડ પોતી જઇશું. એવો ઠરાવ કરી દીધો છે. માટે બુધવારે રાતે બે વાગે ભરૂચ સ્ટેશને જઇને બેસીશું ને મળસ્કે ઉતરીશું. ને ગુરૂવારે લીંગડ પોતીસું એવી રીતે ઠરાવ કરી લીધો છે. ખોડાભાઇ વાવોલથી આવી ગયા હશે બીજુ મુરતીની હકીકત લખવા રીપ્લાઇ પતુ લખેલું છે. તે નીરાંતે લખશો હાલ ઉતાવળ નથી. કારણકે હાલતો લીંગડ ભરૂચ વખત જશે. વળી લીંગડથી વળતાં પત્ર લખીશું. એજ લી.નારાયણ..જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.**

બબુભાઈને માલમ થાય જે હું ભરૂચથી સોમવારે મેલમાં બેસી વિશ્વામિત્રી વડોદરે થઈ મંગળવારે સાત વાગે બેસી તારાપુર બપોરે બાર વાગે પોતી જઈશ માટે ભરૂચ રવિવારે ટપાલ મળશે જેથી સોમવારે મને તમારા સમાચાર પોતસે ને સોમવારે લખો તો મુ.તારાપુર, પા.માધવભાઈ વલ્લવભાઈ પોસ્ટ - જેતપુર, સ્ટેશન - પાવી, વાયા-બરોડા બોડેલી. લખશો તે મને પોતસે બુધવારે ટપાલ લખો તે ભાદરણ લખશો ગુરૂવારે નીકળી જઈશ. પછી વળી વિચાર બદલાશે તો કાલે ફરી લખીશ. કામ કાલે શું કર્યું તે લખશો રીપ્લાઈ પતું છે.

લી. નારાયણ..જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.** **તા.૩૧-૩-૪૬**

બબુભાઈનો પત્ર પોત્યો ઉત્તર જે બે કારીગર કામ કરે છે ને મુખાકૃતિનું કામ ચાલે છે. વલ્લવભાઈએ સો રૂપિયા આપ્યા તે વાત જાણી. કેટલુંક કામ ભાદરણ થશે. કાન હાથના ટેકા આંગળીએ તે વાત જાણી.

હવે મુખાકૃતિ બરાબર થાય તથા પગ નીચે ચાર કાંણાં ચોકીમાં થાય તે શરત રાખવી. બીજુ રીક્ષાની વાત જાણી દિવસે કે રાતે તે તો હાંકનારનો જેવો સવડ તે ઉપર રહ્યું હવે તા.પમી એ શુક્રવારે આવવાનું છે. પણ હજુ નક્કી થયું નથી. નક્કી થશે ત્યારે આ પત્ર પોત્યાનો તેમજ કેટલું કામ થયું ને કેટલું બાકી છે. લખવા રીપ્લા[illegible]તુ મોકલ્યું છે. બીજું વાવોલથી ખબર સમાચાર આવેલા હોય ત પણ ભેગા લખશો. બીજું મોગરી માટે કાપડ લઈ રાખશો તે સવડે લઈ જવાશે. એજ લી. નારાયણ. ગોકળભાઈની બદલી અમદાવાદ થઈ છે.

**શ્રી પ્ર.પુ.　　　　　મંગળવાર**

બબુભાઇનો તથા ડાહ્યાભાઇનો પત્ર પોત્યા સુખેથી પોતી ગયા તે વાત જાણી. બીજુ કોઇક કોઇક દિવસે પંડિતને ત્યાં જતા રહેજો ને કારીગર શું કહે છે. તે સાંભળજો ને પાઘડીનું બોલે તો કેજો જે ત્યાં લોકો જોવા આવે છે. તે કહે છે કે મોઢુ બરાબર મળતું આવતુ નથી. એમ બોલે છે. ત્યાં જવાબ આપે છે કે ભાઇ આતો ચોમાસામાં લાવતા ના ફાવે તેથી કામ અધુરૂં રાખીને લાવ્યા છીએ. કારીગરની નવરાશે આવી કામ પુરૂં કરી જશે. એમ મહારાજ જવાબ આપે છે. લોકો કે છે કે કોઇ સારો કારીગર લાવો, મેળવે તેવો એવી વાત ચાલે છે. એમ કેજો જેથી આશા રહે નહી. બરાબર મુખાકૃતિ નથી એવું સૌ કહે છે. એમ કહેવું. લી. નારાયણ..જય શ્રી પુરૂષોત્તમ...

**જય શ્રી પુ.　શ્રી પ્ર.પુ.　　　　તા.૨૫ ગુરૂવાર**

સરસપુરથી પત્ર પોત્યો જીવીબેનને માલમ થાય જે જરા શાંતી વધારે થાય એટલે આવીશું. કારણકે પાંચ પાંચ કલાક ભરીએ તેમાં બીજો વખત નકામો જાય ને હજુ શાંતી બરાબર થઇ નથી. એવા સમાચાર અમારે આવે છે માટે સારી શાંતી થાય ત્યારે પત્ર લખશો. અને આ પત્ર વાલજીભાઇ ને આપજો તેથી વાલજીભાઇ બબુભાઇને આપશે. બબુભાઇને માલમ થાય જે ખોડાભાઇ તથા ડાહ્યાભાઇ બંનેના છૈયાં છોકરાં બૈરાં વિગેરે સરવે મઝામાં છે. આનંદથી ભજન કરે છે. ને સારી મીલો ચાલે ત્યારે લખશો એટલે આવીશું. બીજુ દોઢ મહિનાની અંદર આજે તા.૨૫ એ તમારો આ પહેલો પત્ર પોત્યો છે. બીજા ગવલ્લે પડ્યા હશે. એજ. લી. નારાયણ. જય શ્રી પુરૂષોત્તમ.

**શ્રી પ્ર.પુ.　　　　તા.૯-૪-૪૬**

બબુભાઇનો પત્ર પોત્યો ઉતર જે મુર્તિના બોચી કાન પોલીસ બાકી છે. કાંણા બાકી છે. તેનો ઉત્તર કાંણાની વિગત લખી છે. છતાં તમને કમજોર લાગે તો એક ઇંચ પોળાં બે ઇંચ ઉંડા એવા ચારબાજુએ ચાર પડાવજો એમ કહેવું. પણ હાલ બીજુ કામ કરે છે. ત્યાં સુધી કાંઇ કહેવું નહી. કારણકે આકૃતિમાં જે વૃત્તિ લાગી હોય તે જતી રહે માટે છેવટના ભાગે અગર હું આવીશ ત્યારે કહીશ. પણ હાલ જે આપસુઝયું કામ કરે છે. તે તો ચાલુ રાખવા દો. વાવોલ બાપાની થાળી ઓછી કમાવાની થઇ પાંચ શુક્રવારે ગયા હવે શુક્રવારે હું આવીશ બપોરે તેમાં રીક્ષાનું થાય તો કરજો નહીતો મોટરમાં ફરીશું સરસપુર નથી જવું, કારણકે ખાવું પડે અગીયારસ છે. તેથી ખોડાભાઇ આવ્યા છે. બીના જાણી છે. હું શુક્રવારે આવવા ધારૂ છું. ગુરૂવારે ખોડાભાઇ બપોરે આવશે ને સાંજે વાવોલ જશે. એજ કારીગર બંધ કામ લખે છે. તેની તપાસ કરવી એજ લી. નારાયણ...

**શ્રી પ્ર.પુ. જયશ્રી પુ. તા. ૨૮**

બબુભાઇનો પત્ર પોત્યો ઉતર જે મેં જોયું તેવુંજ મુખ છે. તે તો મેં પંડીતને કહ્યું હતું. ત્યારે કહે હજુ સુધારવાનું છે. હવે તમે લખો છો જે પાછળ બોચીનું કામ કરે છે. તેને તો સાત આઠ દિવસ થયા તો તમને દેખાડવા તો નથી કામ કરતો, કારણકે તમો અમુક ટાઇમે જાવ ત્યારે કામ કરતો દેખાવ કરે ને ત્યાર બાદ બીજુ કામ કરતો તો નથી. તેની તપાસ જોવા ત્યાં બીજુ કામ કરે છે કેમ કે જોવું અને કોઇ વખત બીજા ટાઇમ લેવો તે ઘેરથી કદી તે ટાઇમે આવતો હોય તે વેણીરામ જુઠા બોલો છે. તે આદરભાઇને ત્યાં મીરોલી સીવના સમ ખાધા હતા. માટે તે જોવું હવે પોલીસ કયા પથ્થરથી કરે છે. ને કેવી રીતે કરે છે. તે જોજો તમો લખતા

હતા કે તે ઘસવાનો પથ્થર બીજો હોય છે. માટે તે જોજો એજ લી. નારાયણ.. રીપ્લાઇ છે.

**શ્રી પ્ર.પુ. સોમવાર.**

હું ઘેર પોતી ગયો છું. બીજુ બબુને માલમ થાય જે મારા તમારા છુટા પડ્યા પછી તમો જોવા ગયા હસો તેમાં શું શું બીના વાતચીત થઇને શું કરે છે. કે બેસી રહે છે. વિગેરે હકીકત જાણવા સારૂં રીપ્લાઇ પતુ મોકલ્યું છે. મેં નીકળતાં વલ્લવભાઇને કહ્યું છે જે તમો મળી આવજો. શું કહે છે કે તો વલ્લવભાઇએ જવાનું કહ્યું છે. કે હું જઇ આવીશ પણ વલ્લવભાઇ આવવાના છે. એવું પંડિત કે કારીગરને કોઇને કહેવું નહિ. એજ લી. નારાયણ.જયશ્રી પુરૂષોત્તમ.

**શ્રી પ્ર.પુ. તા. ૨૪-૪-૪૬**

બબુભાઇનો પત્ર પોત્યો ઉતરજે કારીગરને કેજો જે વૈશાખ સુદી બારસ પહેલાં આવશે ત્યારે જાતે કેજો તેથી પંડિતની સહી લઇ પૈસા પંડિત પાસે અપાવશે. ને પંડિતને કહેશે કેમ પૈસા કારીગરને નથી આપતા, માટે તમારી ભૂલ છે. પંડિત પૈસા લઇ જાય છે. ત્યારે તમો જોડે આવતા હો તો તે વખતે પૈસાનો નીકાલ થાય માટે કારીગરને કહેવું જે પંડિતને કહેશે. માટે પૈસાની ચીંતા ના રાખશો ને જ્યારે જોવા આવશે ત્યારે તમો રૂબરૂ કહેતા હો તો તેજ વખતે પંડિતને કહે, પંડિત પૈસા લઇ જાય છે. ને તમને નથી આપતા. તે વાત હાલ ખબર પડી એમ કહીને ઉતાવળે કામ કરે એવુ કહેવું. રીપ્લાઇ પતુ છે. લી. નારાયણ...

**શ્રી પ્ર.પુ. તા. ૧૭-૮-૪૬**

ડાહ્યાભાઇનો પત્ર પોત્યો ઉતરજે બબુભાઇ લખે છે. કે કારીગરને લઇને આઠમ ઉપર રજા છે. તે આવવું છે. હાલ હજુ

ભીખાભાઈ આવ્યા નથી. સુથાર આવે છે. બીજુ બબુભાઈને માલમ થાય જે ગઈ કાલનો પત્ર તમને પોત્યો હશે. કારીગર કહે છે પણ પંડિત તો છુટકબારી કરી, આપણે તો તેના જેવું ના થવાય. આપણે કારીગરને પાંચ સાત રૂપિયા આપીશું. ને માંઘો થાય તો પછી વળી આગળની વાત આગળ તમે તો આઠમ ઉપર આવવાનું લખો છો. તે આપણે લોઢાની કરવતી વડે કરીશું જરા માંડુ થશે. શી ઉતાવળ છે. ધીરે ધીરે કરીશું ઉતાવળ નથી. આપણે ત્યાં લોઢાની કરવતી છે. મેં કરવતી વતે ઘસી જોયું છે. તે થાય છે. માટે કાંઈ ગાંડ ઓળસવી નથી. મોટું કામ થઈ ગયું ઘેર આવી ગયું તે આપણે જીત્યા. લી. નારાયણ...

**શ્રી પ્ર.પુ. તા. ૨૪-૫-૪૬**

ભરૂચ તારાપુર ભાદરણના બધા પત્ર વાંચ્યા. તારાપુર થી પત્ર લખ્યો નાંતો કારણકે ગાઉ ટપાલ તડકામાં નાંખવા જવાની તેથી બંધ રાખ્યું હતું. હવે ઘેર આવી વાંચ્યું તો લખ્યો છે જે ટોપી નાની પડે છે. પણ ચાલશે. અને વળી મુખારવીંદ મોટું જણાય છે. તો તેનું જેમ યોગ લાગે તેમ કરાવશો. વલ્લવભાઈને તો જોવાની લખવાની નવરાશ નથી. હવે મોટરની વાતતો પરતંત્ર છે. પણ એકવાર મુરતી ઓળખાય તેવી થઈ છે. કે કેમ તે તમો જોશો. ઘટે એટલું સુધરાવસો હવે તમો લખો છો જે જોવા આવશો તો રવિવારે તમારે રજા છે જેથી તે દિવસે ઘેર રહેવાય ને જોવાય માટે બનશે તો શનીવારે સવારમાં નીકળું, જોગ હસે તો પછી રવિવારે ભેગું થવાય કદાચ શનીવારે બપોરે નીકળું પણ તાપ લાગે છે. પરંતુ જોગ હસે તો બપોરે નીકળીસ ને સાંજે શનીવારે આવીશ પછી હરિ ઇચ્છા. આડી રાત તેની શી વાત. કારણકે રૂદેલવાળા ગયા છે. તે શનીવારે બપોરે આવશે એમ કહ્યું છે.

વહેવારના પ્રસંગે ગયા છે. એજ ગુરૂવારે રાતે અગીયાર વાગે ઘેર આવ્યો છું ને ટપાલ વાંચી. બસ લી. નારાયણના જયશ્રી પુરૂષોત્તમ..મીલમાં પોતાડજો શનીવારે કે રવિવારે જોવા આવીશ. ઉતર ના લખશો. હું આવીશ. રીપ્લાઇ પતુ છે. પણ ના લખશો.

**જય શ્રી પુ. શ્રી પ્ર.પુ. તા.૨૨-૪-૪૬**

બબુભાઈનો પત્ર પહેલાં તમારાં સરનામાં કરેલા બે પોત્યા ને આજે સોમવારે મારો મોકલેલો પોત્યો. ખોડાભાઇ આવ્યા તે ત્રીજો પોત્યો. રૂપાળીને દીવાળીને વાત કરી હતી તે કહેતી હતી કે સારૂ તથા બબુભાઈને વાત કરી હતી તે રૂપાળી ને જીણાભાઇને ત્યાં જશે જેથી દીવાળી ત્યાં ભેગી થશે કારણકે ઝાઝા દિવસ ભેગુ બને નહી ને શહેરમાં ગોઠવણ થશે. જેથી મહીને મહીને દરશન થશે. પછી તેમની મરજી રૂપાળીની. હવે પંડિત કહે છે કે પૈસા જોઈએ કારીગર માગે છે. તો હાલ પૈસા આવ્યા હતા ને કામ તો હજુ ત્યાર પછી કર્યું નથી. બીજે કાંઇ જાય છે. ને પૈસા આપણી પાસે માગે છે. બે....કામ કેટલુંક કરી નાંખ્યું લઇને ....જો સેજે સેજે શું પગ.... તે તે દરરોજ કેટલુંક....વેણીરામ કેટલું દરરોજ.... તા રહેજો. નહીતો તમારા ટાઇમે કામ કરે ને બીજો વખત બીજુ કરે હવે જ્યારે જાવ ત્યારે તે પંડિત કહે તો કેજો જે તે તો ભરૂચ સુરત તરફ ગયા છે ને વેણીરામને કહેવું જે પૈસા લઇ જાય છે. તો કાંને આપે છે. તે કાંઇ સમજાતુ નથી. એમ કરી દિવસો કાઢવા પંડિત અકળાસે ત્યારે વલ્લવભાઇને ત્યાં જશે. અગર રવિવારે વલ્લવભાઇ જશે ત્યારે કેશે. એજ લી. ના.પુ. જય શ્રી પુ.ના . જય શ્રી પુ.ના. રીપ્લાઇ પતુ છે.

**શ્રી પ્ર.પુ.**

ખોડાભાઈનો પત્ર પોત્યો તેનો ઉત્તર તેમના કાર્ડ માં લખ્યો

પણ ના સમાયું તેથી બીજો તમારા ઉપર લખ્યું છે. જે પૂર્વના સંસ્કારે કરીને ભૂંડા કર્મ હશે તેથી અંધાપો આવ્યો. અગર સીતાની પેઠે માગ્યું જે મારે રૂસીના આશ્રમમાં જવું છે. તેમ તેમણે માગ્યું કે આ આંખોથી ભૂંડા ઘાટ બંધાય છે. તેથી સુરદાસની પેઠે આંખ્યો ના હોય તો એમ માગ્યું તેથી પોતાને હાથે ભૂંડું કે ભલું કર્મે થયું તે પ્રમાણે થયું સીતાજીની માફક તેમાં રામ શું કરે, તેમ તમો પણ શું કરો માટે એમ જાણવું જે એના પૂર્વના જેવા સંસ્કાર સાથે જેવા સંકલ્પ તે પ્રમાણે થયું તો તમને શાંતી રહેશે ને મનમાં જ્યાં સુધી સમજાણ ના રાખો ત્યાં સુધી શાન્તી નહી રહે. તે પણ દુઃખી થાય છે તે વચન લોપ્યાથી છે. તે તને ને મને દુઃખી થાય છે. તે વચન લોપે તેમ સુખનું દુઃખ થાય તે નીષ્કુળાનંદે લખયું છે. વચનવીધીમાં "વચન લોપીને જાણે સુખ લેશું રે, તે તો કેસું કેવાને જો રેસું રે" આતો તમને સમજવા માટે લખ્યું છે. જેમ ઠોકર વાગશે તેમ અક્કલ આવશે એજ. લી.ના. રીપ્લાઇ મુક્યું છે. રીપ્લાઇ જોડે છે જવાબ લખશો.

**શ્રી પ્ર.પુ.**

ખોડાભાઇનો પત્ર પોત્યો. ઉતરજે હવે તમને મટવાનાં ચીન્હ થયાં તે વાત જાણી કારણકે મોંઢેથી પવન બંધ થઇ વાછુટ થયા કરે છે. જેથી પેટ પોચું રહે પણ ખાવાનું પહેલાંથી બરાબર ખવાય છે કે નહી તેનો જવાબ લખવા રીપ્લાઇ કાર્ડ મોકલ્યું છે. બીજું મારે પણ સવારમાં બરાબર ખવાતું નથી ને સાંજે એક રોટલો ખવાય છે. પણ દિવસે બપોરે જરા ઢેબરૂં ખાઉં છું. બેસી રહેવાનું જેથી મારે તો એટલું જ પચે છે. તમારે તો દસ કલાક કામ કરવાનું જેથી મારાથી ડબલ ત્રણ ઘણું ખાવું જોઇએ. હવે દ્રોહ ની વાત તે તો દ્રોહ થાય એવો આપણામાં વહેવાર જ નથી. માટે કોઇનો

દ્રોહ થયો નથી. વહેમ કાઢી નાંખજો આતો તમારો જન્મનો રોગ તે થાય ને મટે એમ ચાલે છે. માટે વહેમ દ્રોહનો ના રાખશો ને ખાધેલું પચે છે કે નહી તે કેટલું તે લખવા કાર્ડ મુકયું છે.
લી. નારાયણ. જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ. તા. ૩૧-૯-૫૧**

ખોડાભાઈનો પત્ર પોત્યો ઉતરજે ડબા ના મળતા હોય તો હવે જરૂર નથી. એતો કોઈની દુકાને દેખાય તો લેજો. નહીતો ચાલશે. તેની ચીંતા નથી. લીંબોયો છે. તે મોકલીએ છીએ. મારે ભગતથી શું વધારે છે. એમ માનીએ છીએ. જેથી મોકલાય છે. બંડીનું અસ્તરની વાત જાણી. ખોડાભાઈની માગણી સ્વીકારી ને દુઃખદાય સ્વભાવ ખોડાભાઈના નથી કારણકે બૈરૂ એકનું એક, છોડી એકની એક, ભગવાન એકના એક, પછી કાંની ઉપર ને કેવો ને કેટલો ને કયો સ્વભાવ કાઢે. વહેવારે તો જેવું ઘટે તેવું કહેવું જ પડે. તે તો સગાં સંબંધીને કહેવું તે તો ખવડાવીએ છીએ તે કહેવાની ફરજ છે. માંનવું ના માંનવું તે જાણે. એજ લી. નારાયણ. ડાહ્યાભાઈને સાંજે કાર્ડ લખ્યો છે.

**શ્રી પ્ર.પુ. તા.૨૨-૩-૫૦ બુધવાર**

વાલજીભાઈનો પત્ર પોત્યો ઉતરજે દેહના દંડ હોય તે ભોગવવા પડે તેમાં ફેર છે. જે કોટી વીંછીનું દુઃખ હોય તે થોડે સરે સુળીનું હોય તે વીંછી જેટલે નીકાલ થાય તે વચનામૃતમાં છે. માટે પ્રવૃતીમાંથી નીવૃતી પ્રભુ દેહને લાવે ત્યારે ભજન ખુબ કરવું કેતાં કથા વારતા કીરતન ધ્યાંન જેવું જે ઘડીએ થાય તેવું કરવું કારણકે પ્રભુ જોગ મેળવે, લેવાય નહી, પણ દુઃખ આવે ત્યારે નિવૃત્તિ મળે જેથી તે કામ કરવું. બીજું ખર્ચની વાત તેતો શીક્ષાપત્રીમાં છે જે ખર્ચ ઓછું કરવું. આવક પ્રમાણે કરવું

સ્વામીની વાતમાં છે જે "કુસંગીના ફેલમાં સત્સંગીના રોટલા" માટે વિચારવું જે નકામુ ચાલે એવું શું છે તે ઓછું કરવું એમ અનેક વાતે સમજી ઓછું કરીને મજામાં રહી ભજન કરવું પ્રભુ સંભારવા એજ. લી. નારાયણના જય શ્રી પુ.

**શ્રી પ્ર.પુ.** **શુક્રવાર**

ખુશી સમાચારનો આ પત્ર છે, જે મજામાં છીએ ને જે આપણો વરઘોડો છે, તેના કામે બહારગામ જઉ છું. આવું છું વિગેરે તમને તો (મારી મણી) સમાચાર લાવતી જ હશે. એટલે વધારે લખવાની જરૂર નથી. જોગ હશે તો હું સોમ કે મંગળવારે ત્યાં આવીશ એ અદબદ છે ને મંગળવારે તો જરૂર આવવા વિચાર છે. પ્રભુ ઈચ્છા, બનતા સુધી મંગળે તો જરૂર જરૂર આવીશ.
એજ લી. નારાયણ.....

**શ્રી પ્ર.પુ.** **તા. ૨૦-૧૨-૫૧**

તમારો કાર્ડ પોત્યો ઉતરજે તમો તેમ તમારા બાપા-બા સર્વે ખુશીમાં છો, તો જ હું પણ ખુશી મઝામાં છું. બાપાને માટે બા ને કેજો જે ખાવા પીવા નાવા માટે તેમ નોકરીએથી આવે એટલે ઉને પાણી નવરાવીને પછી ખવડાવીને પથારી પાથરીને સુતાં સુતાં પ્રભુ સંભારે પણ જેવા દસ કલાક ઉભા રહો તેવા બે કલાક ખાતાં પીતાં થાય, એમ બાર કલાક થયા. તો બાર કલાક સુઈ રહેવું જેથી સરવે થાક ને તેની સાથે આરામ પણ થાય માટે તમારી બાને કેજો જે ઉજાગરા કરે નહી. એતો સુતાં સુતાં આંખો મીચીંને પ્રભુ સંભારાય તો જ આ લોકમાં ને પરલોકમાં શાંતી રહે. સરવે વાતે સાનુકુળ છે માટે બાર કલાકતો લાંબુ થઈને સબ આસને ભજન કરવું. ઊંઘ આવે તો પણ હરકત નથી. ઊંઘ આવે એતો ઘણી સારી શાંતી રહે. એમાંજ મઝા છે. લી. નારાયણના જય

શ્રી પુ. ગુરૂવારે ટપાલ પોતી.

**શ્રી પ્ર.પુ.**

અમારા મિત્ર ભાઇ ખોડાભાઇને માલમ થાય જે હરીબેન તેમ મણીબેનને મંગળવારે સવારમાં કે બપોરે નીકળશે જેથી સવારમાં અગીયાર વાગે કે સાંજના બે વાગે સ્ટેશને ઉતરશે. પણ કદાચ તમારી પુત્રી તે કદાચ તા. ૨ એ હાજર થવાનું છે તો મણીને મન હશે તો હું મારા ભાડાથી ભરૂચ લઇ જઇશ ને મન નહી હોય તો હરીબેન સાથે મંગળવારે આવશે ને સાથે ભરૂચ આવશે તો શુક્રવારે સવારમાં દિવસ ઉગતા પહેલાં અમદાવાદ સ્ટેશને ઉતરશે કે બીજા ત્રીજા મેલમાં ઉતરશે, કે નહી. મન માંને તો હું મુકવા આવીશ. એજ લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ..

**શ્રી પ્ર.પુ.** **શનીવાર**

ખોડાભાઇનો પત્ર પોત્યો ઉત્તર જે રૂપાળીબેન ભાઇ ભેગાં થયાં ને શાંતી છે જેથી ભાભીને આનંદ છે. ભાભી મઝામાં છે. તે આજે રાવજીકાકા આવ્યા છે. તેમ સાંજે બબુભાઇ પણ આવશે. હાલમાં મજુરાં બંધ રાખ્યાં છે. જેથી શરીરને આરામ છે. ને સુતાં સુતાં દિવસ જાય છે. રૂપાળીને મન હોય તો રહેજો ધરાય ત્યારે આવજો. ને મારી મણીને રડાવીશ નહી. વેલું રસોઇ કરીને જમાડીને નીશાળે મોકલશો.

એજ લી.નારાયણના જય શ્રી પુરૂષોત્તમ......

**શ્રી પ્ર.પુ.** **તા. ૯-૪-૪૮**

મંગળભાઇનો પત્ર પોત્યો ઉત્તરજે જેને જેમ મનાય તેમ ખરૂ આગળ દ્રૌપદીને જ્યારે દુઃખ પડ્યું. ત્યારે મનમાં થયું જે આથી દુર્યોધનને પરણી હોત તો સારૂ, માટે એ દુઃખ પડ્યું ત્યારે મનમાં થયું વળી શ્રીકૃષ્ણને પામવા આગળ બહુ તપ કર્યું તે પુન્યે વ્રજમાં

ગોપીઓ થઈઓ ને પછી મન ગમતું ના થયું એટલે મેણાં મારવા માંડ્યાં. જાણે હમણાં વિમુખ થશે તે ઓધવજીને ઘણું કહ્યું. માટે દુઃખ મનમાં, તનમાં ધનમાં પડે ત્યારે એવું રાંટુજ બોલાય જુઓને આખી દુનીયાં જેને ભજે કૃષ્ણ કૃષ્ણ કરે ને શ્રાવણ કહે છે કે એણે કાંઇ અસુર માર્યો નથી. બગલો માર્યો મધના પુડા ઉખેડા. એવુ રાંટુ બોલાય જ. માટે સૌ સૌને ફાવે તેમ કરે. આપણને જે મનમાં ફાવ્યું તે કરવું માટે કોઈનું સામુ જોવું નહી બીજું રાતપાળી હોય તો દિવસે ભેગુ થવાય. ને દિવસે હોય તો સાંજના ભેગા થવાય ને હું રામનવમી ઉપર રજા છે તે આવીશ. માટે શાહપુર ભેગા થવાશે. મારે એક બે દિવસમાં હાલ પરગામ જવાનું થશે. સીધા સામાન માટે બહારગામ જવાનું થશે. માટે ભેગા નહી થવાય. રામનવમી ઉપર શાહપુર ભેગા થવાશે. એજ. લી. નારાયણ...

**શ્રી પ્ર.પુ.**

મંગળવારે ખોડાભાઈને રીપ્લાઈ કાર્ડ લખ્યું હતું, તે પોત્યું હશે. મણીની ચોપડીઓ નોટો બબુભાઈ સાથે કે ભીખાભાઈ સાથે મોકલવા, અહીં મણી વાંચશે. મણી મઝામાં છે. તમારો કાર્ડ બુધવારે મળ્યો હતો. દવા ચાલુ કરી તેથી હવે તમે પહેલેથી ચેતો છો તે વાત જાણી મને આનંદ થયો છે. જે કાળજી રાખી છે મને પણ કાને, દાઢો વિગેરે દુઃખતી હતી. તે હવે મટવા આવ્યું છે. મણી મઝામાં છે. એને મનમાં ઉપડશે ત્યારે આવશે તેની ચીંતા કરશો નહીં. મણીની સરવે વાત મારે માથે છે. અધછેર અન્ન જોઈએ. લી. નારાયણના જય શ્રી પરૂષોત્તમ.....

**શ્રી પ્ર.પુ.**

મણીબેન ખુશીથી પોતી ગયાં છે. ને મઝામાં છે. બીજુ એક રાત રહીને આવવાનો વિચાર હતો, પણ બધાં કહે કે ભાડુ ભરીને

આવી તો બે ત્રણ રાત તો રહે એમ વાત ભીખાભાઈએ કરી એટલે કે છે કે સારૂં કાલે જઈશ. એમ કરી મંગળવારે રહેવાનું નક્કી કર્યું છે. હવે બુધવારની વાત ત્યારે, બીજું પુનમ વચ્ચે આવી એટલે હાલ બહારગામ જવાનો વિચાર માંડી વાળ્યો છે. ને પુનમની ભીડ પડવાને દિવસે હોય જેથી પુનમ પડવે બહાર નીકળવાનો વિચાર બંધ રાખ્યો. પછીની વાત પછી એજ લી. નારાયણ. રૂપાળી અમે મઝામાં છીએ.

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો. હકીકત જાણી બીજું ખોડાભાઈને ભગતોનું માહાત્મ બહુ, જેથી ખાંડની ચ્હા પાય. એ તો કહેવત છે કે દેહને એદેવને. માટે જે ઘરમાં હોય ને જેવા ભગત તેવા પ્રમાણે ચ્હા પણ હસે. પ્રસાદ કેટલો આપતા હસે તે શી ખબર. હશે તુળશીના પાનમાં સમાય એટલો. પ્રસાદ જોઈએ લ્યો હરી ભગત કયા કયા તમારે ત્યાં આવે છે ? કારણકે આપણું જેવું માહાત્મ જાણતા હોય તેવું માહાત્મ તેનું જાણવું નહીતો એનું ભૂંડું થાય. કારણકે તમારૂં તે ભગવાનનું છે. માટે વિચારવું. એજ લી. નારાયણ.

**શ્રી પ્ર.પુ.**

દીવાળીબેનનો પત્ર પોત્યો ઉતરજે ચાહની બંધી તે તો વાતે વાત થઈ ત્યારે મેં કહ્યું કે ભજન કરવા અહીં આવવું ને બીજાને ત્યાં જમવું તે વાત બારેજાનાં ગંગાબા ને કહ્યું. કારણકે તે કે છે કે મારો છોકરો છે. ત્યાં મે કહ્યું કે ઘરનાં રૂપીઆ લીધાને છોકરો સાનો માટે તે ઉપર બીજાને ત્યાં જમવાનું ને ચાહ બંધ કર્યો છે. કોઈને ત્યાં જવું આવવું તે ચાહ પાવો પીવો નહી. ને મારે માટે આવો તો કોઈને ત્યાં જમવું પણ નહી. એમ વિગત કરી દીધી છે. માટે રૂપાળીને આવવાનું ક્યાં ના પાડી છે, પણ જમવું લુંગડું

લેવું, પૈસા લેવા, ચાહ પીવી તે ના પાડી છે ને તે કરવું હોય તો મારે કોઇની જરૂર નથી. ઘરની બાયડીનો પણ ખપ કાઢી નાંખ્યો. ભગતો માટે તો તે કહ્યું ના કરે તે કોઇ મારે ઘેર આવે નહી, એવું આ વખતે કે છે. એજ લી. નારાયણ જય શ્રી પુ.

**શ્રી પ્ર.પુ.** **તા. ૨૩-૬-૪૮**

કાર્ડ પોત્યો નાના ખોડાભાઈના ઘરની વાત જાણી બીજુ મણીનો પત્ર પોત્યો ઉતરજે સરસપુરથી ભણવા જવું પડે. સંજોગોમાં તે નીસાળે શાહપુરવાળા વલ્લવભાઇના સાળાની નિશાળ છે એમ હુ ંજાણું છું. નહીતો માહિતી મેળવશો. જવા આવવાની હિંમત ને હોંસ મનમાં હોય તો, જવું નહીતો સરસપુર રહીને ભણો. ફીની વાતતો છે જ નહી. તમારા મનમાં ભણવાની હોંસ જોઇએ. કારણકે સ્ત્રીનો દેહ, જેથી જરા પોતાના પગ ઉપર ઉભા રહેવું એવો વિચાર સારો. જુઓને નાના ખોડાભાઇને ને બૈરાંને ક્યાં બને છે. તેમ કદાચ થાય તો શું થશે એમ મન ચીંતામાં ના પડે માટે હથીયાર પોતાના પાસે હોય તો મનમાં હિંમત રહે માટે પહેલો નંબર ભણીને ફાયનલ પરીક્ષા પાસ કરી લેવી. આગળ ભણવાની વાત પછી. કારણકે એકતો પહેલું હથીયાર એક વરસમાં જ આવે. પછી વળી આગળની વાત આગળ. પણ હાલતો, હથીઆર પાસે રાખવું કારણકે તમારી મા ગામડામાં પરણાવે, ત્યાં છાંણ વાસીંદા હોય ને ત્યાં કામ ના થાય ત્યારે રડવું પડે ઘણી ધોકા મારે વળી જો કોઇ ભણેલો નોકરી કરતો મળે તો મજુરીની વાત ગઇ, પણ નાના ખોડાભાઇની પેઠે ના બને તો પોતાના પગ ઉપર ઉભા રહેવાય એવું હથીઆર સારૂં પછી જેમ બને તેમ ખરૂં આગે આગે ગોરખ જાગે. આપણે માથે ભગવાન ધણી છે. અચ્છેર અન્ન તો જ્યાં ત્યાં દેસે દેસે ને દેસે. માટે પોતાના મનમાં જેમ

ફાવે તેમ કરજો. ભણવા જવાનું મન હોય તો ભણજો નહીતો સરસપુર જેટલું ભણાય તેટલું ખરૂં. જો કે બે છોકરીનો સાથ છે વળી શહેર છે. તે મા કહે તો જવું કારણકે બાને બધી પ્રકારની વીતી હોય, માટે જેમ કહે તેમ કરજો. પણ સરસપુર કે ગમે ત્યાં ભણજો જ. પછી શું કહે છે. તે લખજો કવર મુક્યું છે. લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ.....

**શ્રી પ્ર.પુ.**

બુધવારે સવારમાં સાડાનવ વાગે સરસપુરથી મણીબેનને ખોડાભાઇ એ મોકલ્યાં તે ખુશીથી આવી પહોંચ્યાં છે. અમારે તો રૂદેલથી અંબાલાલ જેકાભગત જઇને બોલાવી લાવ્યા. અમારે કાંઇ જરૂર નાંતી. કારણકે ભણવાનું બગડે, હસે બે ત્રણ દિવસ રહીને પાછાં મોકલીશું. તમારો પત્ર વાંચ્યો. ભાઇ ખોડાભાઇ અમારે અહીં કોઇ વાતે અગવડ પડે તેમ નથી. હસે મણીને મનમાં આનંદ રહેશે ત્યાં સુધી રહેશે. દુઃખાવા નહી દઇએ. ભાઇ તમારા પત્ર ઉપરથી તમારી સમજણ બહુ સારી જે કોઇ માંદુ થાય તો કેમ રહે, કહો લ્યો. જય શ્રી પુરૂષોત્તમ..લી. નારાયણ...

**શ્રી પ્ર.પુ.** ગુરૂવાર

સરસપુરથી દયાભાઇનો પત્ર પોત્યો ઉત્તરજે જ્યાં પોતાને રૂચે ફાવે ને રાખે ત્યાં જવું જ. ના ફાવે ના રાખે તો ક્યાં ખુટાં માર્યા છે. વળી બીજે ઘેર ત્રીજી જગ્યાએ એમાં તે શું પુછ પુછ કરવું. નાની મોટી કરતાં તો વાણાં વાયા માટે પુછ્યા વીના ધંધે લાગી જાવું સારૂં છે. બીજું મણીને માલમ થાય જે તારી બા કહે છે કે મારી મણી એકલી પડી ને રાંધવાનું ફાવે છે કે કેમ ના ફાવે તો વેલી આવું ઉદરસ મટી ગઇ છે. પણ કેડો ને બૈડો ફાટે છે. એમ કહે છે માટે જો તારે નિશાળનું ને ઘરનું કામ ના ફાવતું હોય તો

લખજે તે વહેલી આવું ને ફાવે તો ઠીક. રૂપાળીફોઇ કાંઇ વઢતા નથી. બંને સંપીને સૈયારો ભાગ લે છે. માટે ના ફાવે તો વેલી આવું ને ફાવે તો હું રહું. એજ લી. નારાયણ ના જય શ્રી પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ. તા. ૭-૩-૪૮ સોમની રાતે**

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો અભીપ્રાય જાણ્યો શહેરમાં સારૂં ફાવે છે. તેનો ઉતર જે બહુ સારૂં નડીઆદ, વડોદરા, આણંદ, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ, મુંબઇ, પાટણ, જામનગર ઘણાં શહેર છે. માટે ત્યાં જાવ ને ભજન કરો. સંત તો ફરતા સારા. એજ ઉત્તર બીજુ ભીખાભાઇ ગયા મંગળવારથી બહારગામ ફરે છે. બુધવારે ખાનપર રહી ગુરૂવારે ઘેર આવ્યા, ગુરૂવારે સાંજની ગાડીમાં ગયા છે. તે શુક્રવારે શનીવારે રાહ જોઇ રવિવારે આવ્યા નહી, તેથી અંબાલાલને ખાનપર મોકલ્યા તે કે છે કે શુક્રવારે અહીંથી મોટરમાં જવા નીકળ્યા છે. તે રવિવારે સોમવારે રાહ જોઇ પણ હજુ જણાતા નથી. મોટર બારેજા રહી કે નવાગામ કે શહેરમાં કેળાં વેચવા રહી. તે તો હવે જ્યારે આવે ત્યારે ખરૂં. ડાહ્યાભાઇ ખાનપરવાળા તથા ભીખાભાઇને એટલી સુઝ ના પડી કે બે પૈસાનું કાર્ડ સમાચાર આપીએ. એવા બંને અક્કલવાળા છે. એજ લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ.**

પત્ર પોત્યો ઉતર જે ખુશીથી પોતી ગયા ને પછી બચુભાઇ આજે સવારમાં નીકળી ગયા તે જાણસો બીજુ તેજાબેન ખાવા કુંજમાં રહ્યાં નોતાં તે વાત જાણી. આઠ વાગે તો તમો બધાં જતાં રહ્યાં તો તેટલામાં ખાવા શી રીતે થયું ને તમે બધાંએ ખાધુ ને તેજા ખાધા વીના ગયાં તે કાંઇ સમજાયું નહી. તેજાબેન રીસાઇને

ગયાં હતાં કે શું જો રીસાઇને ગયાં હોય તો, મારે મનાવવા આવવું પડશે. સાથી કે આવું ડાપણભર્યું બૈરૂ ક્યાંથી લાવે, માટે ખાવા કેમ ના રહ્યાં તે વાત ગુઢ રહી ને તમો બધાં ખાઇને આઠ વાગે વીદાય થયાં તે કાંઇ સમજાયું નહી, માટે ચોક્કસ વાત લખજો. એજ લી. નારાયણ... જય શ્રી પુરૂષોત્તમ.....(મારી મણીને જય શ્રી પુરૂષોત્તમ)

**શ્રી પ્ર.પુ.**

મણીનો પત્ર પોત્યો ઉતરજે ખોરાક સાચવવો ને ડૉક્ટર, ભૂવા, જોશી વિગેરે પોત પોતાનું કહે તેનાથી અરબડી જવુ નહી આપણને જે દવાથી સુગમ પડે તેમ કરવું. બી જવાથી મન ઢીલું પડે. જોશી કહે ગ્રહ નડે છે. ભૂવો કહે પલીત છે. ડૉક્ટર કહે લોહી નથી, માટે આપણને જે દવાથી શરીર સારૂ રહે ને જે ખોરાકથી પચે ને ઠીક રહે તે ખાવું પોત પોતાનું તપાસવું. સામાંનું કહેવું સાચુ ના માનવું. એજ લી. નારાયણ..જય શ્રી પુરૂષોત્તમ..

**શ્રી પ્ર.પુ.** **શુક્રવાર**

ખોડાભાઇનો પત્ર પોત્યો ઉતર જે ડાહ્યાભાઇને વંચાવ્યો છે. બીજું ઓરડીની વાત તો હરી ઇચ્છાએ જે બને તે ખરૂં. બીજું ગોવિંદભાઇની વિગત વાંચી. પ્રભુ કોઇ દોષ જોતાજ નથી. જેમ નાનું છોકરૂં તેના મા બાપને ગાળો ભાંડે પણ રીસ નથી ચઢતી તેમ પ્રભુનું મન મોટું જ હોય, માટે સુખેથી પ્રભુ સંભારવા જે ઘડીએ જે બને તેમાંજ આનંદ રાખવો. એજ લી. નારાયણ જય શ્રી પુ. ડાહ્યાભાઇ આનંદમાં છે.

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી આજે પત્ર પોત્યો ઉતર જે મણીબેન મઝામાં છે આનંદ કરે છે. છોકરાં સરખાં સરખાં તે લહેર કરે છે. કોઇ વાતે

દુ:ખ નથી. મને પણ હવે કાને અડધી આની દુ:ખ છે. ઢીંચણ પેટ વગેરે સરવે મટી ગયું છે. હવે તો જાણે સરસપુર ક્યારે જઉં એમ થાય છે. પણ આ ઉનાળાનો દિવસ તે તાપ બહુ લાગે છે. જેથી ભીનાં પોતીયાં ઓઢીને બેસી સૌ સુઇ રહે છે. ને છોકરાં પવન નાંખે છે. ને વારાફરતી ભીનું કરી રાખે છે. ને મણીબેન દુધ ને રોટલો ખાવા આપે છે. ને પાણી પાય છે. ને મજુરાં નથી જેથી સુઇ રહું છું આજે અગીયાર મુરતી છે. એજ લી. નારાયણ. જયશ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.**

પત્ર પોત્યો ઉતર જે બધી બીના વાંચી ખુશીથી પોતી ગયાં છે. અમે બંને સાડા નવ વાગે પોતી ગયાં છીએ બીજું પેઢામાં દુ:ખાવો થયો છે. તે વાત જાણી રૂપાળીને આંખોમાં પાણી આવ્યું. પછી હવે શું આપણે સમૈયામાં ભૂગળી મૂકાવી હતી તેમ કરો તે બગદુ નીકળી જાય. જો તમને તે દિવસ તેનાથી ફાયદો થયો હોયતો કરાવજો. પણ તે કહેતાં હતાં જે થોડી થોડી ચૂંક રહી છે. એમ કહેતાં હતાં. જેમાં ફાયદો થાય તેમ કરવું. અહીં સરવે ખુશીમાં છીએ મટે ત્યારે લખજો. જરૂર પડે તો રૂપાળીને મોકલીએ એજ. લી. નારાયણ. જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.**

મણીનો પત્ર પોત્યો ઉતરજે ગઇ કાલે ઘેર પોત્યાનો જવાબ તમને લખ્યો હતો તે સોમવારે મળશે, ને આ બીજો રવિવારે લખ્યો છે. તે મંગળવારે પોતસે. બીજુ રૂપાળીને બધી વાત કરી હતી તે કહેતી હતી કે અહીં જીબા દીયેર ને તેની વહુ એમ આવ્યાં હતાં. તેમનું સગુ. વસઇના ખુસાલભાઇની બેન ભાદરણ પરણાવી હતી તેને ત્યાં અમદાવાદ છોકરાને ત્યાં જીબા ભણે છે.

તેને ત્યાં ઉતર્યાં હતાં પછી ગયાં. બે જણની બોલા બોલ થઇ તે ભીખાભાઇએ સમજાવીને કાઢ્યાં. ઉતરમાં જે અમદાવાદ આવીશ ત્યારે આવીશ રહેવા નથી આવવું. એજ લી. નારાયણ...

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી પત્ર આવ્યો તે વાંચ્યો રસોઇવાળો માણસ નક્કી થયે વાત લખાસે. આસરે જેઠ સુદી આઠમ નોમ પછી બને તો બને. હાલતો ગોદડાંનું રૂ પીંજવાનું તથા દોરા નાંખવા ને મજુર ચાલુ થયાં છે. હાલતો મુરતી ત્રીસને આસરે છે. બીજુ શનીવારે આ પત્ર પોત્યાની તમને ખબર પડશે, તેજ દિવસે શાહપુરવાળા શાહપુર આવવા નીકળસે. જેથી રવિવારે તમને ત્યાં શાહપુર ભેટો થશે. હવે પાછળ મણી લખે છે. આજે મનીઓર્ડર પોત્યું છે. મણીને આપ્યો છે. વંચાવ્યું છે. મણીએ કુપન વાંચી છે.

**શ્રી પ્ર.પુ.** તા. ૯-૮-૪૮

સરસપુરથી પત્ર આવ્યો. વાંચ્યો ઉતર જે કોઇ મહેમાન આવે તો ધારેલું ના અવાય, માટે મેં લખ્યું હતું કે મંગળ બુધ ગુરૂ સવારના જે ના જતા હોય તે, સ્ટેશને આવજો તે એક જણ આવશો તો ચાલશે કારણકે સાથે સાથે સરસપુર જવાય ને ખોડાભાઇને ત્યાં સવારના જે નોકરીએ ગયા હશે તે આવતા સુધી ખોડાભાઇના મેડે બેસીશું. પછી ચાલી નીકળી વચ્ચે ફરતા ફરતા સાંજે શાહપુર જઇશું. હવે એક વાત જે બીજી સાંભળો કાંઇ ખાવા કરશો નહી, કારણકે ના અવાય તો બીજે દિવસે બગડી જાય માટે રાંધી મુકજો. ઘઉંનું કંઇ કરશો નહી. રાંધી મુકેલું તો સાંજે તમારે પણ ચાલે માટે એમાં સારૂ છે કારણકે મંગળવારે ના અવાય તો બુધવારે અવાય માટે ધારેલું ના રહે. એજ હાલમાં છે. હવે બસ જવાબની કાંઇ જરૂર નથી. કારણકે વેલુ મોડુ પોતે, લખો તે વેલુ મોડુ આવે

ને વાટ જોવી પડે, જેથી હવે ખાસ બીજુ નથી. એજ લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો બીના જાણી તાવ મણીની બાને નથી આવતો પણ ખાવાનું ભાવતું નથી. તે વાત જાણી દવા લાવો છો ઠીક છે.બીજુ ભજન તો થાય છે. પણ મનાતું નથી એ ખોટ છે. જે મનમાં દુઃખ થાય છે. જેમ મણીની બાને મનમાં થતું હતું જે મણી ક્યારે પરણાવીશું, તે કાંઇ ગોખ ગોખ નાંતાં કરતાં, એતો એક વિચાર રહેતો હતો તે જે લગ્નની ચીંતા રહેતી તેજ વિચાર તેમ ભજનની ચીંતા રહે છે. એજ ભજન કાંઇ પોપટની પેઠે રામ રામ કરે ભજન નથી કહેવાતું. વૃત્તી રહે એજ ભજન માટે ભજન થાય. મનાય તો માંનો. લી.નારાયણ. જય શ્રી પુરૂષોત્તમ.

**શ્રી પ્ર.પુ.**

મણીબેનનો પત્ર પોત્યો ઉતર જે તમે લખો છો કે અહીં તાપ બહુ લાગે છે. તમે તો ભીખાકાકાનું માનતાં નાંતાં, પણ હવે તમને અનુભવ થયો. ત્યારે મનાયું માટે વરસાદ વરસ્યા પછી આઠ દસ દિવસે ઠંડુ થાય. ઘાસ ઉગે ત્યારે, માટે હવે હાલમાં ક્યાંઇ જવાનું મન માંડી વાળે છે. અહીં સરવે મઝામાં છીએ. એજ લી. નારાયણ. જય શ્રી પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ.**

પત્ર પોત્યો ઉતર જે ગોકળ આઠમ ઉપર આવવા વિચાર થાય જે પણ ઘણો વરસાદ હસે તો વિચાર બંધ રહે છે. પણ છાંટા છાંટ હસે તો આવવા વિચાર છે. પણ વેલો માંડો પણ ગોકળ આઠમ ઉપર તો આવીશ માટે તમારા બાપાને કેજો જે આવશે.

વેલા આવત પણ ફોઇ જરા શ્રાવણ ભાદરવો કરે છે. જેથી માંડુ થાય. એજ લી. નારાયણ..જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો. બીજુ દયાભાઇની વાત વાંચી એતો એમને એમ ચાલ્યાં જાય છે. હરખશોક કર્યે પાર ના આવે. માટે આપણે તો મધ્યના ૩૨ પ્રમાણે સંબંધી મનમાંથી કાઢી નાખી, પ્રભુ સંભારવા. જેમ પેલા અવતારનાં સગાં સંબંધીને સંભારતા નથી તેમ આ અવતારના સંબંધીને સમજણથી મનમાં તેનો હરખ શોક પેસવા દેવો નહી. જ્યાં સુધી મનમાં એમ રહેશે જે મને કોઇ આમ કેશે, આમ ટોકસે, ત્યાં સુધી મનમાં શાન્તી નહી રહે, માટે સમજણમાંથી મારાપણું કાઢી નાંખી વિસારી દેવાં. તે વચનામૃતમાં પ્ર.૪૪ કેટલીક જાતની મા બેન દીકરી થઇ હસે. તેની મારે મમતા નથી. તેમ આ જન્મની ના રાખવી, જેથી મનમાં શાન્તી જોઇતી હોય તો સમજણ લગાવો, જેથી અલમસ્ત ફરાય સૌ સૌના કર્મે સુખ દુઃખ ભોગવે છે. ને કર્મે ભેગા થયાં છે. ને કર્મે જુદાં પડે છે. ડાહ્યાભાઇને ત્યાં જઇને બીજુ વાંચો....

**શ્રી પ્ર.પુ.**

આજે બુધવારે હું લીંગડથી ભરૂચ જઉં છું. ત્યાંથી ઘેર જવાનો છું. મારૂં શરીર સારૂ છે. બીજુ મણીને માલમ થાય જે તમારા તરફથી ખુશી સમાચારનો પત્ર નથી. તો પુનમે ગુરૂ કે શુકરે પત્ર ભાદરણ લખશો. કારણકે તમારા બાપાને સવારમાં ઉલટી થઇ હતી માટે ટાઢુ ખવરાવશો નહી. પોતાને લાગુ પડે તેવી દવા કરાવવી ને ડાહ્યાભાઇની માફક ઉજાગરા કરશો નહી.
એજ લી. નારાયણ...

**શ્રી પ્ર.પુ.**

ખોડાભાઈને માલમ થાય જે મણીને ગમશે ત્યાં સુધી રહેશે તમારે તેની ચીંતા ના કરવી. માટે તેના સરવે પ્રકારની ચીંતા ના કરવી, ને આનંદથી પ્રભુ સંભારવા. મોટી થઈ એટલે તમારે હવે ચીંતા મટી ગઈ. કદાચ માને છોડી સાંભરે તો, આ જોડે રીપ્લાઈ કાર્ડ છે. તેમાં લખશો તો તરત મોકલીશું ને એને નહી ગમે ત્યારે આવશે. રજા પુરી થશે ત્યારે આવશે. ભીખાભાઈ કુંજમાં આવ્યા છે. લી. નારાયણ...

**શ્રી પ્ર.પુ.**

સરસપુરનો પત્ર પોત્યો ઉતરજે દીવાળીની લીલા વાંચી. મંગળભાઈએ કહી હતી તે વાત જાણી બીજુ અમદાવાદ શનીવારે આવવા વિચાર છે. પછી હરી ઈચ્છા વેલું અવાય કે માંડુ અવાય તે કહી શકાય નહી. ગામો ગામ ખબર તો આવી છે. પણ માયાના પાસ એવા છે તે છોડે તેમ નથી. કારણકે સગાંનો સંબંધ છોડ્યો ભગત માટે, પણ કર્મ સંજોગે જે નસીબમાં હોય તે પરવસ પડ્યા રહેવું પડે છે. પણ આપણે તો આપણો પુરૂષ પ્રયત્ન કરી ચુકીશું. પછી જેવી પ્રભુની મરજીની વાત છે. એજ સાથે મણીને તો જરૂર લાવીશ માટે તેજાને કેજો ફીકર છોડીની ના કરે.

એજ લી.નારાયણ જય શ્રી પુરૂષોત્તમ.....

**શ્રી પ્ર.પુ.**

શુક્રવારે સાંજે હું પારડી લીંગડ ભરૂચ થઈને ઘેર આવ્યો. તમને બે ત્રણ કાર્ડ લખ્યાં હતાં તે પોત્યાં ને આજે રીપ્લાઈ કાર્ડ પણ પોત્યું છે. ગરમ ખોરાક તેમ ઉજાગરા ના કરવા એ બાબત તમને સમજ પડી. તે વાત આજના કાગળમાં આવી. બીજુ માયા તો છે જ નહી. પરંતુ આ દેહના સંબંધે માયા જેવું જણાય છે. કારણકે સામાસામી દરેકને દરેકની ગરજ રહી માટે માયા હોય

તો જ કામ થાય, ને ફેર પ્રભુએ પેલેથીજ રાખ્યો છે. જેથી સૌ સૌને પોસણ થાય, ભગવાનમાં સુખ મનાયું છે. નહીતો તને મને ધને જુદાગરો નથી. પૈ સારૂ પેટલાદ જાય એવું છે.
એજ લી. નારાયણ....

**શ્રી પ્ર.પુ.**

પત્ર પોત્યો ઉતરજે જેનાથી પોતાને ફાયદો થયો તેજ દવા કરવી. ભૂખ લાગે છે. તો ખાવાની દવા કરી. રામને બાંણ વાગ્યાં તે ઔસદી ચોપડી, સલ્ય નીકળી ગયાં. માટે આપણને જે માફક આવતી હોય તે દવા કરવી હું પણ મહાયોગરાજની ગોળી વા માટે લઉંછું. માટે તત્કાળ કરતા રહજો. લી.નારાયણ....

**શ્રી પ્ર.પુ.** **મંગળવાર**

સરસપુરવાળા ડાહ્યાભાઇ તથા મણીબેન તથા લલ્લુભગત ને તેજાભાભી તે લુણસાવાળા જઇને પત્ર લખ્યો તે તથા મારો રીપ્લાઇ પતુ તે બંને આજે પોત્યાં છે. તેમાં લુણસાવાડાનો પત્ર જીણાભાઇ ઉપર લખ્યો છે. તેમજ આ તમને પણ લખ્યો જીણાભાઇને જે લખ્યું તે તમને પણ લખ્યું તે લખું છું જે દીવાળીબેનને દેખાયું તે બરાબર છે. કારણકે શરીરતો સારૂ છે. પણ મન ઉદાસ હતું જેથી એવું દેખાયું તે તમારો લુણસાવાડાનો પત્ર રૂપાળીબેને વાંચી ને દીવાળીબેનનો માહાત્મનો પાર રહ્યો નહી, કારણકે રૂપાળીબેન કહે છે. કે મારા કરતાં દીવાળીબેનની ભક્તી વધારે છે કેમકે ત્યાં બેઠા જેવું તમારૂં શરીર મને દેખાતું હતું તેવું જ દીવાળીબેનને દેખાયું. જેથી રૂપાળીબેનને તો દીવાળીબેનના મહીમાનો પાર રહ્યો નથી. ને કે છે કે જ્યારે દીવાળીબેન આવશે ત્યારે મારે સારી પેઠે વઢવું છે. કારણકે હું

અહીં રહીને મને ના દેખાયું માટે મારે શું કરવું ત્યારે મેં કહ્યું કે દીવાળીબેન આવે ત્યારે સારૂં કરીને પગે લાગો જુઓને કેવું દેખાય છે. આતો રૂપાળીબેનને સોકાળુ દીવાળીબેન જોડે ના થાય તેમાં રૂપાળીને જે દેખાયું. તે દીવાળીબેને દીઠું. એટલે રૂપાળીને આનંદનો પાર રહ્યો નથી. અને દરરોજ વચનામૃત વાંચે છે. માળા ફેરવે છે. ભીખાભાઇને આવવાનો પત્ર લખ્યો છે. બનશે તો ગુરૂવારે આવીશ.

**શ્રી પ્ર.પુ.** કાર્ડ નં. ૨

આનું અધુરૂં વાલજીભાઇને ત્યાં છે એવો વખત છે. કારણકે રાત રહેવાય નહી. આગળનો ભાગ પોલો કરેલો છે જેથી સાંજે આવવાનું થાય. બે ચાર કલાક વચ્ચે મળે તે તમારે રવિવારનો જોગ હોય ત્યારે ફાવે, બીજુ મુંબઇથી રાવજીભાઇ લખે છે કે નાતાલ પછી હું આવવાનો છું. વળી તેનો દીકરો કહે છે કે, તમો અહીં આવો, નહીતો અમે ત્યાં આવીએ. નાનું છોકરૂં છે. તેને અથડામણ થાય તે માટે મેં લખ્યું કે મણીનગર બે કલાક આવું હાલ જોગ નથી. એવો જવાબ નો ઉતર આપ્યો છે. બીજુ જીણાભાઇ તથા હરમાનદાસ પણ લખે છે કે હવે શાંતી છે. આવો ઘણા દી થયા પણ હાલ જોગ નથી. માટે સાંજે પાછુ ઘેર જવાય એવું છે. નહીતો દસબાર દિવસ પછી રાત રહેવાય. એવો જોગ છે. હવે જેમ થાય તેમ ખરૂં. પુરષોત્તમ તથા કાળીદાસના સમાચાર વાંચ્યા. લીલામાં તો ભગવાન સંભારવા એજ સારમાં વાત સાર છે. જેમ જમણવારમાં લાડુ મુખ્ય હોય પણ તેની પછવાડે શાક, દાળ, ભાત ભજીયાં ચટણી, અથાંણાં, રાયતાં તેવું આમાં છે. જેમ લાડું ભાવે તેને માટે અનેક ચીજ છે. તેમ ભગવાન સાંભરે તેને માટે કથા, કીરતન વાતો ને ધ્યાન એમાં જેને જેવી રીતે

સાંભરે તેમ તેવી રીતે સંભારે. સંભારવાની અનેક રીતો. અનેક ને માટે જેમ ઉપર દૃષ્ટાંત જેને જેવું ભાવે તેવું તેની જોડે લાડુ જમે. જેમ મુદ્દો લાડુનો છે. તેમ ભક્તિમાં મુરતી સંભારવાની છે. એજ. લી નારાયણ જય પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ.**

દયાભાઇ સાડાબાર વાગે આવ્યા. પત્ર મણીનો લખેલો આવ્યો વાંચ્યો. ગોકળભાઇ ગોવિંદભાઇએ ભલામણ કરી જેથી તમારે પરમ શાંન્તી થઇ. બીજુ તમારે કોઇને નહી અવાય તો મેં કહેલું છે. જે સમૈયા પછી હું આવીશ. માટે કશી ચીંતા રાખશો નહી. જ્યાં ભગવાનની મુરતી ત્યાંજ અક્ષરધામનું મધ્ય છે. પ્ર.૪૨માં છે. છેક છેલ્લી લીટી વળી છે. ૧૬ મોટા મુક્ત સાથે હેત ના કરવું મુક્ત હોય તો શાંન્તી થાય. તો ત્રીજી પંક્તીમાં ભળ્યો કહેવાય. આતો સ્ત્રીને પુરૂષ બંન્ને એક સ્થળે હોય તો સુખ આવે, તેમ મુરતી એકલી હોય તો શાંન્તી વધારે થાય. માટે કશી ચીંતા ના કરવી. એજ લી. નારાયણ.....

**શ્રી પ્ર.પુ.**

હું ઘેર આવીને પત્ર વાંચ્યો તેમાં ભરૂચના સોમાભાઇ માંદાનો પત્ર હતો તે જવાની તૈયારીમાં હતા પછી તે વાંચીને હું ગયો ત્યાં બે રાતો રહ્યો ને સોમાભાઇને દિવ્ય દેહે કહ્યું કે કાલે હું આવીશ માટે સાકરની વેઢમી કરજો તે વિચારમાં પડ્યા કે સાકરની સાથી પછી હરમાનદાસ ગયા તેમણે વાત કરીકે ખસ નીકળી છે. જેથી ઠંડક માટે કહ્યું તે તૈયાર કરી મુકેલી તે ગયો ને જમ્યો પછી વાત કરી કે શરીર ઠંડુ પડી ગયેલ, નાડી ધીમી પડેલી આંખ્યો ઠરી ગયેલ ડૉક્ટરો છુટી પડ્યા પછી બીજા ડૉક્ટરે દવા કરીને સાજા થયા. ચ્હા પીધી, ખીચડી ખાધી, લાડવો ખાધો, દાળભાત ખાધાં

એમ બે દિવસમાં બન્યું ને હું બે રાતો રહી ઘેર આવતો રહ્યો. તમારો પત્ર વાંચ્યો ને આજે ઉતર લખ્યો છે. સરવે મઝામાં છે. એજ લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ.**

રીપ્લાઇ પતુ પોત્યું તે પહેલાં બીજા કાર્ડ પોત્યાં હતાં ને તેના ઉતર લખ્યા હતા. તે ભીખાભાઇને પુછતાં ખાત્રી થશે. બીજુ ખોડાભાઇનું શરીર સારૂં થાય છે. તે વાત જાણી આનંદ થયો છે. પણ રૂપાળીને મનમાં થાય છે કે મારા ભાઇને શું દુ:ખ આવ્યું એમ વિવેચન કરે છે. ઝાઝીવાર કહીને થાકે ત્યારે કહ્યું કે સુળીનું દુ:ખ કાંટે સર્યું તે તેમને દેખાયું હતું ને દાકતરે પણ કહ્યું ને બ્રાહ્મણે પણ કહ્યું માટે, સુળી હતી તે કાંટેથી સરી, એમ સમજ પાડી ત્યારે આનંદ થયો. બીજું મણી લખે છે કે ભજન થતું નથી, પણ હાલતો તમારે ભણવાનું છે ને ભણતાં મન અકળાય ત્યારે ભજન કરવું. કેતાં નામ દીધા કરવું. ચાર પાંચ વરસ કાઢો પછી નોકરી કરજો, ને માતા પીતાની સેવા કરવી ને ભજન કરવું. તા.૧ રજા પડે છે ને પછી સાથે આવશો તે વાત જાણી. હરી કપીલા આવ્યાં છે. એજ.લી. પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ.**

ખોડાભાઇ મઝામાં હશે.અમે પણ મઝામાં છીએ. રૂપાળી ભીખાભાઇના ભાણા જોડે મોગરી ગયાં છે. ને વડતાલ જોવાનો ભાવ છે. જેથી તે પણ કેતાં હતાં કે વડતાલ દેખાડજો. જુઓને મોહ કેટલો છે. અમદાવાદના મંદીર કરતાં શું બીજું હશે, પણ મન વિસારો કરવા જાય, શુક્રવારે આવશે એમ કહ્યું છે. અહંમમત્વ રૂપી માયા બહુ કઠણ છે. ભગવાનને માથે નાંખ્યું છે તે બધુ સીધુ કરશે. વળી છેલ્લાનાં ૩૯ માં છે. વળી મ.૩૨ બત્રીસના

વચનામૃતમાં છે. જે સગાં સંબંધીનું હેત તુટવું ઘણું કઠણ છે. આ સરવેમાં માન વસ્તુ આડી આવે છે. ને કેટલીક કસર સમજણમાં બાકી છે. કોઈ કોઈનું નથી. આગળના કયા પગથીઆ ઉપર ચઢવા સરવે રાખવું.? તાં તો તો છે. નહી. સમજણ રાખી જેથી શાંન્તી થાય. એજ લી. નારાયણ જય શ્રી પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ.**

દયાભાઈનો પત્ર પોત્યો. ઉતર જે એતો ઠોકર વાગે ત્યારે અક્કલ આવે. કોઈનું કહ્યું નાનપણથી માંનેલું નહી. જેથી તે સ્વભાવ જામી ગયો હવે જે સમે જે બને તેમાં આનંદ રાખવો. એજ લી. નારાયણ....

**શ્રી પ્ર.પુ.**

પત્ર પોત્યો ઉતરજે આપણને જેમ સુગમ પડે તેમ કરવું એમાંજ સુખ છે. માટે જેમ જે ઘડીએ જે થાય તે સારૂંજ થાય છે. માટે પ્રભુ સંભારીને કામ કરવું એજ. બીજુ ખોડાભાઈને માલમ થાય જે બધાં મઝામાં છે હજુ ભીખાભાઈ આવ્યા નથી. સોમવારે નથી આવ્યાં. માટે આવવાનું નક્કી નથી. પણ એક બે દિવસમાં થાય તો થાય. શરીર સાચવજો. એજ. લી. નારાયણ....

**શ્રી પ્ર.પુ.** **ગુરૂવાર**

આજે મણીબેનની બા સુખેથી પોતી ગયાં છે. ને આનંદમાં છે બીજુ રૂપાળીબેન લખે છે કે મારે ચાર દિવસ રહી આવું. કારણકે ભાભી આવ્યાં છે. એટલે મને તમારા પાંતીની ધીરજ રહેશે, નહીતો ના જાત માટે એતો મનમાં મોઘી છે. તે મન ઉપડે ત્યારે નીકળે, ને રહેવું જવું આવવું ના આવવું તે સરવે મન માંઘુ તે કહે તેમ કરશે. એજ બધાં મઝામાં છે. લી. નારાયણ...... જય શ્રી પુરૂષોત્તમ....

શ્રી પ્ર.પુ. શનીવાર

સરસપુરથી બંન્ને કાર્ડ આજે મળ્યાં. ઉતર જે નારણભાઇની વાત જાણી. બીજુ જ્યારે અમદાવાદ આવવાનું થશે ત્યારે તમને લખીશું. હાલતો ભીખાભાઈ મોગરી ગયા છે. કારણકે ભાણો પત્ર લખ્યા કરતો હતો કે મામા નવરા હોય તો આવે, જેથી શુક્રવારે ગયો છે. તે જ્યારે આવશે ત્યારે લખીશું ને અમદાવાદ આવીશું ત્યારે લખીશું, ને અમદાવાદ આવીશું ત્યારે તેજાભાભીના હાથની રાંધેલી રસોઇ દાળભાત ખાઇશું. ને ત્યાં બારોબાર આવીશું, ત્યાર પછી નારણભાઇ દહેગામ લખશે. હાલ હજુ વાર છે. પુનમ પહેલાં આવીશું તે તમને ખબર પડશે. વિચાર થશે તે દિવસ લખીશું ને પછી તમારે ત્યાં આવીશું. કેમ ના આવીએ અમારે શું દુ:ખ છે ખાવાનું, પીવાનું, સુવાનું, પગે લાગવાનું માન વિગેરે મળે શું ખોટ છે. મઝા છે. માટે તમારે ત્યાં આવીશું તે પહેલાં લખીશું. હાલ ભીખાભાઇ આવ્યા પછી વિચાર. એજ લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ પત્ર પોત્યાનો જવાબ રીપ્લાઇ પતુ છે. પત્ર પોત્યાનો જવાબ લખશો...

શ્રી પ્ર.પુ.

ભાદરણથી લી. વાલજીભાઇનો પત્ર પોત્યો ઉતર જે અમે અહીં ખુશીમાં છીએ તમારી ખુશીના સમાચાર લખતા રહેશો. બીજુ ઉતરજે સદાય મનમાંથી જગત ખોટું છે એમ સજ્જડ જાણ્યું છે. પણ વહેવારને અંગે એકતા જણાય છે. તે છેવટે નડે નહી. ડાંગર શેકેલીનું છોડુ દેખાય પણ મસળે એટલે જુદુ થઇ જાય. તેમ અંત વખતે નડે નહીં. વચનામૃતમાં છે. એજ લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ....

શ્રી પ્ર.પુ.

સરસપુરથી આજે ગુરૂવારે પત્ર આવ્યો વાંચ્યો શાહપુર જઇ લીલા વાંચી તે સારૂં થયું. કારણકે મારે બે વખત લખવું ના પડ્યું. તેમજ રાવજીકાકાએ લખેલું તેમને પણ તેમજ લખેલું તેઓ વાંચી આવ્યા હશે. કારણકે મંગળભગત પણ દરરોજ બે વખત જાય છે. જેથી તે તો પહેલું જ વાંચે. બીજું બબુભાઇ આવ્યા છે. ખેતી કરવાનો વિચાર છે. પૈસા ભાઇબંધ કુવા બોરીંગ પંપ વિગેરેના આપે છે. જેથી તેમનો વિચાર થયો છે. વળી ઠંડીમાં પેરવા રજઇનો ઓવર કોટ કરે છે. કાલે ફાટલાં ઠેપાડાં કોટ પેરણ વીગેરેનું કામ કર્યું. આજે રજઇનો ઓવર કોટ ખોડાભાઇએ પેર્યો હતો ને શરમ આવતી હતી તેવો કહે છે. બારેજાથી આવ્યા છે. બીજુ ગોદડીઓની વાત તે તો તેજાની મરજીની વાત છે, કારણકે મજુરી કરેલી તેથી કિંમત સાંધનારને તેની હોય, ખોડાભાઇ કે મણીને ના હોય, માટે ડાહ્યાભાઇને માલમ થાય જે બંન્ને વઢી ના પડે તેમ વિચાર કરાવજો ખોડાભાઇની મરજી નહી જોવાની, મન ઉંચુ થાય તેમાં સારૂ નહી. અને બંગલે બારોબાર નંખાવજો મારા ખાતામાં મોટરે ફાવે તો મોટરે, નહીતો જતુ આવતુ ગાડુ હોય તેમાં જેમ સુગમ પડે તેમ કરે આ વખતે ટાઢ છે તે પેલી જ કામમાં આવે બીજુ આવવાની વાત તો હજુ આ રવિવાર જશે ત્યાં વિચાર કરીશું તે બીજા રવિવાર પછી આવશે. તા. ૨૮,૨૯ લગભગ થશે. કારણકે પુનમ સોમવારી છે. લી. નારાયણ જય શ્રી પુરૂષોત્તમ....

### શ્રી પ્ર.પુ.

પત્ર પોત્યો. ઉતર શોક થયો, એજ અજ્ઞાન છે. શ્રી કૃષ્ણને થયું રામને, સીતાને, પાંડવને, વીદુરને, સ્વામી નારાયણને, ગુ. સ્વામીને, પ્રાગજી મહારાજે, પુરૂષોત્તમ મહારાજ, દરેકને દરેક

જાતનું થયું તે શું તે દિવસે નહી ખોટું દેખાયું હોય, માટે શોક થયો તેજ અજ્ઞાન છે. માટે આનંદમાં રહેવું. લી. નારાયણના.....
જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.**

ગઈ કાલે કાર્ડ તમને લખ્યો હતો, તે પહેલાં રીપ્લાઇ લખ્યો હતો ચોપડીઓ મણીની બાબતનો, તે કાગળ હજુ આવ્યો નથી. જેથી આ ફરી રીપ્લાઇ લખ્યો છે. કદાચ ગવલ્લે પડ્યો હશે. બીજુ ભીખાભાઇને કુંજમાં લાવ્યા છે. ને શનીવારે કીરણ લેવા જવાના છે. એમ આજે મનુભાઇએ લખ્યું હતું. બીજુ તમારી તબીયતના સમાચાર લખવા રીપ્લાઇ કાર્ડ મોકલ્યું છે. તે નવરાશમાં લખશો કાંઇ ઉતાવળ નથી. આતો બેન ને છોડી છે તે તમારા કાર્ડ ઉઠી ઉઠીને વાંચવા આવે છે. જેથી જરા લખવું, જેથી ધીરજ રહે. કારણકે દવા લાવું છે. ઢીલો છું. એમ લખો છો જેથી વધારે ધ્યાંન તમારા સમાચાર જાણવા રહે. એજ. લી. નારાયણના
જય શ્રી પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ.**

મણીનો પત્ર પોત્યો હવે મટી ગયું તે વાત ફરી લખ્યાથી જાણી. બીજું અહીં સરવે ખુશીમાં છીએ. રવિવારે સાંજે ફાસ્ટમાં બબુભાઇ કુંજમાં આવ્યા હસે, જેથી ચાલતી વાતો સેજ સાજ જાણ્યામાં આવી હશે, નહીતો લખું છું. જે રસોડામાં પીપો ભરવા, પાણી લેવા રસ્તામાં ભૂંગળા નાંખવા, મજુર આવે છે. હરીબેન ગુરૂવારે નીશાળમાં જવા આવી ગયાં છે શરદી લાગવાથી આવતાં રહ્યાં છે. ખોડાભાઇનો ઉતર જે પ્રભુની પાસે જ છો.
લી. નારાયણ..જય શ્રી પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ.**

પત્ર પોત્યો ઉતર જે હાલમાં તો લીલામાં તો કુવાનું તેમ દીવાનું વિગેરે કામ ચાલે છે. મજુર આવે છે. તે બીજુ કામ કરે છે. હવેથી રીપ્લાઇ કાર્ડ લખશો તો ઉતર નહી આપુ, કારણકે તમારે અમારે સરખી ગરજ રહી. ભગવાન ભગતને સંભારે, ને ભગત ભગવાનને સંભારે અને તમે તો હજુ વિદ્યાર્થી છો, માટે રીપ્લાઇ ના લખવું એજ લી. નારાયણ....

**શ્રી પ્ર.પુ.**

મણીનો તેમ તેમના બાપાનો પત્ર પોત્યો ઉતર જે રૂપાળીફોઇને તો મઝામાં છે. ને આનંદમાં છે. સાસરે જવાનું મન ના પાડે છે. કારણકે જેનાં કુટુંબી ભગવદી, જેનો વેલો ભગવદી. તેનાં ફોઇ બેન કેમ બીજા હોય, એતો કોઇ વખતે ગુણનો જોગ જેવો થાય તેવું શાસ્ત્રમાં છે. માટે તમારાં બેન ને તમારાં ફોઇ બહુ ભગવદી છે. માટે હીરબઇનાં કાંતામાં કાંઇ ગાંઠ ગરફો ના હોય. માટે તમો ત્રણેય જણ આનંદથી રહેજો આગળની વાત આગળ હાલમાં તો રૂપાળી ફોઇ આનંદમાં ફરે છે. સાસરી સાંભરતી નથી. ત્યાં જાય તો શું ગમે, આપડતી આપડતી પાછી આવે. લી.નારાયણ.જયશ્રી પુરૂષોત્તમ..રીપ્લાઇ પતુ મોકલ્યું છે ઉતર લખજો.....

**શ્રી પ્ર.પુ.** **તા. ૨૪-૧૨-૪૬**

આ કાર્ડનું અધુરૂં ખોડાભાઇને ત્યાં છે.

વાલજીભાઇનો પત્ર પોત્યો, ઉતર જે ભીખાભાઇ આવી ગયા છે. ઘર ભાડે અપાય એવું ખોડાભાઇએ કર્યું તે વાત જાણી. બારમાસે ભાડુ ૨૫ ચઢસે, તે જોગ પ્રમાણે ભાડે આપી દેવું. ને કોઇ દિવસે ઘેર જવું પડે ત્યારે જવાય ને એક બે દિવસ માટે અને વધારે રહેવું હોય તો ભાદરણ આવજો. ઘણી જગ્યા છે. પણ ઘર

ભાડે આપો ને ભાડા કરતાં ખર્ચ ચોકડી, પીઢો, કમાડ વિગેરે ભાઇુઆત કરાવે તો આંબુની કમાઇ જાંબુમાં જાય, એને ભાઇુઆતને કહેવું કે જો આ ઘર બીજો સુધારો કરવા ખર્ચ નહી થાય પછી પાછળથી જેમ થાય તેમ ખરૂ. બીજુ આનંદ સત્સંગે કરીને વધે માટે ભેગા તો થવું ને વાતે ચીતે સમાસ થાય. આનંદ થાય તે બહારનો સત્સંગ અંતરનો સત્સંગ તો મુરતી ધારીએ એ, અંતરનો સત્સંગ તે ભક્ત ચીંતામણીમાં લખ્યું છે જે અંતર બહાર ભીતર ભંગ મુરતી સંભારીએ તેથી કુસંગનો ભંગ થાય ને તેથી આનંદ વધે માટે તે કરો છો ને કરવો તે પ્રથમના પહેલામાં છે. જે નીરંતર સત શાસ્ત્ર ને સંતનો સંગ માટે તે કરો છો ને કરવો. તેથીજ આનંદ થાય. ને વધે ડાહ્યાભાઇ મીલમાં જાય છે. પણ શરીરે કસર છે. એતો એમને એમ કસર જશે. ક્યાં રહેવાની છે. માટે આનંદ રાખવો બીજુ શાંન્તી છે આવવા લખ્યું પણ હાલ મુરતીના પ્રકાશ માટે આગળનો ભાગ તોડ્યો છે. ને ચણતર કમાડા વિગેરે કામ ચાલું છે. જેથી રાત રહેવાય નહી, સવારે અવાય ને સાંજે પાછુ જવાય. એજ લી. નારાયણ...

**શ્રી પ્ર.પુ.**

પત્ર પોત્યો ઉતર જે જે સરણમાં રહ્યાં છે તેમને પુછી જોજો, ને જાણો છો પણ ખરૂં માટે સરવે જાતના દોસો ને તેના પેટા ભાગમાં સ્વભાવ જેટલા નીકળે, તેટલું જ સરણમાં સુખ આવે. જોગ તો પેટને પેટની પછાડી વળગ્યાં તેના ભરણ પોસણ માટે જોઇએ તે દેહે કરીને કામ થાય ને મને કરીને ભજન થાય, તો જ ઠીક રહે. નહીતો ભેગા રહેથી અભાવ આવે લી. નારાયણ...

**શ્રી પ્ર.પુ.**

આજે ખુશીથી અમે પોતી ગયા છીએ, ને જમીને જરા આરામ

લઇ આ કાર્ડ લખ્યું છે. માટે કેવાનું શું છે. જે જે વખતે જેમ કહીએ તેમાંજ સુખ છે. માટે કોઇ પ્રકારે સંકોચાવાનું નહી. એમાંજ સુખ. લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ. મંગળવાર**

મણીનો રીપ્લાઇ કાર્ડ પોત્યો. ઉતરજે મેં જવાબ માટે રીપ્લાઇ મોકલ્યો છે. તમારૂ કાર્ડ રાખી મુક્યું છે. તે મારા પત્રમાં જવાબ લખશો. આવવાનો સમય થઇ ગયો છે. ઉતરજે હાલતો અમોસની અંધારી રાત છે. જેથી વિચાર થાયને મટી જાય છે. એમ અમારે મનનું ઠેકાણું નથી. તમારા મનનું ઠેકાણું છે. તેવું મારૂ નથી. કારણકે ભરૂચથી પણ પત્રો આવ્યા છે. હવે જેમ થાય તેમ ખરૂ. બીજુ તમે લખ્યું કે કુસંગ થકી રક્ષા કરજો. ઉતરજે તમારેતો જુઓ, સવારમાં ઉઠી નાવું, ધોવું, વાંચવું, નીસાળે જવું ત્યાં ભણવું, સાંજે ઘેર આવવું, ખાવું પીવું, વાંચવુ ને ઊંઘી જવું. એ સીવાય તમારે બીજો કુસંગ ક્યાંથી થાય. માટે બીજો કુસંગ કરો છો ? તે લખો બીજુ અહંમમત્વની માયા તે તો હજુ તમારે માંથે છત્ર છે. ત્યાં સુધી મારૂ ક્યાં છે. મા-બાપનું છે તો ક્યાં માયામાં જોડાયાં છો ? તે લખો કાર્ડ છે. લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ.**

ખોડાભાઇની વારસ જે મણી તે કુંજમાંથી સમાચાર લાવતી તો હશે. માટે વિસ્તાર લખતો નથી. અમારે તો લીલાને કારણે બહારગામ જવાય છે. સાંજે ઘેર આવીએ છીએ હવે રવિવારે કમુ આવે તો નવી લીલા થાય. માટે જે જે મળે સેજે સેજે તેને કહેવું કે, મંગળવારે કુંજમાં તપાસ કરજો. સવડ હોય તો આવશે ખરા મણીને પણ કેજો રસ્તામાં મળે તો કહે. એજ લી. નારાયણ નારણભાઇ અમૃતને કેજો કે ભાઇલાલભાઇને ત્યાં કહે, જે કુંજમાં

મંગળવારે ભેગા થશે.

**શ્રી પ્ર.પુ.** **તા.૧-૧૨-૪૩**

સરસપુરના ભક્તોનો પત્ર પોત્યો, ઉતર જે જે લખો છો તે સરવે પ્રભુ સંભાર્યાથી જ થાય છે. તે વીના તો કોટી ઉપાય કરીએ પણ વાત બનતી નથી. પ્રભુ સંભારીએ તેથી પ્રભુ આપણી પાસેજ રહે તેથી ચોસટ પદીમાં છે જે "જેના અંતરમાં અવીનાશ કરી વસીયા" "તેણે કામ ક્રોધ પામ્યા નાસ લોભને મોહ ગયા એવા શત્રુ તણું ટળ્યું સાલ, લાલ જ્યાં આવી રહ્યા તણે સંત થયા છે. નીહાલ" બીજુ વચનામૃતમાં છે જે ભગવાનને જેવા જાણે તેવો પોતે થાય, ભગવાનને કામી સમજે તો, પોતે કુતરા જેવો કામી થાય. નીષ્કામી જાણે તો પોતે નીષ્કામી થાય. એ ઉપાય મનથી જાણ્યાથી થાય છે. ને પ્રભુને સંભાર્યાથી મનમાં શાંન્તી આનંદ થાય. ને નકામા શત્રુ નાસ કેતાં દુઃખ દે નહી, જેમ કોઈને ભૂત વળગે તેને જંત્ર મંત્ર કેતાં આલોકમાં હનુમાન પીર ફકીર પાસે ભૂવા પાસે લઈ જાય તો દુર જાય ને વળગે તેમ કામાદીક શત્રુ પીડતા હોય તેને, આદર થકી તીવ્ર વેગે, મુરતી સંભારે તો, શત્રુ કામાદી પીડે નહી. માટે પ્રભુ સંભારવા. એજ સરવે દુઃખમાં શ્રેષ્ટ ઉપાય છે. લી. નારાયણ..જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી પત્ર આવ્યો. બીજુ બસની વાત કરી તે તો એમને એમ ચાલ્યા કરે એમાં શું પુછવું નવરાસ છે. જેથી સારૂ છે. હાલ કોઈ કામ નથી. જ્યારે કામ હસે ત્યારે તેની ચીંતા બીજુ ઉદરસની વાત એતો, ઘરમાં ચોર ના પેસે સુવાણ થાય. માટે એનું કાંઈ પુછવા જેવું નથી. આલોકમાં ઊંટના બેસણા જેવું છે. આગળ હેલ્લો ને પાછળ હેલ્લો માટે જે તેમાંથી પ્રભુ સાંભરે એટલુંજ

સુખ છે. એજ લી. નારાયણ..જય શ્રી પુરૂષોત્તમ..કાલે રીપ્લાઇ કાર્ડ લખ્યો છે. તે પોત્યો હસે સરવે મઝામાં છીએ. ભીખાભાઇ આવી ગયા છે. મધુને માલમ થાય જે સારૂ ભણજે...

શ્રી પ્ર.પુ. શનીવાર

ખોડાભાઇનો પત્ર પોત્યો ઉતરજે તમને અંબઇ ટાળી હતી તે મટી ગઇ તે વાત જાણી. બીજી હવે જ્યારે અમદાવાદ આવીશ ત્યારે તમને પહેલું લખીશ કે, હું આ ટાઇમે અમદાવાદ આવવાનો છું. માટે વાટ જોઇ રહેજો જેથી રસોઇ તેજા બરાબર કરી મૂકે ખામી રહે નહી. માટે વેલું લખી દઇશું જે આવવાનો છું. તે ધમધમાટ ને ચમચમાટ રસોઇ કરશો માટે દિવસ લખીને પોસ્ટમાં નાંખીશું જેથી રથ ઘોડા, પાલખી મોટરો લઇને સ્ટેશને આવજો ને બધાંને લખીશું તે વાજતે ગાજતે વરઘોડો કાઢીને ખોડાભાઇને ઘેર જઇશું ને ત્યાં તેજાભાભી ચોખા નાંખી વધાવી લેશે ને કેડતો પાતળી તે ચારમણ બેસતાં વળી જશે. ને ઉમરકો પુરો થશે. માટે આગળથી લખીશું જે આવું છું. એજ લી.નારાયણના જય શ્રી પુ.

શ્રી પ્ર.પુ. શુક્રવાર

સરસપુરથી બે કાર્ડ આજે મળ્યાં. મણીબેને વાંચ્યા ને ઉદાસ થયાં ને રડવા માંડ્યું. પછી મેં તેમ ગોકળભાઇએ કહ્યું કે ઉપર તમને ચઢાવીશું માટે રડવું નહી એમ બીજી ઘણી વાત કરીને છાનાં રાખ્યાં છે. મેં કહ્યું કે અડધાશેરનું પેટ છે. માટે ભગવાન પુરૂ કરશે. માટે શોક તો ક્યારે ના કરવો. એમ શાસ્ત્ર કે છે. દિવાળી, પા મણ દુધમાં દરરોજ બે રૂપિયા કમાય છે. તો તમારે શું ફીકર છે. દાણાપીઠવાળી મણી ક્યાં ભણેલી છે. તો ત્રીસ રૂપિયા લાવે છે. ચંપા ક્યાં ભણેલી છે. તો એંસી લાવે છે. માટે આતો મેટ્રીકમાં ગઇ છે. એમ કરવા માટે તમને ચઢાવીશું માટે

ફીકર ના કરીશ આવું કહેવાથી રડતી બંધ થઈ ગઈ છે. ને આનંદ કરવા માંડ્યો છે. લી. નારાયણ.. જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી પત્ર પોત્યો. ઉતર જે પ્રભુનું ભજન કરવું જેથી સરવે વાતે સાનુકુળ થાય, અને સેજ સાજ દવા કરવી. લોકો ટોકી ખાય નહી. દેસી અગર બીજા લોકો પજવે નહી. બીજુ અહીં અત્યારે ગોદડાં વાસણ વિગેરે કામ ચાલે છે. બીજુ લોકોમાં ક્યાં ગાડીઓ મોટરો શહેરમાં ક્યાં અન્યો અન્ય અડતા નથી. ગાડીઓમાં પણ ભેગા ખોળામાં બેસે છે. અને આપણે તો જુદાં રાખ્યાં છે. અભાવ ના આવે તે માટે દરેકને જુદા જુદા હતા, બેસવાના ઉઠવાના જાજરૂ વિગેરે રાખ્યું છે. એતો સંભુ મેળામાં કેટલુંક સાચવે હસે ગાંધીજી ઘણુંએ કર્યું જાતી ભેદ માટે તે લોકોનું જુઓ તો આપણે કાંઇ નથી માટે કાંઇ નહી. એજ લી. નારાયણ. જય શ્રી પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ.** **તા. ૧૩-૩-૪૯**

ગુરૂવારે રાતે પત્ર લખું છું. કારણકે દિવસે નવરાશ નહી. ઉતર જે અહીં સરવે મઝામાં છે. તમો પણ મઝામાં છો ને શાહપુરના વચનથી પડીકાં લાવ્યાં તે સારૂ કર્યું ને કહ્યા પ્રમાણે ટાઢુ ગરમ ખાસો નહી. સેજે વસ્તુ ખાવાની કહે તે ખાવી, પુછીને ખાવું માટે કશી ચીંતા ના રાખવી ને આનંદથી પ્રભુનું નામ સ્મરણ કરવું પ્રભુ સરવે વાતે સાનુકુળ છે. તો આપણે આલોકમાં હળી મળીને રહ્યા છીએ. નહીતો ઘરનાં બૈરાં છોકરાં આડા પડ્યાં હોત તો ભજનમાં સુખ ના આવે માટે સરવે વાતે સુખ છે. ભેગાં બેસી ભજન કરો છો તે સારૂં સારૂં છે. કોઇ જાતનાં બીજા વહેવારીક ડખાની ચીંતા નથી. એજ પૂર્વના સંસ્કાર સારા છે. ને પ્રભુ પણ

એવા મળ્યા છે. માટે આનંદથી પ્રભુ સંભારવા. સંસારમાં રહ્યા તે અનેક જાતના વિચારો થાય પણ તેની ચીંતા ના કરવી. એજ લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ.**

કેમ ખોડાભાઇ શરીર સારૂં છે. ને આજે હું પણ પેટલાદ જઇ આવ્યો. એન્જીન ગોઠવવાનું તેમ સરસામાનનું દેવું પતાવી આવ્યો. બપોરે પાછો આવ્યો ને આ પત્ર તમને લખું છું. તે પહેલાં બોરસદ ગયો હતો બપોરે પાછો આવ્યો ને આ પત્ર તમને લખું છું તે પહેલાં બોરસદ ગયો હતો બપોરે પાછો આવ્યો હતો માટે હવે જુઓ શરીર મારૂ સારૂ છે. પણ દેવાવાળા બહુ વધી ગયા છે. તે ઉઘરાણી કરે છે. પણ તમારી માફક ઠેલીએ છીએ કેમ ? ( મારી મણી શું કરે છે. ભણે છે ને મઝામાં છેને )

લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ.**

રીપ્લાઇ પતુ મોકલ્યું છે. તે રવિવારે લખસો તો પોતસે કારણકે મંગળવારે તો છેલ્લી મુદતે નીકળવાનું છે. મંગળવારે નીકળી બુધવારે બારેજા ગુરૂવારે શાહપુર શુક્રવારે સાંજની ગાડીએ બેસી વડોદરા થઇ શનીવારે બપોરે તારાપુર જઇશ. બીજુ તેજાએ ભગવાનને ધણી નથી જાણ્યા. કારણકે ઘડીએ ઘડીએ ઢીલાં થઇ જાય છે. ધણીનો આધાર વધારે જાણે છે. જેથી એટલી સમજણમાં ખાંમી છે. કારણકે સુળીનું દુઃખ કાંટે સર્યું તેમ મનાતુ નથી. ને જો મનાતુ હોય તો આનંદ રહે એજ હવે આજે તમારો રીપ્લાઇ કાર્ડ આવ્યો. બીજુ ખોડાભાઇ નોકરીએ ચઢી ગયા તે વાત જાણી હવે તો તેજા મઝામાં રહેતાં હસે. બીજુ હું મંગળવારે નીકળવા વિચાર છે. માટે સ્ટેશને ઉતર્યા પછી વાત બીજુ તો શું હાલમાં કુવામાં

પાણી થઇ રહ્યું જેથી બોરીંગની પાઇપમાં હેન્ડપંપ ઉતારવાનું કામ ચાલે છે. એજ લી. નારાયણ..જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.**

મણીને માલમ થાય જે હું બુધવારે ભરૂચથી સાંજે ઘેર ખુશીથી પોતી ગયો છું ને તમારી ખુશીના સમાચાર પણ વાંચ્યા છે. અમે અહીં ખુશીમાં છીએ તમો પણ છો બીજુ મણીની ફોઇ કેછે કે મણીને ખુશી થાય એવો પત્ર લખો. જેથી આ લખ્યો છે. હવે તો વાસણ કાળજીથી ઉટકે છે. ને કહ્યું કરે છે. હોંકે જરા બે ચાર દિવસથી છેટું પડ્યું તે હવે ઠીક લાગે છે. ધીરે ધીરે પાંસરૂ થશે. ભેગા રહે માહાત્મ જતું રહે છે. તેથી કઢાપો થાય છે. હવે સારૂ છે. એજ લી. નારાયણ. જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો ઉતર જે બે જોડ ચસ્માં છે. મારા મોટા કબાટમાં નાના સ્ટોરના ખાનામાં ભીતે બે ડબ્બી કાળી મુકી છે તેમાં છે. તે બંન્ને ઘાલી જો જો. જે ફાવે તે લેજો બંન્ને ના ફાવે તો પાછા મુકાવજો. બીજુ ભક્તિ બાબતતો ભજન થાય છે. ભજન એટલે વારંવાર યાદ આવવું લોકો કે છે કે આને તો છોકરાનું ભજન થાય છે. આને રૂપિયાનું ભજન થાય છે. આને ખાધાનું ભજન થાય છે. કેતાં યાદ આવે છે. એજ ભજન બીજુ મણીનો ઉતર જે સાથે રાખીએ છીએ લઇ જઇએ છીએ, પછી શું બાકી રહ્યું. લી. નારાયણ.. જય શ્રી પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ.**

મણીનો પત્ર પોત્યો ઉતર જે આજે મંગળવારે તમારાં માતા પિતા સવારની મોટરમાં નીકળી ગયાં છે. તે પોતસે ત્યારે સમાચાર કેસે તે જાણસો કાગળ તો માંડો પોતસે પણ સાંજે વાત ચીત થશે

એજ. બધાં ખુશી મઝામાં છીએ.લી.નારાયણ. જય શ્રી પુરૂષોત્તમ.

**શ્રી પ્ર.પુ.**

ખોડાભાઈનો સુખ સમાચારનો પત્ર સોમવારે આવ્યો હતો. માટે તેમ લખતા રહેશો અને અમે કાલ પત્ર લખ્યો હતો તે તમને પોત્યો હશે. બીજુ અહીં સરવે મઝામાં છીએ. અને મારે આવવાનું હાલમાં બંધ છે. રવિવાર સોરૂ કે પછી થશે. કારણકે ભીખાભાઈ આવ્યા છે. પણ સોનીનું કામ પતાવવા માટે જવાના છે. તે આવ્યા પછી નક્કી દિવસ થશે ત્યારે તમને લખીશું. માટે કોઈ કહેતો પણ સ્ટેશને દોડા દોડ ના કરશો. એજ મણી મઝામાં છે.
લી. નારાયણ....જય શ્રી પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી નાના ડાહ્યાભાઈનો પત્ર પોત્યો ભલા પ્રભુ કૃપાથી પુત્ર જન્મ્યો જેથી મોટા ડાહ્યાભાઈ તેમ બધાંને આનંદ થયો. આલોકમાં તો ઘર ખેતર સ્ત્રી છોકરાં વાસણ કુસણ પૈસા હોય તોજ આલોકનો આનંદ છે. ને પરલોકની વાત જુદી છે. તે શું તો જેટલા પ્રભુ સાંભર્યા તેજ છે. લી. નારાયણ..જય શ્રી પુરૂષોત્તમ.

**શ્રી પ્ર.પુ. મંગળવાર સવારમાં**

હે ભાઈ મણી, હે ભાઈ ડાહ્યાભાઈ, હે ભાઈ ખોડાભાઈ ગઈ કાલે પત્ર રીપ્લાઈ લખ્યો છે. ને બીજો એક કાર્ડ છુટ્ટુ લખ્યું છે તે પોત્યું હશે. વાંચ્યું હસે લ્યો ગઈ કાલે વાંચીને શું વિચાર કર્યો ક્યાં જવું કે બાટલીનું કર્યું પોરની માફક આળસમાં રહ્યા છો ? તે આ સાથે રીપ્લાઈ કાર્ડમાં લખશો. હવે બપોરે ટપાલ વાંચીને બીજુ લખીશું પારસલ બેનું તમે ગણતા હો તો લખશો બીજુ બપોરે ટપાલ વાંચી તેમાં ખોડાભાઈની વાત આવી નથી. બીજુ ચોપડીઓ લાવ્યા તે વાત જાણી ને કીટલીઓ લાવ્યા તે વાત જાણી અહીં

સરવે ખુશીમાં છીએ તમારી ખુશીના સમાચાર ખોડાભાઇ ના લખે શું થયું. એજ લી. નારાયણ. રીપ્લાઇ કાર્ડ મુક્યું છે.
લી. નારાયણ... જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.** **ગુરૂવાર**

વાલજીભાઇનો પત્ર પોત્યો. ઉતર જે પ્રભુ કરે તે ખરૂં તેમાં જ રાજી રહેવા જેવું છે. ભવિષ્યમાં શું થવાનું હોય તે પ્રભુ જાણે માટે વચનામૃતમાં કરતા હરતા જાણવા લખ્યું છે. જેથી હરખશોક ના થાય એટલું જ છે. બીજુ ખોડાભાઇ ડાહ્યાભાઇનો એજ ઉતર જે રજા મળે તો આવવું નહીતો ઘેર બેઠાં પ્રભુ સંભારવા ને તમારે તો દર માસે સમૈયો જ છે. માટે તેનો હરખશોક ના કરવો જે ઘડીએ જે બને તેમાં આનંદ કરવો માટે સમજણ રાખવી મણીનો ઉતર જે અત્યારે તો ભણવાનું જ કામ છે. બીજુ કાંઇ નથી. કુસંગનો ત્યાગ કરીએ એટલે કાંઇ વીઘન આવે નહી. એજ.માધુભાઇ આવી ગયા છે. તે વાત જાણી છે. ગોવિંદભાઇ પણ મુંબઇથી આવી ગયા છે. તે વાત જાણી એજ હાલમાં કરશનભાઇ સેવામાં મંડ્યા છે. એ સેજ જાણવા લખ્યું છે. બોરા બાંધે છે. ગોદડાં ને ગલેફ ચડાવે છે. લી. નારાયણ.જય પુરૂષોત્તમ.

**શ્રી પ્ર.પુ. ભાદરણ. મંગળવાર.**

વાલજીભાઇ આદીકને માલમ થાય જે હું ફાગણ સુદી ૯ ને શનીવારે તા. ૧-૩-૪૭ ને રોજ બારેજા જઇશ ને રવિવારે શાહપુર આવીશ. સાંજનો કે સોમવારે ઘેર જઇશ. તે વાત સરવે કેજો સરસપુરમાં કહેવું સેજે મળે તેને કહેવું કહેવા જવું નહી બીજુ ડાહ્યાભાઇને કેજો કે તમારો પત્ર પોત્યો છે. ને ભાણીની આંખોની વાત જાણી છે. ભીખાભાઇએ પત્ર વાંચી જોયો છે. એજ. લી. નારાયણ..જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો. ઉતર જે હાલમાં ક્યારે આવીશ તે નક્કી નથી. કારણકે વીસ મુરતીઓ છે ને ગોદડાંના કામે લાગી રહ્યાં છે. તે એક બે દિવસમાં કામ પુરૂં થઇ જશે એટલે સોમ મંગળવાર સોરૂ શાહપુર મંડળ આવશે. બીજુ દેગડો તેના પૈસા તમારી પાસે આવ્યા તે વાત જાણી બીજુ કોઇને જોઇતું હોય તો તપાસ કરી શાહપુરથી લાવી વેચશો. જેથી તેનાં કમંડળ લાવીશું હજુ આવવાનું નક્કી તારીખ નથી. એજ લી. નારાયણ. જય શ્રી પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ.**

પત્ર પોત્યો ઉતર જે, હજુ કાંઇ નક્કી થતું નથી. નક્કી થયે આવીસ હાલમાં હજુ મન ઉપડતું નથી ઉપડી જાય ને બેસી જાય છે. હાલમાં એજ સરવે ખુશીમાં છીએ. લી.નારાયણ જય શ્રી પુ.

**લી. નારાયણ મુની.**

લી. અહીં ડાહ્યાભાઇ મણી મધુ રૂપાળીબેન મણી મધુની મા ખુશીથી આવ્યાં ને દરરોજ ખાવા પાણી કરે છે. લી. નારાયણ.

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી પત્ર બે પોત્યા. બીજુ છોકરાના પગાર વિસે બાબત તેમ થતું હોય તે પ્રમાણે મકરદમને કેવું બીજુ બીજો ધંધો મનને પુછી જોવો શું થશે, કારણકે દુકાનમાં તો બેસ ઉઠ કરવાની તેમાં ફાવે કે કેમ, તે વિચાર કરવો. પગના તળીઆં બળતાં હોય તો દીવેલ ચોપડી કાંસાનું છાલું ઘસે છે. જેથી ઠંડક થાય છે. તેતો મણી મારે માટે પણ વાટકી લાવી હતી, તે કેમ શું નથી જાણતી? જાણે છે. ને તેજા તો ઘસવા તૈયાર છે. એજ લી. નારાયણ..

**શ્રી પ્ર.પુ.**

આજે પત્ર પોત્યો ઉતર જે તમારે રજાઓ પડી તે વાત જાણી ચુલા લાવ્યા ચાર, તે પણ જાણ્યું બીજુ અહીં સરવે ખુશીમાં છીએ. તમારી ખુશીના સમાચાર વાંચ્યા બીજુ હાલમાં કામકાજ ચાલે છે. તથા મારી તબીયત સારી છે. તમારે ખુણામાંથી અજવાળે સંચો મળશે તે વાત જાણી એજ લી. નારાયણ.જય શ્રી પુરૂષોત્તમ.

**શ્રી પ્ર.પુ.**

ભાદરણથી લી. હું તા. ૨-૭-૫૦ રવિવાર અષાડ વદી ત્રીજને રવિવારે શાહપુરમાં ભેગો થઈશ. જોગ હોય તો આવશો. લી. નારાયણ... જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.** **ગુરૂવાર**

સરસપુરથી પત્ર પોત્યો ઉતર જે જ્યારે રજા જોઈએ ત્યારે મળે એવી રજા છે. તો દર વરસે દસ આપણે ચઢતી રજા રહેતો સમૈયામાં લેવાય એ જોગ સારો થયો પણ કદાચ તમારે આવવાનો ભાવ હોય તો મારી ના નથી. ખુશીથી પહેલી તારીખે આવજો. સાચવીને આવજો તમારી ખુશી પડે તેમ કરજો આવવું ના આવવું તે તમારી ખુશી જ્યારે આવવું હોય ત્યારે આવવામાં મારી ના નથી. એજ અહીં સરવે મઝામાં છે. કુવાનું કામ હાલ ચાલે છે.એજ લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.** **બુધવાર**

સરસપુરથી ખોડાભાઈ તથા ડાહ્યાભાઈ તથા ગોવિંદભાઈ વિગેરેનો થાળ પોત્યો લખ્યા પ્રમાણે બીજુ અહીં સરવે ખુશીમાં છીએ. ને દિવસે દિવસે સારૂં થતું જાય છે. હવે બીલકુલ તદ્દન સારૂં શરીર થઈ ગયું છે. રૂપાળીબેન ખુશીમાં છે. બબુભાઈને દેશકાળ પ્રમાણે પુછસે તે વાત જાણી હાલમાં સુથાર મજુર આવે છે. તમારી ખુશીના સમાચાર લખવા તથા કાગળ પોત્યાનો જવાબ

લખવા રીપ્લાઇ પતુ મોકલ્યું છે. બીજે દિવસે લખશો જેથી નીરાંતે લખાય. એજ લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ..

**શ્રી પ્ર.પુ.**

તમારો પત્ર પોત્યો ઉતર જે જાજરે જાલ્યા વિના જઉં છું અનાજ ખાતો નથી. લી. નારાયણ જય શ્રી પુરૂષોત્તમ. નાના ખોડાભાઇને સુખ પડે તેમ કરે.

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો ફી બદલની આપણે આભારી સી. આપણે તેમને હેત ભાવથી જય શ્રી પુરૂષોત્તમ કરવા મન જુદુ ના રાખવું, એજ એમનો બદલો છે. બીજુ અહીં સરવે ખુશીમાં છે. તમારી ખુશીના સમાચાર જાણ્યા. આપણે તો ભણ્યાજ જવું એજ લી. નારાયણ.. જય શ્રી પુરૂષોત્તમ..

**શ્રી પ્ર.પુ.**

ભાદરણથી લી. સરસપુરના ભક્તો પ્રતે જણાવું છું કે શુક્રવારે ભીખાભાઇ ગામડીના બાબરકાકાને ગેરતપુર સ્ટેશને મુકવા ગયા છે. તે કદાચ સવારની ગાડી મળે તો સાંજે ભાદરણ આવશે, ને બપોરે બારની મળે તો સાંજની પાંચની ગાડીમાં અમદાવાદ આવશે. તેમાં કુંજમાં જાય કે સરસપુર આવે તે આજે શુક્રવારે નીકળ્યા છે એજ. સેજ જાણવા લખ્યું છે. લી. નારાયણ મુની. જય શ્રી પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી પત્ર પોત્યો ઉતર જે માંડો લખવાનું કારણકે સુરત તરફ ગયો ત્યાં ઝાઝાં પાણી પીધાં તે શરદી થઇને માંડો આવ્યો હવે ઉતરજે ભરૂચ ત્રણ ચાર દિવસ થયા, લીંગડ ચાર પાંચ દિવસ થયા જતા આવતાના થયા, હવે ભરૂચની લીલાનો ઉતરજે મેં

શાહપુર લખ્યું છે. તે નવરાશમાં વાંચી આવજો જેથી મારે ફરી લખવું ના પડે કારણકે પંદરવીસ દિવસની ટપાલ ઝાઝી થઇ છે. તેમને ક્યારે જવાબ આપી શકાય માટે લીલાનો ભાવ હોયતો શાહપુર નવરાશમાં જઇને વાંચશો. બીજુ ખોડાભાઇને માલમ થાય જે હવે ગોદડીઓ જેટલી લાવવાની હોય તે લાવી નવા બંગલે મારા રૂમમાં નંખાવજો રજામાં જઇને લઇ આવજો. એજ. લી. નારાયણ....

**શ્રી પ્ર.પુ.**

આજે તમારૂ રીપ્લાઇ કાર્ડ પોત્યું છે. ને વળી તમારો મતલબ હું સમજ્યો. જે મારૂ ઘાલી મુક્યું ને તમે રીપ્લાઇ લખ્યું માટે હવે હું રીપ્લાઇ નહીં લખું ને તમે પણ ના લખશો જેથી બંન્ને શાંન્તી થાય. ઘાલી મુકે પારના આવે એજ મઝામાં છીએ. કુવામાં કામ ચાલે છે. લી. નારાયણ જય શ્રી પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી પત્ર આવ્યો બીજુ સરવે સમાચાર જાણ્યા અમે આજે શહેરની પાણીની પાઇપો આવી છે. તે આપણે નાંખીએ છીએ હાલ ગામનું પાણી લેવા માટે પાઇપો નાંખવાનું કામ ચાલે છે. એજ લી. નારાયણ જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.**

તમો અમો છુટા પડ્યા પછી આણંદ મોટર મલી ગઇ તે બોરસદનીમાં બેઠો ને ત્યાંથી બીજી બોરસદ આપણી હતી તેમાં બેસી સુખેથી ઘેર પોતી ગયો છું. એજ લી.નારાયણ...

**શ્રી પ્ર.પુ.**

સપુરથી પત્ર આજે પોત્યો. દોરો એરીંગ બદલીને લીધો તથા રૂપાળીના રૂપિયાની વાત સરવે જાણી બીજું અહીં સરવે

ખુશીમાં છીએ હવે એક આની પગે દુઃખાવો છે સહેલાઇથી બજારમાં જવાય છે. હાલ આગળની મોટી જાળી કરવાની જરૂર છે. તે અજવાળા માટે કરાવીએ છીએ. બીજુ જે મળે તેને કેજો જે તા. ૨-૩-૪૭ રવિવારે શાહપુર આવીશું શનીવારે બારેજા જવા વિચાર છે. તા. ૧-૩-૪૭ શનીવારે બારેજા ને રવિવારે શાહપુર ફાગણ સુદી ૯ શની બારેજા દસમ રવિ શાહપુર સાંજે જે કોઇ ભેગુ થાય તેને કેવું કહેવા જવું નહિ.

**શ્રી પ્ર.પુ.**

પત્ર પોત્યો ઉતર જે ભીખાભાઇ એન્જીનના કારણે સીમમાં છે ને હું એકલો ઘેર છું. તે પણ મજુર આવે છે. જેથી નવરાશ નથી ક્યારે આવવું તે નક્કી નથી. થશે ત્યારે લખીશ સરવે મઝામાં છીએ. એજ લી. નારાયણ...જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.**

તમે જે દિવસે સવારમાં રૂપાળીબાને મુકી આવ્યાં તેજ દિવસે સવા નવ વાગે સવારમાં સુખેથી આવ્યાં છે. શુક્રવારે સવારના સવા નવ વાગે ઘેર આવી ગયાં છે. ને લાડુ જમાડ્યા છે. પોટલાં ભૂલી ગયાં નથી. એજ લી. નારાયણ..જય શ્રી પુરૂષોત્તમ... હાલમાં એજ.....

**શ્રી પ્ર.પુ.** **શુક્રવાર**

સરસપુરથી પત્ર બે આવ્યા. રજાઓ બે માં લાભ મળે તે વાત લખી માટે આજે વિચાર થયો જે કાલે રવિવાર આવે છે. માટે જઇએ. એક દિવસ વેલા જવાસે કારણકે રવિવારે બારો બાર સરસપુર આવીશું. ને પછી શાહપુર જઇશું કારણકે શાહપુરવાળા વાટ જુએ. ડાહ્યાભાઇએ બે વખત લખ્યું જેથી મનમાં વાત ખુંચ ખુંચ થઇ તેથી કાલે રવિવારે સવારની ગાડીમાં બેસવાનો

વિચાર કર્યો છે. પછી કોઇ મેમાન આવે તો ના છુટકે બપોરે સ્ટેશને ના ઉતરીએ. પછી હરિ ઇચ્છા માટે કાલે રવિવારે બપોરે ઉતરીશું. બારોબાર સરસપુર આવીશું બીજાનો રવિવાર તા. ૪ નો છે. એજ તા. ૩૦ બારેજા જઇશ. એજ. લી. નારાયણ.

**શ્રી પ્ર.પુ.**

ખોડાભાઇને માલમ થાય જે આજે ભીખાભાઇ આવી ગયા છે. માટે હવે તે તરફ આવવા વિચાર ચાલે છે. અહીં સરવે ખુશીમાં છીએ. તમો પણ મઝામાં હસો મણી જોડે દરરોજ તપાસ કુંજમાં કરાવજો. જેથી તમને જાણ થશે. એજ. લી. નારાયણ જય શ્રી પુરૂષોત્તમ.....

**શ્રી પ્ર.પુ.** **બુધવાર**

તમારો ગઇ કાલે પત્ર પોત્યો હતો, મેં પણ લખ્યો હતો બીજું ઝાઝી ટપાલ હતી જેથી ઉતાવળે લખ્યું હતું. અત્યારે સવારમાં લખું છું કે નાહી ધોઇને બેઠો છું કંકોતરીઓ છોટાઉદેપુરની તેમ બરોડા તરફની તમામ તે બાકી છે જેથી સરનામાં કરૂં છું. તેમાં આ તમને લખું છું કે હાલ મજુર ચાલે છે. ને બાગમાં ખાડા ટેકરા તેમજ ચોમાસામાં વેકળા પડી ગયેલા તે દુરસ્ત થાય છે. તેમ બીજુ કાંઇ ભેગા ભેગી કામકાજ ચાલે છે. એજ મજુરાં ને લીધે દોડધામ ચાલે છે. જેથી ખાધેલું પચી જાય છે. ખુશીમાં છીએ. લી.નારાયણ જય શ્રી પુરૂષોત્તમ...
જવાબ લખશો રીપ્લાઇ મુક્યું છે.

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી પત્ર આવ્યો અમો સરવે મઝામાં છીએ બીજુ રૂપાળીને જેટલું રહેવું હોય તેની છુટ છે. માટે જ્યાં સુધી રહેવું હોય ત્યાં સુધી છો રહે. અહીં અમારે સારી રીતે ચાલે છે. હરકત

જેવું નથી. માટે રૂપાળી ને ધરાતાં સુધી રાખશો. મારે હાલ તાપમાં બહાર નીકળવું નથી. હજુ પંદર વીસ દિવસ પછી જે વિચાર થાય તે ખરો. માટે રૂપાળી છો રહે. એજ લી. નારાયણ. જય શ્રી પુરૂષોત્તમ....

શ્રી પ્ર.પુ.

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો બીના જાણી. શાહપુરની ખબર લખી તેમ ફેરબદલી થવાથી આવવા વિચાર રાખો છો. તે વાત જાણી બીજુ મજુર બંધ કર્યાં છે. એતો આવતાં તે ઉઘડ કામ કરેલું જેથી આવતાં હાલ તો તાપને લીધે બંધ રાખ્યાં છે. એજ લી. નારાયણ.. જય શ્રી પુરૂષોત્તમ.. હવે રીપ્લાઇ અમારાં પડ્યાં છે તે લખશો...

શ્રી પ્ર.પુ.

મણીને માલૂમ થાય જે તમારા ગયા પછી અમે તો કાર્ડની બહુ રાહ જોઇ, કદાચ ગાડી માંડી થઇ હોય બીજુ શુક્રવારે રજા છે. તે વાત ગોવિંદભાઇ એ લખી પછી રવિવારે નથી જેથી શુક્રવારે ત્રણ વાગે કે પાંચ વાગે કે સાડા સાતે આવવા વિચાર કર્યો છે. પણ ટાઢમાં શુક્રવારે નીકળીશું નહિ. આજે આવો ઠરાવ કર્યો છે. પછી હરિ ઈચ્છા. લી. નારાયણ...જય શ્રી પુરૂષોત્તમ....

શ્રી પ્ર.પુ. સોમવાર

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો બીના જાણી મેં પણ રવિવારે પત્ર લખ્યો છે. કે હું બારોબાર ઘેર ગયો હવે આવતે રવિવારે આવજો નો ઉતરજે હાલ કુવાની કુંડી ઉતારવાનું કામ ચાલે છે. તે થઇ રહેથી આવવાનો ટાઇમ હું જણાવીશ એજ. લી. નારાયણ. જય શ્રી પુરૂષોત્તમ...

શ્રી પ્ર. પુ.

આજે શુક્રવારે રૂપાળીબેન ખુશીથી ઘેર પોતી ગયાં છે, ને આનંદમાં છે. કારણકે જરા મન વિહારો થયો ને બંગલા બંગલી દીવા દીવી જોઇ વળી ફેન્સી ચંપલ પહેરવાનાં મળ્યાં વળી ટેક્ષીમાં ફર્યાં જેથી ખુશમન થઇ ગયું છે. લી. નારાયણ..જય શ્રી પુરૂષોત્તમ મીલમાં ચાલીને ના જવુ ખાલી ઘોડાગાડી મળે જતાં આવતાં તેમાં બેસવું, મળે નહી તો ધીરે ધીરે જવું.

**શ્રી પ્ર.પુ.** તા. ૨૧-૮-૪૯

જે જગાએ પ્રભુ સાંભરે તે જગાએ અક્ષરધામ રૂપ સ્થાનથી પત્ર આવ્યો તે આજે વાંચ્યો પ્રતિ ઉતર લખાય છે જે ભગવાનના જન્મ દિવસ નીમીત્તે જે તમે આનંદ મીરોલી લીધો ને તમને આનંદ થયો તે વાત જાણી. વળી ખુશાલભાઇ લઇ ગયા તે વાત પણ જાણી ને બારેજા ગયા તે વાત જાણી બીજુ સમૈયામાં તેડાવજો નો ઉતર જે તમો એતો સમૈયો કરી આવ્યા ને આનંદ લીધો તો હજુ બીજો આનંદ ખુટે છે. કે કેમ ને કઇ જગાએ ખાલી રહ્યું તેથી બીજો આનંદ બાકી રહ્યો તે સમૈયામાં હજુ આનંદનું બાકી રહ્યું. તે પુછો બને નાની મોટી મણીઓને તે વળી રજા લઇને આનંદ લેવા ઇચ્છો છો તે છોકરાં છોડીઓ કરે તે ખરૂં જાણવું એજ બીજું અમારા કહેવા મુજબ દવા લાવો છો ને ફેર પડે છે તે વાત જાણી ને ખુશી થયો જે આ વખતે ખોડાભાઇએ દવા લાવ્યાને ફેર પડ્યો તે આળસ કરી નહી. ને પેસતા દુ:ખનું નિવારણ કરવા માંડ્યું ને તે દુ:ખ નીકળતું ગયું. તે વાંચ્યું તેથી આનંદ થયો હવે લીલામાં તો આથર ધોઇએ છીએ ચોમાસાને લીધે કંઇ નીંદવાનું હોય, કાંઇ સીમેન્ટ લેવાનું હોય ને કાંઇ ફાલતું કામ હોય તે હાલ ચાલે છે. એજ લી. નારાયણ.. જય શ્રી પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ.**

ગઈ કાલે લખ્યું હતું જે બે પારસલ કરીશું તે ગુરૂવારે કર્યા છે. તે શુક્રવારે તમને ખોડાભાઈને ત્યાં કોથળીમાં રસીદ બીડી છે. તે લેજો ને કાલુપર ગોદામમાં જજો ગોકળભાઈના નામની છે. તેમાં વિગત લખી છે. ખોડાભાઈ નાના ડાહ્યાભાઈ, નારણભાઈ, ડાહ્યાભાઈ, વાલજીભાઈ, પરસોત્તમ, ગોવિંદભાઈ, કાભઈ આઠ ઘેર બસેર બસેર પાપડી આપજો ને બે ત્રણ ત્રણ લીંબુ આપજો બીજાં કુંજમાં આપજો બપૈયાંનો પ્રસાદ કરી સરસપુર આઠ ઘેર આપજો બીજું જીણાંભાઈ હમામ મોટી પોળ ના આપ્યું હોય તો આપજો નહીતો શાહપુર પોતાડ જો એમ વિગત ખોડાભાઈના કવરમાં લખ્યું છે. હવે ટપાલ આવ્યા પછી લખીશું ખોડાભાઈ માટે વંતાક મોકલ્યાં છે. તેજાને પાપડી આપજો. વળી બીજુ શુક્રવારે કરીશું તે શનીવારે પોતસે તે રવિવારે કુંજમાં આવે તેને આપવાનાં છે. ટપાલ આવી વાંચી તમારે ત્યાં પ્રસાદ કુંજમાંથી આવ્યો. પસાભાઈ, ગોવિંદભાઈ આવ્યા વિગેરે વાત જાણી એવી રીતે સમાચાર જાણ્યા. લી. નારાયણ..જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.**

ખોડાભાઈનો પત્ર વાંચ્યો. ઉતરજે મણી એક બે દિવસમાં આવશે કારણકે બચુભાઈને આવવાનું છે. ગુરૂવારે આવશે ફોર્મ ભરવાનું છે. જેથી એક બે દિવસમાં બચુભાઈને જોડે આવશે ને બીજાં પણ તેમની સાથે આવશે એકાદ પડી રહેશે તે, મારી સાથે આવશે. લી. નારાયણ..

**શ્રી પ્ર.પુ.** **તા. ૨-૧૦-૪૯**

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો ખોડાભાઈ મીલમાં જાય છે. તે વાત જાણી દસરાની રજા છે તે વાત જાણી ફરી પાટી ઉપર રજા આવે તે લખશો પુનમનું ટાંણું નહી ફાવે દસરા કે દસરા પહેલાં

ફાવશે તે તમારા ફરીના પત્રથી સમજાશે બીજું હાલમાં તો કામ કાજમાં કુવામાં પાણી એન્જીનથી ખુટે છે. જેથી કુવામાં બોરીંગ કરવાનો વિચાર થવાથી પાઇપો બહારગામથી લાવી દીધી છે. ને હવે તેમાં ખોદવાનું સેમ્પલ બનાવવાના વિચારથી આજે કાલોલ પત્ર લખ્યો છે. તેનો જવાબ શું આવે છે. તે ઉપર વિચાર થાય. કારણકે કાલોલવાળા લખે છે કે તમો આવો તો હું કરી દઉં જેથી આજે ફરી પત્ર લખ્યો છે. તેનો જવાબ શું આવે છે. તે ઉપર કાલોલ જવું કે કેમ તે ચાર પાંચ દિવસ સોરી સમજ પડશે. હવે બોરીંગ કરનાર સુકટર જેવો લાવવાનું કહે તેવો લાવવાનો વિચાર થાય. તે ઉપર આધાર રહે તેવા કામમાં રહ્યા છીએ ઘઉંનો લોટ વધ્યો તેથી સેવો પાડીએ છીએ. એજ. લી. નારાયણ જય શ્રી પુરૂષોત્તમ ગઇ કાલે રીપ્લાઇ કાર્ડ મુક્યું છે..

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો હકીકત જાણી સુધારા પર આવે છે. તે વાત જાણી બીજુ લોક વહેવાર કરવા જવાના છે તે વાત એજ હવે વધારે શું લખું. લી. નારાયણ...

**શ્રી પ્ર.પુ.** **મંગળવાર.**

સરસપુરનો પત્ર પોત્યો ઉતરજે બંદોબસ્ત થાય છે તે વાત જાણી કામ વીના નકામુ શહેરમાં ફરવું નહીં. ઘેર બેઠાં ભજન કરવું. બીજું થોડો થોડો ફેર પડ્યો હોય તો બીજી વધારે પીવી. ના પડ્યો હોયતો કાંઇ નહી. બીજું અહી સરવે ખુશીમાં છીએ તમારી ખુશીના સમાચાર લખવા રીપ્લાઇ પતુ મોકલ્યું છે. વાલજીભાઇના સમાચાર પત્રથી મળ્યા ભજન કરવું જેથી સૌ સારાં વાના થાય. એજ લી. નારાયણનાં જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.** **તા. ૭-૯-૫૧**

પત્ર પોત્યો ઉતર જે ભીખાભાઇ દવાની બાટલી નીસાની નથી મળતી માટે કે છે કે ચાલશે. બીજુ પાણી એન્જીનમાં રેતી આવતી હતી તે હવે થોડીક કાંઇક જેવી આવે છે. અમારે તો પાણી આવ્યું પણ કમુ પાણી લેવા બેઠી છે. તે વાત સમૈયામાં જે થાય તે ખરૂં લી. નારાયણ. જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.** **સોમવાર**

સરસપુર વાંસીનાંને માલમ થાય જે આજે સોમવારે ભરૂચથી પત્ર આવ્યો જે વરસાદને પાણી માફક રાહ જોઇએ છીએ. માટે અમો ખાનપુરવાળા બંન્ને જણ મંગળવારે ફાસ્ટમાં બેસીને બપોરે ભરૂચ જઇશું. ત્યાં એક રાત કે બે રાત રહીને પાછા પુનમ કરવા આવીશું પછી અમદાવાદ આવવા વચ્ચે બે ત્રણ દિવસ થાક ખાઇ આરામ કરીને આવવાનો વિચાર કરીશું. એજ સેજ જાણવા લખ્યું છે. લી. નારાયણ. જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.** **ગુરૂવાર**

સરસપુરથી પત્ર ડાહ્યાભાઇનો આવ્યો વાંચ્યો ઈદની રજા પડે છે તે વાત વાંચી. બીજુ આપણા માટે લીંબુ લેવા આવવાનું લખ્યું તેનો ઉતર જે હાલમાં લીંબુની પાળ ભરેલી છે. તે કુંજમાં પડી છે. તે ખાઇ રહ્યા પછી બીજાં નાંખીશું કારણકે વધારે કરીએ તો બગડી જાય માટે હાલ લીંબુ લેવા આવવાનો વિચાર કર્યો તે ખોટો છે. માટે હાલ લીંબુ નાંખવા નથી. હમારે વરસાદ સાત દિવસથી ચાલુ છે. અહીં સરવે મઝામાં છે. લી. નારાયણ. જય શ્રી પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો. ઉતર જે કાલોલ બે રાતો રહ્યા હું ને ડાહ્યાભાઇ ગયા હતા. બપોરે બે વાગે પોત્યા હતા ને.

કામ કરવા માંડ્યું પછી બીજે દિવસે કરવા માંડ્યું ઠંડીને લઇ ને બપોરે થઇ શક્યું નહી જેથી બીજી રાત રહ્યા બીજે દિવસે સાંજે બેળે બેળે થયું પછી રવિવારે સવારે નીકળી બપોરે ઘેર આવ્યાને સાંજે પત્રો વાંચ્યા ને જવાબ લખ્યા છે. એજ. હાલમાં સરવે ખુશીમાં છીએ. લી. નારાયણ.. જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.** **બુધવાર**

સરસપુરથી પત્ર આવ્યો. વાંચ્યો ઉતર જે ગીરા વેચાણની વાત વલ્લવભાઇ તપાસ કરશે. મણી એ ત્રણમાં ફેલ થઇ તે વાત જાણી શાહપુર નિસાળની વાત જાણી બીજુ પાનકોર નિસાળમાં માફી થાય તેમ છે. તો પ્રયત્ન કરાવશો વાત કહેશો ને શાહપુર ખાનગી તે ફી આપવી પડે તે વાત જાણી તો તે સઘળી વાત ગોવિંદભાઇ તથા ગોકળભાઇ તથા વલ્લવભાઇને ફોડ પાડી કહેવું જેથી તેમનો તથા તમારો વિચાર જે હોય તેનો ખુલાસો થાય સ્કૂલ બદલવી પડે તે પહેલી ખબર આપવી પડે તે વાત પણ ત્રણેય ને કેસો બીજુ મારી તબીયત સારી છે ઉદરસ આવે છે. તે તો ઘર સચવાય તેનો સો વાંધો છે. બીજું પસાભાઇને બુધ, ગુરૂ રજા છે. તે ઘર બદલવાનો વિચાર તમને જણાવ્યો તે વાત જાણી બીજું અહીં ભીખાભાઇ વાંદસં હાંકે છે જેકાભગત બાગમાં કામ કરે છે. ને રૂપાળી ખાવા લુંગડાં વાસણ કરે છે. તેમાં કામળી તમારાવાળી ઉના પાણીમાં બોળી તે રંગના ડાઘા પડી ગયા છે હવે અમદાવાદ ધોવડાવવી પડશે. એજ હાલમાં રૂપાળીફોઇની લીલા છે. મણીને કેજો એજ. લી. નારાયણ. જય શ્રી પુરૂષોત્મ...

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો. બીના જાણી આજ રાતે વિચાર થયો જે ભરૂચ જવાનું છે. પણ મણીબેનને રજા પુરી થઇ

છે. જેથી હરીબેન તા. ૨૮-૨-૫૧ બુધવારે નીકળશે તે બપોરે અગીયાર વાગે સ્ટેશને ઉતરશે ને મણીબેન મારી સાથે ભરૂચ આવશે તે શુક્રવારે સવારમાં પહેલો કે બીજો કે ત્રીજો મેલમાં સ્ટેશને ઉતરશે જો નહી ફાવે તો હું સ્ટેશન સુધી મુકી જઇશ માટે શુક્રવારે સ્ટેશને મણી ખોડાભાઇ તુળસીભાઇ તેમજ તેજાબેનની દીકરી શુક્રવારે અમદાવાદ સવારમાં ઉતરશે. હું ને મણી બુધવારે ભરૂચ જઇશું. લી. નારાયણ..

**શ્રી પ્ર.પુ. તા. ૧૫ સોમવાર**

રવિ શનીના પત્ર જોડે જોડે બે પોત્યા એક ઉતાવળને લીધે કાલે તમને લખ્યો કે ભીખાભાઇ આવી ગયા છે. ને સરવે ઠેકાણે મોહીને કરીએ છીએ આ વખતે હજુ નક્કી થયું નથી પણ વિચાર છે કે પુનમ પહેલાં રવિવારે શાહપુર જવું હવે તા. ૧૮મીએ પરીક્ષા ચાલે છે. તે પુરી થયે શાહપુર જવું ને બીજુ કામ કરવું એવો વિચાર ચાલે છે. હજુ નક્કી નથી થયું. ખેડુતની વાત તથા ઘરની વાત જાણી એતો આલોક એવો જ છે. ચોટી પડે માટે વહેવાર પહેલેથી ચોખ્ખો રાખ્યો હોય તો સારો કળે કળે કરીને કામ કાઢી લેવું હવે બીજા કાર્ડનો ઉતર તમો લખો છો કે તમારી મણી તો મારી મણીને દરરોજ ઘેર બહારગામ પહેરવા જોઇએ માટે મારે જોઇતાં નથી મણી મારી લખો છો તો મારી મણી ઉઘાડે કાને ફરે તે મને લાંછન આવે માટે મારી મણી પહેરસે એટલે હું જોઇને રાજી થઇશ માટે મારે જોઇતાં નથી. મારે વરસમાં આઠ દિવસ પહેરવા તે તો રૂપાળીનાં છે માટે તમો લખો છો કે તમારી મણી તો હવે મારી મણી છો પહેરે કારણકે ભગવાન સોળે શણગાર પહેરે ને ગોપી ઉઘાડી રહે તે મને શું ગમે માટે તમે વિચાર કર્યો તે આપી જ દીધાં છે. પણ ભગવાન જોડે ગોપીને શણગાર વાળી

જોઈએ. જોજો મંદીરમાં જાવ ત્યારે શણગાર વાળી ગોપી હોય છે. માટે મારી મણી છો પહેરે મણી મધુની મા તે પહેરશે એટલે મેં જ પહેર્યા માટે ગોપીને પહેરવા દેજો સમજાવજો એજ લી. નારાયણ.. જય શ્રી પુરૂષોત્તમ પુનમ પહેલાં રવિવારે નક્કી છે. પણ ક્યારે નીકળવું તે નક્કી નથી. ફરી લખીશ ઉપડશે.

**શ્રી પ્ર.પુ.**

મણીનો પત્ર પોત્યો ઉતર જે બે કાર્ડ મળ્યાં લખો છો પણ મારૂં રીપ્લાઈ કાર્ડ નથી આવ્યું તે ગુમ થયું કે કોઈએ ફાડી લીધું એમાં શું થયું તે કાંઈ સમજ ના પડી મારૂ કાર્ડ મારા હાથથી સરનામુ કરેલુ તે પાછુ ના આવ્યુ જેથી હવે શું થાય નહીતર મણીએ કપટ કર્યું લાગે છે. કેતાં રેવા દીધુ હશે એમ છે કે કોઈએ ફાડી લીધું લાગે છે. હવે તો એનો જ્યારે ફોડ આવે ત્યારે સમજ પડે માટે એજ. કુવાનું કામ ચાલે છે. લી. નારાયણ મુનીના જય શ્રી પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ.** **ગુરૂવાર**

સરસપુર પત્ર પોત્યો ઉતરજે મણીને તાવ આવે છે. ને ભણવા જાય છે. તો પ્રભુને વિનંતી કરવી જેથી દયા કરે પણ નીશાળતો જવું જ પડી રહેતો પાર ના આવે જવું તેવું જવાય પણ નીસાળે તો જવું ત્યાં માસ્તરને નજરે તો પડવું તે નજરે જુવે જેથી બારમાસીકમાં બેસવા દે નજરે જુએ જે તાવ આવતો હતો ને ચાલે તો ભણ્યા જ જવું સુઈ રહીએ તો પાર ના આવે. સરસપુર ચાર દિવસ પછી આવશે. રૂપાળી ગામડી ગઈ છે. બારેજા જવાનો ભાવ છે સરસપુર ચાર દિવસે આવશે. એજ લી. નારાયણ...

**શ્રી પ્ર.પુ.** **બુધવાર**

સરસપુરથી પત્ર આવ્યો વાત જાણી તેજાના ભાઈનાં લગ્ન

સંબંધી વાત વાંચી. બીજુ અહીં વરસાદ થોડો થોડો પડ્યો છે. તેમ સોમ, મંગળથી બંધ છે. કુંજમાં વરસાદ આવ્યો નથી તેમજ કરશનભાઇ મંગળવારે ચાર વાગે આવ્યા છે. ને તમારો લખેલો પત્ર આપ્યો છે. ને મંગળવારે બપોરે કરશનભાઇ નીકળ્યા ને સાંજના ચાર વાગે આવી ગયા છે. એજ લી. નારાયણ....

**શ્રી પ્ર.પુ.**

મણીનો પત્ર પોત્યો ઉતર જે મણીને મનમાં શું કરવું છે તે તો કાંઇ બોલીજ નહી, મેંતો ગોવિંદભાઇને પણ કહ્યું કે નોન મેટ્રીક કહેવાય એટલે બસ છે. ચૌહાણ ના લેતો કાંઇ નહી, કારણકે છઠ્ઠીમાં બે વરસ થાય ને સાતમીમાં બે ત્રણ થાય તો પાંચ નીકળી જાય માટે મારો વિચાર એવો છે. જે કોઇ નોકરી બાલમંદિર કે બીજે જવું ને સાતમી ની હવા ખાવી, જેથી અભ્યાસ થાય તો મેટ્રીક પરીક્ષા વખતે બેસાય પછી જે જે આવડે તે ગયું એમ કરતાં બે ચાર વરસે મેટ્રીકનું પુરૂં થાય ને એક બાજુ નોકરીમાં ભૂમીયું થવાય દર વર્ષે ફોર્મના રૂા. ૧૫ ફી જાય પણ પાંચ વરસે કેટલો પગાર થાય તેમાંથી જાય ને ઉજાગરો ના રહે ને ઉંમર પાકી થાય ત્યાં સુધી સાતમીનો ખાનગી અભ્યાસ થાય પછી પાકી ઉંમરે નોકરી જવાય ને ભણાય એમ કરતાં મેટ્રીક પુરી થાય ત્યારની વાત ત્યારે છે માટે મણીનો વિચાર શું છે. જન્મ તારીખ શું લખાવી છે. તે લખજો ગોવિંદભાઇ હરિબેનને વંચાવજો. એજ. લી. નારાયણ.. જય પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ.**

આજે પત્ર પોત્યો હવે કઢીની અસર થોડી થોડી ઓછી થતી જાય છે. માટે ભાગીદાર તરીકે રહેવું નથી, એ બધુ લખો છો તે ઠીક નથી. બીજુ હવે પહેલાં કરતાં સારૂ થતુ જાય છે. ભીખાભાઇ

બેબી ગોવિંદભાઈ, ચંદ્રકાન્તા વિગેરે આવી ગયાં છે. આવતી કાલે તમને મળશે લી. નારાયણ...જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.** **તા. ૧૦-૧૨-૪૭**
**રાત્રે ૯ વાગે.**

સરસપુરથી પત્ર પોત્યો ઉતર જે તેજા મણીને સહાય કરવા, કેતાં છોડીની દયાથી ઉપડી ગયાં ને તે પોત્યાનો જવાબ પણ આવ્યો બીજુ સવાઆનો આપીને માસીક લેવા વાત સમજ્યા. કારણકે તમને છાપેલું મોકલ્યું તે એક તમે મને મોકલ્યું ને બીજુ તમારી પાસે હસે તેમાં વંચાવજો ને દોઢ થાય તેમાં ०॥। ટપાલ ખર્ચ જતાં સવાઆનો છાપતામાં કીંમત છે. તે વંચાવીને કેવું જે ટપાલ ખર્ચ રૂબરૂથી બચ્યું માટે સવાઆનો લ્યો, ને લાવો બીજુ અહીં સરવે ખુશીમાં છીએ તમારા ખુશીના સમાચાર વાંચ્યા હાલમાં હીંચકા આગળ ટાંકી ખોદીને ઓટલી નીચી ઉતારીને આજુબાજુ જમીન પ્રમાણે કરીને દાદરા પાસેની બે ચોકડીઓની ઓટલી તોડી પોળી જગા કરી તેનું હાલ કામ ચાલે છે. અરે તમે તો તેજા મણીની બા આવ્યાં છે તે બધુ પુછજો કેશે લાંબુ હવે લખવાનું રહેતુ નથી. એજ લી. નારાયણ..જય શ્રી પુરૂષોત્તમ.. પત્ર પોત્યાનો ઉતર લખવા રીપ્લાઇ પતુ મોકલ્યું છે. તા.૧૮મી એ આવવા વિચાર છે.

**શ્રી પ્ર.પુ.** **શુક્રવાર**

પત્ર પોત્યો ઉતર જે ઘડીએ જેમ ભગવાન ઉપાડે તેમ કરવું પણ હાલ રજાઓ છે તે નકામી જવા દેવી નહી. ફરવું ઘેર બેસી રહેવું નહિ. એજ બીજુ ડાહ્યાભાઈનો વિચાર રવિવારે "સવારે નીકળવાનો કરે છે. ને તેમની સાથે મણી પણ આવશે બીજુ ગુરૂવારે ભરૂચ ગયો હતો સવારમાં ગયો ને સાંજે પાછો આવ્યો હતો

ફક્ત બે કલાક રહ્યો હતો હવે બારેજા જવાનો વિચાર ચાલે છે. તે પુનમ પછી કે પહેલાં એમ વિચાર છે. પછી જેમ બને તેમ ખરૂ. એજ લી. નારાયણ જય શ્રી પુરૂષોત્તમ. સરવે ખુશીમાં છીએ.

**શ્રી પ્ર.પુ.**

તમારા છુટા પડ્યા પછી એક સો ચાર મુરતીએ ગોદડાં વાસણ કર્યા. એમ આજે અઠાવીસ મુરતી છે બીજુ અહીં સરવે મઝામાં છે. મણી આજે સંચે બેઠી છે. ફોઇના ચણીયા સીવે છે. ને જીણાભાઇ તવઇ તોડી તાવડો બનાવે છે. ને રૂક્ષ્મણી કલાઇ કરે છે. બચુ વિગેરે દીવાને ફીટીંગ કરે છે. એમ દરેક હલ્લે વળગ્યાં છે. એજ. લી. નારાયણ પત્ર પોત્યાનો જવાબ લખવા રીપ્લાઇ કાર્ડ છે.

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી પત્ર પોત્યો ઉતર જે હું ભરૂચ સોખડા ગયો હતો તે સોખડા હરીપરાના મુળજીભાઇનો કાકો તેનું કારજ હતું એક રાત રહી બારોબાર ભરૂચ ગયો હતો ત્યાં બે રાતો રહી પાછો ઘેર આવતો રહ્યો હતો ત્યાં બીજી કાંઇ જાણવા જોગ નાં હોતું બીજુ બેચરભાઇ પોષાક જુનો લેવા આવ્યા હતા. દરજી કેવી રીતે સીવે વેતરે તે જોવા લેવા આવ્યા હતા. ત્રણ કલાક રહી જતા રહ્યા હતા સાથે સાથે આણંદ સુધી સંગાથ થયો ને તે આણંદ તરફ ગયા અમદાવાદ આવવા ને હું સોખડા ગયો પછી ભરૂચ ગયો ત્યાં પણ બેચરભાઇ સુરતથી આવતા પણ બે કલાક ભરૂચ આવ્યા હતા હું બીજે દિવસે ઘેર આવ્યો એવી રીતે વાત થઇ બીજુ ભીખાભાઇ કહે છે. કે પસાભાઇને શું પરચો થયો તે લખીને છેકી નાંખ્યું છે એમ બોલતા હતા બસ હાલ એજ લી. નારાયણ જય શ્રી પુરૂષોત્તમ. પત્ર પોત્યાનો ઉતર લખવા રીપ્લાઇ પતુ

મુક્યું છે.

**શ્રી પ્ર.પુ.** રવિવાર

તમો અમો ભેગા થયાને છુટા પડ્યા પછી મણીનગરે બેચરભાઇ વિગેરે ઉતર્યા ને ગેરતપુર કાસી ઉતરવા ગઇ એટલે મેં કહ્યું કે, અત્યારે જીવાભાઇ શું કરે છે. તો કહે ઘેર છે. જેથી ઉતરવા ના દીધી ને પોટલુ ઉપાડવા હું સાથે લાવ્યો ને ચોસરવાળાની જોડે સંદેશો કહ્યો કે જીવાભાઇ ને કેજો કે બે ચાર દિવસ પછી હું ભરૂચ જઇશ ત્યારે કાશીને મોકલી દઇશ. એમ કહેવડાવ્યું ને આજે ગામડી કાગળ લખ્યો છે જે કાશીને હું સાથે લાવ્યો છું એમ વચ્ચે અમારે વાત લીલા રૂપે બની એજ. લી.નારાયણના જય શ્રી પુરૂષોત્તમ. ખુશીથી પોતી ગયો છું.

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી બે કાર્ડ આવ્યાં હું સોખડા લગ્ન પ્રસંગે એક રાત રહીને પાછો આવ્યો બીજુ મણીને માલમ થાય જે હરમાનદાસ જોડે એક પેન તથા એક ઈંગલીશ પેન્સીલ મોકલી છે તે પોતેથી જવાબ લખશો ને મ્યુનિસિપલમાં દાખલ થઇ નામ ભરે ને ફી આપે તે લખશો. નહીતો ગોવિંદભાઇ કે વલ્લવભાઇને કેજો કદાચ તે કામમાં ભૂલી જાય માટે સંભારી આપજો જેથી આ એકજ વખત દાખલ થતાં વાર થાય પછી વાંધો નહી ને ફાયનલની પરીક્ષા ચાલુ હશે તે પણ વલ્લવભાઇને સંભારી આપશો કારણકે ફરી મહેનત ના કરવી પડે એજ ખોડાભાઇને સારૂ થતુ જતુ હશે સમાચાર લખશો રીપ્લાઇ છે. લી. નારાયણ....

**શ્રી પ્ર.પુ.**

અમારા સરનામાનો આજે પત્ર આવ્યો વાંચ્યો. બીજુ કુવા કામે મજુર આવ્યાં છે. ને ડાહ્યાભાઇ આજે એન્જીન ચલાવસે તે

પાણી પોતે છેકે કેમ, તે જોશે પછી આગળ બીજુ કામ લઈશુ એમ અમારી વિગત થઈ છે. બીજુ આજે દયાભાઈ સવારમાં ગાડીએ બેસી ગયા છે. તે બીકાનેર જવાનું કહેતા હતા પછી જ્યાં જ્યાં જાય ત્યાં ખરી. એજ લી. નારાયણ..જય શ્રી પુરૂષોત્તમ.... મઝામાં છીએ.

**શ્રી પ્ર.પુ.** **તા. ૧૧-૧૦-૪૩**

સરસપુરના ભક્તોનો પત્ર પોત્યો ઉતર જે હાલ તો લીલામાં તો ખાઈ પીને ભજન કરીએ છીએ કોઈના કાગળ પત્ર આવે તો ઉતર લખીએ છીએ. બીજુ તમે વાવોલ ગયા હતા તે વાત જાણી. વળી દીવાળી ઉપર ત્રણ રજાઓ છે તે ઉપર આવવાનું મન થાય છે. તો જેને મન ઉપડે તે આવજો નોકરીવાળાને ત્યાં રજા મળે ત્યારે મન થાય તે પણ પુરતી રજા મળે ત્યારે જવાય અવાય સરવે રીતે સાનુકુળ મળે ત્યારે જવાય દીવાળી ઉપર ઘણા લોકો ઘેર જનારા તેથી ભીડ તો વધારે થાય કારણકે શકરીબેન તથા મરાઠી બે આ રજામાં આવ્યાં હતાં. તે કેતાં હતાં કે મેં સરસપુરવાળાને ખોળ્યાં પણ જડ્યાં નહીને ટીકીટની ભીડ હતી તો બે રજામાં એમ થયું તો દીવાળી ઉપર ભીડ વધારે થાય એમ સ્વાભાવીક વાત છે એતો વેલા ઉઠીને જાય ત્યારે વેલી ટીકીટ મળે પણ જવાશે શી ઉતાવળ છે. એને ટીકીટમાં ઉભુ રહેવું પડે બૈરાંને પણ હવે વાર લાગે છે એમ સકરી કેતાં હતાં તે એક વખત ઘેર ગયા ને પાછા આવ્યાં એમ કહેતાં હતાં લ્યો. જય શ્રી પુરૂષોત્તમ. પત્ર પોત્યાનો ઉતર લખવા કવર મુક્યું છે. લી. નારાયણ...

**શ્રી પ્ર.પુ.** **શનીવાર**

ડાહ્યાભાઈને માલમ થાય જે ખોડાભાઈનું શરીર સારૂ છે. પણ મંદિરમાં હરે ફરે છે. પણ બહાર જાય તો ચાલવાની શક્તિ

ઓછી છે. જેથી અમે રજીસ્ટર કરીને આજે રજા માગી છે. જેથી તમો કેતાં ગોવિંદભાઇ તથા નારણભાઇ તપાસ કરશો જે પત્રકમાં રજા મંજુર કરી છે કે કેમ તે જોશો બીજુ મણીને પાનકોરનાકે નીશાળ છે ત્યાં નામ ઘલાવજો મેં પણ વલ્લવભાઇને લખ્યું છે. ને મણીને કેજો જે સારૂ શરીર થશે ત્યાં સુધી રહીશું કશી ફીકર કરીશ નહી. આનંદમાં રહેજે એજ પત્ર પોત્યાનો જવાબ લખવા રીપ્લાઇ કાર્ડ મુક્યું છે. લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.** **બુધવાર**

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો હકીકત ભીખાભાઇએ વાંચી. બીજુ પગે કામને પ્રસંગે ચાલવું પડે તેથી દુઃખ વેલુ મટે નહી પણ પહેલાંના કરતાં ઓછુ છે. હાલ જે ટોપીવાળો ફોટો મોટો છે ને તમે ફૂલાં રંગથી પાડ્યાં હતાં તે ફોટા માટે તે જગાએ રેતી સીમન્ટથી ડેરી કરવાનું કામ ચાલે છે. ને તે કામ ગોરધન કાછીઓ કરે છે. પગારના દરરોજના ત્રણ રૂપિયાને ખાવા પીવાનું કર્યું છે. ચારેક દિવસ તેમાં લાગશે. રૂપાળીબેનને ભીખાભાઈએ રૂા. ૧૨૦ આપ્યા છે. તે મને મુકવા આપ્યા છે. ગુરૂવારે આદરભાઈ જડાવ બે જણ નીકળશે અમદાવાદ આવશે ને ત્યાંથી મીરોલી જશે. એજ લી. નારાયણ.. જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.**

ઘણા દિવસથી પત્ર નથી હવે નવીન લીલા શ્રીકૃષ્ણ ભગવાનની માફક થઈ છે. તે જજો નહી તો મણી તમને કેસે કુંજમાં લખ્યું છે. એજ લી. નારાયણ... જય શ્રી પુરૂષોત્તમ.. અહીં સરવે મઝામાં છીએ.

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો જીવરામે પ્રસાદ લીમડો

વિગેરેની વાત વાંચી બીજુ વાની વાત તે જાણી બીજુ નાનાં દીવાળીની વાત તે જાણી પણ એતો બીજાને શીખામણ દે પણ પોતા ઉપર આવ્યું ત્યારે અજ્ઞાન ભરાયું માટે બૈરાં માત્ર તો પ્રેમીનું અંગ કહેવાય જેથી એમજ ભરઢોળ થયા કરે જુઓને અમારે ત્યાં મણીની ફોઈ છે તે દરરોજ કે છે કે ઘેર તો રહેવું નથી. ને અમને મુકીને જાજા કરો છો. તે શું અમને ગમતુ હશે ? અમે અહીં રહ્યાં બધુ મુકીને તે તમે જુઓને જેને દરશન કરવાં હશે તે ઘણાં અહીં આવશે એમ કરીને આંખોમાં પાણી કાઢે છે. માટે એતો પીયેર જાય તોય રડે ને સાસરીએ જાય તોય રડે તે ભક્ત ચીંતામણીમાં છે. " એને આવડે હસતાં ને રોતાં " માટે એતો એમજ હોય લી.નારાયણ...

**શ્રી પ્ર.પુ.** **તા. ૨૫-૧૧-૪૮**

સરસપુરથી પત્ર આવ્યો. વાંચ્યો બીજુ રૂપાળીબા હજુ નથી આવ્યાં આજ કાલે આવશે તથા ઉદરસ તો મટાડવાનું લખ્યું તે મટાડાય નહી. એને થવું હોય તો થાય કારણકે સકામમાં પડાય ને કોઈનું હોય તે ભોગવી લેવું પડે માટે એતો જેમ જ્યારે મટવું હોય ત્યારે મટે લોકીકમાં મરચુ તેલ વઘાર નથી ખાતો એમ વર્તમાન પાળવા આવી હોય તે હરી ઈચ્છા માટે એજ ઉતર વાલજીભાઈ તથા પરસોત્તમ તરંગ વાંચે છે. તે ઠીક લીલાથી મુરતી યાદ આવે ને જ્ઞાન થાય. માટે તેઓ ઠીક કરે છે. ઘણો આનંદ થયો કે એટલું ભજનમાં વખત જાય છે. એજ લી. નારાયણ.. જય શ્રી પુરૂષોત્તમ રીપ્લાઈ પતુ છે.

**શ્રી પ્ર.પુ.**

આજે શનીવારે મણીબેન સુખેથી પોતી ગયાં છે ને અક્કલ સારી વાપરી છે. કારણકે આણંદથી બોરસદની મોટરમાં બેસીને

તરત ભાદરણની મળી ગઇ જેથી, સાડા નવ વાગે ઘરમાં પેસી ગયાં ને ફોઇ રાજી થઇ ગયાં જો આણંદથી ભાદરણનીમાં બેઠા હોય તો સવા અગીયારે આવત, કારણકે ભાદરણની મોટર આણંદથી ફાસ્ટનાં માણસ લઇને ઉપડે છે. તેમાં વળી જગા હોય તો બેસાડે પણ આતો આણંદથી તરત ઉપડતીમાં બોરસદનીમાં બેઠાં ને બોરસદ તરત ઉપડે તે ભાદરણ વેલાં સાડા નવે આવી ગયાં. એજ લી. નારાયણ... જય શ્રી પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો બેસતાવરસ નીમીતે આજે જેણે જેણે થાળ કરાવ્યો તે વાત વાંચી બીજુ અહીં સરવે ખુશીમાં છે. મણી મઝામાં છે. બીજુ શાહપુરની તથા સરસપુરની છોડીઓ શુક્ર કે શનીવારે ઘેર આવવા ધારે છે. તેમજ મારે જોગ હશે તો હું પણ આવવા ધારૂં છું. પછી હરી ઇચ્છા તેમજ આજે રવિવાર આવે છે તેજ રવિવારે તા.૩૦મીએ શાહપુરમાં ભેગા થવાનો વિચાર નક્કી કર્યો છે. હવે ખસનું દરદ મટી ગયું છે. બીજુ અહીં સરવે ખુશીમાં છીએ આજે બપોરે અગીયાર વાગે તમારા તમામનો થાળ પોતી ગયો છે. તમારા પત્ર પ્રમાણે એજ લી. નારાયણ. જય શ્રી પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ.**

પત્ર પોત્યો ઉતર જે તમે બધાં આઠ વાગે ગયાં તે વાત ગોવિંદભાઇએ લખી હતી પણ, ડાહ્યાભાઇએ લખ્યું કે તેજા ગયાં ને અમે આઠ વાગે ગયાં માટે મેં લખ્યું તે ડાહ્યાભાઇના લખાણમાં ફેર પડ્યો બીજુ પહેલો પગાર ગોવિંદભાઇને આપ્યો તે મેં ગોવિંદભાઇને પાછો આપ્યો ને બીજો પગારમાં ખોરાકી પેટે તમને આપ્યો તેમાં દસમો મને આપ્યો વિગેરે વાત જાણી પણ મેં

ગોવિંદભાઇને આગળ વખતે પૈસા આપી દીધા હતા તેમાં બધાં બેઠા હતાં તે તમે જાણો છો. ને મેં પણ ગોવિંદભાઇને લખ્યું છે. કે પગારનો હીસાબ તમે રાખજો. ને મેં તમને આપ્યા તે રાખજો એમ વિગત ગોવિંદભાઇને મેં લખી છે. એજ લી. નારાયણ જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો હકીકત જાણી પ્રભુ સંભારીને દરેક કામ કરવું જેથી સુખ પડે તેમ પ્રભુ કરે બીજુ જડશે તો રાખી મુકી મુકીશુ જડશેતો લેતો આવીશ બીજુ હું તા.૨૬ પુનમ પછી બીજને ગુરૂવારે અમદાવાદ આવવા વિચાર છે. તે ગુરૂવારે બપોરે મીલો બંધ રહે છે. તેટલોજ ટાઇમ અડધો કલાક સરસપુર રહીશ પછી જીણાભાઇને ત્યાં જઇશ તે કુંડળ કાને રહેતાં નથી તેને માટે દુરસ્ત કરાવવા રહીશ ને પછી બજારમાં ઝાંઝર ને પાવડીઓ માટે ફરવાનું છે. એટલે આ વખતે રાત નહી રહેવાય જોગ આવશે તો જીણાભાઇને ત્યાં રહેવા વિચાર છે. કામ કરાવવા માટે એજ લી. નારાયણ...

**શ્રી પ્ર.પુ.**

સરસપુરના સમુહને માલમ થાય જે હમે આનંદમાં છીએને તેજાને માલમ થાય જે મણી મઝામાં છે. બીજુ અમે હવે લીંગડથી સાંજ સવારે નીકળવા વિચાર છે. હવે મણી કે છે કે બેચરકાકા ગયા માટે તમે શાહપુર મુકવા આવજો નહીતો અમે તમારી જોડે ભાદરણ આવીશુ. એમ મણી કે છે એજ લી. નારાયણ..જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.**

તમો અમો છુટા પડ્યા પછી લોકલના લઇને ઉપડીને સાડા

નવ વાગે તરત પોતી ગયાં છીએ પહેલી તારીખથી ફાસ્ટનાં લેવા ઉભી રહેતી નથી જેથી ઠંડે પહોર ઘેર પોતી ગયાં છીએ. બીજુ રૂપાળીને તેડવા દીયેર દેરાંણી જીબા વીગેરે તમારી ભાભી શીવણ કામ શીખે છે. તે ત્રણ જણ તેડવા આવ્યાં હતાં. રવિવારને દિવસે છોટાઉદેપુર હું હતો ત્યારે તે રવિવારે આવ્યાં હતાં ઉત્તરમાં કહ્યું કે રહેવા નથી આવવું એટલે રીસાઇને જતાં રહ્યાં હતાં વસઇના ખુસાલભાઈની બેનને ત્યાં ઉતર્યા હતાં. રૂપાળી રાજીમાં છે. રૂપાળીને જવું નથી.

શ્રી પ્ર.પુ. તા. ૪-૩-૪૯

ખોડાભાઈની વતી ડાહ્યાભાઈએ પત્ર લખવાનું શરૂ કર્યું તે વાત જાણી બીજુ દવાખાનામાં ગયા ને સુગમ પડ્યું ત્યાં કોઈને રહેવાની જરૂર નથી. વિગેરે વિગેરે સરવે વાત જાણી બીજુ ભીખાભાઈને પણ શાહપુર ગયા વાત જાણી બીજુ ભીખાભાઈનું કામ હોય તો રાખશો અહી ચાલે તેમ છે. પણ જો પાંચ છો દિવસથી ઓછા રાખવાના હોય તો રવિવારે સાંજે મોકલજો તે વધારે રાખવાના હોય તો હરકત નથી. કારણકે મારે સોખડા જવાનું છે. પણ તમારે કાંઇ હોય તો મારે સોખડા ગયા વિના ચાલશે. ત્યાં એવું કાંઇ ખાસ કામ નથી. તે સરવે ભીખાભાઇ જાણે છે. તેથી ખોડાભાઈને કામ હોય તો ભીખાભાઇ સરસપુર છો રહ્યા માટે વેલા મોડા આવશે તેની હરકત નથી. તેજા તથા ખોડાભાઇ કહે ત્યારે ભીખાભાઇ ભાદરણ આવે અમારે અહીં કોઇ જાતની તકલીફ પડતી નથી. માટે ભીખાભાઇ સુખેથી સરસપુર જેટલું રાખવું હોય તેટલું રાખશો. એજ લી. નારાયણ.. જય શ્રી પુરૂષોત્તમ....

શ્રી પ્ર.પુ. ગુરૂવાર

ભીખાભાઈને માલમ થાય જે ખોડાભાઇ તથા તેજા કહે ત્યાં સુધી રહેજો અને રજા આપે તો આવજો અહીં કાંઇ કામ બગડે તેમ નથી.અને વેલી રજા આપે તો વહેલા આવજો સોમવારે સોખડા જવાનું મારે છે. તો રવિવારે સાંજે આવસો તો પણ ચાલશે. ને તેથી રવિવારે ના અવાય તો હરકત નથી. કારણકે સોખડા ગયા વિના ચાલશે કાંઇ જરૂર જેવું નથી. પણ ખોડાભાઇ તેજા રજા આપે ત્યારે આવજો. બીજુ શાહપુર ખબર કાઢજો તે જો તમારા આવતા પહેલાં મોટર આવતી હોય તો મોટરમાં આવજો વેગન કરવા તજવીજ કરે છે. એમ કાલના પત્રમાં હતું ને જો મોટી ગાડીએ લાકડાં લાવે તો કાંઇ ઉતાવળ નથી. ને મોટર આવે તો મોટર જોડે આવજો ને પાછા મોટર જોડે જતા રહેજો. આ પત્રનો ઉતર પોત્યાનો લખજો. રીપ્લાઇ પતુ મુક્યું છે. ડાહ્યાભાઇએ પત્ર લખ્યો હતો હવે બપોરે ટપાલ જોઇએ ને શું આવે છે. તે જોઇને લખીશું ટપાલમાં કાર્ડ આવ્યું વાંચી આનંદ થયો જે મીલમાં રજા મળી ને જગા પણ મળી જેથી નાસાનાસ નહી કરવી પડે દવા પણ ત્યાંથીજ થશે. એમ વાત જાણી હવે ભીખાભાઇ ત્યાર પછી જે શાહપુરની હકીકત લાવે તે ખરી ગુરૂવારે વડોદરાથી ગોવિંદભાઇનો પત્ર છે. જે વેગનની તપાસ ચાલે છે. હવે ગુરૂવારે જે લખે તે ખરૂ શુક્રરે હકીકત આવશે રીપ્લાઇ પતુ મુક્યું છે.

**શ્રી પ્ર.પુ. સોમવાર**

સવારમાં ઉઠીને લખું છું કે મેં તમને બે દિવસ ઉપર પત્ર લખેલો કે કેટલે વાગે ટપાલ તમને માંડામાં મોડી મળે છે. કારણકે કુંજમાં સાંજના પાંચ છો વાગે પોતે છે. માટે તમને આ કાર્ડ મળે કે તરત કાલુપુર ગોડાઉનમાં જઇને કેજોકે ગોકળભાઇનું પારસલ

આવ્યું છે તે રસીદ કુંજમાં બીડી છે. તે ગોકળભાઈને ટેલીફોન કરો જેથી તે ટપાલની તપાસ કરશે. હવે કાલુપુરનું ગોડાઉન પેસાબખાના પાસે જાંપો છે ત્યાં કોઈ ગમે તે ત્યાં હશે તેને કેશો તે ટેલીફોન ગોકળભાઈને કરશે. તમારે કુંજ સુધી નહી જવું પડે હવે જે રાતપાળી જતા હોય તેને ખબર કહેવા જવાનું બસ હવે ટપાલ આવ્યા પછી લખીશું. કદાચ તમારી આવે તે વાંચીને આમાં શું થયું તે હકીકત લખવા આ સાથે રીપ્લાઈ કાર્ડ છે તે લખશો બીજુ સોમવારે તમારો રીપ્લાઈ કાર્ડ આવ્યો ટપાલ ટાઈમ વાંચ્યો માટે આ પત્ર વાંચીને કાલુપુર ગોદામમાં કહેજોકે બે ડબ્બા મોકલ્યા છે. તે રસીદ કુંજમાં મોકલી છે તે લઈ આવજો ગોકળભાઈ ના હોય તો કુંજમાં ટેલીફોન કરાવજો. જેથી બચુ હરી જાણશે. બીજુ ભીખાભાઈ આવી ગયા છે. હરમાનભાઈના જોવા ઉપર રાખ્યું છે. બીજુ ખોડાભાઈને મોટરમાં બેસીને જાય ને આવે એમાંથી પૈસા થશે અને દવાની બાટલી જે કેછે તે લાવીને પીવા માંડજો તે બાટલીના પૈસા હું આપીશ હાલ નહીતો એક બે દિવસમાં મનીઓર્ડર કરી. એજ લી. નારાયણ..જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ. બુધવાર**

મણીનો પત્ર કાલે પોત્યો હતો. તેનું વધેલું કાર્ડ આજે લખું છું જે બબુભાઈ આ શનીવારે ભાદરણ આવે નહી કારણકે કુંજમાંથી બધાંનો પત્ર છે જે આવજો. જેથી શનીવારે બબુભાઈ આવે નહી તે કુંજમાં લખ્યું છે. પણ તમને સેજે સેજે બબુભાઈ મળે તો કહેજો નહીતો કુંજમાંથી કેસે નહીતો હું તેમને પરભાર્યો લખીશ રાયપુર પણ તમે કુંજમાં કે રાયપુર કેવા જસો નહી. મારે જોગ પડશે ત્યારે હું આવીશ પણ રવિવાર પહેલાં આવીશ એમ હાલમાં વિચાર છે. પછી જે સમે જે બને તે ખરૂં અને સેજે જે જેને મળે તેને કેવું જે

આ રવિવારે આવવાના છે. એજ લી. નારાયણ.. જય શ્રી પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ.**

તમો અમો છુટા પડ્યા પછી મોટરમાં બેસી ઘેર પોતી ગયો છું. ચાલવામાં કોઈ જાતનું દુઃખ નથી થયું તે જાણશો. અહીં સરવે ખુશીમાં છીએ. તમારી ખુશીના સમાચાર લખતા રહેશો. એજ લી. નારાયણ જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.** **શુક્રવારે**

પત્ર પોત્યાનો ઉતર જે હવે એકાદ દિવસમાં આવીશ એમ લાગે છે. પછી કોઈ આવે તો આઘુપાછુ થાય બીજુ અહીં સરવે ખુશીમાં છીએ. તમારા ખુશીના સમાચાર પોત્યા છે. હવે તો આ પત્ર શનીવારે પોતશે પછી રવિવાર આવ્યો એટલે રાહ જોવાની નહી. સોમવારે તો પત્ર આવેજ નહી માટે હવે આ પત્ર શનીવારે પોતશે. પછી શની કે રવિ સંઘાથ હસેતો શનીએ આવીશ નહીતો રવિવારે નહીતો રવિવારે સાંજે જો બબુભાઈ આવે તો સોમવારે બપોરે આવું તેનાજ વિચાર ચાલ્યાજ કરે છે. એજ લી. નારાયણ. જય શ્રી પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ.**

ખોડાભાઈને માલમ થાય જે હવે કોઈ પ્રકારની કસર નથી. મોસંબી આદી ફળ ભાવતું નથી. એ સોખની વસ્તુ નથી ભાવતી. લી. નારાયણ...

**શ્રી પ્ર.પુ.** **તા. ૧-૧૦-૪૮**

સરસપુરથી પત્ર આવેલો તે વાંચ્યો પરંતુ મારે બહારગામ જવાનું હતુ તેથી મેં ઉતર માંડો લખ્યો છે. કારણકે પાઈપો લેવા

કુવા માટે તેથી મોડું લખાયું છે. બીજુ ખોડાભાઈ લખે છે કે તબીયત ઠીક રહેતી નથી તેતો ધીરે ધીરે સારી થશે. એકદમ કામે ચઢેલા જેથી આકરૂ પડે માટે ચીંતા કરશો નહી તમારા ખુશી સમાચાર પત્ર લખવા આ સાથે રીપ્લાઇ પતુ છે. અહીં સરવે ખુશીમાં છે. બીજુ કમોદના ચોખા ખાઈને ભીખાભાઈ ને કેડોમાં વા આવ્યો છે. તે ઝટ બેસાતુ ઉઠાતુ નથી. ઉઠ્યા પછી સાજા જેવા ચાલે છે. ને બેસતાં વાર લાગે છે. પણ આખો દિવસ શાકનાં વાંદરા હાંકે છે. સેજ જાણવા લખ્યું છે. લી. નારાયણ...

**શ્રી પ્ર.પુ.** **શુક્રવાર**

સરસપુરથી પત્ર પોત્યો ઉતર જે માસીકના આપણે પૈસા પહેલા ભરવા નથી. ને વીણાવાળાને ત્યાં જાવ જીણાભાઈને ત્યાં જાવ ત્યારે કેજો કે અમને જ્યારે નકલ એક આપશો ત્યારે તમે સવા આનો લખો છો તે સવાઆનાની એક હું લઈશ એમ કહેજો. પણ પહેલા દોઢ નથી ભરવો ક્યાં ઉઘરાણી કરીએ કદાચ ના છપાવે તો ફેરાખાવા પડે માટે વીણાવાળાને ત્યાં કીરતનની ચોપડીઓ માગતુ અવાય ને તે ભેગું કહેતું અવાય જે સરસપુરમાં હું રહું છું તે મને નકલ આપશો એટલે સવા આનો આપી દઈશ. એમ કહેજો ને વીણાવાળાની કીરતનની ચોપડી લેતા આવજો. જીણાભાઈને ત્યાં જાવ ત્યારે ફેરા ભેગો ફેરો ખાવો, એને માટે જવું સારૂ નહી. વખત જાય સરસપુર ખાતે તમારે એક જણને લેવી તે બધાંને વાંચવા આપવી એટલે ભાવ પુરો થાય પણ પહેલાં દોઢ રૂપિયો આપણે નથી ભરવો. એજ લી. નારાયણ.. જય શ્રી પુરૂષોત્તમ. દયાભાઈ તો વાયદા ઉપર વાયદા ચાલે છે.

**શ્રી પ્ર.પુ.** **શનીવાર**

શનીવારે સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો બીજુ જે જોગ

મેળવ્યો તે ખરો પ્રભુ જેમ કરે તેમ સારૂ જ કરે માટે આનંદમાં રહેવું બીજુ ભીખાભાઈને જ્યારે તેજા ખોડાભાઈ રજા આપે ત્યારે આવજો. એવું અહીં અડચણ જેવું નથી. ત્યાં જરૂર હોય તો રહેજો સોખડા ગયા વિના ચાલશે પેલી બાબત માંદાને સાચવજો. અને વળી તમારા ઘણા વરસના જોડીઆ છે. સોખડા તો જ્યારે ત્યારે જવાશે ઉતાવળ નથી. માટે ખોડાભાઈ તેજા રાજીથી રજા આપે ત્યારે આવજો એવું કાલે શુક્રવારે પણ લખ્યું હતું તે પોત્યું હશે વળી શનીવારે તમને ફરી લખ્યું છે. બીજુ શાહપુરથી તમે સમાચાર મોકલ્યા તે જાણ્યા માટે એની પણ ઉતાવળ નથી. જેથી બંન્ને જણ રજા આપે ત્યારે આવજો ઉતાવળ કરશો નહી ને જ્યારે આવો ત્યારે શાહપુરથી બધી જાતની થોડી થોડી ચોપડીઓ લેતા આવશો ને કદાચ જો જોગના આવે તો ચોપડીઓ વીના પણ ચાલશે કદાચ ટાઈમ પુરો ના હોય તો વાંધો નથી. પણ માંદાને સાચવજો રજા આપે ત્યારે આવજો. અહીં જરૂર નથી. એજ લી.નારાયણ...જય શ્રી પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ.**

આજે સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો ઉતર જે તમે નીશાળે ચાલુ થયાં તે વાત જાણી વળી શાહપુર આપી આવ્યાં તે વાત જાણી. બીજુ બચુભાઈ શુક્રવારે કુંજમાં આવશે, તેમની સાથે તમારા બાપા માટે મોકલીશ તે લેતાં જજો. હરમાનભાઈ આવ્યા ને ગયા વિગેરે વાત બચુભાઈએ કરી હતી. એજ મઝામાં છીએ. લી. નારાયણ.. જય શ્રી પુરૂષોત્તમ..

**શ્રી પ્ર.પુ.**

તમારા અમારા છુટા પડ્યા પછી હું આઠ વાગે ઉતરીને મોટરમાં બેઠો ને સવા નવ વાગે ભીખાભાઈ મોટરે આવ્યા હતા

તે પોટલું લીધું ને ચાલ્યા ને રૂપાળીએ માથું છાસથી ધોયું ચોળ્યું જેકાભગતે પાણી મુક્યું નાહીને જમ્યાને પછી કેટલાક પત્રો આવેલા તે વાંચ્યા ને દરેકને જવાબ લખવાના શરૂ કર્યા એમ ઘેર સુખેથી પોતી ગયો છું એજ લી. નારાયણ... જય શ્રી પુરૂષોત્તમ.. ખોડાભાઈને ચશ્મા બેઠા કે કેમ તે તેજાને પુછવાનું રહી ગયું.

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી પત્ર પોત્યો ઉતર જે તાવ મટ્યો ને રજા માગો છો તો સેજે રજા મળે તો ખરૂં નહીતો હરી ઈચ્છા એજ લી. નારાયણ. આજે ૪૨ મજુર છે ને તેર ઘરનાં ૧૩ તે દરેકને કામ બતાવવું તેમાં નવરાશ નથી. લી. નારાયણ...

**શ્રી પ્ર.પુ.** **ગુરૂવાર**

આજે શાહપુરથી વલ્લવભાઈનો પત્ર આવ્યો વાંચ્યો જે ખોડાભાઈને દિવસે દિવસે સારૂ થતું જાય છે. તેમજ ગોવિંદભાઈએ શાહપુરથી તમારા સમાચાર લખ્યા તેમજ બીજુ વલ્લવભાઈએ મણીને દાખલ કરી રૂા. ૬ લીધી તે નારણભાઈએ તમને કહી હશે, કારણકે નારણભાઈ સર્ટીફીકેટ લઈ ગયા ને અર્ધુ લઈ ગયા હતા તે મંગળભાઈને ફરી મોકલી ગુજરાતીમાં ફરી વધારે હકીકત લખાવીને વલ્લવભાઈને આપ્યું તે મોડું થયું તે દાખલમાં આનાકાની કરી હતી જેથી તે બાબતની વાતચીત કરતાં પછી ફી લીધી એવું વલ્લવભાઈએ લખ્યું હતું એજ લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો જાડાવાળાની વાત જાણી. જ્યારે સેજે સેજે બને ત્યારે ખરૂં સાદાવાળા તે તો કલીપોવાળા કાપીને તે વાપરીએ છીએ. ને બળેલા પણ કાપીને તે વાપરીએ

છીએ ને કાંટાવાળા તમારા ધોળા પણ વાપરીએ છીએ ને નવાં બંડલ નવ લાવ્યા તે પણ વપરાય છે. હાલ મજુર છવીસ આવે છે. ઘરનાં દસ છે. એમ હલ્લો છે. લી.નારાયણ જય શ્રી પુરૂષોત્તમ

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી પત્ર આવ્યો ને ખુશીથી પોતી ગયા છો એ વાત વાંચી શાહપુર ગયા ને ત્યાં જઈ શાક રોટલી જમ્યા તે સરવે વાંચ્યું ને બેચરભાઈને તાવ ઉતર્યો છે. તે વાત જાણી છે તેમ બાપાને ઉદરસ તાવ આવે છે. તે વાત જાણી હાલમાં અમારે હજુ સમૈયાનું કામકાજ ચાલે છે. જુઓને તમારો પત્ર આવ્યો ત્યારે ભીખાભાઈ અંબાલાલ બેઠા કારણકે છોટા ઉદેપુરનાં ગોદડાં, ખાટલાનાં ગોદડાં, ઓઢવાનાં, બૈરાંનાં વિગેરે સૌ સૌની જગાએ મુકી દેવાં કારણકે લઈ જવાં લાવવાં ના પડે એમ ગોઠવણ કરે છે. હજુ સમૈયાનું કામકાજ ચાલે છે. અહીં સરવે મઝામાં છીએ. હવે અમે અત્યારે છો જણ છીએ. લી. નારાયણ. જય શ્રી પુરૂષોત્તમ

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો બીના જાણી બીજુ તમામ જે જે આવેલા હતા તે સરવે સૌ સૌને સ્થાને પોતી ગયા તે વાત જાણી તમે આજે તમારો પત્ર આવ્યો વાંચ્યો ને સઘળી બીના જાણી. તેજાને તાવ આવે છે. તે તો વાવોલનું પાણી ઉકરડા વાળું તે ગુણ દાખવેજ એમાં શું શક છે. એજ લી. નારાયણ જય શ્રી પુ.

**શ્રી પ્ર.પુ.**

તમારા અમારા છુટા પડ્યા પછી ગાડી ઉપડી તે પોચી આઠ વાગે ને ત્યાંથી મોટરમાં ત્રણેય જણ બેઠાં ને મોટરમાં ભીડ નહોતી ને ગાડીમાંતો તમે જોયું હતું તેટલાંને તેટલાંજ હતા પછી મોટર સવાનવ વાગે ઘેર પોતીને અંદર પેઠા ભીખાભાઈ લુંગડાં ધોવા

ગયા હતા પણ મારી પાસે ચાવી હતી તે અંદર પેસી ગયા ને નાહી ધોઈને કોદરી દાળ ખાઈને સુઈ ગયો તે ટપાલ આવી ત્યારે ઉઠ્યો ને આ પત્ર લખુ છું જે ત્રણેય જણ ખુશીથી પોતી ગયાં છીએ. ડાહ્યાભાઈને તરત વીદાય કરતા હતા પણ રૂપાળી કે છે કે આવો વાતો કરીએ તે વાતોમાં ગાડી ઉપડી ગઈ. લી. નારાયણ. જય શ્રી પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી આજે પત્ર આવ્યો તા.૩ એ રજા નથી સોમવાર છે. તે વાત જાણી ઘણાં ખરાંને લખ્યું છે. પણ બાકી હતુ તેને લખ્યું છેકે રવિવારે મીલોમાં રજા નથી તેથી રવિ સોમ બે દિવસ રહીશ એમ બાકી હતાં તેને લખ્યું છે. લી. નારાયણ..જય શ્રી પુરૂષોત્તમ.

જે ખોડાભાઈ કે ડાહ્યાભાઈ બુધવારે સ્ટેશને આવે જે રાતપાળી વાળો આવે તે સ્ટેશનથી અમદાવાદ આણંદની ટીકીટ લઈ રાખજો કારણકે રૂદેલના અંબાલાલ સાથે સ્ટેશન સુધી આવશે ને પુણા અગીયાર કે બાર ની ગાડીમાં પાછા ભાદરણ આવવાના છે. માટે આણંદની ટીકીટ એક લઈ રાખજો જેથી એમને પાછાં ફરતાં વાર ના લાગે. એજ રાતપાળી વાળો હોય તે આવે. લી. નારાયણ જય શ્રી પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ.**

ખોડાભાઈ તેમજ લલીનો લખેલો પત્ર આજે આવ્યો વાંચ્યો હકીકત જાણી બીજું અહીં સરવે ખુશીમાં છીએ તમારી ખુશીના સમાચાર લખતા રહેશો બીજુ મણી રવિવારે કે સોમવારે અમદાવાદ આવશે આણંદ સુધી સંઘાથ થશે ને હું ત્યાંથી આણંદથી ભરૂચ જઈશ હું રવિ કે સોમે નીકળી જઈશ અહી સરવે ખુશીમાં

છીએ તમો ખુશીમાં હશો. એજ લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ

**શ્રી પ્ર.પુ.**

તમારો પત્ર પોત્યો ઉત્તર જે આજે થાળ નીમીતે આવી ગયું છે. બીજુ અહીં સરવે ખુશી આનંદમાં છીએ તેમ ખોડાભાઇને જરા મંદવાડ આવી ગયો હતો તે હવે મટ્યું છે, ને મીલમાં જાય છે. મણીને રજા પડી છે. જેથી અમારે ત્યાં નીશાળીઆ આવ્યાં છે. લી. નારાયણ....

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો બીના જાણી. બીજુ ભરૂચ જવાનું તે તો બુધવારે સાંજે ભીખાભાઇ આવ્યા એટલે ગુરૂવારે સવારમાં હું ને જેકાભગત બંન્ને જણ ભરૂચ ગયા ને શનીવારે સાંજે ભરૂચથી પાછા ઘેર આવ્યા ને હવે પડવાને દિવસે હરીપરા જવાનું થાય છે. કારણકે ઘણી જગાએ જવાનું લખે છે. જેથી થોડે થોડે જમે કરાવી તો ઉધાર પાસુ પતતુ જાય. જુઓને રસ્તામાં ખાધા પીધાનું નિયમીત જતુ રહે છે. જેથી શરીરમાં ચેન પડતું નથી. પણ દેવાદાર શી રીતે મટાય માટે હરીપરા જવાનું પડવે રાખ્યું છે. લી. નારાયણ. સોમવારે જઇશું સાંજે પાછો આવીશ આણંદ થી નાંખું છું.

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો બીજુ હવે મણીને મટ્યું તેમ નાની મણીએ લખ્યું તે વાત જાણી. બીજુ આવીશું ત્યારે પત્ર લખીશું હજુ તો પુનમ પછી બે પાંચ દિવસ પછી થી વિચાર થાય કારણકે આતો માણેકઠારી તેથી ભીડનો પાર નહી માટે ભીડ ઓછી થવાના સંભવે આવીશું તે લખી જણાવીશું બીજુ મારૂ શરીર સારૂ

છે પગે જુનો વા હતો તે ઢીંચણે જરા ચાલીએ ત્યારે દુઃખે છે એમતો નરાતાર ખાટલે નથી. પણ આખા દિવસમાં બે મૈલ તો મુકામમાં ચાલું છે. મજુરને લીધે માટે હરૂં ફરૂં છું પણ પગે ઢીંચણે વા ની અસર છે. એજ લી. નારાયણ.જય શ્રી પુરૂષોત્તમ.

**શ્રી પ્ર.પુ. શુક્રવાર**

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો શાહપુર સરસપુર જીણાભાઇ વિગેરેની ખબર અંતર લખી તે સરવે જાણી બીજું અહીં સરવે ખુશીમાં છીએ હવે હાલ બે આની પગે દુઃખ છે બજારમાં ધીરે ધીરે જવાય છે. ભાણીને આંખે સારૂ થતુ જાય છે. તે વાત જાણી આજે રામનારાયણે પગનો લેપ મોકલ્યો તે ચોપડવાનું લખ્યું છે. એજ લી. નારાયણ...જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી પત્ર આવ્યો બીના જાણી ગઇ કાલે ઘેર આવીને સરસપુર પત્ર લખ્યો છે. પોત્યાનો અને મારી તબીયત ત્યાંના કરતાં ઘણી સારી છે. આજે પુનમીઆ આવ્યા છે. તે વળતી ગાડીમાં જવાના છે. તેમ હું પણ રવિવારે ભરૂચ ફાસ્ટમાં જઇને મળસ્કે લીંગડ જઇશ. લી. નારાયણ. જય શ્રી પુરૂષોત્તમ.

**શ્રી પ્ર.પુ. તા.૧૯-૬-૪૬**

તમારો કવર પોત્યું છે. બીના જાણી છે. મણી ગુજરાતી અંગ્રેજી જોડે ભણે છે. તે વાત જાણી બરાબર અભ્યાસ કરવો પડશે. રમતમાં મન ઘાલશો તે નહી બને બીજુ ડાહ્યાભાઇ લખે છે. કે સંકલ્પ બહુ થાય છે. તે મણીબેનને પુછજો કે ફરી પરણવાના સંકલ્પ થાય છે કે શું કે રાજ્ય ગાદીના સંકલ્પ થાય છે કે પ્રભુ થઇ પુંજાવાના સંકલ્પ થાય છે. કે હવેલી કરવાના સંકલ્પ થાય છે કે શું તે કાંઇ આવ્યું નહી તે કાંઇ લખ્યું નથી બીજુ જે લખ્યું તે તો

તા. ૭મી એ કરીશું પહેલેથી ઢગલી કરી રાખશો નહી. બંધન થાય બીજુ બધુ તૈયાર છે. બંધનમાં ના અવાય તેવું રાખજો થોડુ થોડુ બધે રાખવું તે દિવસે ભેગું થાય અને વહેલો હું આવીશ શુક્રવારે તે દિવસે વાત કરીશું. એજ. લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ.

**શ્રી પ્ર.પુ.** **તા. ૧૧ ગુરવાર**

સરસપુરનાં સમસ્ત પરતે સરવે ખુશીમાં છે. મંદીરે પણ મઝામાં છે. તેમ શાહપુર મઝામાં છે. અને પસાભાઇ પણ બહારના રોડે થઇને શાહપુરમાં આવી ગયા છે. એવો આજે વલ્લવભાઇએ લખ્યું તે ગુરૂવારે પત્ર મળ્યો. બુધવારનો લખેલો બપોરે માટે પસાભાઇની ચીંતા હતી તેની ખબર આજે આવી ગઇ છે. તમામ સરવે મઝામાં છે. એમ લખે છે. એજ લી. નારાયણ જય શ્રી પુરૂષોત્તમ. અહીં સરવે મઝામાં છે.

**શ્રી પ્ર.પુ.** **બુધવાર**

તમારા અમારા છુટા પડ્યા પછી આણંદ સાડા દસે પોત્યો. પેટલાદવાળી ગાડી ઉપડી ગઇ હતી. પણ મોટર બોરસદની તૈયાર હતી તે ઉપડતી હતી પણ ઉભી રહી બેઠા પછી ઉપડી તે બોરસદ ભાદરણની મોટર તૈયાર હતી. જેથી સાડા અગીયાર વાગે ઘેર ખાવા બેઠો ભરૂચથી રાવજીભાઈ આવ્યા હતા. એજ લી. નારાયણ જય શ્રી પુરૂષોત્તમ. વરસાદ અમારા તરફ નથી રાતનો નથી.

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી કાલે કાર્ડ આવ્યું હતું. ઉતર લખ્યો હતો. અહીં સરવે ખુશીમાં છીએ તમો પણ મઝામાં હશો. બીજુ કુવો ચણાઇ ગયો હવે કુંડીનું કામ ચણવાનો ઉદ્યમ ચાલે છે. તે આજે થઇ રહેશે. હવે તા. ૨૩મીએ શુક્રવારે સવારમાં ફાસ્ટમાં બેસી ભરૂચ

જઇશ રાત રહી ઘેર આવીશ કારણકે કુવો ઉઘાડો છે. છોયા વીનાનો છે સીમેન્ટ મળતો નથી. તેથી ઘેર આવવું પડશે. કારણકે ઘડીમાં વરસાદ આવે તો કાંણ ઢાંકે માટે ઘેર આવતો રહીશ. પછી ભરૂચથી કદાચ રાતે મેલમાં બેસીશું તો અમદાવાદ સવારમાં અવાય અને બપોર પછી નીકળી જઉં તો સાંજે ઘેર અવાય તે તો ત્યાંની વાત તો ત્યાં રહી. એજ લી. નારાયણ. અવાશે તો રાતે મેલમાં બેસી સવારમાં શનીવારે અમદાવાદ અવાય જેમ થાય તેમ ખરૂં રીપ્લાઇ પતુ મોકલ્યું છે. લી. નારાયણ.જય શ્રી પુરૂષોત્તમ

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી પત્ર આવ્યો તેમજ રૂા. પચીસ આવ્યા તેની વિગત મધુને કહીશું બીજુ રાવજીકાકાની બીડીની વાત વાંચી અહીં સરવે ખુશી મઝામાં છીએ. બીજુ હવે અડધથી ઓછુ કામ છે. માટે હવે ચાલુ કામ પતી જશે બે દિવસમાં થઇ રહેશે. ઉદરસ તથા વા વિગેરે ઓછાં થયાં છે. સરવે મઝામાં છે. લી. નારાયણ જય શ્રી પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ.**

મણીબેન હરીબેન સાથે સાથે રવિવારે આવવા વિચાર રાખે છે. તેમાં મારે તો શનીવારે પુનમ છે. તે નવરાશ મળશે તો સાંજનો ફાસ્ટમાં ઉતરૂ નહીતો રવિવારે બપોરે ઉતરવા વિચાર છે. સોમવારે પાછો ફરવા વિચાર છે. કારણકે હવે માટી કામ શરૂ થયું છે. તે ગધેડાં ગણવા પૈસા આપવા વિગેરે કામમાં હાજર જોઇએ આ વખતે દેવ દિવાળી છે. તે ઘર દીઠ એક એક રૂપિયો લેવા વિચાર છે. વધારે કોઇનું લેવું નથી. તે વાત આઠ ઘરાં જે આવે છે તેને કેશો અહીં સરવે ખુશીમાં છીએ લી. નારાયણ....

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી પતર્ આવ્યો વાંચ્યો તમો બંગલેથી ઠીક ઠાક કરીને ઘેર આવ્યા તે વાત જાણી બીજુ હું આજે મંગળવારે ઘેર આવ્યો છું. ને તમારો પત્ર વાંચ્યો બીજુ ભરૂચ તો વાતો ચીતો કથા વાંચનાર વાંચે તે ઉપરથી વાતો નીકળે તે વાતો ચાલે એવી રીતે દિવસો જતા રહ્યા. બીજુ અહીં સરવે ખુશીમાં છીએ. એજ તમારી ખુશીના સમાચાર લખવા રીપ્લાઇ કાર્ડ મોકલ્યું છે. લી.નારાયણ...જય શ્રી પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ.**

તમો અમો છુટા પડ્યા પછી આણંદથી મોટરમાં બેસી દસ વાગે ઘેર આવીને નાહી જમી લીધું હું ખુશીથી ઘેર તેને તે દિવસે દસ વાગે પોતી ગયો છું. લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ.

**શ્રી પ્ર.પુ. તા.૮-૧૦-૪૫ સોમવાર**

સરસપુરનાં સરવેને કેજો જે આસો સુદી-૮ આઠમ તા. ૧૪-૧૦-૪૫ રવિવારે હું આવવા ધારૂં છું કેતાં દસરા પહેલાંના રવિવારે માટે જે સેજે મળે તેને કહેવું કહેવા જવું નહી. બીજુ રવિવારે રજા ના હોય તો શુક્રવારે રાતે ને શનીવારની રાતે ભેગા થવાય કારણકે બારેજા જવાનું તેથી શુક્રવારે કે શનીવારે નીકળીએ તો પણ ચાલે કારણકે હવે તો ગાડીના ટાઈમ ઠેઠ ઘેરથી મળતા આવે એવા થયા છે એટલે અચાનક કોઈ આવી પડે તો શનીવારે નીકળીને બારોબાર ગાડીએથી મોટરે બારેજા પણ જવાય ને શનીવારે સાંજે શાહપુર અવાય એવું સાનુંકુળ થયું છે. માટે જેવો જોગ એજ લી.. નારાયણ ના જય શ્રી પુરૂષોત્તમ. બબુભાઈને કેજો મળે તો તે એમના લત્તામાં કેસે નહીતો સેજે સેજ વાત જશે એજ. શરીર સારૂ છે.

**શ્રી પ્ર.પુ.** **તા. ૬-૭-૪૮**

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો હકીકત જાણી. મણીની બા સુવાવડ કરવા ગયાં છે. જેથી નીશાળે સરસપુર જશો એ બીના જાણી. બીજુ હાલમાં ભાદરવામાં લુંગડાં સુકવવા માટે મેડો લીપવાનો શરૂ કર્યો છે. એક દિવસે થઇ રહેશે. પાંચ મજુર અને ચાર જણાં એમ ડખો આઘો પાછો કરી લીંપીએ છીએ. બીજુ તમારો કાર્ડ આવ્યો તે પહેલાં તા.૨૩મી એ અમે રીપ્લાઇ કાર્ડ લખ્યું હતું વાટ જોતા હતા પણ ના આવ્યું તે ભીખાભાઇ કે છે શું થયું વળી તમારો આવ્યો જેથી થયું કે ગવલ્લે પડ્યો પછી આ બીજો તમારો કાર્ડ આવ્યા. પછી ફરી રીપ્લાઇ લખ્યો છે. એજ સરવે ખુશીમાં છીએ. લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.**

પત્ર પોત્યો ઉતર જે તમે આઠ ભાગે આપ્યું તે વાત જાણી બીજુ ખુશીથી પોતી ગયા છીએ પણ પોણા અગીયારની ગાડીમાં બેઠા હોત તો મોટર મળત બારની માં ઉપડી ગઇ પણ સૌથી વધારે તો સવારની છોની સારી જેથી ઉપડી ગયેલ તેથી મોડુ થયું. સાંજે છો વાગે ઘેર પોત્યા હતા. બીજુ અહીં સરવે ખુશીમાં છીએ. તમારી ફોઇ જરા ઉકળી હતી જે અહીં સાનું ગમે તે વેલા સાના આવે. મેં તો મુન્યપણું લીધું. એજ લી. નારાયણ...

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી પત્ર પોત્યો બબુભાઇ સાથે નોટો મોકલશો તે વાતનો પત્ર તમને પોત્યો તે વાત જાણી બીજુ તમે દવા ચાલુ કરી તે સારૂ થયું પહેલેથીજ સેજ સેજ માં ઉપાય સારો થાય ભીખાભાઇ મઝામાં છે. આજે શનીવારે દવાખાનામા બતાવવા જવાના છે. તે વાત પત્રથી આવી છે. અહીં પણ સરવે મઝામાં છે મને કાને

દાઢે આરામ થઇ ગયો છે. લી. નારાયણ...

**શ્રી પ્ર.પુ.**

મણીબેનના બાપાનો પત્ર પોત્યો. મણીબેન ઘણાં ખુશીમાં છે. કારણકે છોડીઓ જોડે લહેર કરે છે. જરાય દુઃખ નથી. દુઃખ હસે તો મને કાનમાં હશે. પેટે હશે, દાંતાંએ હશે, ઢીંચણે હશે પણ, મણીબેનને તો મઝા છે. એ હરે ફરે છે. ને લહેર કરે છે. તેવીસ મુરતીઓ છે. તે બધાં કામે વળગ્યા છે. જીણાભાઇ લોઢાનું કરે છે. રૂક્ષ્મણી કલઇ કરે છે. છોકરાં દીવાનું કરે છે. છોડીઓ વાંચે છે. એમ બધાં મઝામાં છે. લી.નારાયણ.....

**શ્રી પ્ર.પુ.**

મણીને માલમ થાય જે મેં કાલે પત્ર લખ્યો હતો જે કોઇ પ્રકારે ગુંચાવાનું નથી. છઠ્ઠીમાં ફરી બેસવું હોય તો બેસજો જેમ સુઝ પડે તેમ કરજો સરવ પ્રકારે તમારે જેમ કરવું હોય તેમ કરજો મુઝાસો નહી. જેમ કરસો તેમ સારૂં જ થશે દાસના દુશ્મન હરી કેદી હોતા નથી.

બીજુ મારે પુનમ પછી લીંગડનું નક્કી થયું છે. જેથી હું પડવે કે બીજે લીંગડ જવાનો છું જેથી તમારો પત્ર મને હવે મળનાર નથી. કદાચ સોમ, મંગળ મળશે તમે શનીવારે લખ્યો હશે તો મંગળ મળશે ખરો. પડવે બીજે નીકળી જઇશ જેવો સવડ એજ લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો વાતના રસમાં તલ્લીન થઇ ગયોલા જેથી પત્ર નહી લખાયો તે વાત જાણી બીજુ રૂપાળી આવે ત્યારે કું[illegible] લાલપુંઠાની ચોપડીઓ જ્ઞાનામૃત ભાગ પહેલો ગોવિંદ[illegible]) સમૈયામાં લાવ્યા હતા લાલપુંઠાની તે નંગ-પચાસ

(૫૦) આપજો તે લાવશે લુંગડાંની થેલીમાં ઘાલજો જેથી બેસે ત્યાં રહે નહીતો ઉપંર ચઢાવે.એજ લી. નારાયણ......જય શ્રી પુરૂષોત્તમ.....

**શ્રી પ્ર.પુ.**

પત્ર પોત્યો ઉતર જે શરીર તો સારૂ રહે છે. મજુરાં આવે ત્યારે હરાય ફરાય ત્યારે પચે છે. જેથી ત્યારે સારૂ રહે છે. હાલમાં એજ લી. નારાયણ અહીં સરવે મઝામાં છીએ મજુર બાર આવે છે. ઓટલાના પથ્થર ચોઢાય છે. એજ લી. નારાયણ....... જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.**

ખોડાભાઈએ કુપન લખી વીસનગર તરફની શંકરભાઈનો આજે પોત્યો તેમજ તમે જે કુપનમાં લખ્યું તે શંકરભાઈના તથા બીજા મળી આજે પોત્યા છે. બીજુ અહીં સરવે ખુશી મઝામાં છીએ હાલ વરસાદ આવ્યા પછી ચાલુ રહે છે. આછો પાતળો ચાલુ છે. વળી નવ થેલીઓ તમે લઇ ગયા તે જેની હોય તે રાખી મુકજો તે ભેગા થયે જેની થેલી હશે તેને અપાસે અગર શાહપુરની હોય કે બારેજાની તે રાખી મુકવી પછી જે મળશે તેને આપજો કે આપીશું. એજ લી. નારાયણ..જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.**

હું તા. ૧૭ લીંગડ ભરૂચ કરીને તા.૧૯ શનીવારે લીંગડથી નીકળી જઇશ પછી જો વિચાર થશે તો રાતે બારોબાર શાહપુર જઇશ રવિવારે રહીને સોમવારે બારેજા જવા વિચાર છે. એજ લી.નારાયણ. જય શ્રી પુરૂષોત્તમ. રવિવારે શાહપુર સોમવારે બારેજા જઇશ. તમારો પત્ર ડાહ્યાભાઇનો પોત્યો છે. પેટમાં તો મને પણ દુઃખે છે. ખોરાક જતો જશે તેમ દુઃખાવો ઓછો થતો

જશે માટે ચીંતા ના રાખશો. એજ લી. નારાયણ.જય શ્રી પુરૂષોત્તમ

**શ્રી પ્ર.પુ.** **ગુરૂવાર**

મણીને માલમ થાય જે ગઇકાલે પત્ર લખ્યો હતો તે પોત્યો હશે. બીજુ આજે ચંદ્રકાન્તા અને મનુભાઇએ લીલા લાંબી માગી જેથી મેં લખ્યું છે. તે કુંજમાં જાવ ત્યારે માગીને વાંચજો. બીજુ અહીં સરવે ખુશી મઝામાં છીએ. તમારી તથા બાની તેમજ બાપા(ભઇ) ની તબીયતના સમાચાર લખતા રહેશો. મારી તો ઠીક છે. તમારી બા જોઇને આવ્યાં તેવું છે.

તમને નીશાળ સરસપુર આવવા જવામાં હેરાન થતાં હોય તો તમારી બાને કહ્યું છે કે નાનું રસોડુ તમને ફાવે તો ખીચડી ઓરી ખાઇ અભ્યાસ કરવો હોય તો ને તમને ફાવેતો કરજો મનમાં વિચાર થાય તો કરજો તમારી બાને સમજ પાડી છે. કરી જોયું ના ફાવે તો ક્યાં માંથે મઢયું છે. આતો મને વિચાર ઉપડ્યો તેથી લખ્યો છે. એકાદ બે દિવસમાં આવું છું. મનમાં વિચાર કરી રાખજો. લી. નારાયણ..જય શ્રી પુરૂષોત્તમ..

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી આજે પત્ર આવ્યો વાંચ્યો બીના જાણી ભરૂચ આજે બેઠા છીએ નવી જુની વાતો ભેગા થઇ કરીએ છીએ અહીં સરવે ખુશીમાં છીએ. તમો પણ ખુશીમાં છો બીજુ બજારમાં સવારમાં ફરવા જઇએ છીએ કારણકે ખાધેલું પચી જાય એજ હાલમાં કાંઇ બીજી નવા જુની નથી ઘેર જઇશ ત્યારે ત્યાંની વાત લખીસ. હાલમાં ત્યાં અહીં સરવે મઝામાં છે. મણી વાત કરતી હશે. લી. નારાયણ..જય શ્રી પુરૂષોત્તમ..

**શ્રી પ્ર.પુ.**

મણીનો કાર્ડ પોત્યો ઉતર જે વાવોલની વાત દયાભાઇએ

રૂપાળીબેનને કરી હતી. ફોઈ તો ભાઈ આવ્યાંથી ઘણાં ખુશી થયાં છે. બીજુ અમારે કુવાનું કામ ચાલે છે. આજે મુળ પાણીથી દસબાર ફુટ ઉંડા ગયા છે. ને તેને ચણી છોઈ લીધું છે. ને હવે આજ તેનાથી હવે ઊંડા જઈએ છીએ પાણીને માટી ભેગુ આવ્યું જેથી થોડુ ઊંડુ વાસે એમ લાગે છે. પત્ર પોત્યાનો જવાબ લખવા રીપ્લાઈ પતુ છે. લી.નારાયણ..જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.** સોમવાર

પત્ર પોત્યો ઉતર જે પ્રભુ સંભારવાથી સરવે સારાં વાનાં થાય છે. એમ આખી દુનીઆ જાણે છે. અને તમને તેનો અનુભવ થયો. બીજુ ડાહ્યાભાઈનો બીજો કાર્ડ આજે મળ્યો તેમાં સરવે હકીકત જાણી તેમને રજા છે. તે તેમનું ઘર આવશે અને તમને પણ મન થયું. તે વાત જાણી ખોડાભાઈ રવિવારે આવશે તે વાત જાણી. બીજુ દીવાળીબેનનો રૂમાલ ગયો તે તો બૈરાંનાં નાનાં ખીસાં સોખમાં મુકેલા તે કેટલુંક માય ને ગાડીમાં ચઢવા જાય તે ઉંચો હાથ કરે ત્યાર સોરૂં ખીસામાંથી ખેંચી લે એતો ગાફલમાં વાત બને હવે તે તો નોકરીએ ચઢી જશે તે કમાસે. એજ લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.** **તા. ૯-૪-૫૧**

હું તા. ૧૫-૪-૫૧ને વાર રવિવાર રામનવમીને દિવસે શ્રી નારાયણ કુંજમાં શાહપુર હોઈશ. લી. નારાયણ. જય શ્રી પુરૂષોત્તમ..

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો હકીકત જાણી બીજુ આજે ભીખાભાઈ મોગરી ગયા હતા તે ખાનપુર થઈ ને ઘેર આવ્યા ને હરમાનજીને પત્ર લખ્યો છે. જે મોગરી આવી જજો. કારણકે

સામાં સામી ભેગા થાય તે દરરોજ ભેગું રહેવું તે સામા સામી બીબાં જોવા બોલાવ્યા છે. તે ગમ્યા પછી વાત આજે કુંજમાંથી પત્ર નથી આવ્યો દિવસ પડ્યો. એજ લી. નારાયણ. જય શ્રી પુ.

**શ્રી પ્ર.પુ.**

તમારા અમારા છુટા પડ્યા પછી આણંદ આવી ને જોયું તો બોરસદની મોટર હતી. ભાદરણની નાંતી જેથી બોરસદ સુધી આવીને પછી ભાદરણમાં બેસીને સાંજે પાંણા છો વાગે ઘેર આવી વાળુ કરીને પછી સુઇ ગયો ને પછી જેક્કાભગતે બધી વાતો કરી સુઇ જઇ સવારે ઉઠી નાહી ધોઈને પચીસેક પત્ર હતા તે વાંચતા ગયા ને ઉત્તર લખતા ગયા. એજ લી. નારાયણ. જય શ્રી પુરૂષોત્તમ... ખુશીમાં છું.

**શ્રી પ્ર.પુ.** **શુક્રવાર**

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો બીજુ અહીં સરવે ખુશીમાં છીએ. પગે મૈલ જેટલું ચાલીએ તો દુઃખાવો થાય નહીતો હવે કંઇ લંગાવાતુ નથી. બીજુ મીરોલીથી પત્ર આવ્યો જે અમારાં શરીર નરમ થયાં જેથી હવે મુરતી પધરાવવાનું એક રહ્યું જો તે કામ નહી થાય તો એકએ વાસના રહી જશે. તેથી વૈશાખ સુદી ૮ સોમવારનું જગતમાં પુછ્યું અને મીરોલીવાળાએ પુછ્યું તો બે આવે છે. જગતમાં પ્રમાણ જેથી આદરભાઇ કહે છે કે તમો માંડુ કરશો નહી નહીતો વાસના રહી જશે. જેથી જલસો કરવો નથી. બે બ્રાહ્મણ બોલાવી દસ વીસની રસોઇ કરી આરતી ઉતારી દે. એટલે તેમની વાસના પુરી થશે. હવે જેને બીજાને આવવું હશે તો જેટલું જેને રહેવું હોય તેટલાં ઢેબરાં ભાતુ કરી લાવે. કારણકે સરકારની ભલામણ કરવી પડે આવો ઠરાવ મેં આજે કર્યો છે. અને હું એક બે દીમાં બારેજા કે અમદાવાદ ભેગો થઇશ.

તેમણે લખ્યું છે કે તો રવિવારે ચૌદશે શહેરમાં આવો તો નક્કી કરીએ. આવું હાલ ચાલે છે. એજ લી. નારાયણ જય શ્રી પુરૂષોત્તમ... રીપ્લાઇ પતુ મોકલ્યું છે.

**શ્રી પ્ર.પુ.**

ગુરૂવારે સાંજનો બનતા સુધી અઢી ત્રણ વાગે, ગયા વખતની માફક આવવા ધારૂં છું. પછી હરી ઈચ્છા કારણકે ઠંડીને લીધે મોડો નીકળીશ ને શુક્રવારે બારેજા જઇશ. કારણકે ગયા વખતે બારેજા ગયો નથી. જેથી બે ત્રણ પત્રો મણીકાકાના આવ્યા છે. જેથી આવવા વિચાર છે. પછી લીંગડ જવાનો પણ પત્ર છે. એમ હાલનો વિચાર છે. પછી હરી ઈચ્છા. એજ લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.** **તા.૧૬-૧૧-૪૭**

સરસપુરથી પત્ર આજે પોત્યો ઉત્તર જે તમે ચા બીડી ની વાત કરી તે જાણી, પણ જેકો તો પાણીને રોટલો ખાવાનો નીયમ લીધો છે. ને રૂપાળીએ તો કોઈ આવે ત્યારે ચા પીવી ને કોઈ ના આવે તો ના પીવી એવી લીધી છે. ને ભીખાભાઇ તો કે છે. આપણે તો જે ઘડીએ જેમ થાય તે ખરૂ એમ લીધી છે. અને મેંતો દરરોજ પચીસ માળા ફેરવવી એમ લીધું છે. એક દિવસ એમ વિચાર થયો તેથી, કરીએ છીએ ને દિવસે તો જે જે અડચણ હોય તે કામ કરીએ છીએ. બીજુ હાલ વિચાર કર્યો છે. જે તા.૨૦મીએ નીકળવું પછી જેમ થાય તેમ ખરૂં કારણકે પુનમ પહેલાં ઘેર અવાય તે સારૂં વિચાર કર્યો છે. પછી ઘડી પછી જેમ થાય તેમ ખરૂં એજ હાલ બીજુ કાંઈ ઉપડતું નથી. બબુભાઇને પત્ર લખેલો પણ હજુ ઉત્તર નથી આવ્યો. તા. ૭મીએ નાંખ્યો છે ચંપાના કપડા બાબતનું લખ્યું હતું કે હાલમાં જોઇશું કે નહી, ને કેટલું વાપર્યું, ને કેટલું

લાવુ કે ના લાવું તેનો જવાબ કાંઇ ના આવ્યો. એજ લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ.**

ખોડાભાઇની મણીનો પત્ર પોત્યો ઉતર જે ખોડાભાઇ લીંગડ આવવા વિચાર કરતા હતા તે બંધ રાખ્યું તેથી હું બહુ ખુશી થયો. કારણકે મારે તો આથડયા વગર ના ચાલે, ને તમારે ચાલે માટે ઠીક વિચાર માંડી વાળ્યો. બીજુ હજુ મારે તારાપુરથી પત્ર આવ્યો છે જે આવજો તે સુખે દુઃખે જવુ પડશે તે બે ચાર દિવસમાં જઇ આવીશ કહો તમારે ક્યાં રખડે ફાવે. બીજુ મણીને માલમ થાય જે તારા બાપા તારાપુર જવાનો વિચાર કરે તો માંડી વળાવજો. હું તો એકાદ બે દિવસ રહીને આવતો રહીશ. લી. નારાયણ. જય શ્રી પુ. ત્યાંથી વળતો અમદાવાદ આવીશ.

**શ્રી પ્ર.પુ.**

સરસપુર સમસ્ત પરતે હું સાંજે છો વાગે ઘેર પોતી ગયો છું. અને રવિવારે સોખડા જવાનો છું પછી ત્યાંથી ભરૂચ જઇશ તે સોમ કે મંગળે ભરૂચ જઇશ. એજ લી. નારાયણ. જય શ્રી પુરૂષોત્તમ.....

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી બે ત્રણ દિવસ ઉપર પત્ર પોત્યો આજે વિચાર થયો જે તા. ૨-૧૨-૫૦ રવિવારે કુંજમાં ભેગા થવાશે. તેમાં આજે વિચાર થયો જે બુધવારે સવારમાં ઘેરથી નીકળીને કુંજમાં જવું ગુરૂવારે આરામ લેવો શુક્રવારે ફરવા જવું શનીવારે બારેજા જવું ને રવિવારે કુંજમાં રહેવું. એમ કરીને વિચાર કરી બારેજા આવે છે. તેમને લખી નાંખ્યું જે શનીવારે બારેજા આવીશ. માટે ટુંકામાં જે બુધવારે ઘેરથી નીકળીશ તા. ૨૯-૧૨-૫૦ નીકળીશ.

બુધવારે અગીયાર વાગે ઉતરીશ. લી. નારાયણ ના જય શ્રી પુ.

**શ્રી પ્ર.પુ.**

હું ગુરૂવારે આજેજ સવારમાં નીકળીને શાહપુર કુંજમાં જઈશ. બુધવારે થાક ખાવા મજુરાં બંધ રાખ્યા છે. મંગળવારે મોગરીથી ભાણાનો પત્ર આવ્યો, જે મારી બાને શરીર ગળઈ ગયું છે. જેથી મામા અને રૂપાળીને મોકલજો જેથી શાન્તી થાય. માટે મંગળવારે રૂપાળી ભીખાભાઈ મોગરી ગયા છે. ને તેમણે બુધવારે આવવાનું કહેલું છે. જેથી હું ગુરૂવારે નીકળીશ. કદાચ નહી આવે તો શુક્રવારે નીકળીશ. એજ લી. નારાયણ ના જય શ્રી પુરૂષોત્તમ..

**શ્રી પ્ર.પુ.**

ડાહ્યાભાઈનો પત્ર પોત્યો. ઉતર જે શનીવારે હું નીકળીશ ને રવિવાર નીશાળ કોર્ટવાળા ને રજા છે. તેમજ સોમવારે સાંજનો બારેજા જઈશ ને મંગળવારે સાંજનો પાછો આવીશ ને બુધવારે મીલોવાળાને રજા છે. તો તે દિવસે રહેવાશે. માટે કોઈ જાતની હરકત નથી. બુધવારે બારેજાનું હોત તો હરકત પડત પણ તેતો મંગળવારનું રાખ્યું છે. માટે જેને જેને જવું સુગમ તે પ્રમાણે આવશે જશે એજ લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ.**

મણી તેમ અમે બધાં મઝામાં છીએ. ભીખાભાઈ વાડીલાલમાં જવાના છે. એમ આજે ગોવિંદભાઈનો પત્ર હતો. બુધવારે ઓપરેશન કરવાનું છે. લોહી નહી નીકળે તો ચોવીસ કલાકમાં રજા આપશે ને લોહી નીકળશે તો બે દિવસ રાખશે બીજુ બબુભાઈ તેમ ભીખાભાઈ આવે ત્યારે નવી નોટો આ વરસની ઉપર જ છે. તે મોકલજો અહીં વાંચસે. પાઠમાળા ભાગ ૧-૨-૩ ત્રણ

મોકલજો. એજ અહીં સરવે મઝામાં છે. તમારી ખુશીના સમાચાર લખવા રીપ્લાઇ પતુ મોકલ્યું છે. એજ લી. નારાયણ..

**શ્રી પ્ર.પુ.**

મારી તબીયત તમોએ પત્ર લખ્યો ત્યારથી જ સરસ થઇ ગઇ છે. તેની સાક્ષી નીચે રૂપાળી લખે છે ને પસાભાઇ કુંજથી આવ્યા છે. તે સાંજે પુછી જોજો.

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો ઘર બંધ કરીને ગયા તે વાત જાણી બીજુ નવા જુનામાં તો હાલ હાડીઆ જેમ ફેંદે છે તેમ હું ત્યાં હતો ત્યારે કમુએ ગાડાં ખટારા ભરી ગામમાં વડોદરા, વાસદ વિગેરે સામાન ઘરમાંથી ખાટલા, પાટલા, ખુરશીઓ, વાસણ, સંચો સીવવાનો વિગેરે તમામ ઉઝરડી લીધું છે. એજ હાલમાં ચાલે છે. ને એન્જીન માટે ખાડો ખોદાય છે. પછી ચણવાનું શરૂ થશે. એજ. લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.**

સુરતથી લી.હું લીંગડથી શુક્રવારે નીકળી ગયો છું. ને શનીવારે સવારમાં અમદાવાદ આવીશ ને ભરૂચથી રાતે બેસીશ તો નહીતો મળસ્કે ભરૂચથી બેસીસતો શનીવારે સાડા ચાર વાગે ઉતરીશ ને ભરૂચથી સવારમાં સાત વાગે બેસીશ તો શનીવારે સાંજના અઢી ત્રણ વાગે અમદાવાદ ઉતરીશ. વખત ટુંકો થયો, જેથી લીંગડથી બારોબાર અમદાવાદ આવવાનું થયું. લખુકાકાના ભઇનું કારજ હતું, જેથી નીકળવા ના દીધો. એજ લી. નારાયણ.. જય શ્રી પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ.**

ખોડાભાઇને માલમ થાય જે, આજે મંગળવારે ભીખાભાઇ

આવ્યા નથી માટે હવે તો હાલ આવવાનો વિચાર નક્કી નહી થાય. કદાચ સાંજના આવે તો ગરૂવારે ગોવિંદભાઈ ભાવનગર જવાના છે ને પારડીવાળાં ને રજા પુરી થાય છે. માટે રવિવાર પછી આવવા વિચાર રાખ્યો છે. તે પણ નક્કી થશે ત્યારે લખીશું માટે સ્ટેશને દોડાદોડ ના કરશો મઝામાં છીએ. એજ લી. નારાયણ.. જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.**

હું ઘેર આવ્યો ને ઠરાવ કર્યો જે, ચૈતર સુદી સાતમ મંગળવારે તા.૫-૪-૪૯ ને રોજ ઘેરથી નીકળી અમદાવાદ આવી મંગળવારે સાંજનો કે બુધવારે સવારમાં બારેજા જઈશ, ને સાંજનો કે ગુરૂવારે સવારમાં શાહપુર આવીશ, ને પછી શુક્રવારે સાંજનો અમદાવાદથી ગાડીએ બેસી વડોદરા રાતે ઉતરીને શનીવારે મળસ્કે ગોવાગેટે સ્ટેશને જઈને ગાડીએ બેસી શનીવારે બપોરે પાવી સ્ટેશને ઉતરી તાપ થતાં પહેલાં તારાપુર જતા રહેવા વિચાર કર્યો છે. ને રવિ સોમ રહીને મંગળે નીકળી ઘેર આવી જઈશ કારણકે બુધવારે પુનમ આવી હવે મંગળે તા.૫મીએ તો નીકળીશ, પણ કદાચ એકાદ દિવસ વહેલું જોગ હોય તો આવું તો આવું નક્કી નથી, પણ આ વાત ખોડાભાઈને કેસો નહી. કારણકે દવાખાનામાંથી નાસાનાસ કરે જયારે ડોકટર પરાણે રજા આપે કે જાવ જાવ તો જ આવવું, ઘેર પણ બેસી રહેવાનું, માટે ઉતાવળ ના કરવી. એજ. લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ... રીપ્લાઈ પતુ છે.

**શ્રી પ્ર.પુ.**

સોમવારે ટપાલ આવી સરસપુરથી પત્ર આવ્યા તેમજ પારસલની હકીકત જાણી બીજુ શાહપુરથી પણ ગોકળભાઈ મીલમાં ગયા ને તેમને પણ ઓળખાણ નીકળ્યું ને આઠ દિવસ

આરામ લેવા નક્કી કરી ત્યાં રહ્યાં તે સઘળી હકીકત જાણી બીજા રોગનું શરૂઆત છે. એમ તમારા ત્યાં ગોવિંદભાઇને પત્રથી સમજ પડી ગઇ વખતની માફક આળસમાં રહ્યા તો ત્રણ માસ ગયાને આતો આઠ દિવસ લખે છે. માટે ચેતેતો સારૂં થયું. એજ લી.નારાયણ.. રીપ્લાઇ કાર્ડ કાલે લખીશું...

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી ટપાલ આવી વાંચી બીના જાણી કાલુપુર ગયા પટાવાળાએ સાથે આવી લીધી ને ગોકળભાઇ સાથે વાતચીત કરી. તેમ તે દવાખાનામાં જશે. વિગેરે વાત કરશે તે વાત જાણી બીજુ ખોડાભાઇની તબીયત સારી થતી જાય છે. વાત જાણી બધાંને આનંદ થયો છે. ઇન્જેક્શન લે છે તે ફી ઠરાવી હસે ખરી કે મીલના દવાખાના મારફતે છે તે ચોક્કસ કર્યું હસે ખરૂં કારણકે પાછળથી તકરાર થાય ને આપણે એને હાથ દવા લેવાની રહી માટે વેર કરેલું સારૂ નહી. એજ લી. નારાયણ.જય શ્રી પુરૂષોત્તમ. મારૂ શરીર સારૂ છે.

**શ્રી પ્ર.પુ.**

મણીનો પત્ર પોત્યો ઉતર જે, તમે છઠ્ઠીમાં બેઠાં તે વાત વાંચી. જેથી હરીબેને વાત કરી હતી. વાત વાંચી મને તમારો વિચાર ઠીક લાગ્યો જે ઠીક કર્યું એમાં હવે તમારે મારે કાંઇ કહેવાનું રહેતું નથી.બરાબર કર્યું છે. એજ હું ગુરૂવારે સવારમાં નીકળી આણંદથી ફાસ્ટમાં બેસી ભરૂચ રાત રહી મળસ્કે ફરી બેસીને સવારમાં આઠ વાગે સુરતની પેલી બાજુ સચીન ઉતરીશ. જાણવા લખ્યું છે. લી.નારાયણ....

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો, બીના જાણી ઉતર જે

ટેલીફોન કર્યો તે વાત જાણી. બીજુ હવે મન થાય છે જે સરસપુરવાળાને પાપડીઓનું શાક ખવરાવીએ ને બપૈયાં ખવરાવીએ તે બનતા સુધી ગુરૂવારે તમને રસીદ બીડીશું તે પણ ગોકળભાઈનો પટાવાળો લાવી આપશે. કારણકે તમને ટાઇમ થઇ જાય ને ખોડાભાઈને ફાવે નહી. નહીતો ગોદામવાળો ઇન્સ્પેક્ટરને ઓળખાવશે. જેથી સાથે આવીને તમને અપાવશે. એજ. લી. નારાયણ. પૈસા નહી મોકલું.

**શ્રી પ્ર.પુ.** **મંગળવાર**

સરસપુરનો પત્ર પોત્યો ઉતર જે, રવિવારે ભજન બંગલે કર્યું તે વાત જાણી બીજુ ભાગલો કુબો લાવશો તે વાત જાણી. બીજો ભાગલો હોય તો તપાસ કરજો. બીજુ ચોપડીઓને ઉધેવ લાગી ના લાગી તે વાળ્યું તે વાત જાણી ને રવિવારે ભજન કર્યું વિગેરે વાત જાણી તથા સ્વામી નારાયણ ને ત્યાં ભગત જન્મયા તે વાત જાણી દવાખાનામાંથી તો દસ દિવસે રજા આપશે પછી ઘેર જવાનું થશે તેમનાં બા પણ ચાકરીમાં આવ્યાં હશે, તેથી અડચણ ના પડે ને કમળાને હજુ કાંઇ નથી આવ્યું, તે વાત જાણી. એજ લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.** **રવિવાર**

ગોવિંદભાઈનો પત્ર પોત્યો ઉતર જે તમારી અરજી વાંચી સમૈયે કે તમારે ઘેર કે, શાહપુર બંગલે જ્યાં કેસો ત્યાં તમારા કેવા પ્રમાણે આપણે કરીશું એમાં વાંધો નથી. જ્યાં ને જ્યારે કેસો ત્યાં તેમ કરીશું માટે આનંદમમાં રહેશો ને પ્રભુ સંભારસો. બીજુ વાલજીભાઈનો પત્ર પોત્યો છે. અહીં સરવે ખુશીમાં છીએ ને તમો પણ પ્રભુ કૃપાથી છે. એજ લી. નારાયણ જય શ્રી પુરૂષોત્તમ

ડાહ્યાભાઈ કહેતા હતા કે ભગતાંણી વહેલાં આવવાનાં છે.

ને મધુની મા વહેલાં આવશે તે સાથે સાથે આવશે. એવી વાત કહેતા હતાં. એજ લી.નારાયણ.

**શ્રી પ્ર.પુ.**

ખોડાભાઇનો પત્ર પોત્યો ઉતર જે, મણી મઝામાં છે. મણીની ખોરાકી મોકલશો નહી. કારણકે, ગોદડાં આખો દિવસ સાધે છે ને રાતે વાંચે છે. ને મોકલશો તો પાછો મોકલીશું ભીખાભાઇને પણ આજે લખું છું. જે તે પણ લેશે નહી. બીજુ તમે દવા ચાલુ રાખી છે તે ઠીક કર્યું છે. પહેલેથી ઉપાય કર્યો તે વેલુ તેનું અંત આવે બધાં મઝામાં છે. અહીં પણ બધાં મઝામાં છે. પુંજાભાઇનો મનુ પાસ થયો છે. પત્ર પોત્યાનો જવાબ લખવા રીપ્લાઇ કાર્ડ છે તે નવરાસે લખશો. એજ લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ.

**શ્રી પ્ર.પુ.**

રીપ્લાઇ કાર્ડ પોત્યું મેં લખ્યું હતું જે કાર્ડ ના મોકલશો તે તમારા જાણવામાં નહી આવેલું બીજુ ગોકળભાઇની ભલામણે કામ સારૂં થયું. હવે અમારે તો વિવાહ નજીક આવ્યો જેથી કામ ઉપરાઉપરી આવે છે. તે નવરાશતો શું પણ આજે પુણા બે વાગે રૂપાળીએ બોલાવીને ખવરાવ્યું આવું અમારૂં લીલા રૂપી પત્રમાં લખ્યું તે વાંચજો. એજ લી. નારાયણ જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો બીજુ તમો રવિવારે કુંજમાં ગયા હતા ને ભજન કર્યું ખાવા સારૂં ઘેર ગયા તો ખીચડી ઓરીને ખાઇને રહ્યી એને, હસે લ્યો, કાલે મેં લખ્યું છે. જે રૂપાળીને જ્ઞાનામૃત પહેલો ભાગ લાલપુઠાની પચાસ ચોપડીઓ લુંગડાની થેલીમાં આપજો જેથી પાસે થેલી રહે એજ અત્યારે મજુર દસબાર તેમ અમો આઠ જણ એમ વીસેક મુરતી કામકાજમાં છીએ. એજ.

લી. નારાયણ જય શ્રી પુરૂષોત્તમ. ખાધાની પણ નવરાશ નથી...

શ્રી પ્ર.પુ.

મણીબેનનો પત્ર પોત્યો ઉતર જે, હવે તમારે લખવું નહી, કારણકે તમારે નીસાળે જવાનું ચાલુ થયું જેથી અહીંની વિગત કુંજમાં દરરોજ આવે છે તે વાંચી લેવી હવે નકામા પૈસા બાગાડશો નહી. અને મંગળવારે ભીખાકાકા કુંજમાં આવવાના છે. તે જાણવા લખ્યું છે ને તે વાત પુછશો તે કહેશે. એજ લી. નારાયણ.... જય શ્રી પુરૂષોત્તમ....

શ્રી પ્ર.પુ.

તમારા અમારા છુટા પડ્યા પછી ગાડીમાંથી ઉતરીને મોટરમાં બેસી ઘેર સુખેથી પોતી ગયો છું સાથે આણંદથી હરીપરાના મુળજીભાઈ આવ્યા હતા સરવે મઝામાં છે. સરવે મઝામાં છીએ. પત્ર પોત્યાનો ઉતર લખશો. રીપ્લાઈ પતુ છે. તમારા સમાચાર લખતા રહેશો કારણકે મેલ આવ્યો ને તમો બહાર નીકળ્યા તે રોકયા હશે. કે બારોબાર સરસપુરને રસ્તે ગયાં હતાં તે વિગત લખશો. એજ લી.નારાયણના જય શ્રી પુરૂષોત્તમ....

શ્રી પ્ર.પુ.

ભાદરણથી લી.હું અસાડ સુદી આઠમ રવિવાર તા.૩-૭-૪૯ ને દિવસે શાહપુર રહીશ માટે જોગ હોય રજાનો તો શાહપુર ભેગા થવાશે, નીકળીશ તો શનીવારે સવારની ગાડીમાં. કારણકે રૂપાળી મોગરી ગઈ છે ભાણો આવ્યો હતો. તે જરા મન વિસારવા ગઈ છે. જેથી શનીવારે નીકળીશ શુક્રવારે આવવાનું કહીને ગઈ છે. જરા વડતાલ જોવાનું મન હતું ને ભાણા જોડે મોગરીનું મન હતું. માટે શનીવારે આવીશ, સોમવારે બારેજા જઈશ. મંગળવારે ઘેર જઈશ કારણકે રૂપાળી હવે નથી ગમતુ

ઝાઝા દિવસ થાય છે. તેથી એમ કરી રડે છે. માટે મંગળે ઘેર જઈશ વધારે રોકાવાય તેવું હાલ નથી. કારણકે હજુ વરસાદ નથી આવ્યો ઘડીકમાં વરસાદ આવે તે પાણી વાળવા કાઢવા વિગેરે હાજર રહેવું પડે. એજ. લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ.

**શ્રી પ્ર.પુ.** **શનીવાર**

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો. મણીને નિશાળ બદલવા વિશે તમો બધાં ભેગાં થઈને સામા સામી ઠરાવ કરશો, શાહપુરવાળા તથા સરસપુરવાળાં બધાં જે વિચાર કરે તે ખરો. નાપાસ થાય નકામું વરસ જાય ફી ભરવી પડે વિગેરે સરવે સામા સામી ઠરાવ કરવા, જેથી જે વિચાર નક્કી થાય તે ખરો એજ હાલમાં મધુકાંતા ત્રીજી ચોપડીમાં ગઇ તે વાત જાણી માન ઈર્ષ્યા. મણી મધુની માને થાય છે. તે કાંના ઉપર થાય છે. બીજુ અમદાવાદ તા. ૨૯ રવિવારે જોગ રાખ્યો છે. આવવાનો, ભજનનો, એજ. લી. નારાયણ. જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.**

ગઈકાલે તમને પત્ર લખ્યો છે જે હવે તમે નીશાળ જાવ છો એટલે અમારી હકીકત કુંજમાં આવે છે. તે વાંચશો આજે મંગળવાર ભીખાભાઇ સવારમાં નીકળી કુંજમાં તા. ૧૮મીએ દાખલ થવા માટે નીકળી ગયા છે. માટે ત્યાં તમે જજો એટલે હકીકત માલમ પડશે. માટે ભીખાકાકાને પુછજો કે કેમ તમે આવ્યા કે ? લ્યો. લી. નારાયણ ના જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી પત્ર આવ્યો તમો ખુશીથી પોતી ગયા ને કુંજમાં જઈ વાતો કરી સરવે હકીકત જાણી બીજું બાપાનું શરીર સારૂં છે. તે વાત જાણી કુંજમાં લક્ષ્મીજી આવ્યાં તે વાત જાણી ઝાંપે તમને

ખબર પુછો ટીકીટ લેનારે તે પણ વાત જાણી બીજુ હાલમાં તા.૧૯ રવિવારે ભરૂચ જવા વિચાર છે. રવિવારે મણી અગીયાર વાગે અમદાવાદ આવશે. એજ લી.નારાયણના જય શ્રી પુરૂષોત્તમ

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી પત્ર આવ્યો ઉતર લખવા માંડ્યો તે રૂપાળી બરડે ઉભી તે પરસેવો થવા માંડ્યો તેથી લખવાનું ગમ્યું નહી. તે પછી કપીલાબેન પંખો નાંખ્યો જેથી હવે ગોવિંદભાઇનો જવાબ લખીશુ. અમે અહીં સરવે મઝામાં છીએ. કપીલાબેન સાથે આવ્યાં તે જાજરૂ પેશાબ પાણી ટીકીટ વિગેરેમાં મદદરૂપ થયાં. એજ લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ. તા.૨૦. શનીવાર**

ખોડાભાઇ ઉપર ડાહ્યાભાઇએ કાર્ડ એક બુધવારે લખ્યો હતો પણ હજુ તેનો જવાબ નથી આવ્યો તો સરસપુરના સમાચાર લખશો. સરસપુર વાતાવરણ બગડ્યું છે. એવા પેપરથી સમાચાર મળ્યા છે. પણ તમો કાર્ડ લખશો. તમો મીલમાં જાઓ છો કે નહીં તે પણ લખશો. અહીં સરવે ખુશીમાં છીએ પણ તમારા સમાચાર ત્રણ ચાર દિવસથી અમને મળ્યા નથી તેથી કાર્ડ તમારૂ ગવલ્લે પડ્યું હશે. ફક્ત ચાર પાંચ દિવસ પહેલાં એક કાર્ડ તમારૂ લખેલું અમને મળ્યું છે. બીજુ એકેય મળ્યું નથી. માટે તમો લખશો. રાવજીભાઇ બૈરાં છોકરાં લઇને બારેજા ગયા છે. અને મંદીરથી પત્ર આવ્યો હતો જે હાલમાં તો ઘરમાં બેસી રહ્યા છીએ શાહપુરથી પત્ર આવ્યો છે જે રાતે પથ્થર પડે છે. તે બીક રહે છે. પોલીસનું રક્ષણ બરાબર નથી થતું એવું લખે છે. તમારે ત્યાં તો શાન્તી હશે ખરી પણ શાહપુરમાં તો અશાંતી છે. એવા સમાચાર આવે છે. બીજુ કોઇ ભગતને ત્યાં મળવા જવું જ નહી. દેસકાળ ભૂંડા ઘણા

છે. અમે બીજાના સમાચાર તમને લખીશું તમે જશો નહી મળવા માટે. લી. નારાયણ....

**શ્રી પ્ર.પુ.**

પત્ર પોત્યો ઉતર જે હાલમાં કશો વિચાર થતો નથી ક્યારે આવવાનું તે નક્કી નથી. કારણકે સંજોગો માં આજે વરસાદ આવ્યો છે. તેમ ખાનપુરવાળા ગયા છે. વસઈવાળા આવ્યા છે ને મજુરાં ચાલે છે. બીજુ હાલમાં દિવસો પસાર થાય છે ચોમાસુ બેઠુ જેથી ઘરમાં કામકાજ ચાલે છે. એજ લી. નારાયણ....

જય શ્રી પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ.** **બુધવાર**

સરસપુરથી પત્ર પોત્યો છે જે બેચરભાઇના આઠઆના પોત્યા છે. તે ભીખાભાઇને કહ્યું છે. બીજુ હાલ તો એન્જીન પૈડાંને વરસાદ ના લાગે તે માટે સુથાર બોલાવીને ઓઢો કરાવીએ છીએ ને એન્જીન ચાલુ કરવાનું કામ ચાલે છે. બીજુ દસેરા ઉપર બે રજાઓ પડે છે. તે પહેલી તારીખે જે જણાય તે ખરૂ કારણકે પાટી ઉપર જે જણાય, નીમાઇને આવે તે ખરૂ હજુ પંદર દિવસની વાર છે. હાલ એજ ચોપડીઓ બધી ખપી ગઇ તે વાત જાણી એક બાકી રહી તે ભીડભાડે કોઇને અડચણ પડે આપશો. શાહપુર બીજી મોકલી તે વાત વલ્લવભાઇએ લખી છે. એજ હાલ લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ. પત્ર પોત્યાનો ઉતર લખવા લીધું ઈ પતુ મોકલ્યું છે.

**શ્રી પ્ર.પુ.**

હું તા.૨૬-૧-૫૦ ને દિવસે સવારમાં નીકળીને બપોરે ગુરૂવા આવવા ધારૂં છું. રૂપાળી આવી ગયાં કોદરી લેવા ગયાં છે. લી. નારાયણ..જય શ્રી પુરૂષોત્તમ..નારણભાઇને કેજો જે

સેજે મળે તેને ખબર કરજો. તા. ૨૬,૨૭,૨૯,૩૦ ભેગા થવાશે રજાઓ છે. લી. સેજે મળે તેને કેજો...નારાયણ

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો રૂપાળીને પચાસ ચોપડીઓ આપશો તે વાત જાણી ભરૂચ જવાનું પત્ર આવ્યો છે. પણ જ્યારે રૂપાળી આવશે ત્યારે ભરૂચ જવાનું છે. હાલ મજુર દસબાર આવે છે. ને અમે આઠ નવ દસબાર પંદર છીએ. લી.નારાયણના જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.**

નારણભાઇનો પત્ર પોત્યો ઉતર જે હું આ શુક્રવારે સાંજનો નીકળીને રાતે વડોદરા સ્ટેશને જઇને રાત રહીને મળસ્કે ગોવાગેટ સ્ટેશને જઇને સવારમાં સાત વાગે ગાડી ઉપડે છે તે પાવી સ્ટેશનની ટીકીટ લઇને બપોરે અગીયાર બાર વાગે તારાપુર જઇશ. તમારે વિચાર હોય તો શુક્રવારે સાંજે કે રાતે ગાડીએ બેસી વડોદરાની ટીકીટ લેજો ને ત્યાં રાતે બેસજો જેથી સંગાથ થશે. બીજુ ખોડાભાઇ તથા ડાહ્યાભાઇ તો બે વાર આવી ગયા છે. જેથી આવે નહી. લી.નારાયણના જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.**

ડાહ્યાભાઇનો પત્ર પોત્યો ઉતર જે તેજાબેન વાવોલ ગયાં છે ને તમો ઘેર ખાવા કરો છો ને ખાઓ છો તે વાત જાણી. અહીં મણી મધુ ગોદડાંના કામે મંડ્યાં છે તેમજ પંદર મુરતી છે તે સરવે મંડી રહ્યાં છે. તેમજ મજુર પણ સાત આવે છે. તેથી કામકાજ માં સારા ઉકેલ થાય છે. ખોડાભાઇ નોકરીએ જાય છે. તેથી તમારા ઉપર કાર્ડ પહેલેનું જુનું નીકળ્યું આજે આ લખ્યું છે. તમારે દિવસે નોકરી છે તે વાત જાણી લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.**

ખોડાભાઈનો પત્ર પોત્યો ઉતર જે, જેમ જોઈએ એમ દવા લ્યો છો તે વાત જાણી બીજુ અહીં સરવે મઝામાં છે. ભીખાભાઈને ફરી ઓપરેશન કરવાનું થયું એમ આજે પત્ર હતો પણ હજુ પંદર વીસ દિવસ પછી જેથી મોગરી ગયા છે. શુક્રવારે ને રવિવારે અહીં આવશે. જ્યારે વખત થશે ત્યારે ફરી જશે. એમ પત્રમાં હતું મણી મઝામાં છે. લી.નારાયણના જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.**

વાલજીભાઈનો પત્ર પોત્યો છે. ઉતર જે તમો અમો ભેગા થયા હતા. બીજુ ખોડાભાઈને કેજો કે રૂપાળી ઉપર ગોવિંદભાઈની કંકોત્રી આવી છે. બીજુ મણીને માલમ થાય જે અમો સુખેથી ઘેર પોતી ગયા છીએ. એજ લી.નારાયણ..જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.**

તમારા અમારા છુટા પડ્યા પછી, મોટરમાં બેસી નવ વાગે ઘેર ગયા સામા ભેંસવાળા તથા રસોડાવાળા અંબાલાલ આવ્યા હતા. પછી ખાઈ પીને જરા સુતા, ટપાલ વાંચી પછી પત્ર લખ્યો છે. એજ. ખુશીથી પોતી ગયા છીએ. લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી પત્ર આવ્યો તમો બધાં ખાઈ પીને પછી કુંજમાંથી આવ્યાં ને ખુશીથી તમો ઘેર પોતી ગયાં, ને અમે પણ પોતી ગયાં. આણંદથી મોટરમાં હરીપરાના મુળજીભાઈ ભાદરણ આવતા હતાં તે ત્યાંજ ભેગા થયા. ને સાથે સાથે ઘેર આવી નાહી ધોઈ જમવા બેઠા. આજે ખાનપુરથી ડાહ્યાભાઈ તથા તેમનાં ઘરમાંથી પણ આવ્યાં છે. એજ લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ...

ઘડીઆળનો ડબો મણીને કેજો લઈ જાય.

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો બીજુ હું ભરૂચથી શુક્રવારે ઘેર આવ્યો છું. જેથી તત્કાલીક જવાબ લખ્યો નથી. બીજુ આવવા સંબંધી વાત તે તો, અહીં શનીવારથી વરસાદ આવે છે. તે હીકળ જેવું છે, તે જ્યારે ઉઘાડ નીકળશે ત્યારે લખી જણાવીશ હાલ નક્કી નથી કર્યું માટે એજ લી.નારાયણના જય શ્રી પુરૂષોત્તમ... ડભોડાવાળા જીવરામ શનીવારે બપોરે નીકળી તમારે ત્યાં આવ્યા હશે.

**શ્રી પ્ર.પુ.**

સરસપુર મધ્યે હું મણી મઝામાં છું ને આનંદ કરીએ છીએ સરસપુરના ભક્તને મારા જય શ્રી નારાયણ જય શ્રી પુરૂષોત્તમ. તમો પણ ભજન કરજો હું થોડા દિવસમાં આવીશ મારી ચીંતા કરશો નહી, સાથે બેચરકાકા છે. તેમની સાથે આવીશ. લી.નારાયણના જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.** શરીર સારૂ છે.

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો. ઉતર જે હજુ તો ભાદરવો ચાલે છે. આસો તો આવ્યો નથી. એટલામાં આવવાની વાટ જુઓ છો. તે જરા શરમ નથી આવતી, આવવાનું વાંચીને, રૂપાળીને તો ત્રાસ પડે છે. માટે હે ભાઈ હજુ તો પંદર વીસ દિવસ તો થવા દો. શું તમારે મીલ છે. તો અમારે મીલ જેવું કંપાણ મકાન તમારે મીલમાં બે હજાર માણસને અમારે તો ચારજણ, શી વાતે પોકી હકતા હઈશું. એટલામાં આવો આવો લખો છો. લ્યો કેમ મણી કેવું લખ્યું જરા ગમ્મત કરી શીખામણ દેજો. લી. નારાયણ. જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.**

મણીનો પત્ર મલ્યો વાંચ્યો. બા તથા ભાઇ વાવોલ ગયાં છે. ને તમારે હિન્દીની પરીક્ષા છે, તે વાત જાણી બીજુ અમો અત્યારે અમારા વિવામાં કામ કાજે મંડ્યા છીએ. તેમ દયાભાઇ શુક્રવારે ભાદરણ આવ્યા છે. હાલમાં એજ.

લી.નારાયણના જય શ્રી પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ.**

ગઇકાલે પત્ર લખ્યો હતો, પણ શુક્રવારે તા.૨૩મી એ ભરૂચ જવાનું છે. તે બપોર સુધી તો નક્કી છે. કોઇ રાતની ગાડીએ આવે તો એકાદ દિવસ ભરૂચનું માંડુ થાય નહી તો શુક્રવારે નીકળી ફાસ્ટમાં બેસી, બપોરે પોતી, રાત રહી શનીવારે સવારમાં મેલમાં નીકળી વિચાર રહેશે તો સવારમાં પાંચ છો વાગે અમદાવાદ ઉતરૂ નહીતો બારોબાર ઘેર જતો રહું. કારણકે કુવાના કામે કુંડીનું કામ ઉતારવાનું બાકી છે. તેથી ઉતાવળ કરવી પડે માટે વિચાર રહેશે તો શનીવારે સવારમાં પાંચ છો વાગે આવું નહીતો ઘેર પાછો જતો રહું. એજ લી.નારાયણના જય શ્રી પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ.**

ગોવિંદભાઇએ લખ્યું તેમ મણીએ લખ્યું તે વાત જાણી મણીને મનમાં ઉપડે તેમ કરે એમાં કાંઇ હવે પુછવાનું રહેતું નથી. કારણકે બધી વિગત મેં ચારે બાજુની લખી છે. કારણકે છઠ્ઠીમાં બે વરસ ઓછામાં ઓછાં થાયજ ને સાતમીમાં જે થાય તે ખરૂં એમ વરસો વિતી જાય. જેવી તમારી ભણવાની ઇચ્છા તમને જેમ સુઝ પડે તેમ કરજો બધો રસ્તો ગોવિંદભાઇના પત્રમાં લખેલો છે. જેમ કરવું હોય તેમ કરજો આ લોકમાં શું થવાનું છે. જેમ થશે તેમ સારૂં થશે. જેમ સુઝે તેમ કરજો. લી.નારાયણ..

## શ્રી પ્ર.પુ.

આજે બુધવારે મણીબેનનો પત્ર આવ્યો વાંચ્યો. બીજુ તમોને અમો સઉ મઝામાં છીએ તમે લખ્યું કે બાળક ઉપર દયા રાખશો. ઉતર જે છોકરાં ઉપર મા-બાપ સદાય રાજી હોય, એતો સ્વાભાવિક રીત છે. એમાં શું કહેવાનું માટે મઝામાં રહીને પ્રભુ સંભારો ને આલોકમાં તો પેટને પેટ પછાડી વળગ્યાં તેનું ભરણ પોસણ કરવું ને મનથી પ્રભુ સંભારવા બેજ કામ છે. એજ લી.નારાયણના જય શ્રી પુરૂષોત્તમ....

## શ્રી પ્ર.પુ.

સરસપુરનો પત્ર આવ્યો વાંચ્યો હકીકત જાણી બીજુ તમે લખ્યું કે આવજો. તેનો ઉતર જે ગયે વખતે લખ્યું હતું જે રસોઇ ના કરશો છતાં કરી તે શરમે શરમે ખાધી. પણ હવે તો દેખીશ તો તરત ચાલતો થઇશ. માટે દાળભાત ને શાક એ ત્રણ દેખીશ તો જમવા બેસીસ. એવો ઠરાવ નક્કી કરેલો છે. બીજુ વાલજીભાઇને જે ચોખા ઘઉં ખુટે તે શાહપુરમાં છે. માટે જે ૧૦ ઘી, ૧૦ ખાંડ તથા જે જે છે તેમાં ઘઉં, ચોખા શાહપુરમાં છે. તેમાંથી હું આપીશ માટે કશી ચીંતા ના કરવી. આપણે તો વિચાર વિનાનું કામ કરે તો તેના ઠરાવના વિચાર ના થાય. માટે જે સમે જેમ બને તેમ કરીએ આગળ પાછળના ઠરાવ ના કરવા જોગ ના હોય તો હાથમાં પણ ખાઇ લઇએ થોડું હોયતો પ્રસાદ તરીકે આપીએ આપણને કોઇ કહેનાર નથી. માટે કોઇ વિચાર ના કરવા જે સમે જે બને તે ખરૂં. એજ લી.નારાયણના જય શ્રી પુરૂષોત્તમ...

## શ્રી પ્ર.પુ.

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો ઉતર જે દસેરા પહેલાં રવિવાર કે દસરા ઉપર કે પછી એવો વિચાર ચાલે છે પણ બનતા સુધી

શનીવારે કે શુક્રવારે તપાસ કરજો દસરા પહેલાં વિચાર છે. એજ ખોડાભાઇને મટતુ જાય છે. જેથી આનંદ છે. લી. નારાયણ.. જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો રજા શીવરાત્રીની મંગળવારે છે. તે વાત જાણી પણ ભરૂચથી આવીને મજુરા ને સંદેશો કાવ્યો છે. જેથી બે ચાર દિવસ કામ કરે ત્યારે તેમને શાન્તી થાય ને મને પણ ભરૂચ બેઠા બેઠથી અપચો થયો છે. જેથી વાયુ થયું છે તે ભૂખ લાગી નથી. શુક્રવારે સાંજે શાક રોટલો દુધ ખાધુ પણ સવારમાં ખાવાની રૂચી નથી થઇ તોય પણ કોદરી શાક ફાડા થોડા ખાધા પણ ભુખ નથી જણાતી જેથી લીંબુ બે ચુસ્યાં પણ કાંઇ લાગ્યું નહી. જેથી જાણ્યું કે પાંચમા પ્રકારમાં ક્ષુધા ના લાગે પણ પેટ પોચુ રહે છે. જેથી લાગ્યું કે ભજનથી ભુખ મટી ગઇ માટે હાલ શીવરાત્રી ઉપર તો પ્રભુ ઇચ્છાનુસાર છે. હાલ વિચાર નથી. રૂપાળી ભીખાભાઇ કે છે કે હજુ અજવાળીયામાં વારો છે. એજ લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.**

સરસપુરનો પત્ર આવ્યો હતો તેનો ઉતર મેં લખ્યો હતો પરંતુ એક વાત લખવાની રહી ગઇ હતી. જે તેજા મણીની મા કહેતાં હતાં કે ખાંપણીની સાંબેલી કેતાં ખાંડવાનું કેતાં પરાઇ મુસળી તે ભારે પડે છે તો તે ભારે લેતા આવજો ને હલકી તમારે જોએ એવી લઇ જજો માટે ભારે પડતી ખાંડવાની નરાસ લેતા આવજો ને હલકી ખાંડવાની લઇ જજો. એજ લી. નારાયણ... જય શ્રી પુરૂષોત્તમ. મુસળી નરાસ પળાનું ખાંડવાનું જે કેતાં હોય તે લોઢાની ખાંડણીમાં ખાંડવાનું પળાઇ.

**શ્રી પ્ર.પુ.** **બુધવાર**

આજે હું ભરૂચથી ઘેર આવ્યો ત્યાં બે રાતો રહ્યો, કારણકે બુટ મારા ગયા પછી મોચી બોલાવીને માપ લીધુ, ને સીવાડ્યો તે એક દિવસમાં સીવ્યો જેથી વધારે રહેવું પડ્યું ને બંડી જેવો મોટો કોટ ટોપી પીતાંબર તૈયાર હતું તેથી વાર લાગી નહી. અને તેને પેરાવી જોયું વીધી કરી પછી વાળી ડબામાં મુકી ઘેર લાવ્યો ને ભીખાભાઇ રૂપબઇ જેકો વિગેરે ઉકેલીને જોયું એમ હવે અમદાવાદ ને ભરૂચ બે સટ થયા તે દિવસે બે પહેરવાનો વખત થશે. એજ લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ.**

હરીપરા સોમવારે જઉછું સાંજે પાછો આવીશ સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો મણીને ને મોટી મણીને સારૂ છે. તે વાતમાંથી હરીબેન હીરા બંન્ને આવ્યા તે વાત જાણી ઉતર જે જે ઘડીએ પ્રભુ જેવી સ્થિતીમાં રાખે તેવી સ્થિતીમાં રહીને રાજી રહેવું. કુંજમાં સારૂં થાય ને સેવા કરે એવો સંકલ્પ ના કરવો. પ્રભુને જ્યારે આપણે તન મન ધન સોપ્યું તો તે પ્રભુની મરજી એજ આપણુ પ્રારબ્ધ છે. એમ વચનામૃતમાં છે. માટે પ્રભુ સંભારતાં જેમ જેવો જોગ આપે તેવો ભોગવી લેવો માટે અહીં દુઃખ મટે ને અહીં સારૂ રહે એવું સંકલ્પ ના કરવો બીજુ નાની મણી લખે છે કે રૂપાળી ધામમાં પોતી ગયાં છે. પણ ઝાઝુ ભેગાં રહેવાથી મનુષ્યભાવ આવે જેથી રીસાય મેણાના બોલ બોલાય વિગેરે શાસ્ત્રના શબ્દો રહે તેથી થાય છે. માટે વિચારનું બળ જબરૂ હોય તો સરવે વાતે સારૂ થાય. એજ લી.નારાયણના જય શ્રી પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ.**

મણીને માલમ થાય જે રૂપાળી કે છે કે આવું મેં નાંતુ જાણ્યું

પણ શું કરૂ પ્રેમથી બાંધ્યા અમારા પ્રાણ.

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો હકીકત જાણી ઉતર જે ભરૂચ ગયો નથી ત્રણ પત્ર હતા જરા હાલ આરામ લેઉં છું. કારણકે આઠ નવ કલાક રેલ્વેમાં બેસી રહેવાનું જેથી બરાબર ફાવે નહી કારણકે ખોડાભાઇ તથા મણીનું શરીર નરમ રહે છે. તો કેવું મન રહે છે માટે ભરૂચની વાત આગળની વાત આગળ અમે અહીં સરવે ખુશીમાં છીએ ડભોડા તમે કંકોત્રી લખી હવે ફરીથી લખવું ઠીક નહી. માટે હું નહી લખુ. તમે લખ્યું તે બરાબર છે. બીજુ ખોડાભાઇ તથા મણીનું શરીર સારૂ નથી. તો તમે મીલના દવાખાનામાંથી દવા લાવજો સેજ દુઃખ શરીરને થાય તો દવા કરવી તમારૂ શરીર દવાથી સારૂ થાય છે. ને મણીને પણ મીલમાંથી મળે માટે આલોક પ્રમાણે આલોકની રીતે દવા કરવી ને તમને અનુભવ થયો જે ભારે દુઃખ હતું પણ મટ્યું માટે તે ભૂલવું નહી. આળસ રાખવી નહી. માટે મીલમાંથી દવા લાવજો ને મણીને શરીર સુધરે તેવી દવા કરવી એજ આલોકના દેહ તે આલોક રીતે કરવું. એમાંજ સુખ છે. લી. નારાયણ..જય શ્રી પુરૂષોત્તમ.

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી પત્ર આવ્યા ને તા.૨નો લખેલો ને ગુરૂવારનો લખેલો બે મળ્યા તેમજ ત્રીજો ૯મીએ મળ્યો હતો. તમો લખો છો જે સરસપુર શાહપુર મંદીર રાયપુર વિગેર સરવે મઝામાં છે કે કેમ તેનો ઉતર જે તમામના જવાબ આવ્યા છે. જે મઝામાં છે બીજુ બારેજાવાળા લખે છે કે પસાભાઇ મંગળવારે નીકળી અમદાવાદ ગયા છે તે મોટરવાળાને પુછયું તો કહે છે કે જમાલપુર ઉતાર્યા છે પછી અમદાવાદથી ખબર નથી આવી હુલડને અંગે કોઇ જતુ આવતુ નથી. તે કાંણ ખબર લાવે પણ શાહપુરથી

ગોવિંદનો પત્ર છે. જે શાહપુર મઝામાં છે પણ પસાભાઈની વાત લખી નથી. જેથી મેં શાહપુર લખ્યું છે કે પસાભાઈ બારેજા છે કે શાહપુર છે. તેનો જવાબ બારેજા તથા મને લખજો એમ મેં શાહપુર લખ્યું છે તે જયારે શાહપુરથી જવાબ આવે ત્યારે ખરો કારણકે મેં તો તે ૯મીએ બંન્ને જગાએ લખ્યું છે બારેજા ને શાહપુર તે તા.૧૦એ પોતીગ્યો હશે. પણ હવે તા.૧૧થી ટપાલમાં હડતાલ પડવાની લખે છે જેથી ખબર અંતર જતી આવતી બંધ થશે. એજ લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ.　　　　મંગળવાર**

ખોડાભાઈ ડાહ્યાભાઈ આદીકને માલમ થાય જે હું તમે ગયા પછી આણંદ ઉતરી મોટરમાં બેસી દસ વાગે ઘેર પહોંચી ગયો છું ને નાહી ધોઈ રૂપાળીબેને ખાવા આપ્યું અને સરવે સાથે જમવા બેઠા પછીઆ પહોચ્યાંનો જવાબ લખ્યો છે. એજ લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ.　　　　તા.૨૦-૫-૪૭**

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો હકીકત જાણી બીજુ હાલમાં કુવાની કુંડી ચણવાનું કામ ચાલે છે. પાંચ છો હાથ ચણીને પછી ઉતારવાની થશે તે ઉતારવાનું કામ ભરૂચ જઈને આવ્યા પછી થશે. કેતાં તા.૨૩ શુકવારે સવારમાં ફાસ્ટમાં બેસી જઉં એવો વિચાર કર્યો છે. એક રાત રહીને પાછો આવવા વિચાર છે. બીજુ મોટા ઓટલાનો ગેલેરીવાળો પતરાં અડધાં ઉતારીને વંઢો અડધો ઉતારવા વિચાર છે. કારણકે પાંચ છો તરડો પડી છે. તે ઊંચાઈથી લોખંડ ઉતારવું ને પલળે કે વધારે ફાટે તો ઉતારવું કઠણ પડે માટે તેનું કામ પણ શરૂ કર્યું છે. એજ. લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.**

ભાદરણથી લી. હું દસરાને દિવસે શાહપુર ભેગો થઇશ ને રવિવારને દિવસે પણ મળીશ. ને દસરા પછી તેરસને મંગળવારે બારેજા જવાનો છું પણ હું તો સોમવાર સાંજ કે બપોરનો જઇશ આતો તમને જ લખ્યું છે બીજુ પહેલી પુનમે ઘેર આવવા વિચાર છે અને ઘેરથી નીકળવાનો વિચાર નાંમનો છે. પણ કદાચ વચ્ચે પાંચ છો દિવસ રહ્યાને વિચાર બદલાય તો આઠમને ગુરૂવારે પણ નીકળુને, કોઇ આવે કે કાંઇ અડચણ હોય તો શુક્રવારે નીકળું કદાચ કોરો દિવસ છે તો શુક્રવારીમાં જવાનું મન થાય તે માટે ગુરૂવારે નીકળવાનું મન થાય તો ગુરૂવારે નીકળીશું.એજ લી. નારાયણ.. તમને જ આ લખ્યું છે.

**શ્રી પ્ર.પુ.**

પત્ર પોત્યો ઉતર જે જ્યારે આવશે ત્યારે ખરૂં હાલમાં વિચાર નથી. માટે એજ ઉતર જે હાલતો મજુરાં ચાલે છે.ને વાસણ ધોવાની ચોકડીઓનું કામ ચાલું કર્યું છે. જ્યારે જોગ આવશે ત્યારે અવાશે હજુ કાંઇ નક્કી નથી. એજ લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ..

**શ્રી પ્ર.પુ.** બુધવાર

સરસપુર બારેજાથી પત્ર આવ્યો છે જે એક માસ થઇ ગયો છે જે ક્યારે આવશો, જરૂર આવો જેથી હું શનીવાર સવારમાં કે બપોરે નીકળી અમદાવાદ થઇને સાંજનો બારેજા જઇશ ને રાત રહી પાછો જઇશ આતો નવાણું વસા પછી કોઇ ઘેર આવે તો રહેવું પડે એજ લી. નારાયણ અહીં સરવે મઝામાં છે. આ વખતે સરસપુર નહીં આવું કારણકે જીણાભાઇને ત્યાં થઇ શાહપુર થઇ સાંજના શનીવારે બારેજા જવું છે. એજ લી. નારાયણ. જય શ્રી પુરૂષોત્તમ.....

શ્રી પ્ર.પુ.

સરસપુરથી પત્ર બે આવ્યા તે વાત જાણી બીજુ આજે સવારમાં ભીખાભાઇ ઘેર આવી ગયા છે. સેજ જાણવા લખ્યું છે હવે અત્યારે પુરો જવાબ નહી મળે કારણકે ભીખાભાઇ આવ્યા એટલે તેમની સારવારમાં રહ્યા નવરાસ નથી. રાતે લખીશું. એજ લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ...

શ્રી પ્ર.પુ.

હું શુક્રવારે બપોરે અગીયાર વાગે સ્ટેશને ઉતરી જ્યાં જોગ આવશે ત્યાં જઇશ આજે એવો વિચાર થયો કે જોગ પડે ત્યાં જવાય માટે જાણવા સારૂં લખ્યું છે. એજ લી. નારાયણ. જય શ્રી પુરૂષોત્તમ..

શ્રી પ્ર.પુ.

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો ઉતરજે ક્યારે આવશો તેનો જવાબ જે જ્યારે આવીશું ત્યારે કેવડાવીશું હાલતો ગોદડાંમાં છીએ તે નવરાશ નથી કે ક્યારે જવું ને ભીખાભાઇ મોગરી આજ ગયા છે. તે જ્યારે આવે ત્યારે વિચાર થાય કારણકે તેમનો ભાણો લખે છે કે જવેરબાને તાવ આવે છે. એજ લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ...

શ્રી પ્ર.પુ.

સરસપુરથી પત્ર પોત્યો ઉતર જે રીપ્લાઇ મારાં રાખી મુકીને તમે બીજો લખ્યું માટે તે મેં પણ તમારી માફક ઘાલી મુક્યું છે. તમે જેમ રાખી મુક્યું તેમજ બીજુ માત પીતા પોતી ગયાં તે વાત જાણી બીજુ આજે બચુબાઇ આવ્યા છે સરવે મઝામાં છે. લી. નારાયણ... જય શ્રી પુરૂષોત્તમ....

શ્રી પ્ર.પુ.

આજે સુખી આનંદથી મણી તેની ફોઇ પાસે આવી ગઇ છે. ને કામે લાગી છે. સાદડીઓને પટીઓ મારે છે. અહીં મજુર સુથાર લુહાર વિગેરે કામ ચાલે છે. ને ડાહ્યાભાઇ અંબાલાલ એન્જીન કેડે પડ્યા છે. એજ લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ.

શ્રી પ્ર.પુ. મંગળવાર

સરસપુરથી પત્ર પોત્યો ઉતર જે અહીં સરવે ખુશીમાં છીએ તમો પણ પ્રભુ કૃપાથી હસો ખોડાભાઇનું શરીર સારૂં છે. તે વાત જાણી મધુ લખે છે કે ભણાવજો વંચાવજો તે ભણવું પોતાના હાથમાં છે. વાંચે તો વાંચતા આવડે. એજ લી.નારાયણ.જય શ્રી પુરૂષોત્તમ

શ્રી પ્ર.પુ.

પત્ર પોત્યો ઉતર જે દીવાળી કે બેસતુ વરસ તે દિવસે મજુર કડીઆ આવે નહી જેથી એક રાત રહેવાની નવરાસ આવશે એમ લાગે છે. નાળાનું કામ ધમધોકાર ચાલે છે તમારે રજાઓ પડી તે વાત જાણી પણ અમારે બહારનું કામ એટલે આવવા રહેવાનું ઠેકાણું ના રહે પણ દીવાળી કે બેસતુ વરસ તે આવીશ ચૌદશે નહી અવાય બીજ નહી રહેવાય. એજ લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ...

શ્રી પ્ર.પુ.

આજે લીંગડથી મળસ્કે નીકળીને અગીયાર વાગે ભરૂચ ઉતરીને નાહી ધોઇ જમીને લીંગડની વાતો ચાલે છે ને હવે મળસ્કે બેસીને વેરાઇ જઇશું પણ મણી કે છે કે અમને મુકવા આવો નહીતો ભાદરણ આવીશું ને કપીલાની નાનીબેન કે છે કે અમને મુકવા ચાલો નહીતો ભાદરણ આવીશું. રવિવારે બપોરે આવીશું એજ લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ....

શ્રી પ્ર.પુ.

તમો અમો છુટા પડ્યા પછી આણંદ ઉતરી મોટરમાં બેસી દસ વાગે ખુશીથી ઘેર પોત્યા છીએ જમીને આ પત્ર લખ્યો છે. બીજુ આણંદથી મોટરમાં હરીપરાના મુળજીભાઇ તથા પરસોત્તમનો દીકરો ભાદરણ આવતા હતા તે મોટરમાંથી સંઘાથ થયો. એજ લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ.....

**શ્રી પ્ર.પુ. તા.૧૮-૧-૪૮ ભાદરણ.**

તમને રાવજીભાઇ હમામવાળા કહેવા આવ્યા હશે કે, શનીવારે આવશે પણ તે પહેલાં આ ગુરૂવાર આવે છે. તે ગુરૂવારે આવવાનું થયું છે. હમામમાં જઇ ને પછી સાંજનું બજારમાં ફરવા જવાનું છે કારણકે બારેજાના છોટાભાઇ પાસે પ્રભુ કહે આ પત્રમાં સહી કર તારી પાસે કુંડળ લેવાં છે. જેથી કેવો નમુનો કરવો તેથી છોટાભાઇ ભાદરણ આવ્યા છે. માટે નમુનો જોવા ગુરૂવારે થયું જેથી સમૈયામાં તૈયાર થઇ જાય માટે શનીવારે નહી પણ આ ગરૂવારે આવવાનું થયું છે. એજ લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ... ખોડાભાઇ મઝામાં છે. મણી, મધુ આનંદમાં છે.

**શ્રી પ્ર.પુ.**

તમારો પત્ર પોત્યો હતો. બીજુ ભરૂચથી ત્રણ કાર્ડ આવ્યો જે ક્યારે આવો છો જેથી, શનીવારે કાલે જ હું ફાસ્ટમાં બેસી ભરૂચ જવા વિચાર કર્યો છે. રવિવાર રહીને પાછો આવવા ધારૂં છું અહીં સરવે ખુશી મઝામાં છીએ. હજુ વરસાદ નથી આવ્યો માટે વરસાદની રાહ જોયા વીના હવે ત્રણ કાર્ડ આવ્યાં જેથી શનીવારે જઇશ કાલેજ. લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી પત્ર આવેલો પણ નક્કી થયેલું નહી જેથી લખ્યું નથી. પછી મંગળવારે આવવાનું નક્કી કર્યું પણ રૂપાળી રડવા

માંડ્યું જેથી ભાથુ ખાઈ ગયા ને હવે જ્યારે અવાય ત્યારે ખરૂં છેવટે છાનાં માંનાં નાસીને શનીવારે બારેજા જઈશ. તા.૪-૬-૪૯ રવિવારે શાહપુર રાખ્યું છે. હવે ક્યારે નીકળીશ તે નક્કી નથી. રૂપાળીને લઈને નક્કી થયું નથી. જ્યારે આવીશુ ત્યારે મણી આવશે તે તમને ખબર કરશે. એજ લી. નારાયણ. જય શ્રી પુરૂષોત્તમ.....

**શ્રી પ્ર.પુ. શુક્રવાર**

શુક્રવારે તમારો પત્ર પોત્યો ખોડાભાઈને શ્વાસ ચઢે છે ને ખોરાક લેવાતો નથી તથા મણીને તાવ આવે છે. તથા મણીબેન વેલા આવવાનો વિચાર કરે છે તે સરવે વાત જાણી ઉતર જે ખોડાભાઈને જેમ પ્રભુ ઉપાડે તેમ કરજો વેલુ આવવું માંડુ આવવું રજા લેવી ના લેવી વિગેરે જેમ પ્રભુ ઉપાડે તેમ કરજો બીજુ ગઈ કાલે એક કાર્ડ લખ્યો હતો જે તેજાને ખાંયણીની પળાઈ ભારે પડે છે તે લેતાં આવજો ને હલકી લેતાં આવજો એવો કાલે કાર્ડ લખ્યો હતો. તે પોત્યો હશે એજ લી. નારાયણ. જય શ્રી પુરૂષોત્તમ..

**શ્રી પ્ર.પુ. તા. ૧૬-૨-૪૬**

સરસપુરથી પત્ર આવ્યો હતો તે વાંચ્યો પોતી ગયા અને મેં પોત્યાનો ઉતર તમને લખ્યો છે ને તેમાં કાર્ડ બબુભાઈને આપવાનું મુક્યુ છે. તે પોત્યું હસે બીજુ આજે સોમાભાઈનો પત્ર આવ્યો જે હું ભરૂચ આવ્યો રાતે મહારાજે કહ્યું કે આવ મળીએ એમ ત્રણવાર આઘા જાય ને પાછા આવે ને મળ્યા પછી કે છે કે કેમ અકળાયો ભૂખ ખાવાનું ના મળે ત્યારે ઉપવાસ જાણવો ને ટાઢ પડે ત્યારે અંતરમાં ઉતરી જઉ પણ હું જ્યારે જ્યારે તારાપુર જઉ ત્યારે તારે જોડે આવવાનું છે. માટે અકળાવું નહી. એવી રીતે આખી રાત સોમાકાકાને શીખામણ આપી તેનો આજે પત્ર આવ્યો છે. ને

હકીકત લખી છે. બીજુ કોથળી લખી છે. કાર્ડ મુક્યું છે. પણ ઘર નં. ૯૯૪ લખ્યું લાગે છે. જેથી ના પોતે તો આ બીજો લખ્યો છે ને કેજો જે બબુનો કવર પોત્યું છે. એમ લખતા રહેશો. એજ લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ.**

પત્ર પોત્યો ઉતર જે ભીડ હતી તેમ માંડા પડ્યા હોત તો ના મળત. ઉતર જે અડધો કલાક વહેલા નીકળવાનું રાખ્યું હોત તો એવું ના થાય આતો અડધો બાકી રહેને નીકળે તેમાં આવજો જજો ને રસ્તામાં ચાલ્યાનો ટાઈમ બધો ભેગો કરો જેથી ભીડ વેઠવી પડે છે. માટે રીવાજ વેલા નીકળવાનો રાખવો. લી.નારાયણ જય શ્રી પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ.**

અંબાલાલનો પત્ર પોત્યો ઉતર જે ધીરે ધીરે મટશે અકળાયે પાર ના આવે. આપણે તો પ્રભુ સંભારવા એજ આપણો ઉપાય છે. મીલમાં જાય છે ને વળી મન ના ગોઠે તો જાય પણ પેરાવાળઆને કહી મુકયું તે શરત રાખે ને આપણે પણ ચીવટ રાખવી એમ કરતાં કરતાં બેસી જશે. એજ લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ..

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો ઉતર જે હાલ વિગત લખવાની નવરાશ નથી. ચાલીસ મજુર આવે છે. એજ સરવે મઝામાં છે. એજ લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ.**

તમો અમો છુટા પડ્યા પછી હું મોટરમાં બેસી ઘેર ગયો જમીને બેઠો એટલે ચાલીસેક પુનમીઆ આવ્યા અડધો કલાક રહી

ગાડીએ ગયા ને હું તમને પત્ર લખવા બેઠો. એજ લી. નારાયણ. જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.** **મંગળવાર**

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો હું ઘેર સુખેથી પોતી ગયો છું ને જરા અથડામણને લીધે બે દિવસ ચેન પડ્યું નહીં. હવે મજુરાં આવે છે. જેથી દોડાદોડમાં સરવે વાતે સારૂં છે. ખાધેલું પચે છે. આળસું બનાતુ નથી. હાલ કામ કાજ ચાલે છે. ઠીક ઠાક કરીએ છીએ દુઃખ પડે તેમાં સુખ થાય તેવું કામ ચાલે છે. એજ હાલમાં લી. નારાયણનાં જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી ખોડાભાઇ કપીલાબેન સુખેથી પોત્યાં તે બાબતનો ડાહ્યાભાઈએ પત્ર લખ્યો તે વાંચ્યો બીજુ ડભોડાવાળાનુ જે તે કુંજમાં ગોવિંદભાઇને આપજો જેથી મને પોતી ગયા ને હું આવીશ ત્યારે ગોવિંદભાઇ પાસેથી લઇશ કારણકે જુના ઘસયેલા જે હો તે ત્યાં વપરાઇ જાય માટે ત્યાં ગોવિંદભાઇને કુંજમાં આપજો. એજ લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ.**

તમારા અમારા છુટા પડ્યા પછી ગાડીથી ઉતરીને મોટરમા બેસી સુખેથી ઘેર પોતી ગયો છું અહી સરવે ખુશીમાં છીએ. લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.** **મંગળવાર**

ગઇ કાલે સરસપુરથી પત્ર આવ્યા હતા તેના ઉતર લખ્યા હતા. પરંતુ ડાહ્યાભાઇ પણ ચાર દિવસ વહેલા આવવાના છે એમ લખ્યું તથા ખોડાભાઇ તેથી વેલા આવવાના છે તો તેમનાથી જેટલું શાહપુરથી લવાય તેટલું લાવજો અને બાકીનુ ડાહ્યાભાઇ

લાવશે એક તો પાંચ છો સટ ચોપડીઓના કોથળામાં ઘાલી વીંટો કરી દોરીથી બાધી સરસપુર લાવજો ને આવો ત્યારે લાવશે અને ડાહ્યાભાઇ સરસપુરથી આદરભાઇનાં કરતાલાં વિગેરે જે કાંઇ લાવવાનું હોય તે જે કોઇ આવે તે લાવે હાલ ઉપયોગમાં આવે તે લાવજો પાણીની બતક ઉનાળામાં લવાશે અત્યારે જરૂર નથી. બીજુ આદરભાઇની ચોપડીઓ હાલ લાવવાની જરૂર નથી. કારણકે વરસાદ કદી ઝાપટુ આવે તો પલળી જાય માટે આ કાગળ શાહપુર લેતા જજો તે ત્યાં યાદ રહે ને જરૂર પુરતું લવાય ને જીવણલાલ વાળી ચોપડીઓ તો સમૈયામાં આપવા ચાલે માટે પાંચ છો સટ જે લાવતાં ફાવે તેજ લાવવું કોરાં ઘણું જોઇતું લવાશે ખોડાભાઇ તથા તેજા મણી મધુ મોટી મણી વિગેરે તો વેલાં આવવાનું લખે છે. તે અમે વાત જાણી ફાસ્ટમાં ભીડ વધારે હોય છે. ને લોકલમાં સવારમાં સારી જગા મળે છે. ભાદરણની ટીકીટ ફાસ્ટની લેશો નહી. ગાડી મળતી નથી. લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો. હકીકત જાણી તબીયત સારી છે. છવીસ મજુર આવે છે. જેથી દોડાદોડ કરીએ છીએ. અહીં સરવે મઝામાં છે. ગોવિંદભાઇએ લખ્યું છે કે ડીપોઝીટ ડાહ્યાભાઈએ આપ્યા છે. લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ..

**શ્રી પ્ર.પુ.** રવિવાર

ડાહ્યાભાઈનો પત્ર મેડેથી લખ્યો તે પોત્યો ઉતર જે ઘર ઘરાઉ દવા કરવી ડાક્ટરની સારી પણ ઈંજકશન તો બહુ દુઃખે છે સેકવું બહુ પડે છે. એતો મને વીતેલી વાત છે. બીજુ અહીં સરવે ખુશીમાં છીએ તમારા સમાચાર લખવા રીપ્લાઇ પતુ લખ્યું છે તે લખજો

ભરૂચ જવાનુ હતું પણ બંધ રાખ્યું એવી પેપરમાં વાત હતી જે નાની ગાડી બંધ રહેવાની છે.(હડતાળ) તેથી ભરૂચ ગયો નથી. એજ બબુભાઈનો પત્ર નથી આવ્યો. એજ લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ.** **ગુરૂવાર**

ડાહ્યાભાઈનો લખેલો પત્ર વાંચ્યો તથા વાલજીભાઈના સમાચાર જાણ્યા હવે તો બે રજાઓ જેથી ૩૭ કલાક ભજન કરો. દવાથી ફેર ના પડ્યો ને ભજનથી ફેર પડ્યો તો ભજન કરવું ને પેટ ને પટેની પછાડી વળગ્યાં તેને માટે ઉદ્યમ પેટ ભરવા કરવો ને મનથી ભજન કરવું એ બેજ કામ છે. માટે નવરાશે વાતો ચીતો કરો છો તે પણ સત્સંગ કહેવાય. તેથી જેવો જોગ આવે તે પ્રમાણે તેવા સંગમાં રહીને આનંદ કરવો ખરો આનંદ તો પ્રભુ સંભારવા એજ છે. બીજુ અહીં સરવે મઝામાં છીએ. તમારી ખુશી આનંદના સમાચાર લખવા રીપ્લાઇ પતુ મોકલ્યું છે. હાલ મુરતી ઉપર અજવાળુ આવે તેથી આગળનો ભાગ ખુલ્લો કરવો ચણતર કરી દરવાજીવાળાનું કામ ચાલે છે. એજ લી.નારાયણના જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.**

ખોડાભાઇ તેમ ડાહ્યાભાઇ જેને રાતની નોકરી હોય તેને માલમ થાય જે આજે શુક્રવારે લીંબુના ડબા નંગ-ર ચઢાવ્યા છે તે પારસલથી છેને નુરના પૈસા આપી દીધા છે. માટે શનીવારે આવી જશે. તે આ પત્ર વાંચીને કુંજમાં ખબર કરજો જેથી તે લઇ જશે. કારણકે કુંજમાં ટપાલ માંડી આવે છે. ને તમારે ત્યાં વેલી આવે છે. જેથી ખબર કરજો કુંજમાં રસીદ બીડી છે. શની કે રવિવારે ચંચળબેન તેમ ગોકળભાઇ કુંજમાં આવવા તૈયારી કરે છે. કુંજમાં

રસીદ બીડી છે. એજ લી. નારાયણ. રસીદ ન મળેતો સ્ટેશને ગોડાઉનની ઓફિસમાં જઇ ગોવિંદભાઇ ઇન્સ્પેકટરને કહી પારસલ છોડાવી લાવશે.

**શ્રી પ્ર.પુ.**

મંગળવારે લીંગડ જવાનો પત્ર છે. તમારા અમારા છુટા પડ્યા પછી ગાડીએથી ઉતરીને મોટરમાં બેસી સાડા નવ વાગે ઘેર જઇ દાળભાત જમીને ઉંઘ લીધી. પછી કાગળ લખવા બેઠા ને વાતો કરવા માંડી તેમા રૂપાળીતો રડવા માંડ્યું જે મને દીવાળી કાસીના જેવો રંગ ના નાંખ્યો મેં કહ્યું કે આપણે તો સદાય રંગમાંજ છીએ માટે આપણે શી નવાઇ છે. પછી હરીબેને વાતો બીજી કરવા માંડી તે આખ્યો મુતરતી બંધ થઇ ગઇ. એજ લી.નારાયણ ના જય શ્રી પુરૂષોત્તમ.....

**શ્રી પ્ર.પુ.**

તમે મણીને મુકીને ગયા ને ખુશીથી ત્રણેય જણ રાજી ખુશીથી પોતી ગયાં છે ને દસ વાગે અમારી જોડે જમવા બેસી ગયાં છે. એજ લી.નારાયણ બીજુ શાહપુરથી બંને જણ પણ પોતી ગયાં છે. લી. નારાયણ...

**શ્રી પ્ર.પુ.** **તા.૧૭-૧-૪૮**

મણીને તથા મણીની માને માલમ થાય જે મણીબેન, મધુ તથા ખોડાભાઇ ખુશીથી દસ વાગે પોતી ગયા છે. તે સેજ જાણવા લખવા લખું. બીજુ હું શનીવારે હમામમાં રાવજીભાઇને ત્યાં આવવાનો છું. તે બે કલાક રહી સાંજે ઘેર પાછો આવીશ. કારણકે રૂપાળી ફોઇને ગમતુ નથી. કે છે કે હું એકલીને મને શી રીતે મોટા મુકામમાં ગમે માટે હવે કોઇ ગામ નહી જવા દઉં એમ કહે છે. મણી નીશાળે જાય છે. તે તેની માને આનંદ છે. પણ મને

તમે જાઓ છો તે દુઃખ થાય છે. એજ લી. નારાયણ. જય શ્રી પુરૂષોત્તમ

**શ્રી પ્ર.પુ.**

છુટા પડ્યા પછી આણંદ આવ્યાને મોટરનું ઠેકાણું નાંતુ જેથી પેટલાદ થઈ ઘેર આવ્યા ને ખાઈને પછી પત્ર લખ્યો છે. અમારે અહીં વરસાદ વધારે છે. જેથી આપણી પોળના આપણા મુકામમાં થઈને બે દિવસ ગયા ને અમો ખુશી મઝાથી પોત્યા છીએ. ડાહ્યાભાઈ વળતી ગાડીમાં ખાનપર ગયા છે. લી.નારાયણ ના જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.**

પત્ર પોત્યો ડૉક્ટર કહે તે ખાવું ને આપણને ફેર પડતો જાય તે જોવું મહીનો કહે છે. તો જીણી દષ્ટીએ જોયા કરવું જે કેટલો ફેર પડે છે. મને પણ બરાબર ભૂખ નથી લાગતી ને એક દિવસ જરા શરદી થઈ હતી. તે રાતે ઉંઘી ગયો જેથી સવારે સારૂ થયું માટે આપણને થોડો થોડો ફેર પડતો જણાતો હોય તો પછી દવા કરવી ને આઠ દિવસે તપાસ કરવી એમ જોતાં રહેવું એજ સોમવારે ભીખાભાઈ આવ્યા નથી જેથી હજુ આવવાનું નક્કી નથી. જવાબ કાર્ડ પોત્યાનો ઉત્તર લખવા રીપ્લાઈ છે...

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો રજાઓની તારીખ વાંચી બીજુ અહીં અમે ખુશીમાં છીએ તમો પણ મઝામાં છો હાલમાં અમારે મજુરાં ચાલે છે. કે જે મારી ઓફિસની પાછળ ઓટલી નીચી હતી તે ઉંચી કરીએ છીએ કારણકે ત્યાં પાણી ભરાય છે. હાલમાં અમારે એજ ચાલે છે. હાલમાં મુરતી અમે પાંચ જો છીએ બીજુ બેચરભાઈને હોંસીઆરી આવે છે. તેમ બાપાને ઉદરસ છે તે

વાત જાણી લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ...

શ્રી પ્ર.પુ. તા.૨૧-૧૦-૪૭

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો સોમવારે આવ્યા તે વાત દહેગામથી લખી તે જાણી હે ભાઇ ભગવાને એ તો ગમે તે રસ્તે સુગમ કર્યું પણ જે બાબતમાં અવગુણ આવે તે તો ના જ કરવું. ભગવાન શબ્દ ભારે પડે, શાસ્ત્ર પ્રમાણે બોલવું જે, કોલસામાં અગ્નીએ પ્રવેશ કર્યો તે, દેવતા કહેવાય. પથ્થરની, લાકડાની, કાગળની મુરતી કરે ને તેને પગે લાગે છે. તો જે ભગવાન કહે છે. કાંઇ જે પથરા નથી કહેતા તેમ, ભગતમાં ભગવાન જેટલું કામ કરે તે, પગે લાગતાં જે માણસ નથી કહેતાં પણ ભગવાનને લઇને ભગવાન કહેવાય ને જે ભગવાન કહે છે. એવી રીતે બોલવું તો સરવે ને સુગમ પડે. માટે બાપની વહુ, ના કહેવું બા કહીએ એટલે ઠીક લાગે ને બીજી ઘરડી હોય તો પણ, બા કહેવાય તો ઠીક પડે. એજ લી. નારાયણ જય શ્રી પુરૂપોત્તમ. રૂબરૂ વાત કરીશું...

શ્રી પ્ર.પુ.

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો. હકીકત જાણી ઉતર, માંડો લખાયો તેનું કારણ હું ભરૂચ તરફ ગયો હતો બીજુ લીલામાં તો હાલ ભીખાભાઇ ખાવા કરે છે. ને હું ખાઉં છું એજ હાલમાં લીલા ચાલે છે. લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ રૂપાળીબેન આવે ત્યારે તેમને ચારણા ને રબડનું ભૂંગળુ આપજો કારણકે હોંશીયાર છે. ને તમારે છોકરાં પોટલાં હોય જેથી તે માલી આવે છે માટે આપજો. એજ લી.નારાયણ...

શ્રી પ્ર.પુ.

સરસપુરનો હાલ પત્ર નથી. પણ ડાહ્યાભાઇ આવ્યા હતા.

તે નવમી તારીખની વાત કરી હશે. માટે તેની વાતતો એમ થઇ જે વરસાદને લીધે બોરસદની મોટરો બંધ થઇ તેથી નવમી તારીખનું બંધ છે. કારણકે જવા આવવામાં અગવડતા થઇ માટે નવમી તારીખનો વિચાર માંડી વાળ્યો છે. પછી આડી રાત તેની શી વાત જે સમે જે બને તે ખરૂં કરણકે હાલ વસઇના ભગત આવ્યા છે. ને શાહપુરના આજે ગયા છે. તેવી રીતે વળી કોઇ શનીવારે આવે તો શું કરીએ કારણ મોટર બંધ છે. તેથી નવમી તારીખનું બંધ રાખ્યું છે. એજ લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ.

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો બીજુ ખોડાભાઇને ત્યાં રસીદ મોકલી છે. તે લેજો ને કાલુપુર જજો ટેલીફોન કરાવજો ને બે ડબા કુંજમાં લઇ જવા દેજો તે રવિવારે જે આવે તેને વહેંચી દેજો બીજુ બબુભાઇની વાત જાણી તે ગયો હવે ખોડાભાઇ વાલજીભાઇના આપ્યા તે જાણ્યું. પણ સ્વામી નારાયણનું શું થયું તે કાંઇ જાણ્યામાં કે તમે કાંઇ લખ્યું નથી. હશે હવે લ્યો. પારસલની વાત શનીવારે લખશો. જેથી સોમવારે વાંચીશું એજ સરવે મઝામાં છીએ એજ લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ..

**શ્રી પ્ર.પુ.**

પત્ર પોત્યો ઉતર જે અમે સરવે મઝામાં છીએ તમો પણ છો એતો શરીરે કસર સુખ દુઃખ થયાં જાય તે જોયે ક્યાં પાર આવે બીજુ બુધવારે તા.૧૭મી એ આવવાનો વિચાર રાખ્યો છે પછી હરી ઇચ્છા વચ્ચે આડી રાત તેની શી વાત માટે સવડ પડતે અવાશે. એજ લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.**

પત્ર પોત્યો ઉતર ડાકમાં પાઇપોને સાયટીંગ જોડાણ થાય

છે. બે માણસ આવ્યાં છે. જેથી કામ ચાલુ છે. નવા જુની હાલમાં નથી એજ લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ....

શ્રી પ્ર.પુ. શનીવાર

રીપ્લાઈ પતુ મોકલ્યું છે. સરસપુરથી પત્ર આવ્યો સમાચાર જાણ્યા અહીં સરવે ખુશીમાં છીએ. તમારી ખુશીના સમાચાર જાણ્યા હવે ભજન કરવાનો વખત સારો મળે છે. ને શરીરને આરામ મળે છે. તે વાત સરવે જાણી. હવે મારૂ શરીર સારૂજ રહે છે. પણ કોદરી ખાઉં છું. ભાત ઉપરથી ભાવ ઉઠયો કારણકે ગમે તેટલું તો પણ વાયડો પડે હું ને રૂપાળી કોદરી ખાઉં છું. તેને પણ હોંફ ઓછો થયો છે. ને હલકુ શરીર રહે છે. એમ કહે છે બીજુ હું તા. ૨૭ બુધવારે સવારમાં ઉઠી વડોદરે જઈશ ને કોર્ટ કચેરીનું આયપદ વેરાનું છે. તે તરત પાછો સાંજના ફાસ્ટમાં કે પછીની લોકલમાં પાછો ઘેર આવીશ. ભેગાભેગી ઈચ્છાને ત્યાં પણ જવાશે બીજુ ગોકળભાઈએ કહ્યું તે ખરૂં કારણકે હરીને મટ્યું ને ભગતના કહેવાથી મટે માટે મન ઉપડે તો લાવજો. એજ લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ.. પત્ર પોત્યાનો ઉતર લખવા રીપ્લાઈ પતુ મોકલ્યુ છે.

શ્રી પ્ર.પુ. તા.૨૮-૫-૪૮

સરસપુરથી પત્ર પોત્યો ઉતર જે હાલમાં બેઠે બેઠ છીએ. મજુર આવશે એટલે હલ્લે વળગ્યુંશું બીજુ પુનમ પહેલાં આવવા વિચાર છે. પછી નક્કી થયે લખી જણાવીશું એજ લી. નારાયણ. જય શ્રી પુરૂષોત્તમ. બીજુ શાહપુરવાળાં હરીબેન તથા બચુભાઈ તેમજ પુંજાભાઈ નો મનુ એમ ત્રણ હાલમાં ભગત છે. એજ લી. નારાયણ. જય શ્રી પુરૂષોત્તમ...

શ્રી પ્ર.પુ.

આજે છોટાકાકાને હું બંને ખુશીથી પોતી ગયા છીએ હાલમાં એજ મઝામાં છીએ લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ. તા. ૯-૭-૪૮ બપોરે.**

સરસપુરથી પત્ર આવ્યો મેં સવારમાં રીપ્લાઇ પતુ લખ્યું હતું ને બપોરે તમારો આવ્યો આ પહેલાં મેં તા.૨૩એ રીપ્લાઇ પતુ લખ્યું હતુ તે ગવલ્લે પડ્યું હવે આનો જવાબ જે હાલમાં તો મેડા ઉપર લુંગડા સુકવવાનું કરવાનું છે જે મજુર ચાર પાંચ આવે છે ને ચાર જણ અમે એમ લીંપવાનું કામ કરીએ છીએ. મજુર ગાર લાવે છે. ને ડખો આઘો પાછો ખસેડીને ચારે બાજુએ થાંભલાને ફરાય તેવું કરીએ છીએ હાલમાં એવું ચાલે છે. બીજુ આવવા વિસે તો હજુ નક્કી થયું નથી. જ્યારે જોગ આવશે નક્કી થશે ત્યારે લખી જણાવીશું. હાલમાં અહીં વરસાદ નથી જેથી મજુર કામ આવે છે. તે મેડો લીંપવામાં ફાવે છે. પછી ધંધે ખેતી ને વળગે માટે હવે એક બે દિવસ ચાલશે. એજ લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.**

સરસપુરનો પત્ર પોત્યો ઉતર જે હું તા.૨૯ ગુરૂવારે સરસપુર આવીશ ૦।। કલાક રહીશ, દાળભાત ને શાક સીવાય બીજુ નહી જમું એતો ખાત્રી રાખશો ગયે વખતે શરમે જમ્યો પણ આ વખતે નહી જમું તમારૂ મન દુઃખાય તેથી શરમે મારે જાભણી રહેવું પડે છે. માટે એજ. ધીરે ધીરે એક વખત નહી જમુ એટલે પછી ફરી નહી લખવું પડે. બીજુ હું પુનમ પહેલાં રવિવારે ભરૂચ જવાનો છું એક રાત રહી પાછો આવીશ. પુનમ પછી ભરૂચનું અંધારીયું પડે છે. માટે આ રવિવારે ભરૂચ જઈશ પુનમ પછી ગુરૂવારે આવીશ. ને જો જોગ આવસે તો પડવે બુધવારે પણ આવું પણ

પુનમીઆની ભીડ બહુ થાય એ વિચાર થાય છે. લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ.. રૂપાળીબેન ખાનપુર ગયાં છે. ઘી ઝાલર ચણાનું ગાડુ આવ્યું હતું તેમાં બેસી. પુનમે આવશે. વહુને ભાવ હતો મણીને ડાહ્યાભાઇની મણીને તેડી જવાનો ભાવ હતો. જેથી ખાનપુર ગયાં છે ને જરા મન વિહારો થાય.

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો ઉદરસ થોડી છે તે હવે વર્તમાન પાળીશું તે મટી જશે. બીજુ ભરૂચ જઇ આવ્યો પુનમ પછી ભરૂચ ગયો હતો. તે હરીપુરાથી મુળજીભાઇ આવ્યા હતા તે રૂપાળીને કહે હરીપરા ચાલો તે રૂપાળી તથા હરીપરાના મુળજીભાઇ બંને હરીપરા ગયા છે. ત્યાં બે ચાર દિવસ રહીને પાછાં ઘરે આવશે. જરા નવું ગામ છે. જરા મન વિહારો થાય. ને હરીપરાના ભક્તો ને ઓળખે, એમ કરી હરીપરા ગયાં છે. અહીં સરવે મઝામાં છીએ તમારી ખુશીના સમાચાર લખશો. રીપ્લાઇ પતુ મુક્યું છે. લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.**

પત્ર ડાહ્યાભાઇનો પોત્યો ઉતર જે જીણાભાઇનો સંગાથ કરીને આવશે એમ કહેતાં હતાં બીજુ ગોવિંદભાઇનો પત્ર લખેલો પોત્યો હતો. પણ સમૈયામાં કઇ નવરાશ હોય તે લખાય. પણ ખોડાભાઇ ડાહ્યાભાઇએ જેમ તેમ લખ્યું તેમ કર્યું છે. અહીં સરવે ખુશીમાં છીએ હવે ચૌદેક મુરતી છે. આગળને દી.૫૦ હતા. એ... લી. નારાયણ....

**શ્રી પ્ર.પુ       તા. ૨૯ બુધવાર**

તમો અમો છુટા પડ્યા પછી આણંદ ઉતરીને બોરસદની મોટરમાં બેસી ત્યાં ઉતર્યા. ભાદરણની મોટર તો તે પહેલાં ઉપડી

ગઇ હતી. પછી અઢી વાગે બોરસદમાં અંબાલાલને ત્યાં ગયા ત્યાં તે રાજી થઇ ગયા પછી રસોઇ કરી જમાડ્યાને સાંજે સાત વાગે બોરસદની મોટર આવી તેમાં બેસી ઘેર આવી ગયા છીએ. હવે વચ્ચે એક બે દિવસ રહ્યા પછી શનીવારે ફાસ્ટમાં બેસી ભરૂચ જવાનું થશે ત્યાં એક રાત રહી કે બે પછી પાછુ આવવાનું થશે. બીજુ તમે કહેતા હતા કે મંગળવારે, શનીવારે આવવું તું કહેતા હતાં. તે તમે કહેજો કે શનીવારે તો ભરૂચ જવાના છે. તે એક બે રાતો ત્યાં રહેવાના છે. પછી ત્યાં લીંગડવાળા આવવાના છે. તે ત્યાં જે વિચાર થાય તે કરે તે ખરૂં બીજુ ખોડાભાઇને માલમ થાય કે રૂપબાઇએ તમને સાલ્લા વિશે કહ્યું હોય તો હજુ સેલાં ત્રણ છે. તે અમદાવાદ તરફ આવશે ત્યારે પહેરશે ને તે વિના જ્યાં જશે ત્યાં લાલ પેરસે માટે લુંગડા તમે લેશો નહી. તે વાત સમજી જાણી રાખવી કે બૈરાંની ટેવ એવી હોય કે દોઢાં બમણાં રાખે તે પુરૂપને ખબર ના પડે માટે એજ આજ્ઞા તમારે લુંગડાંનો વિચાર અગર બીજો કોઇ વિચાર રાખશો નહી. રૂપબાઇ વિસે. હવે પુનમીઆ આવ્યા તેથી બંધ કરૂં છું. રીપ્લાઇ પતુ મુક્યું છે. એજ લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ.

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો ડાહ્યાભાઇ તેમ ખોડાભાઇ પોતી ગયા તેમ પસાભાઇને ટીકીટમાં ભીડ તેથી ત્રણ વાગે ઘેર ગયા વિગેરે વાત જાણી તેમ વલ્લવભાઇ હરીબેન આવ્યાં હતાં તે પણ બીજે દિવસે ઘેર ગયાં. સોમવારે હું બોરસદ ગયો હતો ને બે વાગે ઘેર આવ્યો. બે કલાક ભેગા બેઠા ને વલ્લવભાઇ સાંજના ફાસ્ટમાં ઘેર હરીબેન સાથે વિદાય થયાં. મારૂ શરીર સારૂ થઇ ગયું છે. હરીબેનને પુછજો. એજ લી. નારાયણ....

શ્રી પ્ર.પુ.          તા. ૧૩-૧૦-૪૭

સરસપુરથી પત્ર આવ્યો માસીબા ગયાં તમારે તા. ૨૪,૨૫ બે રજાઓ છે અને કોરટમાં ત્રણ છે. તે વાત જાણી બીજુ સરસપુર આવવા વિચાર રાખ્યો છે. બારેજાથી પણ પત્ર આવ્યો છે કે પુનમ પહેલાં કે પછી આવજો તે પણ લખ્યું છે. દસરા પહેલાં કે પછી બારેજા આવીશું એમ ત્યાં પણ લખ્યું છે. અને કાલે આદરભાઇ મીરોલી ગયા તેમણે પણ દસરા ઉપર અમદાવાદ જવાના છે. તે વાત જાણી છે. બીજુ સરસપુર આવવાનું મન થાય છે. પણ જમવાનું કરો છો જેથી મન પાછુ પડે છે. જેથી વિચાર ચાલે છે. કે કયે દિવસે જવું તે વિચાર વેલાં માંડા આગળ પાછળ સાંજ સવારે એવા વિચાર ચાલે છે તે આઠ દસ દિવસમાં જે નક્કી થશે તે પ્રમાણે આવવા વિચાર કર્યો છે. ટાઇમ તીથી વાર સાંજે સવારે બપોરે વિગેરે અદબદ રાખવું અને દસરા પહેલાં કે પછી વિગેરે વિચાર ચાલે છે જેમ થાય તેમ ખરૂં. બીજુ દહેગામથી ત્રણ માઇલ દુર લવાડ ગામ છે. ત્યાંથી ગોરધનભાઇ ઈશ્વરભાઇ લખે છે, કે લવાડથી પચાસ દરશને આવીએ ને બીજા ગામના અસરકારીથી દસેક લખે છે. તેના ઉતરમાં મેં લખ્યું છે કે હાલ હું બહારગામ જવાનો છું હાલ આવશો નહી. કારણકે હે નારણભાઇ એતો સમૈયામાંજ ફાવે, તેમાં સારૂં છે. એજ લી. નારાયણ...

શ્રી પ્ર.પુ. તા. ૨૪-૧૨-૪૮ શનીવાર રાત્રે

સરવે મઝામાં છે. સરસપુરથી શુક્રવારે પત્ર આવ્યો વાંચ્યો હાલમાં બોરીંગનું કામ ચાલે છે. ભરૂચ ગયો નથી. હરમાનદાસની ચંચળ કાસીબા અહીં એક માસ મટવાના વિચારે આવ્યાં છે. ને ખાનપુરના ડાહ્યાભાઇ ઘર કઠલો લઇને બોરીંગ માટે આવ્યા છે. તેમાં ચાલીસ ફૂટ ઉતાર્યુ છે. હવે જે ઉતરે તે ખરૂ ગયા શનીવવારે

શરૂ કરેલું તેમાં વચ્ચે રવિવારે બંધ હતુ. છો દિવસમાં ૪૦ ફૂટ ઉતાર્યું છે તેમાં હથીયાર જોઈએ તે રાતે લુહારને ત્યાં જઇ કરાવીને ભેગુ કરવામાં બેક થોડો વખત જાય છે. એટલે દિવસે કે સાંજે ટપાલો લખવાની નવરાશ નથી રહેતી જેથી એક ઊંઘ લઇને લખું છું હાલ આવી રીતે અમારી લીલા છે. બીજી ફૂરસદ નથી મળતી બોરીંગના ચાર માણસ તથા ઘરનાં તથા નવ આપણાં મજુર એમ હાલનો હલ્લો છે. એજ લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો. હકીકત જાણી બીજુ ગામડી જોઈ રૂપાળીબેન ગામડી ગયાં છે. ત્યાંથી સરસપુર આવશે ને બારેજા જવું હશે તો જશે. આ ત્રણ ગામની રજા આપી છે. રસોઇ પાણી કરવા ખાનપુરનાં ભેંસવાળા છે. હાલમાં પંદરેક મુરતી છે. ને ચાલુ મોસમનાં કઠોળ વીગેરે લાવીએ છીએ ને દુરસ્ત કરીએ છીએ. એજ લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.**

પત્ર પોત્યો ઉતર જે તમારે તા.૨૯થી રજાઓ પડે છે. તે વાત જાણી તેમ કુંજમાંથી પણ લખે છે જે શુક્ર શનીથી રજાઓ પડે છે એમ બે જગાએથી વાત આવી છે. જેને જેવો જોગ તે પ્રમાણે આવશે. મીરોલી જવાનો છોટાકાકા તેડવા આવ્યા હતા. પણ સમૈયો નજીક છે તે મીરોલી નહી આવું કહી દીધું ને તાપ છે. તે ને કુવાનું કામ પણ ચાલે છે. એજ લી.નારાયણ..જય શ્રી પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ.** બુધવાર

સરસપુરથી પત્ર પોત્યો ઉતર જે દસસેરથી વધારે દળાવસો નહી. અને વેલો દળાવી રાખશો, દસસેરથી વધારે દળાવસો તો

પડી રહેશે ઘંટીઓ બંધ થાય તે પહેલાં દળાવજો ને તેજ પ્રમાણે બીજુ તૈયાર છે. બીજી કસી ધમાલ કરવી નથી. દસસેરમાં બે ભાગ પાડીશું જેથી ઓછો બોજો, માટે એજ ઉતર જે, વહેલું દળાવી રાખશો દસસેરથી વધારે દળાવશો નહી. એજ સરવે ખુશીમાં છીએ. લી. નારાયણ..જય શ્રી પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ.**

તમારા અમારા છુટા પડ્યા પછી અમે ગાડી મોટરે થઇ સુખેથી ઘેર પોત્યાને નાહી ધોઇ જમીને જવાબો લખવા બેઠા છીએ. હવે ભરૂચ લીંગડ તરફના વિચારો ચાલે છે. તેમાં પુરમીઆ આવી ગયા પછી ઘેરથી નીકળવું એવો ઠરાવ ચાલે છે. રવિવારે ભરૂચ જવા નીકળીશું સોમવારે મળસ્કે ઉઠીને સુરત પાર સચીન ઉતરીશું. એજ લી. નારાયણ...

**શ્રી પ્ર.પુ.**

રીપ્લાઇ પતુ મુકયું છે. સરસપુરથી પત્ર આવ્યો વાલજીભાઇના સગામાં સમસાને ગયા પછી કુંજમાં ગયા ને બેચરભાઇની તબીયત સારી છે. તે વા[illegible]ી આજે બે પત્ર કુંજના આવ્યા તેમાં તાવ આવે છે. બાપા ઉ[illegible]સ છે. એવી રીતે આજે સમાચાર આવ્યા છે. વળી મુંબઇથી ગોવિંદભાઇ પણ રવિવારે સાંજે બેસશે તે સોમવારે સવારમાં આવશે. એવા સમાચાર પણ આવ્યા છે. બીજુ હરી ઇચ્છાએ રજા મળે તો ઠીક નહીતો અંતરમાં પ્રભુ સંભારવા તેનો શોક શો કારણકે તમારે તો દરમાસે સમૈયો થાય છે. આ ઝાળાંને ત્યાં થોડાં પણ એક મતનાં કહેવાય માટે સરખુ છે. એજ લી.નારાયણના જય શ્રી પુરૂષોત્તમ.

**શ્રી પ્ર.પુ.** બુધવાર

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો તમે લખ્યું કે માન સારૂ છે.

તે માન ભગત આગળ નહીં સારૂ ને, માને કરીને ભક્તી પણ થાય છે. કામકાજ વહેવાર પણ થાય છે. જેમ અફીણ છે તે સારૂ છે ને ખોટુ છે. તે દવામાં વાપરે તો ફાયદો થાય ને એકલું ખાય તો મરી જવાય તેમ એ માન પણ બેય જગાએ વપરાય છે જ્યાં જેવું લાગુ પડે ત્યાં તે ખરૂં. મણીનો ઉતર જે હાલતાં ચાલતાં સંભારીએ. તેજાનો ઉતર જે અહંમમત્વ ક્યાં છે. લાગે છે સ્વપ્નમાં ઘોડાનો પગ ભાગ્યો તવું છે. એજ લી.નારાયણના જય શ્રી પુરૂષોત્તમ..

શ્રી પ્ર.પુ.

સરસપુરના સમાચાર શાહપુરવાળાના પત્રમાં હતા જેથી ખોડાભાઈને સારૂ થતુ જાય છે. તે વાત જાણી બીજુ અમારે ગામમાંથી પાણી લેવાની પાઈપો આવી છે. તે ખોદકામ ચાલે છે. જેથી હવે સોમવારે સવારમાં કે બપોરે નીકળીને કુંજમાં જઈશ માટે સોમવારે સવારે અગીયાર કે સાંજનાં હું આવીશ. એજ લી.નારાયણ..જય શ્રી પુરૂષોત્તમ.. ફાસ્ટમાં અવાશે તો ફાસ્ટમાં સોમવારે બપોરે ત્રણ વાગે આવીશ. સોમવારે ત્રણ વાગે આવીશ.

શ્રી પ્ર.પુ.

પત્ર પોત્યો ઉતર જે દાઢે સારૂ છે તેમ તમે તથા માત પિતા પોહોંચી ગયાં ને ફાસ્ટમાં ભીડ નહોતી વિગેરે વાત જાણી. બીજુ માસીબાને વચ્ચે વિઘન પડ્યું તે વાત પણ જાણી. એતો તીવ્ર વૃત્તિ રહેશે જેથી દરશન થશે. તેમાં શું શક છે. બીજુ અહીં સરવે ખુશીમાં છે. લી.નારાયણ..જય શ્રી પુરૂષોત્તમ.

શ્રી પ્ર.પુ. તા.૫-૧૦-૪૮ સવારના ૯ વાગે

રીપ્લાઈ પત્ર મોકલ્યું છે.

સરસપુરથી પત્ર આવ્યો વિગત વાત રજાઓ વાંચી હજુ ક્યારે

આવવાનું થાય તે નક્કી થતુ નથી. કારણકે ખાનપુર તથા કાલોલ કાગળ લખ્યા છે તેમાં શું આવે છે. તે પછી વિચાર થાય કારણકે બોરીંગ કરવાનું તેનો સરસામાન લેવો તે શું શું જોઈએ તે ખાનપુરથી ડાહ્યાભાઈ આવે ને કે તે તથા કાલોલ લખ્યું છે તે શું લખે છે. તે પછી વિચાર થાય તે હવે ટપાલ જોયા પછી લખાય અને ડાહ્યાભાઈ આવ્યા પછી નક્કી થાય તે ક્યારે આવે તે આવ્યા પછી વાત. તમારો પત્ર બીજો બપોરે મળ્યો તે વાંચ્યો રજાઓની તારીખ વાંચી જોગ પડતું જ્યારે અવાય ત્યારે ખરૂં બે ચાર દિવસમાં આવું કે આઠ દિવસમાં આવું એમ છે. વળી વિચાર થાય છે કે શનીવારે જઉં ત્યારે સોળા ખાનપુરથી આવે તો સામાન લાવવામાં ફાવે જેમ બને તેમ ખરૂ. બીજુ ખોડાભાઈની વાત વાંચી હલકો ખોરાક ખાવો સરકારી દવાખાનામાં બહુ પૈસા ના હોય માટે કરવી. એજ લી.નારાયણના જય શ્રી પુરૂષોત્તમ.

**શ્રી પ્ર.પુ.** **ગુરૂવાર**

અમે તમને રીપ્લાઈ પતુ લખ્યું હતું તે પોત્યું નથી. એમ લાગે છે. કારણકે તમારૂં રીપ્લાઈ પતુ પોત્યું ને મારૂં પાછુ ના આવ્યું તમારૂ બીજુ આવ્યું તેમાં કાંઈ રઈની વાત આવી નથી. માટે ફરી લખું છું કે રૂપાળી ફોઈ આવે ત્યારે તેમને કુંજમાં આખો ડબો પુણો મણ રઈ છે. તેને થેલીમાં ભરીને સાથે આવે ત્યારે લેતાં આવે એ બાબત લખી હતી. પણ તેનું કાંઈ લખાણ ના આવ્યું ને, કાર્ડ પણ મારૂ ના આવ્યું જેથી, તે કાર્ડ ગવલ્લે પડ્યું એમ લાગે છે. જેથી આ મેં બીજુ રૂપાળીફોઈને રઈ બાબતનું લખ્યું છે. રઈ અહીં હતી પણ પાટીએથી ઉધેવ ખાઈને ધુળ થઈ ગઈ છે. માટે જરૂર રૂપાળીફોઈને રઈનું પોટલું ગાડીએ મોકલજો. એજ લી.નારાયણના જય શ્રી પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ.** **સોમવાર**

નાના ખોડાભાઈનો પત્ર પોત્યો ઉતર જે એક પીતરાઈ પાસેથી લઈને બીજાને આપીએ તેથી પેલો બળે પણ સાંથ વધારી પહેલા ભઈએ કહેતું કે ભાઈ મારે દેવું ત્યાં લુંગડાં લાવ્યામાં થયું છે. તે આપવા છે. નહી તો તેમને ત્યાંથી ઘી, અનાજ વિગેરે લાવીને દાંણથી વધારે લાવતું રહેવું, જેથી સરળતા પડે અને બીજા પીતરાઈને આપીએ તેને કહેવું કે ગણવત વધારાનું કરો અને જે આપવાનું હોય તેનું ઘી આપો એટલે પહેલેનો પીતરાઈ વધારે સાંથને લઈને છોડીદે. ને બીજા પાસેથી તેટલીજ લઈએ તો વેલાં રાખવા તૈયાર થાય. એજ લી.નારાયણના જય શ્રી પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ.** **શુક્રવાર**

તમો અમો છુટા પડ્યા પછી આવ્યો ત્યાં તો ખંભાત પેટલાદ વાળી ગાડી ઉપડી ગઈ હતી તે તરત ત્યાંથી બોરસદની મોટરમાં બેસી ગયો ને ઘેર બાર વાગે સુખેથી આવી પહોંચ્યો છું ત્યાં સુધીના ચાર, પાટણનાં ચાર, છોટાઉદેપુરનાં ચાર આવ્યાં હતાં તે સરવે ભેગાં બેઠા વાતો ચીતો કરી. એજ લી. નારાયણ જય શ્રી પુરૂષોત્તમ..ખોડાભાઈને રજા છે તે ત્રણ જણ વેલાં આવશે ને ડાહ્યાભાઈને નથી તો તે ત્રણ જણ પુનમ ઉપર આવશે ને જેને રજા હોય તે તો આવશે બીજા પુનમ આવશે આતો સ્ટેશને વાત થઈ હતી તે લખી. લી. નારાયણ....

**શ્રી પ્ર.પુ.** **રાતે બે વાગે**

રીપ્લાઈ પતુ મોકલ્યું છે. તા.૧૧ ગુરૂવારે પત્ર આવ્યો. ઉતર જે નારણભાઈની અરજી સાંભળી છે. પણ અમૃતની મરજી ઉપર આધાર છે. ઘરમાં બેરૂં કારભાર કરે તે મરજી હોય તો થાય માટે અમૃત તથા નારણભાઈની જેવી મરજી હોય તે પ્રમાણે કરજો

નારણભાઇને અમૃત માટે સરવે પ્રકારે છુટ છે. ખુશી પડે તેમ કરે. હવે ક્યારે આવવાનું તે નક્કી નથી. કારણકે ભીખાભાઇ ગયા મંગળવારે બારેજા જવા નીકળ્યા છે. તે મંગળવાર ગયો ને શુક્રવાર આવ્યો પણ હજુ આવ્યા નથી મોટરનું ઠેકાણુ નહી પડવાથી બારેજા રહ્યા છે. હવે પત્ર છે જે, શુક્રવાર કે શનીવારે આવીશું તે જયારે આવે ત્યાર નક્કી દિવસ લખીશ ને બપોરે બે કલાક રહીને પછી જીણાભાઇને ત્યાં જઇશ. કુંડળ કાને રહેતાં નથી હાલ મજુર આવે છે કામકાજ સમૈયાની સોઇનું ચાલે છે. ઝાંઝર કાઢી નાંખ્યા ને હીંચકો ઓફિસે આગળનો કર્યો. એજ લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ.** **રાતે બે વાગે.**

રીપ્લાઇ પતુ મોકલ્યું છે. સરસપુરથી પત્ર આવ્યો ઉતર જે તમો અમો છુટા પડ્યા પછી આણંદ મોટરાં બેસી સાડા નવ વાગે ઘેર પોંચી ટપાલ વાંચી ખાવા બેઠો ને ભીખાભાઇને બે ગાઉ છેટે સીસ્વા ત્યાં મોકલી ચણાવાળાને કહીને તરત પાછા આવ્યા ને બપોરે ખાનપુર મોટર ક્યારે જાય છે. તે જાણવા મોકલ્યા. બીજે દિવસે પાછા આવ્યા ને પાછા બીજે દિવસે વળી ફરી ગયા તે હવે શનીવારે આવે ત્યારે ખરા શુક્રવાર સુધીમાં આવ્યા નથી. ને હું અમારૂ કામ અધુરેથી ચાલુ કર્યું છે. તે હવે જયારે બંધ પડે ત્યારે ખરૂ કારણકે ફાગણ વદીમાં ભરૂચ લીંગડ કરી દઇશું. બહુ દિવસની અરજી છે. જેથી ફાગણ સુદીમાં અમદાવાદ થશે. લીંગડને લીધે પાંચ દિવસ વહેલું થશે.એજ સેજ જાણવા લખ્યું છે. લી.નારાયણના જય શ્રી પુરૂષોત્તમ..ગડગુંદા આપણે ત્યાં છે બાગમાં.....

**શ્રી પ્ર.પુ.**

તમારા અમારા છુટા પડ્યા પછી અમે ઘેર સાડા નવ વાગે નાહી ધોઇ જમીને આ પત્ર પોત્યાનો ઉતર લખીએ છીએ. ખુશી મઝાથી પોતી ગયા છીએ. અને આજે મંગળવારે ભીખાભાઇ મોગરી ગયા છે. ખબર જોવા કારણકે પાંચ છો દિવસ થયા પણ પત્ર નથી. જેથી ભીખાભાઇ ગયા છે સોમવારે ઘેર ના અવાયું નહીતો સોમવારે જવા તૈયાર થયાં હતાં. એમ રૂપાળી કેતી હતી. એજ લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ.**

નારાયણભાઈનો પત્ર પોત્યો ઉતર જે જેવો જેનો ભાવ ને જેવી સમજણ એવું થાય. માટે સમજણમાં ફેર હોવાથી એમજ થાય છે. આ વખતે ઘણાની બૂમો આવી છે. એટલે બંદોબસ્ત થશે. એજ લી.નારાયણના જય શ્રી પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી પત્ર આવેલો પણ જવાબ લખેલો પણ વળી વિચાર થયો જે ગોદડીઓ લાવો તે અંદરના નાના ખંડમાં નાંખજો કારણકે ગોવિંદભાઇ લખે છે કે પોલીસ કબાટને થાય છે. તે કબાટ બહાર છે. માટે અંદરના બૈરાના ભાગમાં નાંખશો અહીં સરવે મઝામાં છીએ. બીજુ તમે કદાચ જવાબ લખ્યો હોય તો પણ આ સાથે કાર્ડ રીપ્લાઇ છે તેમાં સમજયાનો આગલા પાછલા કાર્ડનો જવાબ લખશો. આજ નક્કી દિવસ થશે તે લખીશ. આવવાનો નક્કી દિવસ થયે લખીશ. લી. નારાયણ.. જય શ્રી પુરૂષોત્તમ.....

**શ્રી પ્ર.પુ.** તા. ૨૨-૧૧-૫૧

શનીવારે કુંજમાંથી પત્ર આવ્યો તેમાં લખે છે કે ચાર દિવસ પહેલાં જરા ઢીલા હતા. હાલ સારૂં છે. આજે રાવજીકાકા આવ્યા

તેમને રૂપાળીએ પુછયું ત્યારે કે છે કે રવિવારે થાકેલા હતા. જેથી આવ્યા નાંતા, તે દયાભાઇએ વાત કરી હતી. એમ બે જગાએથી વાત કરી કહેવાનું શું છે જે પોરની ગઇ સાલે જેમ આળસ રાખીને ત્રણ મહીના રજા પાડી માટે આ વખતે આળસ ના રાખશો, જરાક ઢીલું થવાય તો ગઇસાલ ઉપાય કર્યો તેમ તત્કાળ કરવોજ. એમાં ઢીલ ના કરવી. અત્યારે થોડાકમાં થોડું ખર્ચ થાય. માટે ઢીલ ના કરશો. મણીએ વાત બરાબર લખી નહી હવે મણીને માલમ થાય જે રીપ્લાઇ કાર્ડ લખતી નહી. સીંગલ લખજે. રીપ્લાઇ લખશો તો પાછો કાઢીશું ને આળસમાં ના રાખશો. નહી તો રૂપાળીને ત્યાં મોકલી છું. તે ટકોરી ટકોરીને પોતાને જે દવાથી ફાયદો થયો હોય તે રૂપાળી કરાવે જવાબ સીંગલ કાર્ડમાં લખો. એજ લી.નારાયણ...જય શ્રી પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ.** **તા.૧૯-૧-૪૮**

સરસપુરથી પત્ર આવ્યો મેં ગઇકાલે શનીવારને બદલે ગુરૂવારે આવવાનું લખેલું પણ ગુરૂવારે અગીયારસ આવે છે જેથી લોકમાં ખોટું દેખાય માટે બુધવારે આવવાનું રાખ્યું છે. ને ભીખાભાઇ પણ બુધવારે મોગરીથી આવવાનું લખ્યું છે. જેથી હું બુધવારે સ્ટેશને ઉતરવાનો છું એજ લી.નારાયણના જય શ્રી પુ.

**શ્રી પ્ર.પુ.** **સોમવાર**

રીપ્લાઇ કાર્ડ છે. લખશો સરસપુરથી પત્ર આવ્યો હતો કાલોલથી આવીને જેમ તેમ લખીને નંખાવ્યો હતો બીજું કાલોલ દોઢ દિવસ અને બે રાતો ગયો. ડાહ્યાભાઇ સાથે હતા. ખાનપુરના ત્યાં કામ પુરૂં થયું કે તરત ચાલવા માંડ્યું કારણકે લોખંડને ઝારવાનું કામ હતું એક દિવસ ઝારણ કર્યું ને બીજે દિવસે સાફ કર્યું એમ દોઢ દિવસ થયો. બીજુ ગાડી ઉપર વાત કરી હતી તે તો હવે થોડા

દિવસમાં આવીશું ત્યારે અભિપ્રાય લીધા પછી વાત. વલ્લવભાઈને ખોડાભાઈએ વાત કરી હશે. મુદત કેટલી છે. ને કેટલા વરસથી ગયું છે. તે પુછતાં જણાશે. ગોવિંદભાઈ ને પણ પુછતાં સમજ પડે. મુદત ક્યારે આપ્યું ગરેણે છોડ્યું ક્યારે વેચ્યું ક્યારે વિગેર પુછતાં સમજ પડે બીજુ અહી સરવે ખુશીમાં છીએ તમારી ખુશીના સમાચાર લખવા રીપ્લાઇ કાર્ડ મુક્યું છે. મણીની પરીક્ષા બારમાસની થઇ ગઇ હશે. હિન્દી વાંચવાનું ચાલતું હશે. પુનમ પહેલાં આવવાનું થશે. કારણકે છોટાઉદેપુરથી હજુ પત્ર નથી. તા.૬ સોમવારે લખ્યો હતો આવશે ત્યારે સમજાશે. એજ લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો બીના જાણી શરીર નરમ થવાથી ડાહ્યાભાઈથી અવાયું તેતો સારૂ થયું. કારણકે હવે વચ્ચે પાંચ છો દિવસ આડા રહ્યા કારણકે તા.૨૦ એ આવવા વિચાર છે. જેથી તમારે એક દિવસ રહેવાય. જતા આવતામાં વખત જાય અને ભાડુ થાય માટે આપણું જેમ થાય તેમ સારૂજ થાય. દાસના દુશ્મન હરી કેદી હોતા નથી. પણ એવી શંકા થાય છે. કે દિવાળીની રજા પડી તો તા.૨૦ પછી રવિવારે તે કાં તા.૨૩ એ રવિવારની રજા પડશે કે કેમ તેવો વિચાર લખતાં થયો તે લખ્યો છે. હશે જેમ થશે તેમ સારૂ એજ લી.નારાયણના જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.** **તા.૧૮-૮-૪૬**

સરસપુરથી ડાહ્યાભાઈનો પત્ર પોત્યો ઉતર જે આઠમ ઉપર ત્રણ રજાઓ છે શહેરમાં તથા સરસપુરમાં શાંન્તી છે. સઘળી વાત જાણી. બીજુ આઠમ ઉપર બબુભાઇ કારીગરને તેડીને

આવવાનું લખે છે તે તથા વસઈના ખુશાલભાઈ આવવાનું આઠમ ઉપર લખે છે. તથા આઠમ ઉપર કોઈ કોઈ ને કોઈ આવે એટલે આવવાનું મન થાય નહી. તથા હજુ ભીખાભાઈ આવ્યા નથી. એટલે હાલ આવવાનો વિચાર બંધ છે. કારણકે ભીખાભાઈ ઘેર હોય કોઈ આવ્યું ગયું વિગેરે ને સાચવે ખાધે પીધે ને ઘર સાચવે માટે આઠમ પછી ભીખાભાઈ આવશે તો ત્યાર પછીની વાત પછી હાલ કાંઈ ના કહેવાય. બીજુ હાલ સુથાર આવે છે. તે જે આજુબાજુ નાની જાળીઓ તેનાં ત્રણ ત્રણ ખાનાં કરવાનાં ચાલુ કર્યા છે. તે જાળીનાં બહાર અંદર બેવડાં કમાડ થઈ ગયાં હવે ખાનાં કરવાનાં છે. મથાળે ચંદની જુલ ચોઢી દીધી. હાલ એજ લી.નારાયણના જય શ્રી પુરૂષોત્તમ. બબુભાઈને ખબર પુછજો.

શ્રી પ્ર.પુ.

પત્ર પોત્યો બધા આવેલા ખુશીથી પોતી ગયા. તેમ અમારે એન્જીનમાં પાણી ભેગું રેતી આવે છે. તે બંધ કરી ભરીએ કાઢીએ એમ કામ ચાલે છે. ને મજુરાં આવે છે. તે ગડર વાઢે છે. સરવે મઝામાં છીએ. એજ લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ....

શ્રી પ્ર.પુ.

ગઈ કાલે ભરૂચથી પત્ર લખ્યો હતો. તે પોત્યો હશે બીજુ મંગળવારે ત્રણ વાગે ઉઠીને સ્ટેશને ગયા ત્યાં ગોકળભાઈની બચી ભગતાંણી બેચરભાઈ તથા સોમાભાઈ, ચતુરભાઈ, બચી ને હું તથા અંબાલાલ શેઠ હરિપરાના છોકરાં સાથે પણ લીંગડ ચૌદ પંદર મુરતી લીંગડ સવારમાં નવ વાગે ખુશીથી પોતી ગયા છીએ મણીની બાને માલમ થાય જે મણીને આનંદ છે. ચીંતા રાખશો નહીં. એજ લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ...

શ્રી પ્ર.પુ.

ગુરૂવારે મણી ના નીકળી કારણકે બચુ બચુ હરીબેન કપીલાબેન વિગેરે કે છે કે શુક્રવારે જઇશું આજે નથી જવું જેથી મણીબેન આવી શકી નથી. સરવે મઝામાં છે. મારૂં આવવાનું નક્કી નથી. કારણકે હાલમાં બીજુ કામ આવ્યું છે. એજ લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ.

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી પત્ર આવ્યો હતો તે વાંચ્યો હતો પણ આજ રાતે વિચાર થયો જે દેગડો ભારે છે. તે માણસથી ઉપડે નહી. જેથી તેને વેચીને મોટી બરણી લાવીશું. તે ઝાલતાં લાવતાં ફાવે માટે દેગડો લાવશો નહી. તમારે ત્યાં છો રહ્યો અને જો કોઇ દુધવાળો હોય ને તેને ધાબુ જોઇતું હોય તો સેરના બે રૂપિયા પ્રમાણે અગર છેવટે પુણા બે રૂપિયા સેરના આપે તો તોલ કરી આપી દેજો. ને પૈસા પહેલાં આપે તો આપજો. નહીતો ઉઘરાણી કરી પગ દુઃખી જાય ને મનમાં ચીંતા પેસે. માટે ભાદરણ લાવશો નહી. દેગડો લાવશો નહી. તમારા આજે રીપ્લાઇ કાર્ડ પોત્યો છે. ઉપરનું તો સવારમાં લખ્યું હતું. શરીર ત્રણ માસ પડી રહેલું તે ધીરે ધીરે ચાલશે. ચીંતા ના રાખશો. એજ લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ.** **તા. ૨૪-૮-૪૭**

સરસપુરના બંન્ને પત્રો આજે પોત્યા બીજુ તમે લખ્યું જે પાંણો મણ તે તો વધી પડશે. કારણકે ગોકળ આઠમ તે તો થાય જ નહી. અને પારણાંને દિવસે રંધાય ને જમાય માટે એ વાત ભૂલી જાય. આઠમે તો જેને જેમ યોગ્ય લાગે તેમ કરીને આઠમે આવશે. ને પારણાં ઉપર દશસેર લોટનો લાડુ કરીશું. કારણકે સેરના દસબાર પ્રમાણે કરીશું તે સો સવા સો નંગ થશે. તે એક એક

મુકવો છે માટે દસસેર ઘઉં જોઈએ. તે તો શાહપુરથી લાવ્યા છીએ. ચોખા લાવ્યા છીએ. હવે દાળ તે તો બેચરભાઈ પસાભાઈએ ઓરી હતી તે ઓરશે માટે વધીકું કરશો નહી. હવે તે દિવસે જેવો બધાંનો વિચાર પછી વાત માટે ધમાલ કરશો નહી. હવે સાતમને દિવસે આવીશું તે સાંજનો અગર સવારે શાહપુર જઈશું તેતો ત્યાં આવ્યા પછી જેવો વિચાર હવે મીલોમાં આઠમને નાંમની રજા ઉપર આધાર છે. કારણકે નાંમની પડે છે કે નહી તે નક્કી થયે વાત પણ આઠમ ઉપર આવીશું. હજુ ઘણા દિવસ બાકી છે. અત્યારથી દળાવવા વિચાર નથી. એજ હાલ કુવો છોવાનું કામ ચાલે છે. આઠમ પહેલાં પતાવી દઈશું. એજ લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ.** **તા.૮-૭-૪૬**

સરસપુરથી તા.૨૭નો કાર્ડ લખેલો તે સાંજે તા.૮મીએ અમને મળ્યો અને મેં લખેલો તા.૬ એ તમને મળ્યો તા.૨ નો લખેલો તે છઠ્ઠીએ મળ્યો અને તા.૫મી નો લખેલો કવર કોથળીમાં કાર્ડ તે તમને હજુ મળ્યો નથી. કારણકે તે વાત તમે જાણી નથી તેમાં લખ્યું હતું. જે શુક્રવારે સવારમાં નીકળ્યો તે અમદાવાદની ટીકીટ નહી મળવાથી હું પાછો ઘેર આવ્યો ને શુક્રવારે તરત તમને લખ્યો કોથળી તે તમને મળી નહી. ખેડા ઉપર થઈને બારેજા જવા વિચાર કર્યો પણ તે તરફની મોટર નીયમીત નહી તેથી વિચાર માંડી વાળી પાછો આવ્યો હવે જ્યારે જોગ આવશે ત્યારે અવાશે ગામડી બારેજા વસઈ મીરોલી, મંદીર, શાહપુર લખેલું તેમનો જવાબ પણ આવ્યો નથી. આજે ચાર દિવસ થયા પણ તમને કોથળી લખી છે તેનો જવાબ નથી આવ્યો તો તેમનો શી રીતે આવે. હવે તમારા પત્રનો ઉતર જે શાંન્તી થયે હું આવીશ ને તેથી મન બહુ

ઉપાડ કરે તો આવો પણ હું ભરૂચથી આવું ત્યારે તમારે ફાવે જેથી, મારો વિચાર થાય છે કે ગુરૂવારે ભરૂચ જઉં ને શનીવારે પાછો આવું તો પુનમ ઉપર ભેગા થવાય. પણ તે વિચાર હજુ આરણ કારણ છે. કારણકે પુનમે ભરૂચવાળા લખે છે જે ગુરૂ પુનમ છે. જેથી આવો મેં લખ્યું કે ગુરૂપુનમે ના અવાય તેથી હું વેલો જઉં તો પુનમે ના આવવા દે માટે પુનમ પછી જઉ એવો વિચાર ચાલે છે જે થાય તે ખરૂં બોરસદથી ચાલતા આવવાનું સારૂ નથી. લુંટ થાય છે. લી. નારાયણ...ગાડીનો રસ્તો સારો...

**શ્રી પ્ર.પુ.** **તા. ૨-૭-૪૬**

સરસપુરનાં બાઈ ભાઇ પ્રત્યે લખવાનું કે અસાડ સુદી-૭ તા.૫ શુક્રવારે અગીયારની ગાડીમાં ઉતરીસ તે દેસકાળ સારા હશે ત્યાં જઇશ ને શનીવારે બારેજા ને રવિવારે શાહપુર પછી જેવા દેસકાળ તે પ્રમાણે થશે. દેસકાળ પ્રમાણે વરતવું એમાંજ સુખ. આજે જીણાભાઇનો પત્ર હતો તે લખ્યું છે જે જયાં સુગમ હશે ત્યાં જવાશે તેમાં પણ વચ્ચે આવવામાં બે ચાર દિવસની વાર છે. પણ બધે લખ્યું છે. જેથી બે ત્રણ દિવસ પછી જે શુક્રવાર આવે છે. તે દિવસે સવારમાં નીકળી જવાનું એવો પ્રોગ્રામ નક્કી છે. વસઇ, મીરોલી, બારેજા, ગામડી વિગેરે લખી નાંખ્યું છે. શની રવિવારે આવીશ તેથી હું તો આ શુક્રવારે સવારમાં અગીયારની ગાડીમાં ઉતરીશ. પછી ગાડી વેલી માંડી થાય તો માંડુ વેલું અવાય કાલે પેટલાદની ગાડી બંધ હતી. ઇંજીન ઉતરી પડ્યું છે. તેવું થાય તો વેલું માંડુ થાય પણ શુક્રવારે આવીશ. બબુભાઈને કેજો. એજ લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ..

**શ્રી પ્ર.પુ.** **મંગળવાર**

પત્ર પોત્યાનો જવાબ લખવા રીપ્લાઇ પતુ છે. સરસપુરથી

પત્ર અમૃતબેન પોત્યાનો આવ્યો પણ બબુભાઈ મુર્તી રંગવાનો હજુ આવ્યો નથી. તે દેસકાળ જોઈ ઉતર પુછીને લખશો. અહીં સરવે ખુશીમાં છીએ. બીજુ રૂપાળીબેન મઝામાં છે. ને દિવસે શાન્તા ખાવા કરી આપે છે. તે ચોવીસ કલાકમાં છો વખત ખાઉં છું. તેથી શરીરમાં ખુબ તાકાત આવી છે. જેથી સુથાર મજુર આવે છે. ને રોટલા ખીચડી મુકવાનું પાંજરૂ કરાવીએ છીએ હાલ હરીપરાવાળા છે. તે દરરોજ નવી રસોઈ કરે છે. ને ખાઈએ છીએ. તેથી શરીરમાં હોંશીયારી ખુબ આવી છે. ને ડાહ્યાભાઈને તાવ આવે છે. તો પણ મીલમાં જઈને નોકરી કરે છે. તેથી મારા પગ ઢીંચણ વિગેરે ખુબ ચાલ ચાલ કરે છે. માટે હવે શરીરે બીલકુલ અશક્તિ નથી. બીજુ ડાહ્યાભાઈને રજા લઈને આવવાનું મન થાય છે. તે તો ઝાલ્યું ના રહે. ત્યારે શું કરીએ જેમ થાય ખરૂં. એજ લી.નારાયણ. જય શ્રી પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ.** **શનીવાર**

સરસપુરથી પત્ર પોત્યો ઉતર જે મણીને દાખલ કરી તથા ખોડાભાઈનું શરીર સુધરતું જાય છે. તે વાત જાણી બીજુ હરમાનદાસ પેન પેન્સીલ આપી ગયા તે વાત જાણી. બરાબર ના ચાલે તો મંગળભાઈને આપવી તે સુધારી આપશે. જે ના ફાવે તે લેતા આવવું હું બીજી આપીશ. હરમાનદાસ તા.૧૫ ધુળેટી ઉપર આવવાના છે તો જોડેના રીપ્લાઈ કાર્ડમાં લખશો તો વળી બીજી મોકલીશ. હરમાનદાસ જોડે. બીજુ ફાગણ વદી- ૩ ગુરૂવારે તા.૧૮-૩-૪૯ ને સવારમાં ઘેરથી નીકળી ભરૂચ રાત રહી શુક્રવારે મળસ્કે લીંગડ જવાનું નક્કી થયું છે. લી.નારાયણ. ભરૂચ રાત રહીને તા.૧૭ ગુરૂવારે સવારમાં નીકળીને તા.૧૮ શુક્રવારે મળસ્કે લીંગડ જઈશ. તા.૧૭ ગુરૂવારે ભરૂચ રાત રહી શુક્રવારે

લીંગડ જઇશ...

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો દિવસે દિવસે સારૂ થાય છે. તે વાત જાણી બીજુ મણીને માલમ્ થાય જે પેન ના ફાવતી હોય તો લાવજો બીજુ અમરેકીન આપીશ જો આહું એનાથી લખું છું. પણ પૈસો ના ખરચસો. મારી પાસે હજુ એક સેલર છે. માટે ફાવતી બે રાખસો ને ના ફાવતી મને આપશો ને મંગળભાઇને આપશો તે દુરસ્ત કરી આપશે. એજ બીજુ બાપા નારણભાઇને દાણાપીઠવાળા ધામમાં ગયા. પ્રભુ તેડવા આવ્યા તે વાત જાણી બીજુ હું તા.૧૭-૩-૪૯ ગુરૂવારે ફાગણ વદી-૩ ફાસ્ટમાં બેસી ભરૂચ રાત રહીને મળસ્કે ગાડીમાં બેસી લીંગડ જઇશું સુરતની પેલી બાજુ એક સ્ટેશન સચીન છે ત્યાંથી બે ગાઉ ગાડામાં બેસી લીંગડ જવાનું છે. રાત રહી પાછા ઘેર આવીશ. એજ લી.નારાયણ.. જય શ્રી પુરૂષોત્તમ..

**શ્રી પ્ર.પુ.** **આજજ**

ખોડાભાઇને માલમ થાય જે હરીબેન વિગેરે શનીવારે નીકળવાનો વિચાર કરી નાંખ્યો છે. કારણકે સમુહમાંથી છુટા પડવું તે જીવ જાય તેટલું કઠણ પડે છે. જેથી આપણી મણી કાંની જોડે આવે જેથી હવે આજ શનીવારે બધાં કુંજનાં સરસપુરનાં છોકરાં આવી જશે. કારણકે રજાઓ પુરી થઇ. એટલે છુટકો નથી. સાસરે છોડી હોય પણ પીયરે ભઇનું લગ્ન હોય તો ના જવુ હોય તો પણ જવું પડે એવું સમોહ મુકીને, ના જવું હોય તો પણ જવું પડે. માટે આજ શનીવારે આવસે. એજ લી. નારાયણ.. જય શ્રી પુરૂષોત્તમ.....

**શ્રી પ્ર.પુ.**

ખોડાભાઇને માલમ થાય જે તમો રવિવારે સાંજે આવવાના છો તથા ડાહ્યાભાઇ ગુર, શુકરે આવવાના છે તે વાત જાણી ખુશી થયા છીએ બીજુ ખોડાભાઇને માલમ થાય જે રવિવારે તમો આવો ત્યારે શાહપુરથી મોરપીંછની પીંછીઓ છે તે લેતા આવજો અને તમો જો રવિવારે સાંજે આવો તો એક હાર મુરતી માટે લેતા આવજો અને તમો વેલા આવવાના હોય તો જે કોઇ રવિવારે સવાર કે સાંજે જે કોઇ આવે તેને કેજો જે એક હાર લઇ મુકે અને રવિવારે સાંજે જે કોઇ આવવા હોય તે એકજ હાર લાવે મુરતી માટે, અમારે અહીં ફૂલાં ના મળે. એજ લી.નારાયણના જય શ્રી પુરૂષોત્તમ...નારણભાઇ એક હાર લાવે રવિવારે સાંજે આવવાના હોય તો...

**શ્રી પ્ર.પુ.**

રીપ્લાઇ પતુ મુક્યું છે. સરસપુરનો પત્ર પોત્યો સમસ્ત બીના જાણી જે પ્રમાણે કર્યું તેથી મન મારૂં આનંદમાં છે. હું રવિવારે ઘેરથી નીકળીશ ને સરસપુર આવીશ પછી ત્યાં જેવો વિચાર એ પ્રમાણે થશે. થેલીઓ ઝાલી લાવીશ તે હાથો હાથ થોડે થોડે જશે. કશી ચીંતા નથી. બીજુ બબુભાઇને કેજો કે તે દિવસનો તાસડો તમારે ત્યાં પડ્યો છે. તે જોગ પ્રમાણે શાહપુર લઇ જવાનો છે. માટે ખોડાભાઇ કે ડાહ્યાભાઇને કેજો જે જેને સાંજનો નોકરી કરવામાં વારો ના હોય તે બબુભાઇને ત્યાં જઇને એક મજુર કરીને શાહપુર લઇ જોડે જોડે જાય ને રાતે મેડે ચઢાવે એવા મેળમાં લઇ જવું. જેથી પોળવાળાં જાણે નહી. ને વેલું પડેતો ગોકળભાઇનાં ઘરમાં મૂકે પછી રાતે કે પાછલી રાતે મેડે ચઢાવીશું. એજ લી.નારાયણના જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.** ગુરૂવાર

મણીબેનનો પત્ર પોસ્યો ઉતર જે પેઢામાં મટી ગયું. વાંચી રૂપાળી રાજી થઈ ગઈ છે. ને હરીબેનને મન ઉપડ્યું છે જે ભાદરણમાં ઠંડી બહુ પડે છે. માટે બે દિવસ વહેલી જઉં ને ગોવિંદભાઈ મુંબઈ જવાના છે. ચંદ્રકાન્તાને લઈને જતાં પારડી મુકશે. વિગેરે વાતો જેવી સાંભળી વાંચી તે બાબતમાં કેવાનું શું છે. જે હરીબેન ગુરૂવારે સાંજે ફાસ્ટમાં પોતી જશે. તમે રવિવારે વાટ જોતા હો તો ભુલી જજો. ગુરૂવારે આવશે કેતાં તમને આ પત્ર મળે તે પહેલાં ગુરૂવારે સાંજે હરીબેન કુંજમાં આવતાં રહેશે પણ મને એમ લાગે છે કે રૂપાળીને રડવાની વાત સાંભળીને કદાચ તમે લખ્યું, લખ્યું હોય જે મટી ગયું છે. એમ બાપ દીકરીએ લખ્યું હોય નહી એમ અણવિશ્વાસ રહે છે. માટે ખરૂં ખોટું મણી જાણે. એજ લી.નારાયણના જય શ્રી પુરૂષોત્તમ..

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો ઉતર જે તા.૧૫,૧૯ એ રજા છે. ને ગોકળ આઠમની બે છે. તે વાત જાણી. બીજુ બળેવની રજા પુનમ ઉપર તે તો જાણે મારે ઘેર રહેવું પડે, ને તા.૧૫ ને ૧૯ બે જોડે આવી માટે બળેવની રજા કરતાં તા.૧૫-૮-૪૮ ની રવિવારની રજા કામમાં આવશે. કદાચ કોરટમાં બળેવની રજા ના હોય તેમ ગોકળ આઠમની રજા ના હોય પણ તા.૧૫ ની રવિવારની કોર્ટમાં રવિવારને લીધે હશેજ. રવિવારની તો પડેજ તા.૧૫-૮-૪૮ રવિવારે શાહપુર ભેગા થવાશે શનીવારે બારેજા જઈશું તે પહેલાં જેટલું વહેલું અવાય તે ખરૂં કારણકે જીણાભાઈ ને ત્યાં બે દિવસનું કામ છે. માટે મંગળ કે બુધ કે ગુરૂ એ નીકળું જેવો જોગ. ઘેર હરિભક્ત હોય તો વેલું માંડુ થાય માટે જેને દિવસ પાળી હોય તે મંગળવારથી સ્ટેશન ઉપર આવજો. એજ

લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.**

કુંજમાંથી જી.જી. પટેલે પત્ર લખ્યો ઉતર જે ગઈ કાલે અમે પણ લખ્યો છે. તે પોત્યો હશે ને ગઈ કાલે અમે પણ વાંચ્યો હતો બીજુ બાપુજી ને બા આવ્યાં છે. ને મને કાકુજીને ઢીંચણે વા આવ્યો છે. પણ રૂપાળીના હાથ ઉના હોય છે. તે રાતે ઢીંચણે મુકે છે. તે સેકાય છે. જેથી હળવું પડે છે. ને બે ઢીંચણે બે મફલર બાંધીને સુઈ જઉં છું. જેથી સવારે ઢીંચણ ઠીક રહે છે. બીજુ બચુને શરદી થઈ છે. તે પરીક્ષાને અઠવાડીયું છે તેને વળી લાગ સાંધ્યો જુઓને દુઃખને પણ કેટલી ઈર્ષ્યા છે. જેમ અમારે રૂપાળીને ઈર્ષા છે જે અઠવાડીયું પણ ઘેર રહેતા નથી. ને નાશ નાશ કરો છો. મેં કહ્યું કે લોકો પરબ પાણી પીવા માટે બાંધે છે તે સા સારૂ જે, જતા આવતાને આરામ થાય કેતાં આનંદ થાય તો પરબ બાંધનારને પુનનો ભાગ મળે તેમ, વળી વાવ અડાલજની કરી તે પથ્થરમાં લખ્યું છે જે ગાડાની ચીંદરડી ઘાલી તે દીવેલમાં એક લાખ રૂા. થયા બીજી કિંમત હું કેતી નથી. માટે સા સારૂ જે, સદાયની પરબ કરી માટે તે આનંદ થાય તેમાં ભાગ મળે એવું જરા ભેંસ આગળ ભાગવત વાંચ્યું ત્યારે આનંદ થયો. પણ રાતે મનમાં ગોઠયુ નહીં. જેથી વચનામૃત છે.૩૪ નું વંચાવ્યું જે, મહાફળ ત્યારે વળી જરા શાંન્તી થઈ આ બધું લખું છું તે ઉભી ઉભી વાંચે છે. તે હસે છે. હવે જયારે રજા આવે ત્યારે પણખરૂં પણ રામનવમી તો અમદાવાદ બંગલે કરીશું. નહી રજા આપે તો પણ પછી કદી રાજી થાય તો વહેલી આપે બસ. હવે બીજુ ફરમુ તૈયાર થયું છે ને વાત જાણી હશે હરી ઈચ્છા કશી ચીંતા નથી. માંડુ વહેંચાશે પણ હવે ઝાંપો કેબીનનું કામ કરતાં હશો. કારણકે ઉનાળો આવ્યો, પછી ચોમાસુ

આવે તો પલળે બીજુ ચંદ્રકાન્તાનો હાથ ગરાંણે મુક્યો તે વાત જાણી. સાથી આંગળી પાકી તે રૂપાળી જાણે જે સારૂ સારૂ ખાવાનું મુનીને આપતાં હસે, માટે પાપ લાગ્યું માટે ગોવિંદભાઇને પગે લાગજો, એતો દેહનાં દર્દ છે. માટે રડે ક્યાં પરવડે, માટે આનંદમાં રહેવું. દાવાની વાત તથા ખેડાની વાત જાણી. બાવળા તમારે ઇન્કમ મુદત હશે તે વાત જાણી. બીજુ રૂપાળી કે છે કે ચંદ્રકાન્તાને દુઃખ થયું તે ચંચળબાને ખાવા કરવાનું થયું માટે એતો બે જણને દુઃખ થયું માટે એવું ના ફાવે, એમ રૂપાળી બબડયા કરે છે. ને હસે છે. લ્યો લી.નારાયણ.જય શ્રી પુરૂષોત્તમ. કવર મુક્યું છે...

**શ્રી પ્ર.પુ.**

ટપાલ આવી વાંચી રીપ્લાઇ કાર્ડ સવારમાં લખી હતીને આ બાજુ કાર્ડ ટપાલ આવ્યા પછી લખ્યું છે બીજું કુંજમાં બે પારસલ કર્યા છે. તે કાલુપુર ગોદામમાં જઇને ગોકળભાઇને કેજો, ના હોય તો ગોદામમાંથી કુંજમાં ટેલીફોન કરાવજો જે, રસીદ કવરમાં કુંજમાં બીડી છે. પણ માંડી આવશે પાંચ સાડા પાંચે જેથી સરસપુરથી કેવા મોકલ્યા છે. રસીદની તપાસ કરાવજો ને રસીદ વીના લઇ આવે ગોદામના ઇન્સપેક્ટરને કેજો. પછી પાંચ સાડા પાંચે ટપાલ આવે ત્યારે રસીદ કવરમાં બીડી છે તે આપી આવશે. એમ રાતપાળી કે દાઢાપાળીવાળો કાલુપુરથી ટેલીફોન કરાવજો અગીયાર કે બે વાગે ટપાલમાં આ પત્ર પોતે કે તરત જજો બીજુ મણીને માલમ થાય જે ગયા વખતની માફક દવાખાનું મીલમાંનું દવા કરાવજો ને જો બાટલીથી ચાલે તો તે કરજો. બાટલીથી રોજ નહી પડે ને દવાખાનામાં રોજ પડે ને મીલમાં જાવ ત્યારે મોટરમાં જજો ભાડાનો લોભ ના રાખશો. બાટલીના પૈસા હું આપીશ. એજ લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ. રૂપાળી રડે છે માટે

જરૂર બાટલી કે દવા કરજો.

**શ્રી પ્ર.પુ.** તા.૨-૧૦-૪૯

પત્ર પોત્યો ઉતર જે જ્યારે નક્કી થાય ત્યારે કવર છે તેમાં લખશો નહીતો નવમી તો નક્કી જ છે. એટલે કાંઇ પુછવાનું નથી. પેલી વધીકી રજાઓ જે પડે છે તે નવમી પહેલાં પડે તો નવાગામથી પત્ર આવેલો જે ક્યારે આવશો, તેનો જવાબ લખ્યો જે નવમીની રજાઓ પડે છે ત્યારે વાત બનશે, કારણકે સાંજે ઘેર અવાય નહી તેથી રાતે બારેજા ને સવારમાં નવાગામ કરી ઘેર અવાય એવો વિચાર છે. માટે જ્યારે નક્કી થાય ત્યારે કવરમાં લખશો, નહીતો નવમી તો છે. તે પહેલાં કે પછી બારેજા નવાગામ જવાશે પણ નવમી તો અમદાવાદ શાહપુર થશે, માટે જ્યારે રજાઓનું નક્કી થાય ત્યારે લખશો. ઉતાવળ નથી. પાટીઆની બીજી રજાઓ લખી તે ઠીક થયું જાણી રાખેલું ઠીક છે. બને નહીતો તે ઉપર પણ અવાય માટે પાટીઆ ઉપરની પણ કોઇ દિવસ કામની છે. આ વખતે ભરૂચ તરફ નહી જઇએ માટે જ્યારે નક્કી થાય આગળ કે પાછળ રજાનું ત્યારે લખશો નહીતો નવમીની તો છેજ એજ લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.** શુક્રવાર

ડાહ્યાભાઇનો પત્ર પોત્યો. બબુભાઇનો પત્ર આવ્યો નથી તેની રાહ જોઉછું બીજુ પગે અડધો આની દુ:ખ છે. હાલ મુરતીના ઉપયોગમાં આવે તેવી જાળીઓ કરવા સુથાર આવે છે. હવે રામનવમી પહેલાં રવીવારે શાહપુર આવીને ભરૂચ જઇ કુવાનું કામ શરૂ કરવું છે ચણવાનું કારણકે પછી તાપ બહુ લાગે શુક્રવારે મહેસાણા જવું છે. કારણકે મુરતી માટે દીવો વીજળીનો થાય તેવી બેટરી મોટરની એક જણે હરીભગતે લીધી છે. તે લેવા

આવજો. એમ લખશે તો શુક્રવારે મહેસાણા જઇને શનીવારે બારેજા ને રવીવારે શાહપુર કરી ભરૂચ જઇને પછી ઘેર આવી ચણતર ચાલુ કરવું છે. બબુભાઇનો પત્ર હજુ સુધી આવ્યો નથી. એ કાંને નાંખવા આપતા હશે તે આવતો નથી. એજ લી.નારાયણના જય શ્રી પુરૂષોત્તમ. પત્ર પોત્યાનો ઉતર માટે રીપ્લાઇ પતુ છે. જય શ્રી પુરૂષોત્તમ..

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી પત્ર આવ્યો ઉતર જે હવે સરવે રીતે શરીર સારૂ છે. અને કુવાના કામમાં રોકાવાનું ને દોડ દોડ કરવાનું જેથી અપચો રહેજ નહી. ભીખાભાઇ તથા જેકો મજુરને સરત રાખે છે. ફેરો ફાંટો ખાય ને રૂપાળી સવારમાં ખાવા કરે લુંગડાં ધુવે વાસણ ઉટકે પછી પરવારીને મજુરાંની દાળ કરે, પછી જરા વિરામ લઇને સાંજનું વાળુ કરવાનું કામ ચાલે છે. એવી રીતે એ પણ નવરાં નથી. એટલે દુઃખ ક્યાં ઉભુ રહે, નવરાં હોય ત્યાં જાય. સો વાતની એક વાત જે કોઇ માંદા ઢીલાં નથી. આનંદભેર છીએ. તા.૨૩મીએ કે એક દી વેલું માંડુ ભરૂચ જવાનું છે. પત્ર આવ્યો છે કે આવજો પણ કુવાના કામને લઇને એક રાત રહેવું છે. લી.નારાયણ..જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.** **શનીવાર**

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો બીજુ ભીખાભાઇ આવ્યા છે. અહીં સરવે ખુશીમાં છીએ. હું તો હાલ કોદરીને દાળ ખાઉંછું. ચોખા ભારે પડે છે હાલ સુથાર મજુર આવે છે. ખાવા મુકવાનું કબાટ કરાવું છું. તમો મીલમાં જાવ છો તે વાત વાંચી આનંદ થયો છે. બીજુ બબુભાઇનો પત્ર આવશે ત્યારે તે વાતનો તેમને ઉતર આપીશું હાલમાં એજ લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ.

પત્ર પોત્યાનો ઉતર લખવા રીપ્લાઇ પતુ મોકલ્યું છે.

**શ્રી પ્ર.પુ.** **મંગળવાર**

સરસપુરથી પત્ર પોત્યો અહીં સરવે ખુશીમાં છીએ. તમારી ખુશીના સમાચાર લખતા રહેશો તમે લખ્યું કે એક કાર્ડ છે. જેથી તેમાં લખશો તમે ગામડી ના આવ્યા પણ ખોડાભાઇએ વાત કરી હતી કે શરીરે જરા નરમ છે પરંતુ તેમણે વિગતવાર વાતો કરી હશે હવે તા.૨૭-૧૧-૪૬ બુધવારે વડોદરે જઇશ તે સાંજે પાછો આવીશ. ત્યાં બે ચાર ભાવવાળા છે તેમને પણ ભેગા થવાશે સરકારી કામ છે. આયપદ વેરાની મુદત છે. એટલે સાંજે આવતુ રહેવાશે. એજ લી.નારાયણ..જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી પત્ર આવ્યો ઉતર જે મીલોમાં મુશ્કેલી છે તો ચૌદસ પુનમ છે. સેજે મળે તો આવવું. રજા ના મળે તો આવવું કારણકે નોકરીમાં ખલેલ પોતે તેમ ના કરવું માટે રજા મળે તો ના આવવું, અંતરમાં સંભારવું કારણકે, મહીના પછી મળવાનું ભેગા થવાનુંજ છે. પણ ખેતીવાળાને ખેતી, નોકરીવાળાને નોકરી ને, સરકારી કામમાં મુદત એવા ઘણા પ્રકારી સમજણ છે. માટે વિવેકથી કામ કરી લેવું. એજ લી.નારાયણના જય શ્રી પુરૂષોત્તમ.

**શ્રી પ્ર.પુ.** **શનીવાર**

નાના ખોડાભાઇનો પત્ર પોત્યો ઉતર જે, પ્રેમથી સેજે સેજે થાય તેમ કરવું. અકળાયે પાર આવે નહી. સેજે સેજે આવે તો તેડી લાવવું ને રાંધવાની અકળામણ કરવી નહી. જેને માટે ઘણું કરવાનું તેને ગોઠતુ નથી. ભાત ઓરી લેવો ને દાળ બેનને ત્યાંથી કે, વીસીમાંથી લાવવી એટલે સેજે સેજે થાય. અને તૈયાર વિષ્ણુના મંદીરમાં નટવરના મંદીરમાં અગર માણેકચોકમાં તૈયાર મળે છે.

તે લઇ લેવું ને આનંદ થાય તેમ કરવું પણ, અકળાવુ નહી આનંદથી પ્રભુ સંભારવા. થૈ થૈ ને શું થવાનું છે. આ લોક નાસવંત છે. તેમાં સા વિચાર કરવા. એજ લી.નારાયણના જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી મણીબેન પોતી ગયાં તે બાબતનો જવાબ આવ્યો. તેમ બાપા મીલમાં જાય છે. ને ઝાડા મટી ગયા છે. તેવી વિગત આજે મળી ગઇ છે. અહીં સરવે ખુશીમાં છીએ હવે તો તમે નીશાળ જાવ છો જેથી કુંજમાં દરરોજનો હેવાલ વાંચશો. એજ લી.નારાયણના જય શ્રી પુરૂષોત્તમ..

**શ્રી પ્ર.પુ.**

હું તા. ૨૯-૧૦-૫૦ રવિવારે શાહપુરમાં ભેગો થઇશ માટે જોગ હોય તો આવશો લી.નારાયણના જય શ્રી પુરૂષોત્તમ..

**શ્રી પ્ર.પુ. તા.૨૯-૧૨-૪૯ ગુરૂવાર**

વાલજીભાઇનો પત્ર પોત્યો ઉતર જે ભગવાનને દિવ્ય જાણે છે. નિશ્ચે છે. પંચ ભગવાનનાં દેખાય છે તે દિવ્ય કેમ દેખાય? ઉતર જે ભગવાનનો થોડો ઘણો નિશ્ચે થયો કેતાં આમાં કાંઇક આપણાથી વધારે છે. એમ જણાય ત્યારે તેમાં હેત થાય ને હેતે કરીને તેનું ચિંતવન થાય ને પ્રત્યક્ષ હોય તે વખતે તે હેતે કરીને સાંમુ જુવે ત્યારે તેને એની એ મુર્તિમાં જોતાં જોતાં પહેલા દેખતા હતા તે કરતાં ક્રાંતિ તેજ પ્રકાશમાં ફેર પડતો જાય, તેમ તેમ વધારે જોવાનું મન રહે, તેમ તેમ આગળ લોભ થાય માટે શ્રીજી કે છે કે એક નજરે જોઇ રહેવું, ખીસકોલીની માફક જ્યાં ત્યાં જોવું નહિ તેવા અભ્યાસથી તેને માયીક દષ્ટિમાં માયીક ભગવાન જોતાં દિવ્ય થઇ જાય, દેખાય, જોતાં જોતાં તે મ.ના.૧૩માં છે જે

આ ગઢડુ કે ઓસરી છેજ નહી. કેતાં જો જો કરે ચપળ દૃષ્ટિ કર્યા વગર તો ગઢડુ ઓસરી લીન થઇ જાય એમ લખ્યું છે. માટે પ્રત્યક્ષ હાજર હોય ત્યારે સ્થીર વૃતીથી જોયા કરે એટલે તેની તે મુરતીમાં દિવ્યભાવ દેખાવા લાગે, એટલે જો જો કરે તેથી વધારે ક્રાંતિમાં ફેર પડે તે કહેતાં ચહેરો તેજવાળો દેખાય તે જેમ જેમ જુવે તેમ તેમ વધતો જાય ત્યારે, માયીક ભાવ મટે ને જોવાનું મન વધારે થાય તે દૃષ્ટિ કેવી રીતે જુવે તો, જેમ માછલી વીંધતી વખતે કેવી સ્થીર વૃત્તિ રાખી હશે ત્યારે સભા થાંભલો વીગેરે કાંઇ જોવામાં આવ્યું નહિ. હોય ત્યારે વેંધાઇ તેમ, સ્થીર વૃત્તિ કરે ત્યારે માયીક બંનેનાં ઇંદ્રિયો દીવ્ય થઇ જાય તેમ તેમ, મુરતીની ક્રાંતિમાં તેજમાં ફેર પડતો જાય. માટે અભ્યાસની વાત છે કેતાં એક નજરે જોવાથી આગળ તેમ પુછ્યું તેનો અનુભવ થાય મ.૧૩ માં હતાં પણ દેખાતા નહિ તેથી કહેલું જે ગઢડું નથી. બીજુ પ્રથમનું ૫૧ વાંચો તેમાં દૃષ્ટિ પલટાવાની કરી તેજની દૃષ્ટિએ, આકાશની દૃષ્ટિએ, તેમ પુરૂષોત્તમની દૃષ્ટિએ કાંઇ બીજુ જોતાં જોતાં દેખાય નહિ પહેલી માછલી જોતાં જોતાં બધુ માછલીની દૃષ્ટિએ તમામ લીન થયું તેમ ભગવાન સામુ જોતાં જોતાં બધુ લીન થાયને ભગવાનજ રહે. તે તેજમાં ક્રાંતિમાં જોતાં જોતાં ફેર પડતો જાય. તે શ્રીજી કહે છે કે અમારા એક નજરે જુવે છે. ફાટેલ દૃષ્ટિથી જોનારને દેખાતા નથી. એમ કરતાં આત્મામાં દેખાવા માંડે તે અભ્યાસથી થાય. જુઓ મ.૩૧મું ઇંદ્રિઓના સંગથી થયેલું મનન દ્વારા સંગથી તે થાય. બીજો ઉતર કેમ, દેખાય તેનો ઉતર ઉપર આવી ગયો જે, અભ્યાસથી. હવે ત્રીજો ઉતર જે દીવ્ય દૃષ્ટિથી આગળ વધાય પણ પાંચ ભુત વડે જોવાથી ભગવાનનો સંગ સબંધ થયો એટલે આપણા દિવ્ય

થાય. જેમ સૂર્યના સંબંધથી આપણી દૃષ્ટિ દિવ્ય થાય, જેમ રથ ઘોડા માયીક હતા પણ સંબંધ હેતવાળો હતો અને છોકરાના બાપને દ્રઢ હતું કે કૃષ્ણ મારો છોકરો લાવશે જેથી તેને જ દેખાયું પણ બધાંને ના દેખાયું, નહિતો મથુરાં મુકી દ્વારકા શું કરવા જવું પડે. કંસ સાથે સંબંધ કામ પુરતો હતો. માટે ભગવાનના સંબંધથી કાંઇક દિવ્યભાવ બેસે એટલે હેત થાય. તે હેતે કરીને જીવ ચોંટે, જેથી તેનું મનન દ્વારાએ સંગ થાય જેથી તે વધતો જાય, જેમ જેમ વધે તેમ તેમ હેતમાં તે ચોટવામાં આગળ વધતુ જાય, તેમ તેમ તેને જુદો જુદો અનુભવ થતો જાય. ભગવાનમાં ત્રણ અવસ્થા ગુણ આદી દેખાય છે. પણ દિવ્ય જાણવું. તે જાણ્યાથી સંબંધથી દિવ્ય દેખાય જુઓ પ્ર.૭૧ સોમલા ખાચરના પ્રશ્નમાં છેલ્લી બે ચાર લીટીમાં છે તે દરશનથી થાય જુઓ સા.૨ દરશન કરવાની રીત વાંચો, ને તેવો તેના અભ્યાસથી થાય છે. હવે ટપાલનો વખત થઇ ગયો છે. જેથી હવે ત્રીજો પત્ર કાલે આવશે. આતો લખતાં લખતાં વધી ગયું માટે કાલે બે કાર્ડ ગઇકાલે નાંખ્યા હતાં તે પોત્યાં હશે. હવે ત્રીજો કવર કોથળી આજે લખું છું સાંભળો જુઓ માયીક પાંચભુતની વારતા પણ કારીઆણીનું -૭ છેલ્લા પેરામાં શ્રીજી ઉતર કરે છે. તેમાં જેવું દિવ્ય હતું તેવુંજ માયીકમાં દેખાય, બધાં લય થાય છે. તેમ જીવતાં જોતાં જોતાં માયાનું કાર્ય લય થાય પેલું મર્યા પછી લય થાય ને આ જોતાં જોતાં લય થાય એટલે લખે છે. એવું દેખાય તે પણ અભ્યાસથી. કારીયાણી -૮ માં પણ પોતાની માતાને દિવ્ય રૂપ દેખાડ્યું તે જુઓ તે જીવતાં માયીક ભગવાનનાં હતાં ને માતાનાં પણ માયીક હતાં તો હેતે કરીને દેખાડ્યું. ને લય થયું તે યાદ ના રહ્યું કેતાં દિવ્યભાવ દેખાડેલો પણ સંભારી ના રાખ્યો તો માયીક ભાવ પરઠાઇને

છોકરાનો ભાવ આવ્યો, જેથી ખાંયણીએ બાંધ્યાં તેમાં પણ, વેંત ખુટતું જાય તો પણ, ભાવમાં ફેર પડ્યો તો બાંધવા પ્રયત્ન કરતાં જતાં માટે માયીક ભાવનો ભેગ સંગથી વધે છે.ને સંગ તે શરત રાખ્યાથી માયીક ભાવ ઘટે છે, ને દિવ્ય ભાવ વધે છે. પહેલાં જન્મતાં દેખ્યું પણ, યાદ ના રાખ્યું કે મારો છોકરો ભગવાન છે તે દેખતી વખતે ભાવ આવ્યો માયીક ચેષ્ટા જોતાં દિવ્યભાવ જતો રહેયો કેતાં ભુલી ગયાં કારણકે, તે દિવ્યભાવ આવેલો દેખેલો તેને સંભારી ના રાખ્યો તો, ખાંડણીએ બાંધવાનો પ્રયત્ન કરવો પડ્યો ને બાંધતા દિવ્યભાવ જણાવ્યો પણ, યાદ ના રહ્યું તે ભાવમાં ફેર પડવાથી, માયીક ભાવ થઇ જાય તેનું કારણ, પોતાને કાંઇક દિવ્ય ભાવ થયો હોય તેને યાદ કરી રાખવો જોઇએ. તો ચઢતો ને ચઢતો ભાવ રહે. જુઓ પંચાળાનું.૭ ભગવાનમાં દિવ્યભાવ જાણવો, પહેલાં દેખાતો હોય, જાણવા, સા સારૂ કહે જો જાણવો જુઓ ગર્ગાચાર્યના વચનામૃતમાં પહેલો દેવભાવ આવ્યો ને પછી નારાયણનો ભાવ આવ્યો માટે સંગ કેતાં સમાગમ તે ભેગા રહેવાનો અર્થ, તેમ અંતર વૃત્તિથી પણ, સંગ કહેવાય. કારણકે મન ક્રમ વચને સંગ, જુઓ ભક્તચિંતામણી "જેને જેટલો સંગ અંતર બહારનો તેટલો તેને ભંગ થાય." મન દ્વારાએ ભગવાનનો સંગ કરે તો કુસંગનો કેતાં માયાના કાર્યનો ભંગ થાય. કેતાં ભગવાન સંભારે તો માયા સાંભરે નહિ, ત્યારે ભંગ થયો કહેવાય, તેથી વચનામૃતમાં છે. સંત ને સતશાસ્ત્રનો સંગ કરવો જેથી સંત અવળે રસ્તે દોરે, પોતાની પ્રકૃતિ ઉપરતો શાસ્ત્રમાં મળતું આવતું જોઇએ, તેમાં પણ સત પુરૂષથી શાસ્ત્રનું શ્રવણ કરવું કહ્યું કેમકે, પોતાની પ્રકૃતિ ઉપર સંત લઇ જાય. જેમકે દાખલો વરતાલના-૫ ભગવાનના જેવીજ સંતની સરખી સેવા. તેના બે અર્થ થાય,

સ્વભાવ વાળો કહેશેકે ભગવાન જેવીજ, પણ સતપુરૂષ કહે કે પોતાનાં ભાવતાં ધરાવવાં કેમકે મનની ઈચ્છા પુરાય તે સંતને તો બધુ સરખું. તેમાં સંતને નહિતો, એવા ગુણ ભગવાનમાંથી સંતમાં આવ્યા ત્યાં એવું સમજવું કે, ભગવાનને ભાવતાં કહેતો જાણવું કે આતો ભાવ બોલે છે. ને છેલ્લાના આઠમામાં જીભ્યાને વિષે આશક્તિ તે તો અસતપુરૂષનું લક્ષણ છે. માટે શાસ્ત્રથી વિરૂદ્ધ આવે ત્યારે, પોતાની પ્રકૃતિ બોલે છે એમ જાણવું માટે હે ભાઈ વાલજીભાઈ મણની ખીચડી ચઢાવી તેમાં ચઢી, કાચી, દાંણો ચબદી જુઓ, તેથી અડસટ્ટો જણાય તેમ, પોતાને કાંઈક અનુભવ થાય એટલે જાણવું જે આ ઠીક છે. પણ શાસ્ત્ર કહે તે ઉપાય કરવો જેથી આગળ અનુભવ થાય, તેમ ચોંટતુ જવાય. કેતાં અનુભવ થાય તેમ તેમ, ભાવ વધતો જાય, પણ પહેલાં કાંઈક સેજ સાજ પોતાને અનુભવ થાય. એટલે ઉપાય કરતા જઈએ, તેમ આગળ વધતું જવાય. તે તમારા પ્રશ્ન વધ્યાનો ઉતર હવે બે કાર્ડને આ કવરમાં ચાર નંબર કેતાં આઠ બાજુ તે બે ત્રણવાર વાંચીને મનમાં જોવું જે આમાં શી શંકા પડે છે તે લખશો. જેથી શાસ્ત્ર પ્રમાણે દાખલા આપીશ લખીશ. આ એક સમાગમ છે. કારણકે વાંચતા લખતાં વિગેરે ભક્તિ થાય છે. માટે બીસો નહિ કે, હવે શું લખીએ, મંદિરમાં તમે પહેલાં જતા હતા તે સાધુ વાતો કરતા હશે એટલો વખત આમાં રોકાવાનો નથી. માટે લખજો. આનું નામ પણ સમાગમ છે. જુઓ આ વાર્તા કહેવાય તે વચનામૃતમાં છે જે, અમે વાર્તા કરીએ છીએ ને જેવું સુખ આવે છે. તેવું ધ્યાને કરીને નહિ આવતું હોય, માટે આ કામ કાંઈ નકામું નથી. માટે કહેવાનું શું છે જે, મનમાં કાંઈક ઉપડે તે લખવા સારૂ, મારા સરનામાની કવર કોથળી મુકી છે. જેથી સુખેથી લખવું એટલું લખાય માટે

લખશો. એજ લી.નારાયણના જય શ્રી પુરૂષોત્તમ.. ઉતર માટે કવર મુક્યું છે.

**શ્રી પ્ર.પુ.**

ધનલક્ષ્મીબેન જયંતિલાલ વ્યાસ
ઠે. પ્રસુતીગૃહ દવાખાનુ. મુ. મહેમદાવાદ.

જેઠ સુદી તેરસ તા.૧૭-૬-૫૧ ને રવિવાર ના રોજ અમદાવાદ શાહપુર કુંજમાં ભેગા થવાશે. જોગ હોય રજા હોય તો આવશો.લી.નારાયણમુની..ભાદરણ.

**શ્રી પ્ર.પુ.**

ધનલક્ષ્મીબેન તેમ બચીબેનને માલુમ થાય કે મને ઢીંચણે વા આવ્યો છે જેથી અમદાવાદમાં પુરૂષોત્તમ મહીનો રહેવા વિચાર રાખ્યો છે ઘેર જવાનું નથી અને સમૈયો બંધ રાખ્યો છે, વાને લીધે. આ ખબર ઈચ્છાબેનને પણ કહજો. ઈચ્છાબેનનું સરનામું અમને યાદ નથી. જેથી તમારી મારફતે ઈચ્છાબેનને કહેવડાવવાનું રાખ્યું છે જે સમૈયો બંધ રાખ્યો છે. જાતે મળે તો આ કાગળ તેમને આપજો જેથી તે જાણે જે શાહપુરમાં છે. તે ત્યાં ભાદરણ જાય નહિ. ભાદરણમાં હાલ રહેવાનું નથી. શાહપુરમાં રહેવા વિચાર રાખ્યો છે. આ કાગળ પણ શાહપુરથીજ લખ્યો છે. લી.નારાયણના જય શ્રી પુરૂષોત્તમ...

મું. મહેમદાવાદ. સુથાર બળવંતભાઈ મંગળદાસ
C/O ઈચ્છાબેન નડીયાદી, દરવાજે સુથારની ખડકી.

**શ્રી પ્ર.પુ.**

બળવંતભાઈને માલમ થાય જે હું ગોકળ આઠમ ઉપર ત્રણ રજાઓ છે જે હું શાહપુર આવીશ જોગ પ્રમાણે આવશો. લી.નારાયણના જય શ્રી પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ.**

હું તા.૨૯-૧૦-૫૦ રવિવારે શાહપુરમાં કુંજમાં ભેગો થઈશ માટે આવવાનો જોગ હોય તો આવશો એજ લી.નારાયણ...

**શ્રી પ્ર.પુ.     ભાદરણ. તા.૯-૪-૫૧**

હું તા.૧૫-૪-૫૧ ને વાર રવિવાર રામનવમીને દિવસે શ્રી નારાયણ કુંજમાં શાહપુર હોઈશ લી.નારાયણ.જય શ્રી પુરૂષોત્તમ.

**શ્રી પ્ર.પુ.**

દિવાળીની રજાઓમાં હું કુંજમાં મંગળવારે આવવા ધારૂં છું. જોગ હોયતો આવશો. એજ લી.નારાયણ જય શ્રી પુરૂષોત્તમ.

**શ્રી પ્ર.પુ.**

હું તા.૩૧-૧૨-૫૦ ને રવિવારે કુંજમાં ભેગા થવા આવીશ. જોગ પ્રામણે આવશો. લી.નારાયણ.જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.**

હું અમદાવાદ તા.૧૪ માર્ચ બુધવારે સવારની લોકલમાં જઈશ જેથી રજાનો સવડ ના હોય તો લોકલ પહેલી જાય છે તે સ્ટેશન ઉપર ભેગા થવાશે. ઈન્ટરમાં તપાસ કરજો ને તા.૧૪ માર્ચ રવિવારે રજાનો જોગ હોય તો કુંજમાં આવશો, સોમવારે ભેગા નહિ થવાય. એજ સવડ પ્રમાણે કરવું. જોગ ના હોય તો પ્રભુ મરજી જાણી આનંદમાં રહેવું. એજ લી. નારાયણ. જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.**

ધનલક્ષ્મીબેનનો પત્ર પોત્યો ઉતર જે હું તા.૨૬-૨-૫૦ રવિવારે શાહપુર બંગલે ભેગુ થવાશે. માટે જોગ હોય તો આવશો. બીજુ ધીરે ધીરે કાળજુ કઠણ થશે. પ્રભુ સંભારવા. એજ લી.નારાયણ..જય શ્રી પુરૂષોત્તમ...

શ્રી પ્ર.પુ.

ધનલક્ષ્મીબેનને માલમ થાય જે આ રવિવારે હું કુંજમાં આવવા વિચાર રાખું છું. એજ જાણવા પુરતું લખ્યું છે. લી.નારાયણ...જય શ્રી પુરૂષોત્તમ...

શ્રી પ્ર.પુ.

હું ગોકળઆઠમ ઉપર રજાઓ છે, જેથી શાહપુર કુંજમાં આવવા ધારૂં છું માટે ભેગુ થવું હોયતો આવશો. લી.નારાયણ.. જય શ્રી પુરૂષોત્તમ...

શ્રી પ્ર.પુ.

તાપ ને લીધે સમૈયો બંધ છે. ભાદરણથી લી.વિ. અધિક વૈશાખ સુદ આઠમનો કરવાનો હતો તે હાલ તાપને લીધે બંધ રાખ્યો છે. તે જાણશો. લી.નારાયણમુનીના જય શ્રી પુરૂષોત્તમ..

શ્રી પ્ર.પુ. તા.૨૦-૧૧-૪૪

સરસપુરથી પત્ર આવ્યો હતો તે વાંચ્યો, ડાહ્યાભાઈની કોઈ ભૂલ નથી, જુઓને તમારી પેઠે હું પણ ભૂલ્યો જે ભીખાભાઈની વાત મેંપણ લખી નહી. કારણકે તેમને ઝાડા ને મીલમાં કામ થતું નથી. તેનો ઉતરતો મેં રૂબરૂ આપ્યો હતો જે શક્તિ ના હોય તો પાછા આવજો ને અનફીટનો પગાર તથા તમારા ઘરનો જવાબ, ને ઘરની વિગતી કરી આવો એમ મેં રૂબરૂ કહ્યું હતું તેથી લખ્યું નહી. પણ આતો ફરી તાજુ કરી આપ્યું. જે કામ થાય નહી તો ભાદરણ આવજો તે, શરીરમાં શક્તિ આવે ત્યારે પાછું જવું. એજ ભીખાભાઈની વાત લખી. હવે બીજી વાત જે છોટાઉદેપુરથી એક બીજુ ટોળું ગુરૂવારે આવવાનું છે તેવો આજે પત્ર છે. ભીખાભાઈનું કામ ઘર બાબતનું થઈ રહે ને મીલમાં જવાનું મન ના હોય શરીર ઢીલું રહેતું હોય તો, ભાદરણ આવજો તે, જ્યારે

હોંશીયારી આવે ત્યારે જજો. એજ લી.નારાયણના જય શ્રી પુરૂષોત્તમ...કવર મુક્યું છે.

**શ્રી પ્ર.પુ.** **તા. ૬-૧૨-૪૪**

સરસપુરથી સમાચાર આવ્યા પણ નક્કી નથી ક્યારે અવાશે. જ્યારે નીકળાય ત્યારે ખરૂં ને અવાય ત્યારે ખરૂં. કારણકે નક્કી કરી ને વિઘન આવે તો બધાંને ડખલ પડે, માટે એ રીત સારી જે રજા હોય ત્યારે બપોરે ગાડીએ એક જણને આવવું, તે દેખો તો ઘર જઈને ખબર કરી આવવી નહીતો પાછા ઘેર જવું. તમારી રજાઓનું કાર્ડ ખીસ્સામાં રાખું છું. તે રજાને દિવસે આવવા વિચાર કરૂં છું. તે જ્યારે અવાય ત્યારે ખરૂં કારણકે રાતે બપોરે કોઈ આવે તો શી રીતે અવાય ને કદાચ સવારમાં નીકળું ને મોટર ગાડી ને મેળવે નહીતો વિઘન પડે, તે ત્રણની ગાડીમાં અવાય તે બે કલાક રહીને પાછું જવું પડે, એવો હાલ પંચર છે. એતો જ્યારે બધે જાણે જે નવમીએ જાય છે. ઘેર મળતા નથી ત્યારે, બધાંને જાણ થશે ત્યારે આવવાનું નક્કી થાય તેમાં વળી રાતે નવની ગાડીની મોટર બંધ થાય તો તેમાં વિઘન, માટે હાલ આરણ કારણ કે બનતા સવડે આવવા ધારૂં છું પણ પછી હરી ઈચ્છા, એજ. લી.નારાયણ. જય શ્રી પરૂષોત્તમ..

**શ્રી પ્ર.પુ.** **તા.૨૧-૯-૪૪**

સરસપુરથી પત્ર પોત્યો ઉતર જે ભીખાભાઈના દાણાનો પત્ર ભીખાભાઈને વંચાવ્યો છે. બીજુ ત્રીજે દિવસે. રાતે બે કલાક તાવ આવે છે તેથી, દરરોજ રખાને જગાડે છે. એમ અમારે સુવાણ થઈ છે. હવે રાતે ખાવા કરીને ખાવાનો રીવાજ પાડ્યો છે. કારણકે ભીખાભાઈ રાતપાળીના માણસ તે અમારી મોટી મીલમાં રાતપાળી કામ કરે છે. જેથી રાતે ખાવા કરી ખાઈએ છીએ. એજ

લી.નારાયણ.. ખોડાભાઈને માલમ થાય જે આ શનીવારે પગાર થાય ત્યારે ભીખાભાઈનો પગાર લઇ લેજો. બીજુ બબુભાઈનો વિચાર જે છે તે ખરો, પણ હાલ વરસાદને લીધે મોટર બંધ છે ને આગળ પાછળ અંધારી રાત છે. માટે અવાય નહી, અને વળી કોઈ દસરાના ટાંણા ઉપર કોઈ આવે જાય તો તે પણ ફાવે નહી, માટે આગળની વાત આગળ. એતો સવડ પડતું હું મારી મેળે લખીશ. આવવાના જવાના સારા સંજોગો જોઇને સવડ કરીશું હાલ દસરા ઉપર નહીં ફાવે એક તો આગળ પાછળ અંધારૂ, બીજુ કોઈ દસરાના ટાંણા ઉપર આવે તેથી ફાવે નહી, ત્રીજુ વરસાદના લીધે મોટરમાં ફાવે તેમ નથી. માટે ડાહ્યાભાઈને આગલે દિવસે મોકલશો નહી. આવવાના સવડમાં મારો વિચાર છે. પણ હાલ ઉપરના કારણને લઇને દસરા ઉપર નહી અવાય. એજ લી. નારાયણ.....જય શ્રી પુરૂષોત્તમ.....પત્ર પોત્યાનો ઉતર લખજો કવર છે.

**શ્રી પ્ર.પુ તા.૧૫-૮-૪૪ મંગળવાર**

સરસપુરથી પત્ર લખ્યો તે પોત્યો છે. બીજુ બબુભાઈએ લખ્યું જે બારસે રજા નથી.અને અમાસે રજા છે. તે વાત જાણી. ડાહ્યાભાઈ ભીખાભાઈ વિગેરે હતા ને મંગળભાઈ સાધી ગયા હતા તે વાત જાણે છે. તે મંગળભાઈ બીજને દિવસે આવશે તો આઠમને રવિવારે આવે છે. તો તે ઉપર જોગ હસે તો અવાસે, કારણકે મંગળભાઈ કદાચ આવી શકે નહી. ખેતીને લઇને તો તે દિવસની વાત તે દિવસે, કોઈ વાતનું નક્કી ના થાય. દિવાળી છે. તે એની ચેલી માટે આવી છે પણ, બીજે આવવાનું કહી ને ગયા છે તે આવે તો આઠમ ઉપર અવાય. તે વાતને હજુ દસ બાર દિવસ છે. ડાહ્યાભાઇ ને પૂછો કે મંગળભાઈએ લખ્યું કે

શ્રાવણમાસ ઉતરતાં આવીશ. પણ પછી બીજે દિવસે જતા રહ્યા. માટે બીજનો વાયદો કર્યો છે. પણ મન ઉપડેતો તરત આવે નહીતો જ્યારે આવે ત્યારે ખરૂં કાંઇ નક્કી ના કહેવાય. જવા આવવાનું સુગમ થશે ત્યારે ફાવસે. કારણકે સવારે નીકળું તે સાંજે આવતું રહેવાય, માટે હાલ પાછળનો વિચાર આગળનો વિચાર નક્કી નથી જે ઘડીએ જે થાય તે ખરૂં. હવે પહેલી તારીખે રજાઓનું લીસ્ટ થાય તે નોંધીને મોકલશો. રવિવાર જે તાંણી લે તે પણ લખવું તે જોગ જોઇને અવાય. આ માસનું પણ પંદરમી પછીનું રજાઓનું લખી લાવી મોકલશો કવર મુક્યું છે. જેવું લીસ્ટ નવું થાય કે તે સરવે સ્વતંત્ર છે તે ક્યારે જાય આવે તે નક્કી છે. મંગળભાઇની વહુને પત્ર લખ્યો છે જે, મંગળભાઇ એક માસ રહેશે તો ચાર લાવવા માણસ બાંધજો તે, તેના પૈસા મુની આપશે તેમ લખ્યું છે. હજુ તેનો ઉતર નથી આવ્યો તેથી બંન્ને જણ તે વખતે હશે તો વળી વિચાર થાય તેમાં કોઇ એવો માણસ આવે તો ના પણ અવાય. એવી રીતે હાલ વિચારમાં ઘાંચ મચડ ચાલ્યા કરે છે. કારણકે હજુ તેના પંદર દિવસ આડા છે. તેથી વળી બીજે રવિવાર પછી જે થશે તે લખીશું હાલતો પંદર મુરતીની પંગત પડે છે દસ દિવસથી ચાલે છે. હવે સૌ ઘેર જવાના વિચાર કરે છે. એજ લી.નારાયણના જય શ્રી પુરૂષોત્તમ. કવર મુક્યું છે. પત્ર પોત્યાનો ઉતર લખજો.

**શ્રી પ્ર.પુ. તા.૧૩-૧૨-૪૪**

સરસપુરથી પત્ર આવ્યો ઉતર જે ગઇકાલે કાર્ડ તમને પોત્યું હશે ને ના પોત્યું હોય તો ઉતર જે મેડા ઉપર સરસામાન સાચવીને લઇ જજો. રજામાં પૈસા ટકા નથી પણ ખુંટા આપણા છે. તે કાઢી લેજો કારણકે, ઉપર ઠોકવા થાય. પાણીયારા તરફ છુટું પાટીયું

છે તે આપણું છે, બીજુ ઘરધણીને સાંકડું પડયું માટે માગે છે. તેથી આપણે ના પડાય નહી. બીજુ જસભાઈએ લખ્યું જે ભીખાભાઈ કહેતો ઉપર મેડે જઉ તેના ઉતર જે જસભાઈને બીજુ ઘર મળે તો જજો, ને તે ના મળે તો મેડા ઉપર રહેજો તે હું આવીસ ત્યારે મેડા ઉપર રહીસને ત્યાં સુધી જસભાઈ સારૂં ઘર ખોળતા રહેજો ને જ્યાં સુધી મળે નહી ત્યાં સુધી મેડા ઉપર રહેશે પણ, ખોળતા રહે. ઝાઝુ ભેગુ રહેવું સારૂં નહી. પણ ના ચાલે રહેવું પડે. રાધાને સૌદામા ભેગા રહ્યાં તે, શ્રીદામા એ ઉપરાળું શ્રી કૃષ્ણનું લીધું તેથી સામાસામી શ્રાપ થયો તે એક દાનવ થયો ને રાધા ઝાડ થયું પછી તપ કરી બંન્ને ભેગાં ઘર માંડ્યું.

૧.અધુરા કાગળ છે. ઉતારી લાવવું ને નકલ કરી મોકલવું જેથી સુગમ પડે તે દિવસે કોઈ રહેનાર આવ્યું હોય ત્યારે એક કલાકજ આવતુ રહેવાય હાલ આવો વિચાર ચાલે છે પછી વળી ઘડી પછી ફરે તે તો બીજા કાગળમાં વળી તમારો આ કાગળ પોત્યાનો ઉતર આવશે ત્યારે વળી વિચાર જણાવીશું માણસ મન માને એવું રહેવા આવી ચઢે તે વખતે વિચાર જુદો થાય એજ. લાગ પડતુ અવાસે ત્યારે ખરૂ. લ્યો જય શ્રી પુરૂષોત્તમ છે. લી.નારાયણ.....

૨.તમારે કોઈને લાવવાના નહી ને વળી કંટ્રોલ બેઠો જેથી એમાં તમારૂં કામ નહી અને હાલ આપણે અડી પડ્યું નથી, માટે સીસા વીના બીજુ કાંઈ હો તે પુછી જોજો. મને હાલ યાદ નથી. ચોપડીઓ તો લાવવી નથી. પસાભાઈને પુછતાં સમજ પડશે. એજ. હાલ ઓફિસનો ભાગ રાસ કરવાનો તોડી ઈંટો લઈ જઈએ છીએ. એટલે રાતે લખવા.

શ્રી પ્ર.પુ. તા.૨૮-૧૨-૪૬

સરસપુરનો પત્ર પોત્યો ઉતર જે તા.૫-૧-૪૭ રવિવારે જોગ હસે તો આવીશ. કારણકે પ્રકાશને લીધે ભીંત તોડી છે વળી છોટાઉદેપુરનાં ટોળાં વારાફરતી આવે છે. જેથી તે દિવસ પહેલાં કોઈ આવે જાય તો આવવાનું નક્કી ના થાય, માટે તા.૫-૧-૪૭ રવિવારે જોગ હસે તો આવીશ પછી હરી ઈચ્છા, રાત રહેવાય હાલ તેવુ નથી. વારાફરતી આવે જાય છે. માટે હાલ કોઈ વાતનું નક્કી ના થાય. રવિવારે રજા છે. તા.૫-૧-૪૭ તો દિવસે જોગ પ્રમાણે આવું તો આવું તા.૧-૧-૪૭ ને જોગ લખ્યો પણ જે દિવસે ભેગા હસે ત્યારે બનસે. કારણકે આ લખ્યું છે જીવણલાલનો પત્ર આવ્યો કે હું આવું છું, વળી રાવજીભાઈનો આવ્યો છે જે નાતાલ પછી આવું છું, વળી છોટાઉદેપુરનાં જાવ કરે છે. વળી આજે જ ભીખાભાઈનાં બેન ભાણી વળી એમનાં સગાં બોચાસણથી શનીવારે આવ્યાં છે માટે સો વાતની એક વાત જે, હાલ રાત રહેવાય તેવું નથી. આવનાર ને જનાર ચાલુ છે. એટલે નક્કી ના થાય. જુઓને ઘણાના પત્ર આવે છે. તેને ઉતર આંપવાની પણ નવરાશ નથી. જેમ તેમ લખું છું માટે રાત રહેવાય તેમ નથી. તા.૧ કે ૫ તમે રજા લખી તે સારૂ થયું, જેથી આવતાં જ્યારે ત્યારે સુઝ પડે માટે કોઈ વાતનું નક્કી ના થાય, હાલ એવો જોગ રાત રહે એવો નથી. જુદે જુદે જગાએ જઈશું, ફરી આવીશું, બીજી જગા માટે પણ બધાંને લખવાનું નક્કી ન થાય, માટે હવે નવરાશ નથી. હવે જેમ થાય તેમ ખરૂં. તમે લખ્યું તે જોગ હસે, તો તે દિવસે આવીશ. લી.નારાયણ.જય શ્રી પુરૂષોત્તમ...

શ્રી પ્ર.પુ. તા.૧૩-૧૦-૪૫

સરવેને જય શ્રી પુરૂષોત્તમ બીજુ બબુભાઈ આજે સવારમાં

મંગળભાઈ સાથે ઘેરથી નીકળી જઈ સૌ સૌને ઘેર જશે તે તમને તા.૧૪મીએ મળશે, ભીખાભાઈ રહેવાનું કહે છે, મંગળભાઈ ઘેર ગયા ને કહ્યું છે કે તા.૮મીએ આવીશ બીજુ લીંગડ વડદલા ભાટીઆ વિગેરે ગામોમાં ફરી રાતે ભરૂચ વાતો કરી લીંગડની, પછી સવારમાં ગાડીએ બેસી ઘેર આવ્યા ત્યાં તો વસઈથી ભગત બે દિવસથી આવેલા તેથી બારેજા આદી જવાનું બંધ રાખ્યું તેથી, બબુભાઈ વહેલા આવતા રહ્યા. કારણકે રજામાં ભીડ થાય માટે એક દિવસ વેલા ગયા હવે જ્યારે પાટીઆ ઉપર રજાઓ નક્કી થાય તે તે લખી મોકલજો તે સવડ પડતાં આવવા જવાનું ફાવે એજ. વધુ વિગત બાબુભાઈ સાથે હતા તે કેસે સાંભળજો જય શ્રી પુરૂષોત્તમ સરવેને ડાહ્યાભાઈને આપજો પત્ર પોત્યાનો ઉતર કવર છે.

અધુરા કાગળ-૩ બાંધી લીધાં કેતાં પતરાંનો વંઢો કરી લીધો વળી મોટું રસોડું તેમાં જરા પાણી પેસવાથી જરા હાહ લીધો છે. વળી રેતીવાળી જગાએ જાજરા પછવાડે જરા પાણીથી હાહ લીધો છે. એવી રીતે હાલ અમારી લીલા ચાલે છે. તમારે જેમ મીલમાં કામે જાવો છો તેમ, અમારે હવે જરા જરા ભીખાભાઈને ખીચડી પચે તેવું કામ ચાલે છે. એક દિવસ પતરાં દસ બાંધ્યા તેથી કેડો દુઃખી ગઈ ને ઢીંચણ ભીખાભાઈના વળવામાં મહેનત પડે છે. વળી બીજે દિવસે જરા પાટલાને ઉધેઈ આવી તે ફેરવા ફરેવ કરીએ છીએ મોટી મીલને મોટો કાંઠલો, અમારે સરૂ થયો છે. તમારે રૂપિયા બે રૂપિયા ભારનાં કાંઠલો ને અમારે પતરાં ગડર તે તો પોણો મણ, ને ગડરનો બે મણનો કાંઠલો ફેરવીએ છીએ. તેથી શરીર મજુબત થયું છે. મણી ને માલમ થાય જે તમારા ભાઈ (ખોડાભાઈ) નુ શરીર ધીરે ધીરે ઠીક થતુ જાય એવું ખાજો

એજ લી.નારાયણ જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.**

સરસપુરના ભક્તોના..... સુખી આનંદમાં અમો....કરીએ છીએ ને તમો પણ...છો તે વાત જાણી બીજુ હાલ મારાથી કોઇ ગામ પરગામ જવાનો સવડ નથી. કારણકે બોરસદથી ભાદરણની મોટર બંધ છે ને જે કોઇ આવે છે તે, અમદાવાદની મળસ્કાની ગાડીમાં બેસી આવે છે. પેટલાદ થઇ નાની ગાડીમાં બેસી બપોરે એક વાગે ભાદરણ આવસે તે જેનાથી બે ગાઉ બોરસદથી ચલાય તેવું હોય તે આણંદથી મોટરમાં બેસી બોરસદથી ભાદરણ અગીયાર બાર...હાલ સોખડાના હરીપરાના...ના પુનમ ઉપર..ઉતર લખ્યા પ્રમાણે ગયા. હાલ ચાર જાય છે, ચાર આવે છે. એમ ચાલુજ રહે છે. વચ્ચે..પડતા નથી સરસપુરના ભક્તોને મારા જય શ્રી પુરૂષોત્તમ છે. એજ લી.નારાયણના જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ. જય શ્રી પુરૂષોત્તમ. તા.૨૧-૧૧-૪૩**

સરસપુરના ખોડાભાઇ વિગેરેને જય શ્રી પુરૂષોત્તમ બીજુ ખોડાભાઇને માલમ થાય જે તમે ખમીસનું વાર કપડું મોકલ્યું તથા એક રૂપીયો શાહપુરવાળા આવ્યા હતા તેમણે મને આપ્યો છે તે પોત્યો છે. બીજુ શાહપુરવાળા આજે રવિવારે ઘેર ગયા છે. તે તેમની સાથે પ્રસાદી મોકલી છે. માટે નવરાસે શાહપુર જઇને લઇ આવજો. જો બપોર પછી ઘેર જાવતો તેમનાં બૈરાં પાસે માગી લેજો એમ કહેજો જે, અમારી પ્રસાદી પસાભાઇ લાવ્યા છે. તે લાવો તે સવારથી તે અગીયાર વાગતા પહેલાં જશો તો તે જાતે મળશે ને, પછી જસો તો બૈરાં આપશે ને, દસ વાગતા જસો તો પસાભાઇ જાતે મળશે માટે તમારી સવડે જજો. એજ હાલ જતા

આવતા ભગતો નવરાશ પ્રમાણે આવે છે ને જાય છે. સવારમાં આઠ નવ વાગે જશો તો વાતો ચીતો થશે એજ..

**શ્રી પ્ર.પુ. તા.૮-૪-૪૮ ભાદરણ.**

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો પાવડીઓ થોડી બાકી છે. તે વાતી જાણી. બીજું રામનવમી ઉપર શનીવારે રજા છે. તો તે દિવસે શાહપુર રાખીશું ને કચેરી કોર્ટ નીશાળ માટે રવિવાર પણ રહેશે ને આ વખતે મીલોમાં રજા શનીવારે છે. જેથી સારૂ થયું વેલું લખ્યું. હવે શનીવારની બધાંને ખબર કરશો જીણાભાઇને કેજો કે પાવડીઓ તૈયાર થયે પહેરવા તમારે ત્યાં આવશે નહી તો સરસપુરથી શાહપુર જશે ને ત્યાંથી બારેજા જવાના છે. એજ લી.નારાયણ..જય શ્રી પુરૂષોત્તમ..

**શ્રી પ્ર.પુ. તા.૧૮-૧૧-૪૫**

સરસપુરથી પત્ર પોત્યો ઉતર જે સોમવારે બપોરે હું નીકળી જઇશ પછી ત્યાંથી આવીને બીજો પત્ર લખીશ એજ. અહીં સરવે ખુશી આનંદમાં છીએ તમારી ખુશીના સમાચાર જાણ્યા. બીજુ સોમાભાઇનો આજે પત્ર છે. જે રાવજીભાઇની વહુને દરશન થયાં જેથી ત્યાં જઇને પાછા આવ્યા પછી બધી હકીકતનો પત્ર લખશું ત્યાં સરવેને મારા જય શ્રી પુરૂષોત્તમ કેસો હાલ બીજી કોઇ નવા જુની નથી. હાલ ભીખાભાઇ એકલા છે. બીજા જાય આવે એમ ચાલુ છે. લી.નારાયણ..જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ. સોમવાર**

સરસપુરનાંને માલમ થાય જે હું બપોરે બે વાગે ઠેઠ મોટરમાં બેસી સુખેથી પોતી ગયો છું. બીજુ કાગળની રાહ જોતા હતા તે તો ગવલ્લે પડી ગયો અને ભરૂચવાળા એ લખેલો તે પણ મને પોત્યો નથી, માટે કાગળ નો જવાબ મળે ત્યારે જણાય જે મળ્યો

છે. માટે કાગળથી તત્કાળ તરત કામ થાય એવું હાલ રહ્યુ નથી. માટે રાહ જોવી એ સારૂ નહી. જવાબ મળે ત્યારે જાણવું જે પોત્યો છે. બીજું ભરૂચ હરીપરે જવાનો વિચાર માંડી વાળ્યો છે. વળી રાતે વિચાર થાય તો સવારે જે થાય તે ખરૂં હાલ.અહીં સરવે ખુશીમાં છીએ એજ લી.નારાયણ..જય શ્રી પુરૂષોત્તમ..

શ્રી પ્ર.પુ. તા.૧૭-૧૦-૪૫

હું ખુશીથી પોતી ગયો છું. મોટરમાં સાડા નવ વાગે પોત્યો છું ફાસ્ટનાં માણસ ખંભાતવાળી લેતી નથી. પણ તે એક વાગે ગાડી આવે, બોઝો હોય તો ગાડીએ આવવું સારૂં એવો ઠરાવ કર્યો છે. કારણકે મોટરમાં ઉપર મુકાવે તેથી જોખમનું કામ છે. ફાસ્ટમાં બેસીએ તો બે વાગે મોટરમાં અવાય પણ તાપ ભૂખ તરસ વિગેરે હેરાન થવાય. તેથી લોકલમાં છો વાગે આવવું સારૂ છે. એવો આજે વિચાર થયો કારણકે ઠંડો પહોર ત્યાં પણ ચાલતાં ફાવે ને ઘેર આવતાં પણ ટાઢે પહોર અવાય માટે લોકલ સુગમ મારગ છે. બીજુ આજે મંગળભાઇ રહ્યા છે. તેથી ભરૂચ તથા પુનાનો વિચાર ચાલુ છે. ભરૂચ પુનમની બપોરે મોટા આવશે તો જઈશ ને પુનમની તો આગળ વાત રાતે વિચારીશું. એજ લી.નારાયણ.

શ્રી પ્ર.પુ. તા.૧૪-૧૧-૪૫

હું ખુશી આનંદથી પોતી ગયો છું. બીજુ ખોડાભાઇને માલમ થાય જે મારે બપોરે જવાનું હતું પણ ઇચ્છા વિગેરે આવવાથી અટકી પડાયું વળી બીજે દિવસે પોટલું બાંધી તૈયાર થયો હતો પણ પુંજાભાઇને ત્યાં નાવા ગયો ત્યાં આદરભાઇ કહે આજે આપણે મુરતીની તપાસ કરીએ માટે સાંજે જજો તેથી ખાધા વિના નીકળવાનું થયું તેથી થોડુ બબુભાઇને ત્યાં ખાધું ને થોડું ચંપાને

ત્યાં ખાધુ પછી બારોબાર પોટલું છોટાભાઇ પાસે મંગાવ્યું તે સઘળી હકીકત મણી જાણે છે. તે સ્ટેશને આવ્યાં હતાં. એજ હાલ લી.નારાયણ. મારા જય શ્રી પુરૂષોત્તમ. પુનમે બપોરે ભરૂચ જવા વિચાર છે.

શ્રી પ્ર.પુ. તા.૧૫-૩-૪૬

સોમવારે સવારમાં અગીયાર વાગે રૂપબઇ આવશે ગાડીમાં બેસાડીને હું ભરૂચ જઇશ. પત્ર પોત્યો સમજ પડી જે હવે મુખાકૃતિ બાકી રહેલી છે. કારીગર કેટલા છે ને કેટલા કામ કરે છે. તે લખશો તથા બબુભાઇ કહેતા હતા કે કોથળો લઇ જઇશ ને પાડેલો છોલ કોથળામાં ભરીશ તે વાત કાંઇ આવી નહી. માટે તે પણ લખશો. કારણકે કોથળામાં ભરીએ એટલે આપણી થઇ કોઇ લઇ જાય નહી. જમીન પર પડેલી તે સૌ કોઇ લઇ જાય માટે ભરી લેજો તે ભેગા ભેગી આવી જશે. સહેલાઇથી ઘેર આવશે ને મોટર ઉછળશે નહી. વજન થશે એટલે સારૂં છે. બીજુ હું સોમવારે ફાસ્ટમાં આણંદથી ભરૂચ જઇશ ને એક રાત રહી તરત પાછો આવવાનો છું સોમવારે અગીયાર વાગે સવારમાં રૂપાળી આવશે. લી.નારાયણ...

શ્રી પ્ર.પુ. તા.૩૦-૧૨-૪૬

સરસપુરના પત્રની રાહ જોઇ પછી લખું છું કે આજે બોરસદથી પત્ર આવ્યો જે સોમવારથી મુરતીનો કલર કરવા આવીશ, જેથી પહેલી તારીખે હવે રાહ જોસો નહી. કારણકે રંગના ચાર હાથ મારવાનું તે પેઇન્ટર કહેતા હતા, જેથી ચાર દિવસ એમાં થાય માટે હવે પાંચમી તારીખે જે થાય તે ખરૂં. રવિવારે જોગ હસે તો આવીશ માટે હવે પહેલી તારીખે વાટ જોશો નહી. મુરતીનું કામ રંગનું કરવા બોરસદથી બોલાવ્યો છે. અમદાવાદથી કોઇ ઠેકાણું

ના પડ્યું જેથી બોરસદનું શોધી કાઢ્યું છે. જેથી પહેલી તારીખે નહી અવાય, હવે પાંચમી ઉપર જે થાય તે ખરૂં લી.નારાયણ..જય શ્રી પુરૂષોત્તમ..જીણાભાઇનો પત્ર આવેલો જે લુણસાવાડે ઘર રાખ્યું છે. રાત આવો ઉતરમાં લખ્યું કે હાલ જોગ નથી.

**શ્રી પ્ર.પુ. તા.૧૮-૧૨-૪૬ બુધવાર**

સરસપુરનો પત્ર આવ્યો વાંચ્યો શાંતી છે. તે વાત જાણી બીજુ બારેજા ગયો હતો તમે લખ્યું કે આવતે રવિવારે બારેજા જઇશું તેનો નીરધાર નથી, કારણકે વસઇ મીરોલીવાળાને સાત આઠ દિવસે પત્ર પોતે છે. તેની વચ્ચે ઘેર કોઇ આવે તો જવાનું નક્કી કરેલું ફાવતુ નથી. જેથી મારી સવડે હું ત્યાં જઇને ખબર મોકલું છું જેથી બધાંને સુગમ પડે છે. એટલે નક્કી થતું નથી બીજુ અહીં સરવે ખુશીમાં છીએ, તમારી ખુશીના સમાચાર લખવા રીપ્લાઇ પતુ મોકલ્યું છે. વાલજીભાઇને ત્યાં ગયા હતા. ખોડાભાઇ તે વાવોલ ગયા હતા નાના ખોડાભાઇ રહેવા આવ્યા તે સઘળી વાત વાંચી લી.નારાયણ.. નવરાશ નહી તેથી બીજે દિવસે લખ્યું લી.નારાયણ..જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ. તા.૧-૫-૪૫**

પસાભાઇ બેચરભાઇ આવ્યા હતા તે પસાભાઇ ઘેર આવ્યા હસે અમદાવાદ આવી ગયા હશે ને બેચરભાઇ તારાપુર ગયા હશે. ટીકીટ વિશ્વામીત્રીની હતી પણ ભાઇબંધને લઇને ગયા હશે. બીજુ બબુભાઇના બે પત્ર આવ્યા જે કારીગરને પંડીત કહે છે. કે પૈસા વગર કામ થશે નહી, કારીગર કહે છે. કે મુખ આવી ગયું છે, તે મેં જોયું હતું તેજ છે. એમ બબુ લખે છે. આખા માસમાં છો સાત દિવસ કામ કર્યું, હવે પૈસાનું ચાલે છે. પહેલા જુના લખાણનું ક્યાં ગયું તે ઉપરાંત સવા બસો આપ્યા તેથી હવે

પગે થોડે થોડે કરશે ત્યારે કામ કાજ થશે. મારા ગયા જોયા....બોચીનું કર્યું છે. પંડીતને મેં કહ્યું મુખાકૃતી નથી આવી તો કહે સુધારવાની છે. ને કારીગર કહે આવી ગઈ છે. આ આખો માસ ગયો હવે આપણે નવા કરાર પ્રમાણે મુદત થઈ ગઇ છે. એજ લી.નારાયણ...જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ. તા.૨૭-૩-૪૬**

બબુભાઇનો પત્ર પોત્યો ઉતર જે કામ અડધો દિવસ બંધ રાખ્યું હવે મોંઢાનું કામ ચાલે છે. એ વાત જાણી નીચે પગ નીચે ચોકીમાં ચાર કાણાં પડાવજો, સરીઆ ઘાલવા હાથ,પગ, છાતી વિગેરેનું કામ થઇ રહ્યું તે વાત જાણી હવે મુખાકૃતીનું ચાલે છે. તે જોયા કરવું કાન બાકી હસે, આંગળીઓ વેઢ વીંટી આવે તેવી કરી હશે તે સરવે જોયા કરવું કારણકે, કાંઇ બોલવું નહી. મુખાકૃતી ચાલુ રહે હાથ પગ કાન વિગેરે તો પછી વળી થાય. પણ મુખાકૃતી હાલ છો ચાલતી, આપણે કાંઇ કહેવું નહીં. જોઇને લખવાનું રાખવું. હકીકત લખ્યાજ જવી શું બનાવ્યું ને થયું ને શું ચાલે છે. વિગેરે લી. નારાયણ. જય શ્રી પુરૂષોત્તમ.જવાબ લખવા રીપ્લાઇ પતુ જોડે છે. જે કાપડ મળે તે લેજો, જેવું કાપડ હસે તે બધુ લેસે કાપડ લેજો છીંટ મળે તો પણ લેજો, તે કાપડ લેજો. જે આવશે તે લેસે.

**શ્રી પ્ર.પુ. તા.૨૪-૧-૪૭ શુક્રવાર**

જય શ્રી પુરૂષોત્તમ જવાબ લખશો.

સરસપુરથી પત્ર બે આવ્યા રીપ્લાઇને છુટો. આનો ઉતર માંડો લખાયાની બીના જે હું તમારે ત્યાંથી ઘેર આવ્યો ત્યારે હરીપરાના ભગત આવેલા તે રાહ જોતા હતા, પછી બીજે દિવસે બીજા આવ્યા. કારણકે સોખડાના જેઠાભાઇ જાડાની વહુ માંદા

હતા તેથી હરીપરાવાળાને તેડાવેલા તેંથી તે ભાદરણ હતા હું બારેજા હતો ત્યારે આવેલાં પછી સોખડાવાળાએ ફરી લખ્યું કે ક્યારે આવો છો તેથી બીજા સોખડાવાળા ભાદરણ આવ્યા સોમવારને દિવસે ને મંગળવાર રહ્યા ને મને કે છે કે અમે સોખડા જઇએ છીએ ને લખ્યું છેકે મહારાજને તેડીને લાવીશું જેથી ગુરૂવારે સવારમાં અમો બધાં મોટરમાં બેસી વાસદ જઇ ગાડીએ બેસી બીજુ સ્ટેશન રનોલી ઉતર્યા તે ત્યાંથી ત્રણ ગાઉ થાય તેથી એક જણને ઉતારીને મોકલ્યો રસોઇ કરે તેથી તે અમો તથા બીજા વડોદરા થઇ ગોધરાની ગાડીમાં બેસી બીજુ સ્ટેશન વડોદરાથી પીલોલ ઉતર્યા કરાણકે ત્યાંથી એક ગાઉ ચાલવાનું છે જેથી બાર વાગે પોત્યા જમ્યાં બધાંને ખબર કરેલી જેથી બધાં આવ્યા પછી સાંજનાં ફરવા નીકળ્યા રાત બધાં આવ્યાં ભજન કર્યું સુઇ ગયા ચાર વાગે ઉઠી ગાડુ જોડાવી રનોલી આવી વાસદ થઇ ઘેર નવ વાગે આવી નાયો જમ્યો ને તમારો જવાબ લખું છું આથી ઉતર તમને મોડો લખાયો હવે રસોઇની વાત જે જેટલું હસે તેટલું વહેંચી ખાઇશું અધમણ હસે તો પણ ચાલશે વસઇ મીરોલી બારેજા તો જેને આવવું હોત તે આવે આપણે તો લખી જણાવીશું ઘણા આવશે તો અડધો લાડવો અપાશે નહી તો શીરો કરીશું, બહુ માણસ થશે તો તે પ્રસાદ જોગ હાથમાં અપાશે. પાંચ શેર હોય તોય બધે પોકે હાથમાં આપીએ એટલે ચાલે પણ જવાબ લખી શકે.લી.નારાયણ..જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ. તા.૧૦-૧૧-૪૭ રાત્રે ત્રણ વાગે**

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો હકીકત જાણી બીજુ કોઇ આવે તો લેતા આવે ને ના આવે તો કાંઇ નહી, સાથે બોજો બીજો હોય તો ફોટા ચોપડીઓ લાવવાની જરૂર નથી કારણકે, રજાઓ

મીલોમાં પડે જેથી સૌ કોઇ ઘેર જાય તે ગાડીમાં ભીડ બહુ હોય માટે ખાલી હાથ હોય તો થોડું લાવે પણ હે ડાહ્યાભાઇ વળી ફરી લવાશે કારણકે દિવાળી ઉપર ભીડ વધારે રહેવાની સૌ કોઇને જવાનું હોય માટે આ વખતે કાંઇ લાવવાની જરૂર નથી. ફરી કોઇ વખત લાવીશું માટે ભીડમાં નહી ફાવે. કાંઇ ફોટા ચોપડીઓની હાલ જરૂર નથી માટે દિવાળી ઉપર ના લાવશો પોસ માસમાં સમૈયા વખતે લવાશે. એજ દિવાળી ઉપર ભીડ વધારે હોય માટે લાવવાનો વિચાર જવા દેજો. બીજુ તેજા વાવોલ જવાનાં છે. તે વાત જાણી છે. એજ લી.નારાયણના જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.** **ગુરૂવાર**

સરસપુરનાં સ્નેહી પરતે જય શ્રી પુરૂષોત્તમ બીજુ ગઇ કાલે એક કાર્ડ બારેજા જવા બાબતનું લખેલું તે પોત્યું હશે. અગર ના પોત્યું હોય તો આજે બીજો લખું છું જે તા.૧૮-૧-૪૭ શનીવારે સવારમાં નીકળી બપોરે અમદાવાદ થઇ જીણાભાઇને ત્યાં કામ કરીને બપોર પછી બારેજા જઇશ, ત્યાં રાત રહી રવિવારે બપોર પછી ખેડા ઉપર થઇને કે અમદાવાદ થઇને સાંજે ઘરે આવવા વિચાર કર્યો છે. જીણાભાઇને ત્યાં પાલો લેવા જવાનું છે. પછી બારેજા જવાનું થશે કારણકે શનીવારે વહેલો જઉ તો વસઇ મીરોલી ખબર કરાય તો સવારમાં આવે તે માટે શનીવારે વેલું જવાનું છે. રવિવારે ઘેર સાંજે આવીશ. એજ લી.નારાયણના જય શ્રી પુરૂષોત્તમ..

**શ્રી પ્ર.પુ.**

ખોડાભાઇને માલમ થાય જે મુકરદમને માંન આપતા હોય તો તમે મારા વતી કેતાં ભીખાભાઇ વતીના જે ઉઘરાણું આવે

પૈસા આપજો મુકરદમને માંન આપવા માટે આપજો સૌ કરતું હોય તેમ આપણે કરવું જેથી મુકરદમ રાજી રહે માટે ભીખાભાઇ લખાવે છે. જે ફાળા કેતાં મારા વતી પૈસા તમે આપજો. મુકરદમને માન આપજો સારૂં એજ અહીં સરવે ખુશીમાં છે. દયાભઇ સુખેથી પહોંચી ગયા છે. તે બધી ખબર જાણી આવ્યા છે. એજ લી.નારાયણ..જય શ્રી પુરૂષોત્તમ..

**શ્રી પ્ર.પુ. મંગળવાર**

ખોડાભાઇ આદીકને માલમ થાય જે હું ભરૂચ રૂપાળી સાથે આવ્યો ત્યાં સોખડાનો પત્ર આવ્યો જે મુની માહારાજને લઇને સોમાભાઇ સોખડા આવે તેથી હું બુધવારે ઘેર જઇશ ને શનીવારે પાછો સોખડા જઇશ ને રૂપાળીને ભરૂચથી સોમાભાઇ તથા કાસીબા શાન્તા વિગેરે શનીવારે ભરૂચથી નીકળી વડોદરા ઉતરશે તે હું ભાદરણથી વડોદરા શનીવારે ઉતરીશ. ત્યાંથી બધાં ભેગા થઇ વડોદરાવાળી ઇચ્છાને ત્યાં જઇશું ને સાંજના ત્રણ વાગે સોખડાની મોટરમાં બેસી સોખડા જઇશું ત્યાં શની, રવિવાર રહીને પાછા આવવા નીકળીશું માટે, રૂપબઇ સોમવારે અગીયાર વાગે કે ત્રણ વાગે અમદાવાદ આવશે. એજ લી.નારાયણ.જય શ્રી પુરૂષોત્તમ.

**આ બીજા નંબરનો પત્ર છે.** પેલામાં માયું નહી તેથી બીજો લખું છું જે આપણે જેમ કરીએ તેમ થાય, સરળ ચીતના સરળ મનના કેતાં જેમ કહીએ તેમ કરે ને રાજી રહે એ ઉગે પરાંણે કરે ને બહુ કરે ને મન કચવાય તે કર્યું ના કર્યું થાય માટે પોતાના ઉમંગ મન રાજી રહે તેટલુંજ કરવું. જેથી હેત ભાવ રહે, સો વાતની એક વાત જે કહેવું જે આટલી શ્રધ્ધા છે તો તેટલામાં મન બધાંનાં રીઝવાય તેમ કરીએ પણ મન કચવાઇને ના કરવું. ખારા પાણીમાં

ગયું તે ના ઉગે તવું થાય માટે જેટલી શ્રધ્ધા હોય તેટલું કહી દેવું જેથી તેમ કરીએ માટે એજ ઉતર જે કોઇ વાતે ગુંચાવું નહી. સુખ પડે તેવો ઉપાય કરીશુ, નહીતો જુઓને શાહપુર નારણભાઇએ કર્યું તે ક્યાંનું ક્યાં ખર્ચ થયું માટે મનમાં ઉમંગ હોય એટલું કરે, જેથી મન ઉમંગમાં રહે થોડું તેતો શીરો કરીને હાથમાં આપીશું તે પછી બહારગામનાંને ભાત દાળ ખવરાવીએ, ગામનાં શહેરનાંને ચાલે જમીને આવે માટે આપણે કોઇ વાતે ગુંચાવું નહી. ઉમંગને આનંદથી જેટલું થાય તેટલુંજ કહેવું એજ હવે તો વચ્ચે એક દિવસ પડ્યો જેથી બીજાના ઉતર લખવા પડશે માટે સો ઉતરની એક વાતજે આનંદથી થાય તેટલું કરીશું. એજ લી.નારાયણ..જય શ્રી પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ.**

તમારા અમારા છુટા પડ્યા પછી મોટરમાં બેસી અગીયાર વાગે ઘરે પોતી ગયાછીએ સરવે મઝામાં છે. એજ લી.નારાયણ..જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.** **સોમવાર**

જય શ્રી પુરૂષોત્તમ..સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો હવે દિવસે દિવસે શરીર સારૂ થતું જાય છે. હવે કોદરી દાળ શાક દુધ રોટલા વિગેરે ખાઉં છું. હરૂં છું. ફરૂં છું. બાગમાં ફરૂં છું. એજ હાલમાં બીજુ જીણાભાઇનો પત્ર ઘર રાખ્યાનો આવ્યો હતો દેસકાળ પ્રમાણે ફરવું કોઇને શહેરમાં મળવા જવું સારૂં નથી. ખબર અંતર પત્રથી મંગાવવી પણ ફરવા જવું સારૂં નથી. મીલમાં જવું તે પણ સાવચેતીથી જવું દેશકાળ સાચવવો. એજ લી.નારાયણ...જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.** **સોમવાર**

સરસપુરથી સમસ્ત પરતે ભાદરણથી લી...હું આજે તમો અમો જુદા પડ્યા પછી ઘેર એક વાગે જમવા બેઠો અહીં સરવે મઝામાં છે. બીજુ ભીખાભાઇને પત્ર તમારો લખેલો પોત્યો છે. ને મેં પણ હકીકત કહી છે. આંખે સારૂ છે. જેથી હવે ભીખાભાઇ અમદાવાદ આવવાનો વિચાર નહીં કરે. એજ લી. નારાયણ..જય શ્રી પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ. સોમવારે**

તમારા અમારા છુટા પડ્યા પછી હું આણંદ ઉતરી તરત ઓફીસમાંથી ટીકીટ લાવીને બેસી ગયો તે સાડા નવ વાગે ઘેર પોતી ગયો છું ને રૂપાળીએ રાંધી મુક્યું હતું તે જમવા બેઠો છું આદરભાઇને ભીખાભાઇ ગાડીએ તેડવા મોકલ્યા છે. અહીં સરવે ખુશીમાં છે. તમે શાહપુર રાખ્યું તેથી ઘણાંને સુખ શાંન્તીથી બેસાયું નહીતો અહીંથી અહીંને અહીંથી અહીં કુટાઇ ચાલી ચાલીને થાકી જાત લ્યો. સમજ્યા તે સારૂ થયું ભીખાભાઇ પણ રાજી થયા લી.નારાયણ..જય શ્રી પુરૂષોત્તમ..

**શ્રી પ્ર.પુ.**

ડાહ્યાભાઇનો પત્ર પોત્યો ઉતર જે ધોવરાવવા આપ્યો, રંગ નહી થાય તે વાત જાણી બીજુ હું અમદાવાદ શનીવારે ફાસ્ટમાં આવું તો આવું, નહીતો રવિવારે બનતા સુધી બારેજા થઇ ને જવા વિચાર છે. પણ તે વિચાર આરણ કારણ છે. કારણકે કુવાનું કામ ચાલુ છે. દરરોજ પચીસ મજુર આવે છે. તે જો એક દિવસ રજા પાંડશે તો આવીશ નહીતો હરી ઇચ્છા એજ લી.નારાયણ..જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ. શનીવાર**

ભરૂચથી લી. હું શનીવાર સવારમાં આવવાનો હતો પણ અહીં

લીંગડના હરીભગત આવ્યા હતા જેથીસવારમાં નીકળાયું નહીં. જેથીહવે કોઇ વખત આવવાનો જોગ આવશે ત્યારે વાત કારણકે હાલ કુવાની કુંડી ઉતારવાની ઉતાવળ છે. તે ખાસ ચાર છો દિવસનું કુવાનું કામ ને જરૂર પાછો જવું પડ્યું છે. અહીં સરવે ખુશીમાં છીએ એજ હાલ આવવા વિચાર બંધ રાખ્યો છે. એજ લી.નારાયણ....જય શ્રી પુરૂષોત્તમ.....આણંદથી લખ્યો છે. ઘેર જઉં છું.

**શ્રી પ્ર.પુ.** **મંગળવાર**

પત્ર પોત્યો રવિવારનો લખેલો ભીખાભાઇ આવ્યા નથી. ભીખાભાઇ આવશે ત્યારે લખીશું. ભરૂચ અમદાવાદ આવવા જવાનો વિચાર થશે ત્યારે તમને લખીશું. હાલતો કાંઇ જવાનો વિચાર નથી. ભીખાભાઇ નથી તેથીને શરીર કાચુ છે. માટે વિચાર હાલ માંડી વાળ્યો છે. લી.નારાયણના જય શ્રી પુરૂષોત્તમ.

**શ્રી પ્ર.પુ.**

તમો અમો છુટા પડ્યા પછી આણંદ ઉતરીને મોટરમાં બેસી ચાર વાગે બોરસદ ઉતર્યો ને સવા ચાર સાડા ચાર વાગે અડધીયું ભાદરણ વાલવોડનું આવ્યું ને સાડા પાંચ છો અગાસની મોટર આવ્યા પછી ઉપડી તે છો વાગે ઘેર પોત્યો, ત્યાં બધા રોટલા શાક ખાતા હતા તે હું પણ બેસી ગયો ને પછી હરીપુરાથી મુળજીભાઇ આવ્યા હતા તે સરવે ભેગા બેઠાને પછી વાતો ચીતો કરી સુઇ ગયા. ખોડાભાઇને માલમ થાય જે બીલાડી આડી ઉતરી તેથી સુખ રૂપે ઘેર આવ્યો. એજ લી.નારાયણ..રીપ્લાઇ પતુ મુક્યું છે. તે લખશો....

**શ્રી પ્ર.પુ.**

હું શ્રાવણ સુદી સાતમ સોમવારે તા.૧-૮-૪૯ નીકશીશ

પછી બારોબાર શાહપુર જઉં તો જઉંને ત્યાંથી વિચાર શાહપુરથી બારેજા જવાનો થાય છે. કારણકે મંગળવારે મીરોલી આદી લખ્યું છે. જેથી મંગળવારે સાંજનો પાછો આવીશ એવો વિચાર છે. બાકીના દિવસમાં ફરીશું ને રવિવાર ચૌદશે તા.૭ શાહપુર રહીને સોમવારે સવાર નીકળી ઘેર આવવા વિચાર છે. કારણકે સોમવારે પુનમ છે. આ વાત ડાહ્યાભાઈ જાણે છે. છતાં લખી છે. કદાચ તે ભૂલી ગયા હોય. મણી કેસે નથી કહેવું તો કાંઈ તમારૂં જોર છે? અરે પણ મણીને ભક્તિભાવ છે તે અટકાવે તો નહી. પછી માયા છે. હશે લો જરા ગમ્મત કરી કાગળ કોરો હતો તે શું લખ્યું. લી.નારાયણ..જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.** **શનીવાર**

ડાહ્યાભાઈનો પત્ર પોત્યો ઉતર જે હાલ બીજુ પરચુરણ કામ ચાલે છે. હજુ ગોરધન આવ્યો નથી. આવશે ત્યારે કુવાનું શરૂ કરીશું અહીં સરવે ખુશીમાં છીએ. તમો પણ મઝામાં છો શાંન્તી લખો છો તે વાત જાણી બીજુ અવરનવર આવે જાય તેમ છે કોઈ જતું આવતું આવે, કોઈ ખાશ કરીને આવે તેવી રીતે ચાલે છે. ભજનની વાતતો ભજન થયાજ કરે છે. છોકરૂં જેમ મા બાપની વરતી રહે છે. તેમ થાય છેજ માટે આનંદ રાખો. બીજુ ખોડાભાઈનો ઉતર જે દેસકાળને અનુસરીને વેલું માંડુ અપાય તેનો શોક ના કરવો જોગ આવે ત્યારે આપજો. એજ. લી.નારાયણના જય શ્રી પુરૂષોત્તમ.. રીપ્લાઈ પતુ મોકલ્યું છે.

**શ્રી પ્ર.પુ.**

તમારો પત્ર પોત્યો ઉતર જે અમૃત આદી પોત્યાં નારણભાઈ નોકરીએ ચઢયા વિગેરે વાત જાણી બીજુ અમૃત કહેતાં હતાં જે વાવોલથી આવવાનાં છે. તે તમારાં ભેગાં થતાં પહેલાં આ પત્ર

પોતે તો અટકાવજો કારણકે, પોસ માસ બેસતાં આવવાનું થશે. તા.૫ શનીવારે બારેજા ને રવીવારે શાહપુર માટે વચ્ચે બે ચાર દિવસ છે તેથી આવતાં રહે તો તેમને ફાવે નહી પછી તેમની ખુશી કારણકે બીજો રવિવાર શનીવાર અગીયારસ આવે છે. માટે કોઇને ફાવે ના ફાવે તેથી તા.૫ શનીવારે બારેજા રાખ્યું છે. આતો સેજ જાણવા લખ્યું છે. તેમને ભાડુ ના થાય તેને માટે લખ્યું છે. પછી એક બે દિવસ માટે આવવાનો વિચાર હોય તો તે જાણે ને વળી કદાચ વચ્ચે મારે કામ હોય તો ક્યાંક જવું પડે વચ્ચે ચાર પાંચ દિવસ રહ્યા માટે લખવું પડ્યું છે આતે અમૃતે વાત કરી હતી તેથી લખ્યું નહીતો જે થાય તેમ ખરૂં એજ સરવે ને મારા જય પુ. છે. અહીં સરવે ખુશીમાં છીએ તમો પણ ખુશીમાં હશો બીજુ અમૃત પીજ ગયાં મોઢું ઘરેણું મુક્યું તેથી, પણ રણછોડને નો ગાડીમાં પોતા સામા જ દરશન થયાં લાભ લાભ ને લાભ..

શ્રી પ્ર.પુ.

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો બીના જાણી સીમેન્ટની વાત લખી તે પણ જાણી હાલમાં ઘેર રહ્યા છીએ. ભરૂચ ગયો નથી વળી નવું એન્જીન જે લાવ્યા હતા તે સમૈયામાં હરમાનદાસ પાણી કાઢવા કોઠી ખાલી કરવા નીચે બુચ મારેલો તે દોઢવાઇને આંટા લેલા ને કાઢતાં બધા અંદરના આંટા ટુટી ગયા ને બુચ પણ આંટા લોચો થઇ ગયા તે ડાહ્યાભાઇ વિગેરે ખોલ્યા તે દોઢમાં નીકળ્યા ને ચલાવામાં ચાલે છે પણ ધાસતેલ ધુમાડી ભેગુ નીકળે છે તે થાકીને મુકી દીધું ને વેચવાનો સંકલ્પ થઇ ગયો ને જુનુ પણ વેચવાનો સંકલ્પ થયો, નીચેની એવી લીલામાં પડ્યા છીએ. લી.નારાયણ.જય શ્રી પુરૂષોત્તમ..

શ્રી પ્ર.પુ. બુધવાર

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો હકીકત જાણી બીજુ અહીં અત્યારે ચૌદ પંદર પંગત થાય છે. ગામડીથી જી.જોડે ભૂ.કાકા બાબરકાકા તથા છોટા ઉદેપુરના પાંચ છો ખાનપુરના વિગેરે મળી ઓગણીસ વીસ થાય છે. એજ હાલમાં લીલા થાય છે. લી. નારાયણ..જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ. રવિવાર**

સરસપુરથી પત્ર પોત્યો ઉતર ગોવિંદભાઇને નવા ભજન જેટલાં હોય તે આપજોને મેં પણ લખ્યાં છે તે રજીસ્ટર કરીને મોકલ્યાં છે.તેમાં મેં મારૂ એક જુનું પહેલાંનું લખ્યું છે તથા એક હાલ નવું કાલે કરીને મુક્યું છે વળી આજે એક બીજુ બનાવ્યું છે વળી એક બે દિવસ પછી મોકલીશું કારણકે ચાલતાં હાલના રીવાજ મુજબ સેજે જીલાય તેવાં ભેગાં કરવાં પરોક્ષનાં રણછોડદાસ પ્રીતમનાં રૂસીરાજનાં પણ મુકીશું. વળી નરસીકાકાનું પ્રાગજી મહારાજ બોલેલા પુરૂષોત્તમ માહારાજનું તે લખીશું એમ કરી ભેગાં કરીશું. બીજુ પુનમ પહેલાં નહી અવાય કારણકે વચ્ચે ચાર દિવસ રહ્યાને મજુર એક દિવસ નથી આવ્યા તે વળી કામ સમેટવાનું જેથી પુનમ પછી બીજને ગુરૂવારે તા.૨૯ એ રાખ્યું છે. વળી મીરોલી ગામડી પત્ર પોતતા આઠ દિવસ થાય છે. તેથી વાર લાગે માટે તા.૨૯ બીજને ગુરૂવારે રાખ્યું છે. પુનમ પહેલાં નહી બને. પાસે નજીક આવ્યું સેજે જે મળે તેને કહેજો તા.૨૯ એ આવસે બબુભાઇને કહેજો તે તેમને તરફ કેસે. બીજુ ચુનીલાલની વાત જાણી, ચઢતા વેગમાં સારૂં થયું. બીજુ ગુરૂવાર એક કલાક સરસપુર આવીશ મીલો બંધ વખત પછી બજારમાં થઇને જીણાભાઇને ત્યાં પછી શાહપુર પછી ગુજરી પછી બારેજા પછી શાહપુર પછી બજારનું કામ છે. ઝાઝર લેવા પાવડીઓ માટે

આવીશ વધારે નહી રોકાવાય બનશે તો જીણાભાઈને ત્યાં કે સરસપુર લલ્લુભગત પાસે માથે ફેરવવાનું છે. એજ લી.નારાયણ..જય શ્રી પુરૂષોત્તમ છે. રીપ્લાઈ પતુ છે.

**શ્રી પ્ર.પુ.**

તમારા અમારા છુટા પડ્યા પછી ગાડી ઉપડી તે જોતો જોતો આવ્યો તે ઠેઠ સુધી આણંદ સુધી સારો વરસાદ છે. ને આણંદથી વધારે છે. તે ઠેઠ ભાદરણ સુધી વધારે છે. તલાવડાં ભરાઈ જઈ છલાઈ ગયાં છે. હું સવા વાગે આણંદ ઉતરી બોરસદની મોટરમાં બેસી બોરસદ બે વાગે આવ્યો ત્યાં સાડા ચાર વાગે ભાદરણથી મોટર આવી તે છો વાગે ઘેર પોતી ગયો એવી રીતે દિવસ પહેલાં ઘેર પોતી ગયો છું બીજુ પુનમ પછી હવે ભરૂચ જવાનુ થશે કારણકે પત્ર આવેલો છે. એજ લી.નારાયણ જય શ્રી પુરૂષોત્તમ. આ સાથે રીપ્લાઈ પતુ મુક્યું છે. તે પોત્યાનો ઉતર લખશો.

**શ્રી પ્ર.પુ.** **બુધવાર**

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો બીજુ હું પુનમ પછી બીજને ગુરૂવારે બપોરે સરસપુર આવીશ ને બપોરે મીલો બંધ રહે છે. તેટલોજ ટાઈમ રહીશ પછી બજારમાં રેવડીબજાર, કાલુપુર, રતનપોળ ફરતાં ફરતાં જીણાભાઈને ત્યાં જઈ કુંડળનું કામ કરાવવું છે. કાને રહેતાં નથી ને ધારો ખુંચે છે. તથા ઝાંઝર તથા પાવડીઓ માટે ફરવું પડશે ક્યાં બનાવે છે. પાવડીઓ માટે જેથી વધારે રહેવાનો નથી. ને શુક્રવારે ફરી સાંજનો જે કામ અધુરૂં છે તે પુરૂ કરી વળતાં એન્જીન જોવા જવું છે. પછી શનીવારે બારેજા બે કલાક રહી શાહપુર આવી સોમવારે સવારમાં ઘેર પાછા ફરવા વિચાર છે. માટે તા.૨૬મીએ ગુરૂવારે નીકળવા વિચાર થયો છે. પછી આડી રાત તેની શી વાત હાલતો એમ ધાર્યું છે. સેજે જે મળે

હરતાં ફરતાં તેને કહેવું કે ગુરૂવારે આવશે પણ ક્યાં ભેટો થાય તે નક્કી નથી. એજ લી.નારાયણ..જય શ્રી પુરૂષોત્તમ..આ સાથે પતુ મુક્યું છે.

**શ્રી પ્ર.પુ.** **સોમવાર**

તમો અમો છુટા પડ્યા પછી આણંદ ઉતરી મોટરમાં બેસવા ગયો પછી ઓફિસમાંથી ટીકીટ લઇને બેસી ગયો પછી મોટર ભરઇ ગઇ તે સાડા આઠ વાગે ઉપડીને સવા નવ વાગે ઘેર પોતી ગયો. રસોઇ તૈયાર હતી તે જમી લીધુ અને પછી પત્ર લખ્યો હું રવિવારે સાંજે આવતો હતો પણ સરસપુર અને દિવાળીબેનની ઘણી તાંણને ડાહ્યાભાઇને ભાડુ ના થાય તેમાં અને હજામતનો જોગ રાતે આવે, બધુ મળીને પછી રાતે આવ્યો પણ, હરીપરાનાં ભગત આવેલાં તે વાટ જોતાં હતાં તે વાયદાથી રાત વધીકી ગઇ. એજ સેજ જાણવા લખ્યું છે. લી.નારાયણ..જય શ્રી પુરૂષોત્તમ..

**શ્રી પ્ર.પુ.**

વાલજીભાઇનો પત્ર પોત્યો મરડો થયો છે. તે તો બબુભાઇએ મને દુધ ને લીબું પાયુ હતું જેથી મને જાજરૂ મટી ગયું હતું માટે ના સમજ પડે તો બબુભાઇને પુછજો કે મરડો થયો છે. બીજુ હવે ઉદરસ ભરૂચથી આજે આવ્યો તે મટી ગઇ છે. આવતી નથી સેજ સવારમાં પા કલાક આવે છે. બાકી દિવસે આવતી નથી. માટે હવે ઓછી થઇ ગઇ છે. ભરૂચ બે રાતો રહ્યો ને બુધવારે આવ્યો ને જવાબ લખ્યો છે. બીજુ હવે કાલોલ જવા વિચાર છે. બોરીંગના કામે એજ. લી.નારાયણ. જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.** **શુક્રવાર**

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો, સમસ્ત બીના જાણી અહીં સરવે ખુશીમાં છીએ તમારી ખુશીના સમાચાર લખવા રીપ્લાઇ

કાર્ડ મોકલ્યું છે. બીજુ ઉતર લખીને નાંખવા જવું તે દેસ કાળ સારા હોય તો પત્ર નાંખવા જવું નહી તો, ના જવું ને શહેરમાંતો શાંતી હોય તો જવું નહી તો બે પૈસાનું કાર્ડ લખવું જેથી તે સમાચાર લખે સમાચાર જાણવા ચારઆના ખર્ચ્યા કરતાં બે પૈસા સારા, માટે વિચારીને કામ દરેક કરવું એજ. બારેજા જઇને આવ્યો હવે ગામડી ભૂલાકાકા માંદા છે તે રવિવારે જવાનું બેચરભાઇ લખે છે. જેથી રવિવારે જઇશ. પછી હરી ઇચ્છા એજ. લી.નારાયણ..જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.** **સોમવાર**

કાર્ડ એક છે તે લખજો..

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો દેસકાળ પ્રમાણે ચાલવું. શહેરમાં હરિભગત ને મળવા જવાની જરૂર નથી. તેથી ખબર જાણવી હોય તો બે પૈસાનું કાર્ડ લખવું. જેથી બે પૈસામાં ખબર અંતર આવે, બીજુ બારેજા જવાનું તે તો હાલ પુનમ ઉપર સોખડા હરીપરા, રૂદેલ, ગવાસદ, વડદલા વિગેરેની મુરતી ત્રીસ પાંત્રીસ થઇ તે હવે પુનમ પડવો થશે વળી ભરૂચથી લખે છે કે અજવાળીયામાં આવજો જેથી હવે બારેજા જવું, ભરૂચ જવું ને ઘરનું કામ કરવું મુરતી ઉપર અજવાળું આવે તેવું વચ્ચે કોચી લઇને દરવાજા આગળથી કરી લઇએ છીએ એવું બધુ ભેગુ કરવાનું આવ્યું છે. માટે બારેજા તો એકાદ દિવસમાં જઉ પણ તાજીઆને અંગે ખેડા મોટર ચાલુ છે. કે બંધ છે વળી બારેજડી થઇને જવું કે કેમ તે તો વિચાર કાલે થાય તે ખરો. વળી તમારે રવિવારની આ વખતે રજા નથી. એમ આગળના પત્રમાં હતું. તે બીજે વખતે રવિવારનો જોગ મેળવીશું અને હું બારેજા જવા નીકળીશ ત્યારે પત્ર લખીશ.જોગ આવે તો આવજો નહીતો કોઇ દિવસ ફરી હવે

તો વળી ફરી પત્ર લખીશું. લી.નારાયણના જય શ્રી પુરૂષોત્તમ.

**શ્રી પ્ર.પુ. ગુરૂવાર**

આજે ગુરૂવારે ભરૂચથી હું ઘેર આવી ગયો છું. ભરૂચ એક રાત રહી સવારમાં નીકળી ગયો મુંબઈથી રાવજીભાઈનો પત્ર છે. કે તા.૧૧મીએ નીકળી ૧૨મીએ હું આવીશ એવી રીતે પત્રના સમાચાર આવ્યા છે. હવે બારેજાના સમાચાર હાલમાં જેમ થાય તેમ ખરૂં. હજુ નક્કી નથી કર્યો અહીં સરવે ખુશીમાં છીએ. લી.નારાયણના જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ. મંગળવાર**

સરસપુરના સમસ્ત પરતે ભા.જય શ્રી પુરૂષોત્તમ. બીજુ અમે બંન્ને ખુશી મઝાથી પોતી ગયાં છીએ મોટર આણંદથી ઉપડી તે દસ વાગે ઘેર પોતી ગયાં છીએ બીજુ ચાર ચાર દિવસે એક કાર્ડ બબુભાઇને આપજો તે બીના લખશે. બીજુ ફાસ્ટના પેસેન્જર મોટર લેતી નથી. ફાસ્ટમાં બેસે તો દોઢ બે વાગે ઘેર અવાય લોકલ સવારની છોની ઉપડેલીના માણસ લઇને ઠેઠ આવે છે ફાસ્ટના માણસો લેતી નથી. તે જાણી રાખજો. એજ હાલ. લી.નારાયણના જય શ્રી પુરૂષોત્તમ. મણીને માલમ થાય જે બાપા તો ફેરો ખાજો લ્યો. એજ મોગરીવાળાનાં કપડાં લઇ મુકજો તે આવતું જતું લવાશે, થોડે થોડે કપડાં લવાશે, માટે મોગરીવાળાનાં લેજો.

**શ્રી પ્ર.પુ. ગુરૂવાર**

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો હકીકત જાણી. બીજુ નાના ખોડાભાઈએ મકાન રાખ્યું સારવીવાડમાં તે વાત જાણી. બીજુ ડાહ્યાભાઈએ લખ્યું કે લીલા તેનો ઉતર જે હું મંગળવારે બારેજા ગયો હતો તે ત્યાં બે રાતો રહી બારેજડી થઇને પછી ગુરૂવારે

બપોરે ઘેર આવ્યો. હવે ભીખાભાઇ મોગરી ગયા છે કારણકે પાડોશી જાજરૂ કરે છે. તે ભાણાએ લખ્યું કે જમીન દબાવે છે. તે આવજો જેથી ભીખાભાઇ આજે ગુરૂવારે ઘેર ગયા છે. હવે બબુભાઇ લખે છે. તે વાત જાણી ઉતર જે હું બારેજા ગયો હતો ત્યાં ઉમેદભાઇનું ઘર રંગનાર બોરસદનો જૈન હતો. તે ચીમનભાઇ તથા મણીભાઇ કહેતા હતા કે તે બહુ હોંશીયાર છે. જેથી હવે હું બોરસદ જઇને તપાસ કરીશ ને તે શું કહે છે. પછી હું બીના લખીશ, પાસેનો કારીગર સુગમ પડે. એજ લી.નારાયણના જય શ્રી પુરૂષોત્તમ.. પત્ર પોત્યાનો જવાબ લખવા રીપ્લાઇ પતુ મુક્યું છે.

**શ્રી પ્ર.પુ.** **મંગળવાર**

ડાહ્યાભાઇનો પત્ર પોત્યો અહીં સરવે ખુશીમાં છીએ. રૂપબાઇ હોંશીયાર થઇ ગયાં છે. અને પણ સુથાર મજુર ઉપર ઉભુ રહેવાની હોંશીયારી આવી ગઇ છે. પણ હોંફ ચઢે છે. કંઇ કામ કરીએ ત્યારે, વળી કાંઇક પેટમાં દુઃખે છે. કોઇ વખત સેજસાજ કોદરી ખાવાનો રીવાજ રાખ્યો છે. જેથી પેટ હલકુ લાગે છે ખોરાક ભારે લાગતો નથી. ઘઉં ખાતો નથી. બાજરીના લોટની ગંઠોડા નાંખી હાલ રાબડી કરે છે. તે ખાવાનું રાખ્યું છે. સવારમાં અને બપોરે કોદરી શાક દુધીનું, સુરેણનું ગોળ,ઘી, બાજરીનો રોટલો ખાઉં છું. બારેજા મીરોલીવાળાના પત્રો આવે છે. જે આવો પણ મોટરોનું ઠેકાણું નથી. ખેડા માતરની નીયમ વિનાની મળે છે. તેથી મન થતું નથી. લી.નારાયણના જય શ્રી પુરૂષોત્તમ. રીપ્લાઇ નથી લખ્યું.

**શ્રી પ્ર.પુ.** **સોમવાર**

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો હકીકત જાણી હું શનીવારે

સાંજે આવીશ. તા.૧-૨-૪૭ ત્યાર પછી વાત સરવે બીના જાણી. પ્રભુ સૌ સારાં વાંનાં કરશે, શનીવારે બારેજા જવાનો છું સાંજે મોટરમાં આવીશ ને રવિવારે પરવારીને પછી શાહપુર જવું પડશે, રાતે જેમ જેવો જોગ હશે તેમ કરીશું. વાસણ કોઈનાં લાવશો નહી. કારણકે જાણ જાહેર થાય આવ્યા પછી કરીશું જેમ સુગમ પડશે તેમ કરીશું અત્યારે કાંઇ નહી. બીજુ છોટાભાઇ હાલ જુદા પડી ગયા છે. કારણકે વહેવારમે અંગે અબોલા થયા છે. ઈશ્વરભાઈને ત્યાં જતા નથી માટે શનીવારે જોડે આવવું હશે તો આવસે નહીતો કાંઈ નહી, આપણને ક્યાં નથી આવડતું પણ આવ્યા પછી વાત જેમ કરવું હશે તેમ કરીશું. એજ લી.નારાયણ.જય શ્રી પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ. ગુરૂવાર**

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો વીટા પોત્યા તે વાત હરીબેને લખી હતી. પણ કેટલી છે તે તમારામાં ને તેમનામાં કાંઈ નથી આવ્યું હશે નામ તો હસેજ, બે ચાર દિવસમાં જોઈ લઈશું. બીજુ આવવાની વાતમાં તો હાલ બબુભાઈ છે તે કલાઈનું કામ ચાલે છે. માટે રવિવાર પછી સોમવારે આવવાનો વિચાર રાખ્યો છે. કારણકે જેટલા વધારે દિવસ ઘેર રહીએ તેટલું કામ વધારે થાય. આતો ઘેર રહ્યા છે જેથી તેમને નવરાશ આવી છે. માટે સોમવારે તો આવીશું ને સરસપુર જમવા માટે તો મંગળવારે નવાં પેરીને આવીશું. સોમવારે જમવા નહી આવીએ કારણકે, શાહપુરવાળા વાટ જુવે, તેમ છોકરાં સરસપુર દોડ દોડ કરે પછી સોમવારે કેસો તો સોમવારે બપોરે આવીશું, પણ તે શાહપુર સરસપુરને સંપવું જોઈએ. શાહપુરવાળા ખાધા વગર બેસી રહે ને સરસપુરવાળા બેસી રહે માટે બંન્ને થઈને નક્કી કરજો. એજ લી.નારાયણના

જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ. તા.૨૬-૧૦-૪૫**

સરસપુરથી પત્ર આવ્યો રીપ્લાઇ વાંચ્યો. ઉદરસ હવે થોડી થોડી છે. હજુ કાલોલ તરફ ગયો નથી. કોઇ દિવસ નવરાશે જવાશે એજ હવે બીજા કાર્ડનો ઉતર જે જેવું જાગ્રત અવસ્થામાં જ્ઞાન રહે છે તેવું સ્વપ્નમાં રહે તેનો ઉપાય તો જેવું જાગૃતમાં સ્થીર મન રહે છે તેવી સ્થિતીપણું સ્વપ્નમાં રહે, પણ જેવું જાગ્રતમાં વરતાતું હોય તેવુંજ દૃઢ રહે તો સ્વપ્નમાં દૃઢ રહે જાગ્રતમાં બાથમાં રહેને મન જુદુ રહે છે. ને સ્વપ્નમાં સ્વપ્ન મનનું છે તે મન થાય તે સ્થીતી સ્વપ્નમાં મન થાય તે મન સાથે સુક્ષ્મ શરીર રહ્યું તેથી તરતજ નીકળી જાય કારણકે સ્વપ્ન અવસ્થા ને મનને એકતા છે જેથી સ્વપ્નમાં બાથ ભરવાનું મન થયું તે સાથે જ વીર્ય નીકળી જાય. કારણકે સ્વપ્ન અવસ્થા મનનીન્છે. તે સ્વપ્નમાં બાથ ભરવાનું મન થયું તે મન થયું તે સાથેજ વીર્ય નીકળી જાય ને જેવું જાગ્રતમાં રહે છે તેવું સ્વપ્નમાં રહે તે બહુ દૃઢ થાય તોજ રહે એજ. લી.નારાયણના જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ. બુધવાર**

ડાહ્યાભાઈ મુકવા આવેલા તે પછી આણંદથી મોટરમાં બેસી સાડા દસ વાગે ઘેર પોતી ગયો છું સરવે મજામાં છે. હવે પટો લાવ્યા તે તેનો ઉપયોગ કરવા વિચાર કરી કામે લાગીશું. એજ લી.નારાયણ..જય શ્રી પુરૂષોત્તમ.. પાછળ વાંચો ફાસ્ટ આવતાં પહેલાં અમારી મોટર ઉપડી ગઇ, માટે કહેવાનું શું જે ફાસ્ટના પહેલી મોટર લેતી નથી. એજ જાણવા લખ્યું છે.

**શ્રી પ્ર.પુ. ભાદરણ**

સરસપુરનાં સમસ્ત પરતે હું રવિવારે શાહપુર રહીશ.

રામનવમી અડધી શહેરમાં થશે. અને અડધી ભરૂચ કે ઘેર થશે એવો વિચાર છે અને શનીવારે બારેજા જવાશે શુક્રવારે મહેસાણા જવા વિચાર છે જે તે લખશે કે બેટરી તથા એન્જીન જોવા આવજો તો જઈશ. નહીતો શહેરમાં ફરાશે. એજ લી.નારાયણ.જય શ્રી પુરૂષોત્તમ. પાછળ વાંચો બબુભાઈનો સોમવારે જોવા જવાનો પત્ર પોત્યો છે. ડાહ્યાભાઈનો કાર્ડ આજે આવ્યો છે. તથા કુપન પણ આવી છે. ભેગા થયે આપ્યું હોત તો ચાર આના બચત એજ. હરી ઈચ્છા. લી.નારાયણના જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.**

ડાહ્યાભાઈ શંકરભાઈનો પત્ર પોત્યો ઉતર જે ભાણાના લગ્ન કરવા ગયા હતા તે વાત જાણી. હાલમાં તો ચોમાસામાં બગડે નહીં તેવું કરવાનું કામ ચાલે છે. પછી વરસાદ આવ્યા પછી આવવા વિચાર છે. ત્યાં હાલમાં વિચાર નથી. બીજુ સરસપુર આવવાનું લખ્યું તેનો હાલ ગાડીઓનું ઠેકાણું વેલું માંડુ થાય છે. તે આવતાં રાત રહેવાય એમ હસે તો આવીશ, નહીતો આગળ ઉપર વાત. એજ લી. નારાયણ.

**શ્રી પ્ર.પુ.** **રવિવાર**

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો હકીકત જાણી, હવે શહેરમાં વિગેરે શાંન્તી છે. તથા લલ્લુભગત જીવી ભકતાંણીએ નારાયણ કહ્યા છે. તે કેજો બીજુ રૂપાળીબેનની વાત તેમણે વાંચી છે ને એતો પાસે રહે તે બોલાચાલી થાય પણ ઉંડો માહાત્મનો ભાવ તે ભૂલાઈ જાય ને વળી સ્ત્રી જાતી તે ભૂસાય થાય એમનું એમ ચાલ્યા જાય. જેમ તેજાને ખોડાભાઈને તકરાર થાય પણ ભાયડા ભાવથી મટી જાય તેમ ભગવાન ભાવ તે રહે નહી. એજ લી.નારાયણ જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.**

તમારા અમારા છુટા પડ્યા પછી હું ખુશીથી ઘેર પોતી ગયો છું. બાર સાડા બારે ઘેર આવ્યો લોકલ મોડી ઉપડી તેથી માંડું થયું. એજ અહીં સરવે મઝામાં છીએ. ભરૂચ જવાનું થશે. પત્ર આવેલો છે. કે ક્યારે આવો છો જેથી નક્કી થયે ભરૂચ લખીશું. એજ લી.નારાયણ જય શ્રી પુરૂષોત્તમ..

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો હકીકત જાણી. દેસકાળ જોયા વિના શહેરમાં મળવા જવું નહી.તમો સરવે ખુશીમાં છો તેમજ અહીં સરવે ખુશીમાં છીએ તેમજ વસઇ બારેજા મીરોલી વીગેરે સરવે મઝામાં છે. કારણકે હું સોમવારે ખેડાની મોટરમાં બેસીને ગયો હતો ત્યાં સાંજના ચાર વાગે પોત્યો હતો તે પછી બારેજા બઝારમાં વસઈની દળાવવા આવેલ તેની સાથે સંદેશો કહ્યો હતો તે બધાં આવ્યાં હતાં. લી.નારાયણ.જય શ્રી પુરૂષોત્તમ. રીપ્લાઇ પતુ મોકલ્યું છે.

**શ્રી પ્ર.પુ. તા.૧૧-૮ રવિ.**

ડાહ્યાભાઈનો તથા બબુભાઈ નો પત્ર પોત્યો ઉતર જે શહેરના સમાચાર ત્યાર પછી આવ્યા નથી. હાલ મીસ્ત્રી સુથાર આવે છે. હવે અંદરના કમાડ ચાલુ છે, છો સાત દિવસ સોરૂં પુરૂ થસે દેસકાળને લઇને કંઇ નીકળવું નહી. શહેરની ખબર તેમને લખીશું. ભીખાભાઇ હજુ આવ્યા નથી. કાસીબા તે બંન્ને છે હવે બબુભાઈનો ઉતરજે દરેકને ત્યાં એક દિવસ રહેવાય એવો વખત અત્યારે નથી. કારણકે ચોમાસામાં મોટો મુકામ તે વરસાદથી ઘોંઘાટ વધારે થાય તેની ખાત્રી ખોડાભાઈ તથા ડાહ્યાભાઇને તથા તેજા, મણી, રૂપાળીને પુછતાં સમજાણ પડશે, તે રાતે ચોમાસામાં

માણસ જોઈએ કાંઇ પડ્યું આખડ્યું તે કાંણ જુવે, સાંભળે માટે એતો કોરા દિવસે એવી રીતે થાય માટે એ વિચાર હાલ નહી. બંન્ને બાજુ કારીગરને પંડીતનું વાતાવરણ મળે ત્યારે જોવું. ગોકળ આઠમ ઉપર બે રજાઓ છે પણ હજુ ભીખાભાઇ આવ્યા નથી. જ્યારે આવશે ત્યારે આવવા જવાનો વિચાર થાય. હાલ મીસ્ત્રી સુથાર છે. અંદરનાં કમાડ ચાલે છે. જેથી કબાટ જેવું અંદર થાય છે. તે પણ હવે સાત આઠ દિવસનું કામ છે. એટલે થઇ રહેશે હાલ. એજ તમે જે જોઇને ગયા છો તે જગા ઉપર મીસ્ત્રી સુથારનું કામ ચાલે છે. પછી જે થાય તે ખરૂં. બસ હાલ એજ. લી.નારાયણનાં જય શ્રી પુરૂષોત્તમ. બબુભાઇને વંચાવજો. જય શ્રી પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ.**

**તા.૭-૮, બુધવાર.**

સરસપુરથી પત્ર આવ્યો તમો બધા કામે ચઢી ગયા છો તે વાત વાંચી અચાભાઇની મીલ રાતપાળી નથી ચાલતી વિગેરે વિગેરે વાત જાણી. બીજુ જીણાભાઇની વાત આજે બેચરભાઇ તથા પુંજાભાઇએ લખી છે જે જીણાભાઇનું ઘર પડી ગયું છે જેથી વંઢામાં પુજાભાઇ ગોઠવણ રહેવાની કરી છે. એમ લખીને આવ્યું છે. કોઇ દટાયું કે મર્યું નથી. સેજ લલીતાને વાગ્યું છે. વિગેરે વિગેરે પત્રથી ખબર મળી છે. બીજુ દેસકાળ બરાબર નથી તો સાચવીને મીલમાં જવું ને આવવું ગાફલ રહેવું નહિ વધારે લાગતું હોય ત્યારે જવું નહિ ઘેર બેસી રહેવું ને સારા સંજોગોમાં જવું તે ઉપરી ને કહેવું જે માથું દુઃખતું હતું ચુંક આવતી હતી. જેથી રજાનો વાંધો પડે નહી.પણ પોતાના મનને શાંન્તી રહે તેમ કરવું. એજ લી.નારાયણ..જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.**

તમો અમો છુટા પડ્યા પછી આણંદથી ઉતરીને મોટરમાં બેસીને સુખેથી ઘેર સાડા નવ વાગે પોત્યો નાહી ધોઇને ખાવા બેઠો. ઘેર કાલોલના સાત આઠ ભગત તથા બીજા મળી પંગત થાળી પંદરેક પીરસી પછી પુનમીઆ આવ્યા ને તે વળતી ગાડીમાં ગયાં એજ લી.નારાયણ. જય શ્રી પુરૂષોત્તમ...કાગળ પોત્યાનો ઉતર લખવા રીપ્લાઇ પતુ છે.

**શ્રી પ્ર.પુ. બુધવાર**

સરસપુરથી પત્ર આવ્યો કોરૂ કાર્ડ પડ્યું હતું તે વાત જાણી. તેથી રીપ્લાઈ નથી લખ્યું બે છે તેથી. બે આવશે ત્યાર પછી લખીશું બીજુ બબુભાઇની વાત શનીવારની જાણી દેસકાળ પ્રમાણે પુછીને લખશો. આતો આદરભાઇ ઉતાવળ કરે છે તેથી લખવું પડે છે. પછી જોગ નહી આવે તો આગળ જોઇ લખીશું. બીજુ બારેજા જવાનું ઈદ પછી વિચાર હતો પણ હવે તો નજીક પુનમ આવી માટે પુનમ પછી જે વિચાર થાય તે ખરો. ખેડાની મોટરો બરાબર ચાલતી હશે તો જવાશે. ઈદ પછી વિચાર હતો પણ પુનમ આવીતે પછી વાત. એજ લી. નારાયણના જય શ્રી પુરૂષોત્તમ.

**શ્રી પ્ર.પુ.**

તમો અમો છુટા પડ્યા પછી આણંદ ઉતરીને ઓફીસમાં જઇશ મોટરની ટીકીટ લઇને બેસી ગયો. સાડાદસ વાગે ઘેર પોતી ગયો. ભીખાભાઇને ભાણી મોગરી ગયાં વિગેરે વાત કરી. બીજુ આજે ટપાલ જોઇ લીંગડનો પત્ર નાંતો બીજુ આવશે તો લખી જણાવીશું વળી બબુભાઇને સ્પ્રીંગ તથા બેટરીની વાત કરી હશે. તમારા ત્યાંના સમાચાર લખવા તથા બબુભાઇ શું સમાચાર લાવે છે. એન્જીન તથા બેટરી સ્પ્રીંગ વીગેરેનું વીવેચન લખવા માટે આ સાથે રીપ્લાઇ પતુ મોકલ્યું છે. એજ લી.નારાયણના જય શ્રી

પુરૂષોત્તમ..

**શ્રી પ્ર.પુ.** **તા.૨-૪-૪૬**

બબુભાઇનો પત્ર આજે મળ્યો, મારા બે રીપ્લાઇ કાર્ડ હજુ નથી આવ્યો. હજુ તમારા સરનામાં નાં આવે છે. રામનવમી ઉપર આવવા વિચાર નથી. કારણકે આપણા પ્રેમી તે કોઇ કાંઇ ખાવાનું લાવે, કોઇ કાંઇ લાવે ને પ્રેમને લઇને ખાવું પડે, શીવરાત્રી ઉપર સરસપુર જેવું થાય માટે રામનવમીએ વિચાર રાખ્યો નથી. તા.૧૨મીએ શુક્રવારે આવીશ પણ સરસપુર જવું નથી. કારણકે ના ફાવે એ પ્રેમની આગળ કહેને તે પ્રેમથી ખાવું પડે માટે સરસપુર શુક્રવારે નથી જવું. ઉતરીશ એવો મંદિરે જઇશ તે ત્યાં ફાવે. પછી બીજે જઇશ સરસપુર રવિવારે કદાચ જઇશ એજ મુરતીનું કામ ચાલે છે. એક કારીગર કામ કરે છે. બીજાને વિદાય કર્યો કે શું કાંણે મુખનું કામ કરે છે. હવે શું બાકી રહ્યું. કેટલીક મુદત થશે તે પુછયા વગર જોઇને લખવું એજ લી.નારાયણ.જય શ્રી પુરૂષોત્તમ.

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો હકીકત જાણી અહીં પણ વરસાદ નથી. તાપ પડે છે તમારાથી અહીં ઓછો છે. કારણકે શહેરમાં ડામરની સડખો રહી બીજું શરીર સારૂં છે હાલમાં બાગની કુઇ જે પાસેની તેને પુરીએ છીએ. કારણકે તેમાં પાણી નથી. એતો જ્યારે મોટો કુવો ચણેલો નાંતો ત્યારે કરેલી પણ હવે ચણ્યો બોરીંગ કર્યું એટલે પુરી લેવા માંડી છે. ને પતરાં લોઢુ ખપમાં આવશે રૂપાળી મોગરી ગયાં છે વડતાલ જોવા વીગેરે મન વિસારો કરવા શુક્રવારે આવશેને શનીવારે આવીશું એજ લી.નારાયણના જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી પત્ર પોત્યો ઉતર જે જ્યારે અમદાવાદ આવીશું ત્યારે એ વાત થશે. હાલમાં એ બાબતનો વિચાર જે રાખ્યો તે વાત જાણી જેમ જેમ રૂચશે તેમ કરીશું. ધણીનો જેવો વિચાર હશે તેમ કરીશું જ્યારે આવીશું ત્યારે હાલમાં એજ મુરતીઓ ચાલીસ ત્રીસની પંગત બેસે છે. એજ લી.નારાયણ જય શ્રી પુરૂષોત્તમ.

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો ઉતર જે હાલમાં તો કુવામાં પાણી થઈ રહ્યું છે. તે માટી ખોદીને કાઢીએ છીએ ને પાણી બોરીંગનાં ભૂંગળામાં પાઈપ મુકી પંપથી પાણી પીવા ચાલે છે. પણ સુકામાં માટી કાઢી હોય તો ચોમાસામાં પાણી વધારે સમાસ કરે માટે બોરીંગમાં ભૂંગળાની બહાર માટી કાઢીએ છીએ ને રૂપાળી વિગેરે ખાવા કરે છે. વાસણ લુંગડાં ધુવે એટલે બપોર થાય તે સુધી.....કરે વાસણ ધુવે સુઈ જવાનો વખત થાય જેથી બીજું ફાલતું કામ મજુર પાસે કરવાનું ચાલે છે. બીજુ દેગડો લાવશો તે વાત જાણી તા.૧ કે સોમ,મંગળ બે સાથે આવશો તે વાત જાણી ઝાઝી વસ્તુઓ ઝાઝીમાં રહી જાય પેલો જાણે પેલે લીધી હશે ને પોતે જાણે પેલે લીધી હશે સૌ સૌની આગવી વસ્તુ ઝાલવી ગાફેલમાં રહેશો નહી.

**શ્રી પ્ર.પુ.** **તા.૧-૪-૪૬**

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો વાવોલથી આજે તમારી ટપાલ જોડે પત્ર છે. તેમાં જણાવે છે કે તાવ આવે છે. ને વધારે માંદા છે. બીજુ ક્યારે આવવાનું તે તો રામનવમી ઉપર ફાવે નહી. કારણકે કેટલાક અભાવ આવે અને બીજું કારણકે કોરટ કચેરીઓમાં રજા હોય કે ના હોય તેથી વિચાર ઢીલો છે. એને આ

રવિવારે ના ફાવે કારણકે હજુ મીરોલી આદિક નથી લખ્યું ત્યાં જતાં આવતાં ટપાલને આઠ દિવસ થઇ જાય છે. માટે તા.૧૨મીએ શુક્રવારે વિચાર છે અને સોમવારે ઘેર આવતું રહેવાય મંગળવારે પુનમ છે. અને પડવે કે બીજે ભરૂચ જવાય. હવે પુનમે નથી નીકળવું કારણકે, દસ વાગે નીકળીએતો આખો દિવસ તાપ ગાડીમાં વેઠવો પડે માટે પડવે કે બીજે સવારની ગાડીએ ભરૂચ જવાય. ફાસ્ટમાં જેથી બાર વાગે પોતી જવાય એજ લી.નારાયણ. જય શ્રી પુરૂષોત્તમ મુરતીની હકીકત લખશો. બબુભાઇ, બબુભાઇને આપજો મુરતી જોડે તેડવા ના આવે જોડે સ્ટેશને આવે નહી.

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો ઉતર જે હવે સરવે સરેખમ ઉદરસ વિગેર મટી ગયું છે. અને ખાંઇ પીને સુઇ રહું છું. કારણકે તાપને લીધે બહાર કામ કાઢ્યું નથી વળી ભરૂચથી પત્રો આવ્યા જે આવો, ઉતરમાં લખ્યું છે જે એક વરસાદ આવી ગયા પછી આવીશું. હાલતો આરામ લેવાનો રાખ્યો છે મજુરને હાલ ના પાડી છે. અહીં સરવે મજામાં છીએ રૂપાળીબાએ ભાભીને જે નારાયણ કહ્યા છે. લી.નારાયણ.જય શ્રી પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ. સોમવાર**

સરસપુરથી પત્ર આવેલો તેનો જવાબ લખેલો જે કિશોરભાઇ પાસેથી રૂા.૧૦૦ સો લેજો ને સુથારણ પાસેથી રૂા.૨૫ પચીસ લેજો તે તમને પત્ર પોત્યો હશે તે લીધા હશે હરમાનદાસ રવિવારે આવ્યા હતા તે ચંચળ તથા ખોડાભાઇની તબીયત જોઇને ગયા છે. બીજુ ખોડાભાઇને દિવસે દિવસે સારૂ થતું જાય છે. ને મણી આનંદથી ભણ્યા કરે, અમો જરા ઠીક થાય એટલે આવીશું. મણીને

ના ગમતું હોય તો લખજે જેથી તારી બાને મોકલીશું ને ગમતું હોય તો લખજે, તો થોડા દિવસ રહીને મારી જોડે હું લેતો આવીશ તે હું આવીશ ત્યારે ખોડાભાઇ સારૂં ડાહ્યાભાઇ પાસે આવેલા રૂપીયા લેતો જઇશ. હું પુનમ પછી આવવા ધારૂં છું. તે હજુ નક્કી થયે લખીશ. હવે પીછોટી ચાર પાંચ દિવસથી ખશી નથી. ને સવાર સાંજ બપોરે રાતે ખાવા માંડ્યું છે. જેથી જલ્દી સારૂં થઇ જશે લી.નારાયણ. જય શ્રી પુરૂષોત્તમ. રીપ્લાઇ પતુ મુક્યું છે.

**શ્રી પ્ર.પુ. તા.૪-૧૧-૪૮**

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો હાલ નક્કી નથી. ક્યારે આવવાનું તે પણ આઠમને ગુરૂવારે આવવા વિચાર રાખ્યો છે. કારણકે ભીખાભાઇ મોગરીથી આઠ દિવસ ગયા છે. તે આવ્યા નથી. પરમ દિવસે પત્ર લખ્યો છે. તે હવે આવવાના થશે ત્યારે લખીશું પણ આઠમને ગુરૂવારે નક્કી છેવટનો ઠરાવ છે. દયાભાઇ તો ભજન લઇ ગયા છે તે વાત જાણી. બનતા સુધી તા.૧૨ રવિવારનો જોગ આવશે એમ લાગે છે. હવે બીજા કાર્ડનો ઉતર જે ઉદરસ ને ગુમડું મટી ગયું છે તે ના મનાય તો દેખાડું. હવે ચારેક દિવસ આડા છે. પરસોતમ લીલા તરંગ વાંચે છે. તે ઘણું સારૂં છે. બીજુ સરસપુર રાત રહેવાનું જોગ આવે તો થાય કારણકે ભીખાભાઇ ઉપર આધાર છે. એજ અહીં સરવે ખુશીમાં છીએ. ગુમડું ઉદરસ મટી ગઇ છે. સાલ આવી ગઇ તે ઓઢી છે. લી.નારાયણ જય શ્રી પુરૂષોત્તમ. હું ખુશીથી ઘેર પોતી ગયો છું છોટા ઉદેરપુરથી દસ હરીભગત આગલી રાતે આવ્યા છે. હું દસ વાગે પોતી ગયો છું.

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી પત્ર આવ્યો ઉતર જે રજા પુરી થવા આવી તે

વાત જાણી પણ હજુ મીલમાં ઉભે ઊભા કામ કરી શકે તેમ નથી કારણકે હરે ફરે તે ફરાય પણ ચક્કર આવે માટે શકતી મીલમાં ઊભા ઊભા કામ કરે તેવી નથી થઈ માટે, બીજી રજા વધારવા માટે રજીસ્ટર કરીશું. આજે તો રવિવાર છે. માટે સોમવારે કરીશું તે મંગળે મળશે એટલે વાંધો નથી. બુધ ગુરૂએ ગોવિંદભાઈને કે તપાસ કરે. બીજુ મારી સાથે તેજા આવે તેવો વિચાર ચાલે છે. હું સોમ કે મંગળે નીકળીશ એજ લી.નારાયણ. ખોડાભાઈ કોદરી બે ટેબરાં, બે ચોપડાં ખાય છે.

**શ્રી પ્ર.પુ. તા.૧૦-૨-૪૯**

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો સરસપુર રહી પેટનું પોષણ કરવા જે રહેલા ને વૃત્તી પ્રભુમાં રાખી રહેલા તેનો પત્ર વાંચ્યો. ઉતર જે મીલમાં તા.૧૨નો જોગ નહી આવે કારણકે વચ્ચે પુનમ આવી રવિવારી હવે તા.૧૮મીની રજાનો જોગ આવશે હું પુનમ પછી બહાર નીકળવાનો વિચાર કરૂં છું કારણકે વચ્ચે વળી પુનમનો વિચાર રહે. મણીને ગમે છે. તે વાત જાણી ખોડાભાઈને દિવસે દિવસે સારૂં થતું જાય છે. પુનમ પછી નીકળીશ તે નીકળ્યા પછી બારેજા નવાગામનો વિચાર થશે. આ વખતે નવાગામથી પત્ર આવેલો છે જે મામા મામીનો આગ્રહ છે એટલે નક્કી નથી. પુનમ પછી વાત છે. રવિવારનો જોગ લલીતા માટે રાખ્યો છે. લલીતાને તો જવુ હતું પણ લલીતાને કહ્યું કે વાર છે ગામડી લગ્ન છે. લોકમાં ઠીકના લાગે, તે પ્રમાણે પ્રભુએ રાખ્યું હરમાનદાસ સાંજના ત્રણ વાગે મીલમાં જાય છે. તે વળી ગમે ત્યાં ફરે એકલા તેથી માટે મળે કે ના મળે. ચંચળને મટ્યું છે. પણ ટાઢમાં જરા બૈરાં ચરીત્ર કરે બધુ કામ કરવું પડે જેથી વાટ જોવરાવે છે. દુઃખવાળાનું મોઢું ઢીલું હોય પણ આતો આખો દિવસ આનંદમાં ફર્યા કરે છે.

તેજ દુઃખ નથી. એજ લી.નારાયણના જય શ્રી પુરૂષોત્તમ. બંન્ને પાસેથી પૈસાની વાત જાણી રીપ્લાઈ પતુ છે. સુધારણાની વાત જાણી લઈ લેજો.

**શ્રી પ્ર.પુ.** **તા.૪-૧-૪૯**

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો શહેરમાં ગયા હતા. ને બાટલીઓ લાવ્યા છો તે ચોપડીઓ કહ્યા પ્રમાણે લાવશો દેગડો ત્યાં છે. તેમાં સમજાવ્યા મુજબ ભરીને ઉપર મોંઢું બાંધવુ તે સમજ્યા પ્રમાણે લાવશો તે વાત જાણી. બેચરભાઈનું શરીર નરમ છે. તે વાત જાણી વીસ મનીઓર્ડરથી મોકલવાના છે તે વાત જાણી. ચાંલ્લો કર્યો બંન્ને છોકરાંનો તે વાત જાણી. બીજુ હું ભરૂચ રવિવારે ગયો હતો ને સોમવારે પાછો આવ્યો. હવે તમારો બીજો કાર્ડ મળ્યો. વાંચ્યો સાઠ ફૂટ પાણી સારૂં આવ્યું ને તે બોરીંગની અંદર પાઈપ મુકીને હેન્ડપંપની માફક પાણી કાઢ્યું. એન્જીન ચલાવવાના જેવું તૈયાર કર્યું પણ સળીયા તુટી જાય તેવી દેસત રહે છે જેથી કુવામાં સરક્યુલેટ પંપ પાણી જોડે મુકીને પટ્ટો ચઢાવીને ઉપર કાંઠે સાપટીંગપુલી ચઢાવીને પાણી કાઢ્યું જેથી હેન્ડપંપના સળીઆ તૂટે નહી તે દેસત મટી જાય તે માટે ભરૂચથી આવતાં વડોદરા આણંદ તપાસ કરી. હવે ખાનપુરના ડાહ્યાભાઈ ઘેર ગયા છે. તે આવે ત્યારે તે વસ્તુઓ લાવીને તૈયાર કરવાનો છે. સારૂ ચાલે છે. બીજુ ખોડાભાઈને કમળી થઈ તે કુંવરનું પાઠું લાવીને ખાય છે તે વાત જાણી. વલ્લવભાઈ પણ ખાતા હતા વિગેરે તમારી અમારી લીલા લખી વાંચી અહીં સરવે ખુશીમાં છીએ. લી.નારાયણ જય શ્રી પુરૂષોત્તમ. કવર નાંખ્યું છે. ખોડાભાઈને ત્યાં.

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો ઉતર જે વલ્લવભાઇનો આજે મણી બાબતનો પત્ર હતો જે નીશાળમાં દાખલ કરવા પ્રયત્ન કરશો. બીજુ ગઇ કાલે એક રીપ્લાઇ પતુ લખ્યું છે તે પોત્યું હશે. બીજુ ખોડાભાઇનું શરીર સારૂ છે હરે છે ફરે છે પણ ઝાઝો ખોરાક ખાવા જાય છે. ત્યારે નીકળી જાય છે. બીજુ ખોડાભાઇ માટે બીજી રજા સોમવારે રજીસ્ટર કરીશું તે તપાસ રાખશો ગોવિંદભાઇ તથા નારણભાઇને કેસો જે રજા મંજુર થઇ છે કે કેમ તે જોતા રહેશો, નહી ચાલે તો છેવટ ડોક્ટરનું સરટીફીકેટ લઇશું તે ચાલશે....બીજુ નારણદાસને માલમ થાય જે પચાસ રૂપિયાનો સવડ થાય તેમ કરી રાખશો કારણકે અમારે જોઇતા વાપરવા ફાવે. એજ વેલો સવડ થાય તો મનીઓર્ડરથી મોકલશો ત્યાં સુધી અહીં ચલાવીશું. એજ લી.નારાયણના જય શ્રી પુરૂષોત્તમ..

**શ્રી પ્ર.પુ.** **શનીવાર**

પહેલાંનો કાર્ડ પોત્યો હતો.

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો ઉતર જે છોટાઉદેપુરથી પત્ર હજુ નથી આવ્યો. આવશે ત્યારે જણાવીશું બીજુ ખોડાભાઇને દિવસે દિવસે સારૂં થાય છે. પીછોટી મટી છે પણ ઉતાવળે ઉભા થાય બેસે તેથી જરા ખસે છે. તેથી ઉલ્ટી થાય છે. હું ત્યાં આવ્યો ત્યારે એક દિવસ થઇ હતી. મારા આવ્યા પછી નથી થઇ બેસી ગયું છે. બીજુ મણીને માલમ થાય જે ફોરમ ભરજે તે હીન્દી ભણજે પરીક્ષા આપજે ડાહ્યાભાઇને માલમ થાય જે કીશોરભાઇ પાસેથી રૂપિયા સો અંકે ૧૦૦/- ખોડાભાઇએ આપેલા તે તમો માગી લેજો ને મણીને જોઇએ તેટલા આપજો અને બીજા વધે તે રાખી મુકજો તે શાહપુરથી કોઈ આવશે તે લેતા આવશે, કારણકે દેશી દવા તથા ખોરાકી વીગેરેમાં આપવા જોઇએ માટે, લઇ

રાખશો ને કોઇ શાહપુરથી આવવાનું લખશે તેને લખીશું તે તમારે ત્યાંથી લાવશે માટે કીશોર પાસેથી લઇ લેજો. કંકુ સુથારણ પાસેથી દસમીએ પચીસ રૂપીયા આપ્યા છે તે લઇ આવજો તે મણી જાણે છે. એજ લી.નારાયણના જય શ્રી પુરૂષોત્તમ..

**શ્રી પ્ર.પુ.      રવિવાર મળસ્કે રા**

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો તમારો રીપ્લાઇ કાર્ડ છેલ્લે આવ્યો છે, તે પહેલાં મેં ત્રણ કાર્ડ લખ્યાં બે તમારા હાથનાં સરનામાના કાર્ડ પડી રહેલ તે તથા એક પ્રથમ તમારા હાથનો આખો લખેલો એમ ત્રણ ને આ તમારા રીપ્લાઇ કાર્ડ આવેલા તે ચાર લખ્યાં તેમાં ગવલ્લે પડ્યો હોય પણ કાંઇ બધા પડી ના જાય. બીજુ ભરૂચવાળા આવ્યા હતા તે ભરૂચ છે. ભરૂચ ગયા ને કાસીબા ચંચળ રહ્યા છે. વચ્ચે ચતુરભાઇ તેમની સાસરીમાં જતાં એક રાત આવ્યા હતા તે ગયા, બોરીંગનું કામ ચાલુ છે. ભરૂચ ગયો નથી. બોરીંગનું થઇ રહે જવાનું છે. બાવન ફૂટ પાણીથી નીચુ ગયું જે હવે જ્યારે પાણી સારૂં આવે ત્યાં સુધી ઉતારીશું. એજ લી.નારાયણના જય શ્રી પુરૂષોત્તમ..

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો રજા માટે અમે રજીસ્ટર કરવા તૈયાર કર્યું પરંતુ તમારો પત્ર આવ્યો વાંચ્યો પછી બંધ રાખ્યું પણ ખોડાભાઇથી હરાય ફરાય છે ખવાય છે. પણ કોઇક વખત ભૂલથી આંચકો ખાય તો પીછોટી ખસી જાય છે. જેથી કાલે દવાખાનામાં સર્ટીફીકેટના કામે ગયા તો રસ્તામાં દસ વખત ઉલટી થઇ ગઇ જેથી ઢીલા થઇ ગયા છે. તે આજે ગામમાંથી પીછોટી બેસાડી છે. બીજુ દુઃખ નથી પણ હવે, કાલે જઇને સર્ટીફીકેટ સારૂ જઇને તપાસ કરીશું. મંગળવારે રજીસ્ટર કરીને મોકલીશું. વળી તમને

કાલે બીજો પત્ર લખીશું ફક્ત પીછોટીથી દુઃખ પડે છે. હવે બીજુ દુઃખ નથી. એજ લી.નારાયણ જય શ્રી પુરૂષોત્તમ. બીજું હવે સારૂં છે મટી ગયું છે. પીછોટી ખસે ત્યારે ઢીલા થાય છે.

**શ્રી પ્ર.પુ. તા.૮-૯-૪૪**

પત્ર બુધવારનો લખેલો પોત્યો ભદીની બાને તાવ આવે છે તે વાત જાણી. ભીખાભાઇને તાવ મટ્યો છે. પણ શરીર જરા નરમ રહે છે. હરે છે ફરે છે ખાવા કરે છે. ખાય છે વીગેરે કામ ચાલુ થયું છે. બીજુ ખોડાભાઇએ ભીખાભાઇ માટે રૂપિયા મોકલ્યા તે તેમને પચીસ આપ્યા છે ને ડાહ્યાભાઇના પંદર મેં લીધા છે. મ.ઓર્ડરનું પોત્યાનું ના લખ્યું તે તો. આ રજામાં ડાહ્યાભાઇ તથા ખોડાભાઇ વાવોલ ગયા હશે એમ ભીખાભાઇ કહેતા હતા તેથી લખ્યું નથી. વળી રજામાં કદાચ કોઇ આવે તેથી ના લખ્યું કારણકે, રજામાં કદાચ બધાં ફરવા નીકળ્યા હોય તેથી ના લખ્યું વિગેરે વિગેરે ઘણા કારણથી ના લખ્યું વળી રજામાં ડાહ્યાભાઇ પત્ર લખતા તેની વાટ જોવા ના લખ્યું ભેગા ભેગી લખીશું. એજ લી.નારાયણ..

**શ્રી પ્ર.પુ. તા.૫-૧૧-૪૭**

મંગળભાઇ તથા છોટાભાઇનો પત્ર પોત્યો ઉતર જે પ્રભુ સંભારવાથી સરવે કામના પુરી થાય છે, એમ સરવે શાસ્ત્રનો મુદ્દો છે. માટે દેહને દેહનાં સંબંધીનું પોસણ કરવા ઉદ્યમ કરવો ને મનથી પ્રભુ સંભારવા તેમાં સરવે વાત આવી જાય છે. એજ લી.નારાયણના જય શ્રી પુરૂષોત્તમ.અહીં સરવે ખુશીમાં છે.

**શ્રી પ્ર.પુ. તા.૨૯-૧-૪૫**

પહેલી તારીખે પાટીયા ઉપર સુવાનું આવે છે. તેનો જવાબ તા.૨૫મીએ પત્ર લખ્યો હતો તેમાં કવર મુકેલું છે. તેમાં લખશો

પણ તા.૯મીએ તો રજા છેજ એમ નક્કી છે માટે રવિવારનું નક્કી ના થાય તા.૯મીનું તો નક્કી છેજ કદાચ રવિવાર આવે તો પછી પરગામી ભૂલાં પડી જાય માટે રવિવારે જે વિચાર આવવાનો લખ્યો હતો તે કાઢી નાંખ્યો છે. કારણકે તમામ જગાએ તા.૯મીનું જાણી ગયા છે. તેથી તે ભૂલા પડી જાય માટે રવિવાર વિચાર રાખ્યો નથી. પછી જે ઘડીએ જે બને તે ખરૂં તમે જેને રવિવારની વાત કરી હોય તેને તા.૯મીનું કહેવું ભૂલા ના પડે. લી.નારાયણ. જય શ્રી પુરૂષોત્તમ..

**શ્રી પ્ર.પુ. તા.૨-૪-૪૬**

જીણાભાઈનો પત્ર પોત્યો ઉતર જે રામનવમીએ ના અવાય બધાં ઉદ્ધત રહ્યાં માટે રામનવમી ઉપર અનેક વસ્તુ લાવે તે પ્રેમને લીધે ખાવી પડે તેમાં કોઈને અવગુણ આવે માટે નહીં અવાય ને આ શુક્રવાર નજીક આવ્યો મીરોલી પત્ર જતાં આવતાં આઠ દિવસ થાય છે. માટે નજીક આવ્યું માટે હવે શુક્રવાર તા.૧૨મી શનીવાર બારેજા, રવિવાર શાહપુર, સોમવારે ઘેર. શુક્રવારે તા.૧૨મીએ જીણાભાઈને ત્યાં જમીશું સરસપુર નથી જમવું. જઈશું ખરે. એજ લી.નારાયણ. જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ. તા.૨૯-૧૨-૪૯ ગુરૂવાર**

વાલજીભાઈનો પત્ર પોત્યો ઉતર જે ભગવાનને દીવ્ય જાણે છે. નીશ્ચે છે. પંચભૂત ભગવાનનાં દેખાય છે. તે દીવ્ય કેમ દેખાય? ઉતર જે ભગવાનનો થોડો ઘણો નીશ્ચે થયો કેતાં આમાં કાંઈક આપણાથી વધારે છે. એમ જણાય ત્યારે તેમાં હેત થાય ને હેતે કરીને તેનું ચીંતવન થાય ને પ્રત્યક્ષ હોય તે વખતે તે હેતે કરીને સામુજુવે ત્યારે તેને એની મુરતીમાં જોતાં જોતાં પહેલાં દેખતા હતા તે કરતાં કાંતી તેજ પ્રકાશમાં ફેર પડતો જાય તેમ તેમ વધારે

જોવાનું મન રહે તેમ તેમ આગળ લોભ થાય માટે શ્રીજી કે છે કે એક નજરે જોઇ રહેવું ખીસકોલીની માફક જ્યાં ત્યાં જોવું નહીં તેના અભ્યાસથી તેને માયીક દૃષ્ટિમાં માયીક ભગવાન જોતાં તે મ.ના ૧૩માં છે જે આ ગઢડુ કે ઓસરી છેજ નહી કેતાં જો જો કરે ચંચળ દૃષ્ટિ કર્યા વગર તો ગઢડું ઓસરી લીન થઇ જાય. એમ લખ્યું છે માટે પ્રત્યક્ષ હાજર ના હોય ત્યારે અંતરદૃષ્ટિનો અભ્યાસ કરે તો પ્રત્યક્ષ હાજર હોય ત્યારે સ્થીર વૃત્તિથી જોયા કરે એટલે તેની તે મુરતીમાં દીવ્ય ભાવ દેખાવા લાગે એટલે જો જો કરે તેથી વધારે કાંતીમાં ફેર પડે તે કેતાં ચહેરો તેજવાળો દેખાય ને જેમ જેમ જુવે તેમ વધતો જાય ત્યારે માયીક ભાવ મટે ને જોવાનું મન વધારે થાય. તે દૃષ્ટિ કેવી રીતે જુવે તો જેમ, માછલી વેંધતી વખતે કેવી સ્થીર વૃત્તિ રાખી હસે ત્યારે સભા, થાંભલો વિગેરે કાંઇ જોવામાં આવ્યું નહીં હોય ત્યારે વેંધાઇ, તેમ સ્થીર વૃત્તિ કરે ત્યારે માયીક બંનેનાં ઇન્દ્રીયો દીવ્ય થઇ જાય. જેમ જેમ દીવ્ય થાય તેમ તેમ મુરતીની કાંતીમાં, તેજમાં, ફેર પડતો જાય. માટે અભ્યાસની વાત છે. કેતાં એક નજરે જોવાથી આગળ તમે પુછ્યું તેનો અનુભવ થાય.મ.૧૩ માં હતા પણ દેખાતા નહી તેથી કહેલું જે ગઢડુ નથી.

**શ્રી પ્ર.પુ.        તા.૩૧-૧૦-૪૪**

ડાહ્યાભાઇ તથા ખોડાભાઇને માલમ થાય જે ભીખાભાઇ લખાવેલું કે રહેમાનભાઇનો પત્ર આજે આવ્યો તેમાં લખે છે કે જસભાઇ ભાડુ આપતા નથી ને ઘર ખાલી કરતા નથી. મેં તમને ભાડે આપ્યું છે તે તમારે માટે મને વાંધો નથી. પણ જસભાઇ ગંદકી બહુ કરે છે. માટે એક દિવસ પણ મારે જસભાઇને ફાવે તેમ નથી, માટે ડાહ્યાભાઇને લખો તો જસભાઇ ઘર ખાલી કરે.

તેના ઉતરમાં હું ભીખાભાઇ લખું છું કે રહેમાનભાઇને કેજો કે હું તા.૧૪-૧૧-૪૪ ને મંગળવારે આવીશ ત્યારે હું દરેક વાતનો ખુલાસો કરીશ માટે હાલ એકદમ મારાથી અવાય તેમં નથી બીજુ ડાહ્યાભાઇ તમો જસભાઇને કેજો કે મકાન બીજુ ખોળી મુકજો કારણકે તે મકાન માલીક રહેવાદેવાનું ના લખે છે કે ઘર ખાલી કરો માટે જસભાઇને કેજો કે ઘર બીજુ શોધી કાઢો. આ પત્ર રહેમાનભાઇને પણ વંચાવજો ને જસભાઇને પણ વંચાવજો. એજ લી.નારાયણ જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ. તા.૨૧-૧૨-૫૦**

સરસપુરથી પત્ર આવ્યો ઉતર જે પુજાભાઇ જીવાભાઇ બંન્ને ભેગા થયા હતા તે વાત કરતા હતા તે ગુરૂવાર સુધી ગામડી રૂપાળી છે પછી હવે શનીવાર થયો તે બારેજા ગયાં હોય કે શાહપુર ગયાં હોય કે ક્યાં હો તે બાબતનો પત્ર નથી. માટે જ્યાં હસે ત્યાંથી પત્ર આવેથી તમને જણાવીશું બીજો ઉતર જે તા.૨૬-૨૭-૩૦ રજા છે. તે વાત ખરી પણ જ્યારે રૂપાળી ભાદરણ આવશે ત્યારે અમદાવાદ તરફનો વિચાર થશે તે વીના બીજો વિચાર નહી થાય માટે ત્રણ રજોઓનું તો રૂપાળીના હાથની વાત છે. જ્યારે રૂપાળી ઘેર આવશે ત્યારે આવવાનો વિચાર થશે બીજુ કોથળો લઇ ગયા તે વાત જાણી કોથળો એમને એમ રેવા દેજો જ્યારે હું આવીશ ત્યારે છોડાશે. બીજુ ગામડીથી સરસામાન આવે મારો મોકલાવેલો તે પણ નાના રૂમમાં કે રસોડામાં મુકજો કારણકે નોંધીને પછી ભેગો કરીશું. અહીં સરવે ખુશીમાં છીએ તમારી ખુશીના સમાચાર લખતા રહેશો. હાલમાં ભેંસ સાથે રહ્યાં છે. મન અકળાશે તો તે ઘેર જશે. લી.નારાયણ જય શ્રી પુરૂષોત્તમ... પત્ર નંગ બીજો બીજુ પ્રથમનું ૧૧ વાંચો તેમાં દૃષ્ટિ પલટાવાની

કરી. તેજની દૃષ્ટિએ આકાશની દૃષ્ટિએ તેમ પુરૂષોત્તમની દૃષ્ટિએ કાંઇ બીજુ જોતાં જોતાં દેખાય નહીં. પેલી માછલી જોતાં જોતાં બધુ માછલીની દૃષ્ટિએ તમામ લીન થયું તેમ, ભગવાન સામુ જોતાં જોતાં બધુ લીન થાય તે ભગવાનજ રહે તે તેજમાં કાંતીમાં જોતાં જોતાં ફેર પડતો જાય તે, શ્રીજી કે છે કે અમારા એક નજરે જુવે છે. ફાટેલ દૃષ્ટિથી જોનારને દેખાતા નથી. એમ કરતાં કરતાં આત્મામાં દેખાવા માંડે, તે અભ્યાસથી થાય. જુઓ મ.નું ૩૧મું ઇન્દ્રિયોના સંગથી થયેલું મનન દ્વારા સંગથી તે થાય છે. બીજો ઉત્તર કેમ દેખાય તેનો ઉત્તર ઉપર આવી ગયો જે અભ્યાસથી હવે ત્રીજો ઉત્તર જે દીવ્ય દૃષ્ટિથી આગળ વધાય પણ પંચભૂત વડે જોવાથી ભગવાનનો સંગ સંબંધ થયો એટલે આપણાં દીવ્ય થાય. જેમ સૂર્યના સંબંધથી આંખ્યોમાં તેજ આવે તેમ ભગવાનના સંબંધથી આપણી દૃષ્ટિ દીવ્ય થાય. જેમ પ્ર.૬૬ રથ ઘોડા માયીક હતા પણ સંબંધથી દીવ્ય થયા. કામ પુરતા, તે સંબંધ હેતવળો હતો, અને છોકરાના બાપને દૃઢ હતું કે કૃષ્ણ મારો છોકરો લાવશે જેથી તેનેજ દેખાયું, પણ બધાંને ના દેખાયું નહીતો મથુરાં મુકી દ્વારકા શું કરવા જવું પડે કંસ સાથે સંબંધ કામ પુરતો હતો માટે, ભગવાનના સંબંધથી કંઇક દીવ્યભાવ બેસે એટલે તેમાં હેત થાય ને તે હેતે કરીને જીવ ચોંટે જેથી તેનું મનન દ્વારાએ સંગ થાય જેથી તે વધતો જાય. જેમ જેમ વધે તેમ તેમ હેતમાં ને ચોટવામાં આગળ થતું જાય તેમ તેમ તેને જુદો જુદો અનુભવ થતો જાય. ભગવાનમાં ત્રણ અવસ્થા ગુણ આદી દેખાય છે, પણ દીવ્ય જાણવું તે જાણ્યાથી, સંબંધથી દીવ્ય દેખાય. જુઓ પ્ર.૭૧ સોમલા ખાચરના પ્રશ્નમાં છેલ્લી બે ચાર લીટીમાં છે. તે દરશનથી થાય. જુઓ સારંગપુર બીજુ દરસન કરવાની રીત વાંચો ને તેવો તેમાં

અભ્યાસથી થાય છે. હવે ટપાલ વખત થઈ ગયો છે. જેથી હવે ત્રીજો પત્ર કાલે આવશે આતો લખતાં લખતાં વધી ગયું માટે કાલે.

**શ્રી પ્ર.પુ. મંગળવાર**

સરસપુરથી પત્ર આવ્યો વાંચ્યો પાંચ મીનીટ માંડા પડ્યા તે વાત જાણી બીજુ બંન્ને રૂપીયાની વાત ઉતર જે, ખોડાભાઈનો ઉતર જે રૂપાળી તથા ભીખાભાઈ કે છે કે એમને ખેતર દેવામાં ગયું છે. તે છોડાવે તો હાલના કાયદા પ્રમાણે છુટે તે વિચાર હોય તો શાહપુર પુછજો જે કેવી રીતે ને કેટલી મુદતે તે તપાસ કરજો. પછી બીજી વાત કરીશું તમારી પાસે શાહપુરવાળાએ લેવા માગણી કરી હતી કે કેમ ને તે વ્યાજનું શું કહેતા હતા, કે કહ્યા વગર તમને વિચાર થયો તે લખ્યો છે કે કેમ વિગેરે વિગેરે ખોડાભાઈનો ઉતર ડાહ્યાભાઈનો ઉતર જે ઉપર પ્રમાણે કહ્યું છે કે પુછ્યું છે કે મનમાં ઉપડ્યું તે બારોબાર રાખ્યું છે. તે લખશો કે તે તેમણે વાત કરી હતી. કે કેમ તે જણાવશો પછી હું લખીશ તમને, બીજુ હાલમાં ભરૂચ જઈ આવ્યો ત્યાં છોટાભાઈની છોડીની માફક ચતુરભાઈની છોડીને સમાધી થઈ છેને થાય છે. વળી આજે બાધા કરવા કાસી મોગરીથી આવવાનાં છે. તે ગયા પછી કાલોલ જવાનું છે. ખાનપરના ડાહ્યાભાઈ સાથે તેડી લાવશો એમ લખ્યું છે. જેથી તેમને પણ ખાનપુર પત્ર લખ્યો છે. ગુરૂ કે શુક્રવાર સુધીમાં તે પતતું થશે. એજ લી.નારાયણ. જય શ્રી પુરૂષોત્તમ.

**શ્રી પ્ર.પુ. મંગળવાર**

ડાહ્યાભાઈનો પત્ર આવ્યો વાંચ્યો સર્ટીફીકેટ માટે સવારે જઈશ. પછી બપોરે બધી હકીકત લખીશ. આ પત્ર પોત્યાનો જવાબ માટે રીપ્લાઈ મોકલ્યું છે. સોમવારે લખેલો તમને

મંગળવારે પત્ર મળ્યા હશે. રજા લેવાની જરૂર છે પણ હવે તમે લખ્યું કે સર્ટીફીકેટની જરૂર છે. તો તજવીજ સવારે કરીશ પછી બપોરે હકીકત લખીશ. પીછોટી બેસાડે છે ને ખસી જાય છે. જેથી શરીર ઢીલું રહે છે. ખાય છે. પીવે છે. હરે છે ફરે છે પણ પીછોટીનું દર્દ છે. જે શરીર ઢીલુ રહે છે. કમળીની અસર હવે નથી. શરીરમાં કપાળ વિગેરે લાલ થયું છે. પણ પીછોટી પજવે છે. તે વારા ફરતી બેસાડવા બીજાને બોલાવીએ છીએ. ભીખાભાઇ મોગરી ગયા છે. સાંજે પાછા આવશે ભાણાનો પત્ર હતો તે ભેગી પીછોટીનું કરશો બીજું આજે બપોરે ડોક્ટરને ત્યાં પુછ્યું તો કહે કાલે સર્ટીફીકેટ આપીશ તેને બહાર જવાનું હતું જેથી બુધવારે રજીસ્ટર કરીશું. બીજુ આજે કાર્ડ રજાનું મોકલ્યું રજીસ્ટર નથી કર્યું. કાલે કવર કરીશું, કોથળી કરીશું, રજીસ્ટર વગર આજે કાર્ડ મોકલ્યું છે. તપાસ કરજો. લી.નારાયણ..

**શ્રી પ્ર.પુ.**

તમો અમો છુટા પડ્યા પછી અગીયારની મોટરમાં બેસી બોરસદની મોટરમાં બેસી દોઢ કલાક બોરસદ બેસી લીલું અડધીયું આવ્યું તે ચાર સાડા ચાર વાગે આવ્યું ને પાંચ સાડા પાંચે ઉપડી ભાદરણ ઘર ભેગા થઇ ગયા ખુશી આનંદથી ઘેર પોતી ગયા છીએ હવે પુનમ પછી જયાં જેવો જોગ તેવું જવાય કારણકે ભરૂચ લીંગડ અને કાલોલ એ ત્રણ ગામની વાતો ચાલે છે. તે પુનમ પછી જેમ થાય તેમ ખરૂં. એજ લી.નારાયણ. જય શ્રી પુરૂષોત્તમ.

**શ્રી પ્ર.પુ.**

સરસપુરથી પત્ર પોત્યો ઉતર જે તમારો પત્ર મળ્યો હકીકત જાણી પણ મંગળભાઇ ગયા છે તે બીજે ને ત્રીજે તે દસમે બપોર સુધી નથી આવ્યા તેમ છોટાભાઇ પણ ગયા છે. વડોદરા જઇ

તેને ત્રણ દિવસ થયા ને હાલ નાની દીવાળી
એ ને શાહપુરથી ગોવિંદ આવ્યા છે તે પણ
. માટે આવવાનું નક્કી નથી. લી.નારાયણ.
..

**શ્રી પ્ર.પુ. ગુરૂવાર**

ા આવ્યો બીના જાણી અમૃતબેન તથા લલીતા
આવવા વિચાર કરે છે. તે પોત્યેથી જવાબ
પોત્યાનો પત્ર લખ્યો હતો પણ તમને પોત્યો
ાઈ લખીશું. બીજે દિવસે જવાબ લખશો. તે
પોતેજ પોત્યા પછી તરત ના લખશો બીજે
થે દિવસે વાટ જોઈને ફરી લખતાં ફાવે, સારૂં
. તે વાત જાણજો. લી.નારાયણ. જય શ્રી
રંગવાનો પત્ર બબુનો પત્ર લખવા રીપ્લાઈ

**શ્રી પ્ર.પુ. સોમવાર**

લ્યાભાઈનો પત્ર પોત્યો બીજુ તેમ લખ્યું કે
ી તો સોમવારે છે. તાજીઆની તો રવિવારે
જા પડેજ માટે ઠીક એક દિવસ વધારે થશે.
ાળવારે ઘેર અવાશે બીજુ દોસ તો વિચારથી
ાથી. અને મણીને જે ક્રોધ થાય છે તે તો જે
ાજી થાય તે તો રસ્તો બંધ છે. માટે હવે તો
ી ગોદ વેઠવાની. તમે કમાવ ને તે રાંધી આપે
ે કાંઈ નહી એતો ચાલે. એજ લી.નારાયણ.
. ૨૦મીએ સરસપુર નહીં આવું અગર બીજે

શ્રી પ્ર

ખોડાભાઈ ડાહ્યાભાઈને મા
ગાડીમાં રૂપાળીબેન તથા અમૃત
છે. ને મજાથી આનંદથી આવ્ય
છીએ તમારા ખુશીના સમાચાર
જેવું છે તે તો જેમ જેમ ખવાશે ત
મને પણ તેવુંજ હતું તે અત્યારે
કરજો. એજ લી.નારાયણ. જય

શ્રી પ્ર

સરસપુરથી પત્ર પોત્યો દિ
કોદરી દાળ, દુધીનું શાક તથા
છે. એક મજુર રાખ્યું છે ને જોડે
સરૂ કર્યું છે રૂપાળીબેનને તાવ મ
થયે આવશે તે વાત જાણી ખોડા
વાત જાણી માટે હવેથી ડાહ્યાભા
મધુની માને કેજો જે ટપાલની રાહ
જય શ્રી પુરૂષોત્તમ...

શ્રી પ્ર

રસીલાબેનનો પત્ર પોત્યો ઉ
દોસ ઓછા થાય છે. બીજુ અમદ
નવરાશ પડતા આવીશું. લી.ન
રજનીકાન્તનો પત્ર પોત્યો ઉતર
વરસાદ વરસ્યો નથી. એતો ન
જરા ઠંડક થાય એટલે આવીશું ત
દાઢે એતો દુઃખ કરતાં દુઃખતું ન

ચવાય નહીં. અને ઉદરસ તો એવું ખાવામાં આવે ત્યારે ઉદરસ આવે. પટેનો દુ:ખાવો તો કોઈ કોઈ વખતે થાય એતો આલોકમાં એમનું એમ ચાલ્યું જાય છે. એજ મઝામાં છીએ. લી.નારાયણ. જય શ્રી પુરૂષોત્તમ. ભેગા થઈશું ત્યારે કહીશું શું કરવું...

**શ્રી પ્ર.પુ. તા. ૨૧.**

સેવકાની વાડીથી પત્ર આવ્યો વાંચ્યો. ઈદની રજા છે. જેથી રવિવારે રજા બંધ છે. તે વાત જાણી બીજુ ભીખાભાઈની વાત પણ જાણી ડૉક્ટરે રજા આપી. આંખ્યે સોજો છે. તે વાત જાણી. કેસોકે જે સારો આરામ થાય ત્યારે ભીખાભાઈ આવે અહીં ઉતાવળ નથી. તુળસીભાઈને બોલાવ્યા છે. તે ડોસા રાંડેલી ખાવા કરી આપે છે. જેથી તુળસીભાઈને ઉતાવળ નથી જેથી તુળસીભાઈ છે માટે શાંતી બરાબર થાય ત્યારે આવજો. એમ ભીખાભાઈને ખબર કરજો. અહીં સરવે મઝામાં છે. અહીં વરસાદ એક ઈંચ થયો છે. એજ લી.નારાયણ. જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.**

પત્ર પોત્યો ઉતર જે બબુભાઈ આવી ગયા તે વાત જાણી. બીજુ ગરમ કોટ ધોઈને સુકવી દીધો હતો તેમ મને કેડે શરદીને લીધે વા આવ્યો હતો તે હવે શેક કરવાથી મટી ગયો છે. બીજુ ગોકળી ઉપર આવવા વિચાર ચાલે છે. પણ ક્યારે નીકળવું તે નક્કી નથી. પરંતુ ગોકળી ઉપર આવવાનું છે ઉઘાડ હશે તો સેજ સાજ છાંટા છાંટ હસે તો આવીશ. એજ લી.નારાયણ. જય શ્રી પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ.**

આજે પત્ર પોત્યો ઉતર જે વા છે. લાકડીને ટેકે ચાલું છું પણ જરા ઓછો થયો છે જેથી થોડુક ચાલવાનું હોય તો લાકડીને ટેકે

ચાલુ ખરો એવી થોડી...તે વળી જાણસો. બીજુ બબુભાઇને કેજો કે નવી બત્તી લેતા આવો પૈસા આપવાના ભૂલી ગયો આવસે એટલે આપીશું. લી.નારાયણ..જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.**

આજે પત્ર આવ્યો વાંચ્યો પરીક્ષાની વાત જાણી તેમ ભીખાભાઇ કુંજમાં આવ્યા છે તે વાત જાણી બીજુ મને ઢીંચણે વા આવ્યો છે. તે આઠ આની મટ્યો છે. ને આઠ આની ચાલતાં લંઘાવાય છે. ને દુઃખે છે. તે મટે ત્યારે ખરો કારણકે ઘણા દિવસનો કેતાં પંદર સતર વરસનો આજે ઉભરાયો છે તે ફરતો છે. કેડે હાથે ખભે ઢીંચણે વગેરે ફરતો છે. તે આજે બહાર પડ્યો છે. જેથી નક્કી નહીં. એજ લી.નારાયણ. જય શ્રી પુરૂષોત્તમ..

**શ્રી પ્ર.પુ.**

પત્ર પોત્યો ઉતર જે શનીવારે અવાય તેમ જણાતું નથી. કારણકે ભીખાભાઇ નાળા ઉપર રહે છે. ને ઘેર હું રહું છું. વળી આ રવિવારે અમોસ આવે છે. જેથી આખી રાતનું અંધારૂં ને ભીખાભાઇ નાળા ઉપર ત્રણ વાગ્યા સુધી રહે તે થાકી જાય છે. તે આખી રાત ઊંઘમાં જાય છે, જેથી મારે રાતે જાગવું પડે છે ને અંબાલાલ એમના બનેવી છે તે ત્યાં ગયા છે ને ખાનપુરવાળાની કાકાની છોડી મરી ગઇ છે જેથી કોણ ઘેર રહે તે હું આવું એમ બીના છે. માટે નવાણું વસા બીજે રવિવારે અવાશે. એજ લી.નારાયણ. જય શ્રી પુરૂષોત્તમ..

**શ્રી પ્ર.પુ.**

આજે પત્ર પોત્યો ઉતર જે હવે તમારે તા.૨૪થી પરીક્ષા ચાલુ થઇ તે વાત વાતોવાત જાણી, તેમ આજે તમારો પત્ર આવ્યેથી નક્કી થયું, કાળજી પૂર્વક વાંચી પાસ થઇ જાવએજ. હાલમાં તો

તમારે કામકાજ છે. હાલમાં બીજુ વાની ઓછી અસર થાય છે. લી.નારાયણ..જય શ્રી પુરૂષોત્તમ.

**શ્રી પ્ર.પુ.**

આજે પત્ર પોત્યો ઉતર જે ભીખાભાઇને ઓપરેશન થઇ ગયું ને આરામ લખો છો તે વાત જાણી બીજુ પગે વા સતર પંદર વરસે ઉભરાયો છે તે એકદમ કેમ કરીને મટે એતો ધીરે ધીરે વા નું દુ:ખ પહેલાં ઓછું થયું હતું તેવુંજ, આ જમણે ઢીંચણે છે પહેલાં ડાબો ઢીંચણે હતો તે ધીરે ધીરે મટ્યો હતો તેમ આ જમણે પગે પણ થશે. એજ લી.નારાયણ..જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્ર.પુ.**

તમારો પત્ર પોત્યો ઉતર જે દરસનની વાત તો જેવો જોગ સંજોગ હોય તેવાં થાય ને, મહીને મહીને ત્યાં આવું છું તે તો જોગ આવે માટે સમૈયે તો જોગ હોય તો અવાય નહીતો, કસી ચીંતા ના રાખવી. બીજું પાસની વાત તો કાળજી પૂર્વક અભ્યાસ કરવો આપણે પુરૂષ પ્રયત્ન કરવો તેમાં પ્રભુ હે પુરે, માટે કાર્ય કરવું. એજ લી.નારાયણ. જય શ્રી પુરૂષોત્તમ..

**શ્રી પ્ર.પુ.** **શનીવાર**

પત્ર પોત્યો ઉતર જે દેશી દવા કરવી જેથી લોકો ટોકે નહીં. ને પ્રભુ સંભારવા જેથી આલોક પરલોકનું બંન્ને થાય. એમ અમારી તેમ અમારા સોબતીને અનુભવ થાય છે ને થયા છે માટે બહુ પૈસા ખરચે કાંઇ ઝટ મટી ના જાય. એજ લી.નારાયણ.જય શ્રી પુરૂષોત્તમ....

**શ્રી પ્ર.પુ. તા.૨૨-૧૨-૫૧ શનીવાર**

પત્ર પોત્યો ઉતર જે આપણે તો આપણા ઇષ્ટ દેવ સંભારવાને દેહનું ભરણ પોસણ કરવા ઉદ્યમ કરવો દેહે કામકાજ થાય ને

મનથી પ્રભુ સંભારાય માટે એમાંજ સુખ શાંન્તી આ લોકે પરલોકે રહી છે માટે આનંદથી પ્રભુ સંભારો મનથી, ને દેહે ઉદ્યમ કરો બેજ કામ એજ લી.નારાયણ. જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્રગટ નારાયણ નમો નમઃ   અમદાવાદ તા.૨૪-૬-૫૨**

સ્વસ્તી શ્રી ભાદરણ મધ્યે મહારાજાધિરાજ પ્રગટ નારાયણ ભગવાનની પવિત્ર અને પાવનકારી સેવામાં દાસાનું દાસ તથા ચરણરજો રજની, શાંન્તીલાલ, રસીલા, પન્ના વગેરેના દંડવત પ્રણામ સહીત કોટી કોટીવાર પ્રણામ તથા જય શ્રી નારાયણ સ્વીકારશોજી.

વિ.વિ. સાથે લખવાનું કે આપનો કાગળ મળ્યો છે. વાંચી ઘણોજ આનંદ થયો છે. આપની તરફ એક ઈંચ વરસાદ પડ્યો તે આપના પત્રથી જાણ્યું છે. અત્રે વરસાદ કોઈકવાર થોડો થોડો આવે છે ને ઠંડક ઠીક થઈ છે. તે જાણ સારૂં લખ્યું છે. બીજુ લખવાનું કે આપની કૃપાથી હું શાહપુર આજ રોજ બપોરે ભીખાભાઈને તમારા પત્રના સમાચાર કહેવા ગયો હતો. આજે તેઓ અગીયાર વાગે હોસ્પીટલ બતાવવા ગયા હતા પરંતુ જે ડૉક્ટરે ઓપરેશન કર્યું હતું તે ડૉક્ટર રજા ઉપર ગયા હોવાથી બીજા ડૉક્ટરને બતાવ્યું હતું. તે ડૉક્ટર કહેતાં હતાં કે એકાદ મસો રહી ગયો છે કારણકે ઓપરેશન વખતે લોહી હોવાથી દેખી શકાયો નહી હોય હાલમાં તો બે એક વખત બોરીક પાવડરનો શેક કરે છે. તેથી આંખે સોજો સહેજસાજ છે. અને હવે સારૂં છે તે આપની જાણ માટે લખ્યું છે. આપ ખુશીમાં હશો અને દરરોજ આપનું જેમ બને એમ ભજન વધારે થાય અને આપનાં દર્શનનો જોગ પણ વધારે થાય તેવી તમ દયાળું પ્રભુ પ્રત્યે પ્રાર્થના છે. હમણાં તો અમારી કોલેજનું કાંઇ ઠેકાણું નથી કારણકે ફી વધી હોવાથી છોકરાઓએ

હડતાલ પાડી છે. ફી ભરીને હડતાલ પાડે છે. સરઘસો નીકળે છે. કોલેજ બંધ હોવાથી અમારો વખત જતો નથી તો, હવે તમે ભીખાભાઇ આવે એટલે જરૂર અમદાવાદ આવશો. એવી આ દાસની તમ પ્રત્યે વિનંતી છે. એજ લી. તમારા દર્શનનો અભિલાસ દાસ રજનીના દંડવત પ્રણામ સહીત જય નારાયણ...

પત્ર પોત્યો ઉતર જે ભીખાભાઇને હવે જરા આરામ પહેલાં કરતાં થવા આવ્યો છે. તે વાત જાણી. બીજુ અમારે થોડો વરસાદ થયો છે ને અમદાવાદમાં થોડા છાંટા થયા છે. ગરમી અમદાવાદમાં છે. વિગેરે વિગેરે વાત જાણી. બીજુ ભીખાભાઇ આવ્યા પછી વાત. એજ લી.નારાયણના જય શ્રી પુરૂષોત્તમ.મઝામાં છીએ..

**શ્રી પ્રગટ નારાયણ નમો નમઃ   તા.૨૮-૬-૫૨**

સ્વસ્તીશ્રી ભાદરણ મધ્યે પ્રગટ મહારાજાધિરાજા અક્ષરાતિત પરદુઃખભંજન, દીનદયાળુ નારાયણ ભગવાનની પવિત્ર અને કલ્યાણકારી સેવામાં દાસાનું દાસ તથા ચરણરજો રજની, રસીલા, પન્ના તથા શાંન્તીલાલના કોટી કોટીવાર પ્રણામ તથા જય શ્રી નારાયણ સ્વીકારશોજી.

વિ.વિ. સાથે લખવાનું કે આપનો કાગળ આજરોજ મળ્યો છે. વાંચી ઘણા ખુશી થયા છીએ આજે જવાબ લખ્યો તેની હવે સમજણ અને ગેડ બરાબર મનમાં બેઠી.

બીજુ લખવાનુંકે આપની કૃપાથી બાબુભાઇ અને હું શાહપુર ભીખાભાઇની ખબર કાઢવા ગયા હતા હવે તબીયત પહેલાં કરતાં સારી છે અને આંખે સોજો પણ ઘણોજ ઓછો છે. પરંતુ સહેજ સાંજ દુખાવો રહે છે. તે જાણશોજી આંખમાં દવા નંખાવે છે. બીજુ લખવાનું કે હું ત્યાં હતો અને આપ કાગળમાં પાનમાં નાંખવાનો મસાલો લખ્યો હતો. તેમાં આગળ પણ લખેલું હતું

તેની મેં આજે તપાસ કરી હતી. તેનો ભાવ એક તોલાના ૧૬ રૂપિયા હતો. મેં ચાખ્યું પણ ખરૂં પરંતુ સ્વાદમાં કડુચુ લાગતું હતું કારણકે તેમાંય માપથી નાંખી એ તો સારૂં લાગે નહીતર કડવું લાગે તમે લખશોજી તેમ કરશુંજી. આપનું નીત નીત દર્શન દેશોજી. આપનામાં વૃત્તિ રહે અને આપને ભૂલી ના જવાય તેવી કૃપા કરશોજી. ત્યાં રહેતા આપની સેવામાં ભક્તોને અમારા વતી જય શ્રી નારાયણ પાઠવશોજી. એજ લી.આપના દર્શનનો અભિલાસી દાસ રજનીના દંડવત પ્રણામ તથા જય શ્રી નારાયણ સ્વીકારશોજી...

ભીખાભાઈની વાત જાણી હવે સેજ સાજ દુઃખાવો છે બીજુ અગર આપણે જોઈતું નથી કારણકે, કડવું સારૂં નહી. એતો પાનમાં જોઇએ પણ આપણે ઉદરસ માટે પાન ખાવાનું પણ હવે ઉદરસ આવતી નથી તેથી પાન બંધ કર્યા છે. એટલે અગર જોઈતું નથી. લી.નારાયણ. જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્રગટ નારાયણ નમો નમઃ** **તા.૩-૮-૫૨**

પ્રતિ ઉતર જે

સ્વસ્તીશ્રી ભાદરણ મધ્યે મહારાજાધિરાજ અક્ષરાતિત અંતરયામી પરદુ.ખભંજન એવા નારાયણ ભગવાનની પવિત્ર અને પાવનકારી પાપોનો નાશ કરી નાંખનારી સેવામાં દાસનું દાસ તથા ચરણદાસ શાંતીલાલ, રજની, પન્નાના કોટી કોટીવાર દંડવત પ્રણામ સહીત જય શ્રી નારાયણ સ્વીકારશોજી.

વિ.વિ. સાથે લખવાનું કે આપનો કાગળ શનીવારે મળ્યો છે. વાંચી ઘણા ખુશી થયા છીએ અને આનંદ પામ્યા છીએ. આપ ભરૂચ જઈ આવ્યો હશો. હવે આપ પ્રભુ બાબુભાઈ જોડે અમદાવાદ જરૂર પધારશો હવે આઠમ નોમની રજાઓ પાસે આવી

છે. તો જરૂર વહેલા આવશોજી. એવી આ દાસની નમ્ર વિનંતી સ્વીકારશો.

અત્રે સર્વે આપની કૃપાએ કરીને મઝામાં છીએ બળેવ અમારૂં પગેલાગણું તથા કોટી કોટીવાર પ્રણામ સ્વીકારશોજી. ત્યાં આપની સેવામાં રહેનારા હરિભક્તોને અમારા વતી જય શ્રી નારાયણ કહેશોજી. એજ આપના દર્શનનો અભિલાષી અને દાસનું દાસ તથા ચરણરજ દાસ રજનીના કોટી કોટી વાર પ્રણામો તથા પગેલાગણું સ્વીકારશોજી.

પ્રતિ ઉતર જે હું ભરૂચ જઇ આવ્યો છું. ભરૂચથી વરસાદમાં બેઠો જેથી બાર કલાક બેઠા બેઠા રહી જેથી ઠંડીને લીધે કેડોમાં વા શરદી જેવું થયું પણ તાપથી કેડો શેકી જેથી સવારમાં અડધો આરામ થયો છે. ને બેચાર દિવસ સારો આરામ થઇ જશે જે ઉતરમાં જે બબુભાઇ જોડે ના આવી શકાય જરા કોરૂ રહે તો અવાય એવો હાલમાં વિચાર છે. એજ લી.નારાયણના જય શ્રી પુરૂષોત્તમ...

**શ્રી પ્રગટ નારાયણ નમો નમઃ  અમદાવાદ તા.૪-૧૦-૫૨**

સ્વસ્તીશ્રી ભાદરણ મધ્યે પ્રગટ ભગવાન મહારાજાધિરાજા પુરણ પુરષોત્તમ ભગવાન, અંતરયામી, પરદુઃખ ભંજન એવાં હૃદયેશ્વર ભગવાન નારાયણ ભગવાનની સેવામાં દાસાનું દાસ તથા ચરણરજો રજની, રસીલા, શાંન્તીલાલ તથા પન્નાના કોટી કોટીવાર દંડવત પ્રણામ સહીત જય શ્રી નારાયણ સ્વીકારશોજી.

વિ.વિ. સાથે લખવાનું કે આપ હવે દિવાળીમાં જરૂરથી અમ દાસાનું દાસ ઉપર કૃપા કરીને અમારે ઘેર જરૂરથી પધારશોજી. એવી તમને ઘણા ઘણા હેતથી અને કોટી કોટીવાર દંડવત પ્રણામ સહિત આપને વિનંતી કરૂં છું. આપ આ વખતે અમદાવાદ આવ્યા તે વખતે આપની પધરામણી કરવા મન ઉપડતું હતું પરંતુ, બોલી

શકાયું નહી તો, પ્રભુ આપ હવે જરૂરથી અમદાવાદ આવો ત્યારે અમારે ઘેર પધારશોજી, અને સુખ આપશોજી એવી વિનંતી છે. જેથી અમારામાં ભજન, તમારા પ્રત્યેનો પ્રેમ, અને દૃઢ આશરો વધે, માટે પ્રભુ અમે નવા નવા છીએ તો અમારે ઘેર વારે વારે પધારી અમને કૃતાર્થ કરશોજી. એવી આ દાસનું દાસ તથા ચરણરજ રજનીની વિનંતી છે. તો પ્રભુ ધ્યાનમાં લેશોજી અને પધારશોજી ત્યાં આપની સેવામાં હાજર એવા હરિભક્તોને અમારા જય શ્રી નારાયણ. અમારા સરખુ કામકાજ લખશોજી. એજ આપનો દર્શનાભિલાસી તથા આપની ચરણરજ તથા દાસનું દાસ રજનીના કોટી કોટીવાર દંડવત પ્રણામ તથા જય શ્રી નારાયણ...

જવાબ :- પાપડ પોત્યા છે. બીજુ આવવાની વાત તો દિવાળી ઉપર રજાઓ છે વળી ઘેર આવવાનો ઉતર જે જેવો જોગ અને બહાર નીકળાય નહી કારણકે એકને ત્યાં જઈએ તો બીજા કહે મારે ત્યાં એમ થાય. માટે જે સમે જે બને તેમાં સારૂં લી.નારાયણ. જય શ્રી પુરૂષોત્તમ.(પાપડ લસણવાળા છે.)

**શ્રી પ્ર.પુ.** **તા.૧૩-૨-૪૧**

સરસપુરનો પત્ર પોત્યો બબુએ લખ્યું જે સરનામાં લખીશું તે વાત જાણી ડાહ્યાભાઈ આદિક સર્વેનો પત્ર પોત્યો ખોડાભાઈની વાત જાણી બરાબર છે. હાલમાં લીલામાં તો મોટા મુકામમાં એક જગાએથી બીજી જગાએ કામ ચાલે ને ત્રીજી જગાએ ચાલે જેમ તમારી મીલમાં કડીયા સુથાર ચાલુ છે. દરેક મીસ્ત્રી હોય છે. તેમ મારે પણ લાંબી જગાએ એમ ચાલે છે. જેમ લાંબા વસ્તાર વાળાને એક મરે એક પરણે, એક ભણે, એક રડે, વિગેર ચાલ્યાજ કરે છે. તેમ મારે ચાલ્યાજ કરે છે. એમાં હું શું લખું અમારે તો જેમ તમારે મીલનો ધંધો ને નવરાશ ના આવે તેમ મારે છે. લાબી

જગાએ એમજ થાય છે. વિસેસમાં એટલુંજ હાલ છે. પત્ર પોત્યાનો ઉતર લખવા કવર મોકલ્યું છે. લી.નારાયણ...

**શ્રી પ્ર.પુ. તા.૨૮-૪-૪૧**

સરસપુરનો પત્ર પોત્યો સરવે બીના જાણી બીજુ લખ્યું કે તપાસ કરીને લખીશ પણ તેના ઉતરમાં જે હાલ તપાસ કરવા કોઈ જગાએ જવું સારૂ નથી, પોતાનું ઘરને પોતાનું કામ બીજી તપાસ હાલ કાળ ભૂંડો ચાલે છે. માટે જવું સારૂં નહીં. તેમજ મને જીણાભાઈએ ત્રણ કાગળ લખીને જણાવ્યું છે. તેમજ વલ્લવભાઈએ બે કવર લખ્યાં હતાં. ને વળી ટપાલ ચાલુજ છે તે ટપાલથી હકીકત દરરોજ મને મળે છે. માટે કોઈ પ્રકારની હકીકત હાલ જાણવા જેવુ નથી. કદી બહુ ભાવ થાય તો ટપાલ મારગે સારૂ તે કાંઈ ચીંતા જ નહી. "હસે ગમતુ ગોવિંદનું થાશે, બીજા ડાહ્યાનું ડહાપણ જશે." માટે આનંદથી ભજન કરવું. હાલ તપાસ કરવા જવાની જરૂર નથી એજ લી.નારાયણમુની. પત્ર પોત્યાનો ઉતર લખવા કવર મોકલ્યું છે.

**શ્રી પ્ર.પુ. તા. ૧૬-૭-૪૧**

સરસપુરથી લખેલો પત્ર સોળમીએ મળ્યો. મોડો મળવાનું કારણ નડીયાદ મહેમદાવાદ પાસે રેલ્વે ધોવાઈ ગઈ છે. જેથી ટપાલ ગાડી વીગેરે વહેવાર બંધ છે. અમદાવાદ આવવાનું જ્યારે થશે ત્યારે આવીશું તે વખતે જેવો જોગ કારણકે વરસાદના દીવસો છે. જેથી જેવો સમો તેવું અવાય માટે તે વખતે જેવો સવડ. બીજું હાલ મજુરો ચાલે છે. કારણકે વરસાદને લીધે કેટલોક વંઢાનો તુટી ગયેલો તેને દુરસ્ત કેતાં કુતરાં માણસ પેસે નહી તેવું કરવું પડે તેમાં છીએ બીજુ વર્તમાનની વાત જાણી. ઘરનાં માણસ આનંદમાં છે એટલે ઠીક પોતાને સુખ પડે તેમ કરવું. કારણકે

વહેવાર અંગે મજુરી તેને અંગ આહાર છે માટે વાત સમજ્યા તે સારૂં થયું. બીજુ બબુભાઈની કાપલી શાંતીની પોતી શાન્તી ભજનમાં છે "સુરપુર નરપુર નાગપુર તીનુમે સુખ નહી, કાં હરી ચરણમાં કાં સંતનકી મહીં." માટે સંતમાં ભજનથી સુખ શાંન્તી છે એમ કેજો. પત્ર પોત્યાનો ઉતર લખવા કવર મુક્યું છે. લી.નારાયણ...

**શ્રી પ્ર.પુ.** **તા.૨૬-૭-૪૧**

સરસપુરનો પત્ર તથા કવર પોત્યું પણ મેં તા.૧૬-૭-૪૧ નું જે લખેલું તે પાછુ આવ્યું નહી તે તમને પોત્યું કે નહી કારણકે, મારા હાથનું સરનામું પાછુ આવ્યું નહી. બીજુ અમદાવાદ મુર્તિ માટે આવવાનું હવે નજીક છે. મંગળ કે બુધ કે ગુરૂએ આવવાનું અદબદ છે. જેથી તમને વલ્લવભાઈ કાર્ડ લખશે જે આ વારે આવવાના છે માટે હવે નજીક છે. બે ત્રણ દિવસ રહેવાનું કહે છે. એમ આજ તમારી જોડેજ પત્ર હતો. તેમને મેં લખ્યું છે. જે મને જે વાર લખો તે વાર સરસપુર કાર્ડ લખશો. જેથી તેમને તપાસ કરતાં જતાં આવતાં મોટર ભાડુ કોઈને થાય નહીં. એવું લખ્યું છે. ને કાર્ડ પણ તમારૂં સરનામુ કરીને મોકલ્યું છે. હવે પાછો ઉતર માગવા કવર મુક્યું નથી. કારણકે હવે નજીક ભેગું થવાનું થયું છે. માટે કવર મુક્યું નથી. એજ ત્યાં સરવે ભક્ત મંડળને મારા જય શ્રી પુરૂષોત્તમ છે. લી.નારાયણ બબુને ખબર કરજો.

**શ્રી પ્ર.પુ.** **તા.૫-૩-૪૨**

પત્ર સરસપુરનો પોત્યો ઉતર જે અહીં સરવે ખુશીમાં છીએ તમો પણ પ્રભુ કૃપાથી ખુશીમાં છો તે વાત જાણી દેસકાળ ભૂંડાને લીધે જરા અશાંન્તી રહે પણ પ્રભુ આનંદમય છે, તેથી આનંદ

રહે છે. માટે પ્રભુને સંભારવા એજ હાલ કાંઇ અહીં નવા જુની નથી. હાલ બેઠા બેઠ ખાઇ પીને પ્રભુ સંભારીએ છીએ ત્યાં સરવેને જય શ્રી પુરૂષોત્તમ કેજો સેજ મળે તેને કેવું કહેવા જવું નહી. એજ લી.નારાયણ કવર મુક્યું છે. તા.૨૫નો મળ્યો તે કાંઇક જોતાં હશે ગે. રખડતો આવ્યો હશે એજ.

**શ્રી પ્ર.પુ. તા.૨૭-૩-૪૨**

હું શનીવારે જીણાભાઇને ત્યાં બપોરનાં અગીયાર વાગે સ્ટેશનથી ઉતરીને મંદીરે જઇશ પછી ત્યાંથી બે કલાક રહીને મીરોલી જવાનો છું પછી રવિવારે બપોરે શાહપુર જઇશ પછી સાંજના ટાઇમે જ્યાં જવાય ત્યાં ખરૂં. એજ લી.નારાયણ..

**શ્રી પ્ર.પુ. ૧૯-૫-૪૨**

સરસપુરથી પત્ર ડાહ્યાભાઇનો આવ્યો કવર પોત્યું ઉતર જે સરસપુરને રાયપુર બે દિવસની માગણી કરી તેનો ઉતર જે હાલ પુરૂષોત્તમ માસ છે. જેથી હરીભગત જતા આવતા છે. ને હાલ ત્રીસ મુર્તિ જમવામાં થાય છે. બે જાય છે ને આઠ આવે છે ચાર જાય છે ને બે આવે છે હાલ તો એવી રીતે ચાલે છે. માટે હાલ કાંઇ જવાય નહી. આગળ ઉપર જે થાય તે ખરૂં બીજુ ભીખાભાઇ ભાદરણમાં નથી. તેમજ સરસપુરનું કોઇ પણ નથી. ગોવિંદભાઇ તેમજ બેચરભાઇ ને માસીબા એટલાં છે. તે પણ એક બે દિવસમાં આવશે કેતાં અમદાવાદ જવાનું કહે છે. એજ હાલ બીજુ કાંઇ નવા જુની નથી. લી.નારાયણ.

**શ્રી પ્ર.પુ. તા.૨૩-૨-૪૩**

બબુભાઇનો તેમજ ચંચળનો તેમજ સરસપુરનો પત્ર પોત્યો કવર પોત્યું ઉતર જે જીણાભાઇને ત્યાંથી લાવ્યા તે વાત જાણી હે ચંચળ વેલી ચંચળાઇ આવી હોત તો સારૂં, જે સરવે મનોરથ પુરા

થાત. તમારી નાની બેન પરણી ઉઠી પછી કહો જે બેન તું શી રીતે પરણી દેખાડે. એવું થયું માટે આનંદમાં પ્રભુ સંભારો. બીજુ ખોડાભાઈનો ઉતર જે કામ ક્રોધાદિ દોસો નથી પણ છે એમ દેખાય છે તે જીવના રૂડા માટે છે. દેખાય છે. જેથી અભિમાન ચઢી ના જાય ને ભાગવતમાં એકાદસમાં પંદરમા અધ્યાયમાં છે. જે વિસયમાં અનાશક્તિ તે રૂપ સિધ્ધી છે. માટે થોડા થોડા દોસો જણાય તો છકી ના જવાય. જેમ જુની ડાંગર ઉપર છોડું દેખાય છે. પણ તે વાવે તો ઉગે નહી તેમ દેખાય છે. પણ બાધ ના કરે માટે આનંદમાં રહેવું ને પ્રભુ સંભારવા હાલ મીલો બંધ થઈ તેથી ભીખાભાઈ એકલા ભાદરણ આવ્યા છે. ડાહ્યાભાઈ બાકરોલ સૈયારી જમીનના કામે ગયા છે. ખોડાભાઈ સરસપુર છે, એમ ભીખાભાઈ કહેતા હતા કે છે કે આઠ દિવસ રાહ જોઈશું એજ હાલ મણી એમના ભાઈને પરણાવવા કાઠીયાવાડ ગયાં છે. કોટ તથા ખમીશ તમારે ત્યાં લાવજો તે જોઇ જોઇ થાય કદાચ જરા ફારફેર થશે તો વાંધો નથી. ક્યાં પરણવા જવું છે. તે ખોટું દેખાવાનું છે. એજ લ્યો સરવેને જય શ્રી પુરૂષોત્તમ છે. લી.નારાયણ. પત્ર પોત્યાનો ઉતર લખવા કવર મુક્યું છે. તે ઉતર લખજો.

**શ્રી પ્ર.પુ.** **તા.૭-૫-૪૧**

સરસપુરના સ્નેહીઓનો પત્ર પોત્યાનો કવર પણ પોત્યું સરવે ભક્તોના પત્રો વાંચ્યા. બીના જાણી હાલ ખેતરમાં જ્યાં પ્રભુનો અગ્ની સંસ્કાર કર્યો ત્યાં ઓટલો કરવાનું કામ ચાલે છે. તેમાં જરા ભળવું પડે છે. વળી હવે તા.૧૫-૫-૪૧ નજીક આવી માટે થોડી થોડી સોઇ કરવી પડશે બધા ભેગા થાય તેટલો સામાન કરવો પડે બીજુ માયાતો કેટલીક સુખરૂપ છે ને કેટલીક દુઃખરૂપ

છે તેમ તે દુઃખરૂપ માયા પણ સુખરૂપ થાય છે. જેમ મરચુ દુઃખદાયક છે. પણ જરા ગળે ઉતારવા વધારે ખાવા તીખું ખાય છે. તેમજ અફીણ કડવું મોંઘુ ખાય છે. ને ના મળે તો પગ ઢીલા થાય ને દુઃખ થાય છે. પણ વછુટતું નથી. કેટલાક ઉદરસ ઉપર ખાય, કેટલાક સરમે ખાય તે દુઃખ છે પણ તે રૂપ માયા રાખે છે. તેમ જેજે માયા છે. તે દુઃખરૂપ છે. પણ તે સુખરૂપ જેવી છે જુઓ સંસાર સરવે દુઃખરૂપ છે, છતાં સ્ત્રી છોકરાં ઘરબાર વિગેરે સુખરૂપ છે કારણકે જ્યારે તે ના હોય ત્યારે તેને મેળવવા માટે હાય વલોરા કર્યા કરે જે મને દુઃખી માને બૈરી ના હોય તો ઉપાય કરે કમાઇ કમાઇને પછી તે છેવટે લાવે તેને છોકરાં ના હોય તો ગમે તેમ પુરૂષ પ્રયત્ન કરે. છોકરાં માંદા થાય તો મરવા જેવો થાય માટે જો ના હોય તો તેમાં વાસના રહે ને હોય તો તેથી ઉદાસ રહે તો વૈરાગ્ય થાય એટલે તે દરેક બાબતની આશા તૃષ્ણા મટી જાય ને નીરવાસનીક થઇ ભગવાન ભજે ને છેવટે મુક્તિ થાય કારણકે જેમાં વાસના રહે તેથી તે ઉદાસ છે માટે તેમાંથી દુઃખને માર્યે વૃત્તિ ઉઠી જાય ને સુખદાયક પ્રભુ માન્યા છે તે, છેવટે તેમાં (ભગવાનમાં) વૃત્તિ રહે ને મુક્તિ થાય માટે એજ ઉતર. પ્રથમના-રમાં છે. ઉદાસ થકો ભોગવે તે બંધન નથી, માટે પ્રભુ જેવો જે ઘડીએ જોગ આપે તેવો ભોગવી વૃત્તિ પ્રભુમાં જોડવી. એજ લી.નારાયણ...

## શ્રી પ્રગટ પુરૂષોત્તમ નમો નમઃ

ભાદરણ તા. ૨૧-૪-૩૮

પરમ ભક્ત પુંજાભાઇ

અહિં સર્વે ખુશીમાં છીએ

બીજુ લીલાની વાત જે તા ૨૦-૪-૩૮ ને રોજ સાંજના પહોરે

મહારાજ બહાર ઓટલા ઉપર પતરાં મઢયાં છે. ત્યાં સભા કરીને બેઠા પછી બોલ્યાં કે ભાઇ જગન્નાથપુરી પણ અહિંયાં છે. નોટમાં લખેલ છે તેથી તપાસ કરી નથી. જગન્નાથપુરીમાં મથુરામાં થયાં સ્વામિનારાયણ ગઢડામાં થયાં પરંતુ જગન્નાથપુરીમાં એવો રિવાજ કરેલો તે જેના ભક્તોની એવો પ્રભાવ છે કે તે જગન્નાથ રાધેલુ બ્રાહ્મણ પણ ખાય છે. જગન્નાથપુરીમાં હાલતો સાપ ગયાને લિસોટા રહ્યા એવું છે તે ભગવાને પરોક્ષમાં નકલ કરી છે પણ સાચી જગન્નાથપુરી તો અહીંજ છે. કારણકે આ પ્રત્યક્ષ છે જેના ભક્તાનો એવો પ્રભાવ છે તો કદાચ કાંઇ ભેળસેળ જરા થઇ જાય માટે નહિ તો રસોડા તો બ્રાહ્મણ પાટીદારના.

કેટલાક કવર પહોંચતા નથી માટે તમારો કાગળ ગરૂવારે મળ્યો છે ને શુક્રવારે તમને પહોંચે ને શનિવારે ટપાલ અમદાવાદથી ભાદરણ દસ અગિયાર વાગે આવે છે ને બપોરે કેડે ત્રણ વાગે શનિવારે નિકળવાનું છે પ્રભુને ભાદરણથી, માટે શનિવારે બપોરે કાગળનો વળતો ઉત્તર પ્રભુને મળશે. માટે વળતી ટપાલે કાગળ પહોંચ્યાનો ઉત્તર લખવો તથા પ્રભુ ભાદરણથી તા. ૨૧-૧૦-૩૮ ને રોજ શનિવારે સાંજે અમદાવાદને સ્ટેશને ઉતરશે ને ભાદરણથી શનિવારે બપોરે કેડે પ્રભુ ભાદરણ બેસશે રેલગાડીમાં તે અમદાવાદ સાંજે શનિવારે આવશે એમ સમજ્યા છીએ તેનો ઉત્તર લખવા એક આનાનુ કવર મુક્યું છે તે, વળતી ટપાલે ઉત્તર લખજો.

અમદાવાદ આદિક કોઇ ગામ ભાવિક જનને લખ્યું નથી તે જણાવ્યું નથી કેમકે છાના આવવાનું લખ્યું છે માટે કોઇને જણાવ્યું નથી છાના આવીશું.

શ્રી પુરૂષોત્તમ મહારાજ

ભાદરણથી તા.-૨૧-૧૦-૩૯ ને રોજ ભાદરણથી પુરૂષોત્તમ મહારાજને અમદાવાદ તેડાવાનું પુંજાભાઈએ લખ્યું હતું તેનો ઉત્તર પુરૂષોત્તમે અમદાવાદ લખ્યો હતો. વળી તા. ૨૧-૧૦-૩૯ ને રોજ પુરૂષોત્તમ મહારાજ ભાદરણ બપોરે કેડે પોણા ત્રણની ગાડીમાં બેસી અમદાવાદ આવશે એમ લખ્યું હતું ને પહોચ્યાનો ઉત્તરે મંગાવવા એક આનાનું કવર મુક્યું હતું પણ, ફરી તા.૧૯ નો લખેલો કાગળ અમદાવાદથી તે તો તા. ૨૦-૧૦-૩૯ ની બપોરે પુંજાભાઈનો બીજો કાગળ આવ્યો તેમાં લખ્યું છે અમદાવાદ પુરૂષોત્તમ મહારાજને તેડવા નથી. માટે પુરૂષોત્તમ મહારાજ અમદાવાદ આવે નહિ. કેમકે બાઈ બહુ માંદી છે એટલે પુરૂષોત્તમ મહારાજ અમદાવાદ નહિ આવે કેમકે બાઈ બહુ માંદી છે એટલે પુરૂષોત્તમ મહારાજ અમદાવાદ નહિ આવે. ભાદરણથી પુરૂષોત્તમ મહારાજે અમદાવાદ આવવાનું લખ્યું હતુ પણ, ફરી કાગળ આવ્યો કે પુરૂષોત્તમ મહારાજને અમદાવાદ તેડાવવાનું બંધ રાખ્યું છે માટે પુરૂષોત્તમ મહારાજ અમદાવાદ નહિ આવે. કાગળ પહોંચ્યાનો તથા સમજ્યાનો ઉત્તર લખવા એક આનાનું કવર મુકયું છે તે, કાગળ પહોંચ્યાને ઉત્તર લખજો ને પુરૂષોત્તમ મહારાજ અમદાવાદ નહિ આવે એ વાત પણ, કામ કરતા નથી તેથી મગ ચોખાની ખીચડીને દૂધનો શીરો જમે છે તે આવતી કાલે દૂધનો શીરો જમી પ્રસાદી મોકલશો તે પ્રસાદી તથા કાગળ પહોંચ્યાનો ઉત્તર લખવા એક આનાનું કવર મુક્યું છે.

દસ્તક પ્રભુના છે

તા. ૧૯ - ૧૦ - ૩૯

પુંજાભાઈનો પત્ર પહોંચ્યો ઉત્તર જે સંવત ૧૯૯૫ ના આસો સુદી નોમ તા ૨૧-૧૦-૩૯ ને શનિવારે જે ગાડી ભાદરણથી

ત્રણ વાગે ઉપડે છે તેમાં બેસી અમદાવાદને સ્ટેશને સાંજે સાત - આઠ વાગ્યાની અંદર પ્રભુ અમદાવાદને સ્ટેશને આવશે માટે તા. ૨૧-૧૦-૩૯ ને શનિવારે સાંજે અમદાવાદને સ્ટેશને કોઇ એક માણસ મોકલજો પ્રભુને તેડવા, બીજુ શનિવારની રાત રહી તા. ૨૨ ને રવિવારે સાંજના ચાર વાગ્યા પછી જે ગાડી અમદાવાદની, ભાદરણને સ્ટેશને સાંજે ઉતારે એવી રીતે અમદાવાદથી બપોરે કેડે નીકળી રવિવારે તા. ૨૨-૧૦-૩૯ ને રવિવારે બપોર પછી પ્રભુ જમી ભાદરણ રાત રહેશે. કમુબેનને તેડતાં આવીશું કેમકે, પ્રભુનું શરીર નરમ છે. તેથી એક માણસ તો જોઇએજ માટે કમુબેનને તેડતાં આવીશું ટેલીફોનની આગળ જે ઘડિયાળ છે તે, થર્ડ કલાસના ઝાંપેથી અમે બહાર નીકળીશુ માટે ઝાંપા આગળ ઉભા રહેજો.

ભક્તનું વ.૧૯ નું વંચાવ્યું પછી સેવાની વાત ગુરૂને પૈસાને જણસો વગેરે આપો તો તે સેવા નહિ. એમ કહી સ્થિર સરખા અડતાં નથી. તે વાંચી વાત કરી, જેટલી સંભાર્યામાં ખોટ એટલું ભક્તને દુઃખ પડે.

બાયડી પરણે છે તે તેનો ધણી રક્ષા કરે છે તો ભગવાનને ધણી કર્યા તો કેમ રક્ષા નહિ કરે એમ નિશ્ચિત રહેવું તે ઉપર, છેલ્લાનું ૨૮ તથા ૧૩ નું વંચાવી વાત કરી જે માથું દાબવું પડે, ખાવા આપી આવવું પડે, ના માને તો નાથુભાઇની સાક્ષી પુરાવી મારીને પાંસરો કરવા કરવો પડે.

અમદાવાદ

પૂંજાભાઇ

ભાદરણથી પત્ર પહોંચ્યો પરમ સ્નેહી પુરૂષોત્તમના ભાઇબંધ બારેજાવાળા અમદાવાદ રહે છે પૂંજાભાઇ સોમાભાઇએ પ્રભુ

પ્રસન્નતાને અર્થે રૂપિયા દસ મોકલ્યા તે પ્રભુને પહોંચ્યા છે. તા. ૧૧-૭-૩૯ના રોજ તે પ્રભુ તા ૧૨મી એ જમી પ્રસાદી મોકલશે. પ્રભુને દાંત છે. હાલ કાંઇ સેજ સાજ કામ મજુર પાસે કરાવીએ છીએ...લી. નારાયણ

બીજુ ભક્તિ સંબધી વાતમાં તો જુઓને તમે સરકારના નોકર થયા છો તેથી બીજા કોઇની નોકરી કરવા જવાતુ નથી કહેતાં ખસાયજ નહિ, તેમ તમે પ્રભુના ભક્ત થયા તે પ્રગટ પ્રભુની ભક્તિ સિવાય બીજી થતીજ નથી, કંઇ કોઇ બીજામાં મન માનતુ જ નથી, તેમ મન પણ બીજે જતું જ નથી, કહેતાં ફલાણાં દેવનો હું સાધુ એવું મન થતુ જ નથી, કહેતા તેમાં વખત ગાળતા નથી, તો પ્રભુના ભક્ત છો ને ભક્ત છે તો ભક્તિ થાય છે જ એમાં કાંઇ શંકા છે જ નહિ જેમ તમે નોકર થયા નોકરી કરો છો ને દેહનો ઉદ્યમ કરો કહેતાં દિવસે નોકરી કરો છો ને બીજે મન કલ્યાણની બાબતમાં જતુ નથી, માટે ભક્ત છો નોકરનાં દ્રષ્ટાંતથી સમજવું ઘરનો ઉદ્યમ કરો છો છતાં સરકાર માને છેકે મારો નોકર છે. ને તમે માનો છો કે હું સરકારની નોકરી કરૂં છું. ઘરનો ઉદ્યમ કરો છો છતાં તમે નોકર છું. પરતંત્ર છું કેમ ખસાય એમ માનો છો ને સરકાર તમારા ઉપર હક્ક રાખે છે જે મારો નોકર છે, કેમ રજા સિવાય જાય તેમ ભક્ત છો તો તમારે નોકરનાં દષ્ટાંતેથી માનવું જે ભક્ત છું તે સરકાર માને છે જે મારો નોકર છે. તેમ તમે બીજે નોકરી કરતાં નથી બીજા દેવ-દેવલાંની તો ભગવાન પણ તમને ભક્ત જાણે છે. સરકાર તમોને નોકર મારો જાણીને મન ભગવાન ભક્ત (ભક્ત) મારો છે. એમ જાણે છે. તો હે ભાઇ, જગતમાં તમો જાણો છો ને તમને સરકાર નોકર જાણે છે તો- શું તમારા - જેટલી ને - સરકાર ના જેટલી, ભગવાનમાં

સમજણ નહિં. હોય ખરીકે ? શું ઓહો આતો સરકાર અને - પૂંજાભાઈના કરતાં ભગવાનની સમજણ ઓછી થઈ કારણકે પૂંજાભાઈ એમ માને છે જે હું નોકર છું. સરકારનો ને વળી બૈરા છોકરાં ભેગાં રહે છે ને માને છે જે હું નોકર છું તે વિચાર પૂંજાભાઈનો ખરો ને સરકાર એમ માને છે જે બૈરાં છોકરાંમાં સોળ કલાક પૂંજાભાઈ રહે છે તે મારો નોકર માને છે એમ સરકાર માને છે. તે પુંજાભાઈ આવા વિચાર સાચા માને છે ને ભગવાન નથી. એ તે શું પૂંજાભાઈને માનવું - ઘટિત છે, કે શું અરે અરે આવું ગાંડપણ પૂંજાભાઈએ હજુ ઘાલી મૂક્યું છે ? પ્રભુએ તો કાંઈ એવું ગાંડપણ રાખી મુક્યું નથી. પણ પૂંજાભાઈએ એમ માન્યું હશે જે પ્રભુમાં આટલું ગાંડપણ હશે, તે જણાવ્યું જે તમે મને કહેતાં પૂંજાભાઈને ભક્ત માનજો ને ભક્તિ આપજો તે ભગવાનને જણાવ્યું તે ઠીક થયું તો પ્રભુની ખોટ નીકળશે ખરી, જેથી પ્રભુ હવેથી પૂંજાભાઈને ભક્ત માનશે ને ભક્તિ આપશે. અને હવે પૂંજાભાઈની માગણી થઈ આતો વલ્લભભાઈની ગાદી ઉત્તર બાજુ તરફ, નરનારાયણ તરફ તે એમનું કામ કર્યાં જાય ને પૂંજાભાઈ ની ગાદી વચ્ચે દક્ષિણ તરફ તે, ભગવાન ભગવાન ભક્ત ભક્ત ભક્તિ ભક્તિ થયા જાય છે તે લખાઈ ગયું છે હશે હે ભાઈ મધ્યના ૪૫ માં છે જે તમે મારા કેવાણા એટલે બધુ ભગવાનને માથે છે હવે તમારે શું, જેને પડી હશે તે સાચવશે. તેની તમારે શી ચિંતા જેમ તે કરે તે ખરૂં, હે ભાઈ પૂંજાભાઈ અને સરકારની બુધ્ધી કરતાં પ્રભુની કંઈક વધારે હશે, હશે , હશે, અને હશે ખરી, માટે આનંદમાં રહેવું આટલી પૂંજાભાઈને ચીંતા થઈ તેનું (નામ ભક્તિ કહે છે, માનવું હોય તો માનજો નહિતો જેમ સરકાર માને છે મારો નોકર તેમ ભગવાન તો માનશે એમાં

કાંઇ પૂંજાભાઇનું ચાલવાનું નથી ને લાકડું સુથારને ઘેર પડ્યું તે સુથાર ને હાથ ઘાટ ઘડવાનો છે, તેમ પૂંજાભાઇ પ્રભુને હાથ આવ્યા તે ભમરાની પેઠે ચુકર કેરો કર હવે બીજે મન કોઇ જગ્યાએ માનવાનું નથી કહેતાં સુથાર કોઈ બીજો થવાનો નથી. જેથી પૂંજાભાઇ રૂપી લાકડાનો ઘાટ ફાચરા થવાનો છે એમ માનવું તે ખોટું છે એતો જેમ કરવું હશે તેમ કરશે છોકરૂં ચે-ચું કરે છે પણ મા-બાપ ને ખુશી પડે તેમ કરે છે કહેતાં છોકરાંને સુખ થાય તેમ જ કરે પણ છોકરાને તો મા-બાપ દુઃખ કરે છે એમ મનાય છે પણ મા-બાપને
દુઃખ દેવાનું તાંન નથી, એતો અણસમજણથી થાય છે.

ગીરજાને ત્યાં જવા નિકળ્યાં છે તે હવે જ્યાં જાય ત્યાં ખરા. હવે એ વાતની તપાસ કરવાની જરૂર નથી, વાતાવરણમાં આવે છે કે ઘર ભાડે રાખી અમદાવાદ રહેવા જવું છે એમ ફળિયામાંથી વાત આવી હતી, હવે બસ આતો સહેજ લખ્યું છે.

એજ લી. નારાયણ

શ્રી પ્રગટ પુરૂષોત્તમ,

તા. ૧૯ - ૪ - ૩૮

અહિં સરવે ખુશીમાં છીએ
તમો અમો છૂટ્યા પડ્યા પછી, મહારાજ નાહ્યા સેવા પૂંજા કરી, જાંજરાંના બોરા બાંધવા ગયાં તે બાર વાગે ઘરમાં આવ્યા પછી, ગાડી તથા મોટરમાં આવેલાં તેમની સાથે વાતો ચીતો કરી ને, પછી પૂંજા કરે છે ત્યાં બેઠા ને સભા થઇ પછી વાતો વાતમાં પાંચ પ્રકારની વાત કરી જે, ચાર પ્રકાર તો પૂરો થયો ને પાચમાં તો ખાદ્યાનું મન દોડે નહિ. વિગેરે લક્ષણ તથા શુક્રાચાર્ય સરવે વ્યાપક શક્તિ ખરી પણ, બ્રહ્મરૂપ થયેલા નહિ ને, વ્યાપવાની શક્તિ

ખરી પણ, સર્વત્ર વ્યાપી રહેલા નહિ. નહિતો કાંણા થયા ને વ્યાસજી વ્યાપી રહેલા નહિ. વ્યાપીને સુકજી સાદ કર્યો પણ સર્વત્ર રહેલા નહિ. તે ઉપર અનેક વાતો થઇ પછી રાવ સાહેબ કહે જેને જે દુઃખ પડે તે દુઃખ ટાળવાની સત્તા હોય તેને દુઃખ પડે ત્યારે ઉપાય થાય તે પહેલાં ઢેબરાં ચવાતાં નહોતાં પછી, તમારે દાંત પડ્યા ત્યારે મણ તેલનો મોવણ પડવા માંડયું તેમ કલ્યાણની વાતમાં તમને ચિંતા થાય ત્યારે તેનો ઉપાય થાય વગેરે વાત થઇ પછી કહે ભગવાન કહે તેમાં કલ્યાણ,પરસુરામે લોહીમાં નવડાવીને કલ્યાણ કર્યું. મુસલમાનને માંસમાં કલ્યાણ. જૈનને નાહવું નહિ તેમાં કલ્યાણ, તેમ મારે પણ પાણી વપરાઇ ગયું. તેથી નાહવા ની મનાઇ છે એમ કરી જમવા ઉઠાડયા તે, કુવા પર બેસી ગયા. પણ ત્યાં ધખારો વધારે તેથી ત્યાંથી ઉઠાડી સીતાના હોલમાં તથા અગાસીઆમાં ત્યાં પુંજા કરે છે ત્યાં ચાંદીના હીંચકો હીંચકા સુધીમાં બેસાડી, ફક્ત શીરોને છાસ જમાડી ઉઠાડી મુક્યા. તે જમીને આજે કાગળ લખ્યો છે હવે બસ કાલે જે થશે તે ખરૂ.

એજ લી. નારાયણ મુનિ

શ્રી પ્રગટ પુરૂષોત્તમ ભાદરણ વાયા આણંદ

તા. ૨૦-૫-૧૯૪૧

પૂંજાભાઇ નો પત્ર પહોંચ્યો સમસ્ત વાત જાણી બીજુ તમારા અમારા છૂટ્યા પડ્યા પછી જે રસ્તે આવ્યા તેથી બીજે રસ્તે થઇને ગાતાં ગાતાં ઘેર આવ્યાં. એ રસ્તે બાકી રહેલી સાકર વહેંચતા ચાલ્યા, વડતળે મોટો રાસ કર્યો. અડધો કલાક વડતળે મોટો રાસ કરી થાક્યા પછી સીધે રસ્તે ચઢતાં દરવાજામાં ખૂબ કુદયાં, પછી ઝાંપો ઉઘાડી દીધો તેથી ઓટલા ઉપર બધાં આવ્યા ને જે જગ્યાએ ચાર પતરાંનો ચોકો કરેલો છે. તેની પછવાડે ખૂબ રમ્યાં.

પછી રાવરીયાનું ભાડે ઢોલ લીધું ને ખૂબ ઠોક્યું જ્યારે થાક્યા ત્યાર પછી નાહયાં, પછી શીરો શાક બધાંએ ખાધુ ને પછી સૂઇ ગયા ને, અંબાલાલ કવિએ પછી જેટલા હતાં તેમણે કાવ્યો જેઠ અષાઢ ને શ્રાવણ માસની પ્રભુની લીલા ગાઇ, પછી ઢેબરાંનો વખત થયો તેથી બધાં બધાં ઢેબરાં કરવાં ઓટલે ગયાં, ને ત્યાં પણ ખૂબ લીલા ગાઇ પછી તરતજ બેઠેલા તે ઉઠ્યા.

શ્રી પ્રગટ પુરૂષોત્તમ નમો નમ :

શનિવાર

અહિં સરવે ખુશીમાં છીએ બપોર પછી સરવેને લાપસીને કઢી બે વાનાં જમાડ્યાં તાપને લીધે, કમુ સીતાના, હોલમાં તથા અગાસીઆનાં હોલમાં વિગેરે બેસાડીને જમાડી દીધાં. પછી સૌ સૌને બે જગ્યાએ જેને ફાવે ત્યાં જેને ફાવે તેમ વાતો ચલાવી, પછી સાંજ પડી ત્યારે, પાછળ કૂવા ઉપર ઉરામાં સભા કરી, ત્યાં વાત નીકળી તેમાં આ સભામાં સ્ત્રી, પુરૂષ ભેગાં બેસે છે ને વિકાર થતો નથી, તેનું કારણ સાંભળો એમ કહી કમુને કહે, વિષય જીત્યામાં પ્રયાસ નહીં તેનું મધ્યનું ૧૩ વંચાવી વાત કરી ભગવાન નથી નથી એમ કરી, મધ્યનું ૧૩ વંચાવી ને વાત કરી જે કેટલાંક મંડળ ભરાઇને વાતો કરતાં હતાં, ને કેટલાંક સામુ જોઇ રહ્યા છે વિગેરે વાત કરી ( સત્સંગ કરે તેને શુરવીરનું સુળી દુઃખ કાંટે સરે) પ્ર. નું ૭૦ મું વંચાવીને વાત કરી, ભાર છે તમને કોઇ દુઃખ દે મારે માથે છે આતો ગામ સારૂં છે જુઓ શ્રીકૃષ્ણને માર્યા, રાજાએ માર્યા, સમુદ્રને ચંદ્ર ગયા કાચબા માછલાં ખાઇને મરી ગયા, રામ હતા તે ગાંડીયુ કરી કાઢ્યા, સ્વામિનારાયણે સમાધી કરાવી તો ગામે ગામ માર્યા, ત્યારે આતો બહુ સારૂ ગામ છે. પહેલાં ગામે જ્યારે સમાધિના પ્રકરણ જોયા [illegible] તેથી બહુ દબાઇ

ગયુ. સભામાં વાત કર્યા જેવી નથી. મધ્ય.૧૩ કહેવાય કે હું ભગવાન છું તેમ ના કેવાયું, ને કહેતાં અવગુણ આવે તો આગળ વાંચતા જુઓ પોતાના વખાણ કરે છે ( મારે કોઇના ઉપર ભાર નથી )

સંવત ૧૯૯૬ ના શ્રાવણ સુદ આઠમ તા. ૧૧-૮-૪૦ રવિવારે સવારની ગાડીએ ભાદરણથી બેસી પેટલાદ આણંદ થઇ અમદાવાદ પાસે વટવાને સ્ટેશને ભાદરણવાળા પુરૂષોત્તમ મહારાજ ઉતરશે માટે જેને દરશનનો ભાવ હોય તે આવજો ભાવવાળાને ખબર કરજો. વળતી ગાડીએ ભાદરણ જશે. રાત રહેવાના નથી.

- દસ્તક પોતે

દિવાળીબાને શરીરે સારુ છે તે પોતાની મેળે પેશાબ, પાણી ઝાડો કરવા જાય છે ને બે આની પગે વા છે તે પણ દરરોજ ઉતરતો જાય છે ને ઘરનું કામ કરે છે. બીજુ કાગળ પહોંચ્યાનો ઉત્તર લખવા એક આનાનું કવર મુકયું છે તથા પુંજાભાઇ સમજ્યા છે. કે બાઇ બહુ માંદી છે. એટલે પુરૂષોત્તમ મહારાજને તેડવા નથી એમ સમજ્યા છીએ. ભાદરણથી પુરૂષોત્તમ મહારાજ અમદાવાદ તા. ૨૧-૧૦-૩૯ ને રોજ અમદાવાદ આવવાનું હતું પણ બાઇ બહુ માંદી છે માટે બંધ રાખ્યું છે

દા. પોતે

બજારેથી પેપર લાવી વાંચ્યું. તે પેપર ચી.મનુ જઇને લઇ આવ્યો તે વાત વાંચી, પછી તે વાત પર પ્રભુએ કાઢી લીધી દેહ વાળ્યુ વગેરે વગેર વાત ચાલી એમ કરી વખત પસાર થયોને અઢી વાગતા આ પત્ર પુરો થયો. જેથી હવે ગોવિંદજી, ને મહારાજ નાંખવા જશે, બચુની ચોપડીઓ લેતા આવીશું. પત્ર પોત્યાનો

(પહોંચ્યાનો ) ઉત્તર લખવા કવર મૂક્યું છે.

તા. ક. આજે ગોકળભાઇ નું તમામ ઘર

વલ્લભભાઇ તેમજ હરમાનદાસના ચંચળ તેમજ પાડોશી (દિવાળીબા કમુબેન, સીતા) ( દિ. ક. સી.)

મહારાજ કહે સમૈયા પછી છ દિવસ જેને રહેવું હશે તેની દિવાળીબા સારવાર કરશે. પાંચ દિવસ સુધી હું બંધાયેલો છું. ત્યારે સુરજકાકી કે મહારાજ મુનિ મહારાજ, દિવાળીબા, કમુ, સીતા બધાને આવવાનું, ત્યારે મહારાજ કહે તે તો તેમની મરજી તેમને આવવું હોય તો આવે, ના આવવું હોયતો નહિ, ત્યારે સૂરજકાકી કહે મહારાજ દિવાળીબા કહે છે ને મહારાજ કહેશે તો આવીશું ત્યારે મહારાજ કહે ભાડુ બધાનું તમારે આપવુ પડશે હો, ત્યારે સૂરજકાકી (ધગટવાળા) કહે સારૂ મહારાજ બધાનું ભાડુ આપીશ. પછી મહારાજ કહે ખાવા પણ આપવું પડશે, ત્યારે સૂરજકાકી કહે સારૂ સારૂ મહારાજ, ખાવાનું ભાડુ બધાયનું આપીશું, વિગેરે વાતચિત રાત્રે ૧૧-૪૫ સુધી થઇ પછી મહારાજ કહે હવે ઊંઘ આવે છે. આખા દિવસ ઊંઘવાનું મળ્યું નથી માટે ચાલો સૂઇ જઇએ. એમ કહી સભા બરખાસ્ત કરી એક બાજુ બાઇઓને સુવાડી અને એક બાજુ ભાઇઓને સુવાડ્યા, અને વચ્ચે મહારાજ પોતે સૂતાં

તા. ૨૧-૪-૩૮ ના રોજની બપોર સુધીની લીલા તો ગોકળભાઇએ લખી છે. આવતી કાલે બીજી લીલા લખીશું.

બસ. એજ લી. કમુ.

શનિવાર તા. ૧૮-૯-૩૭

પત્ર પોત્યો પૂંજાભાઇ એ લખ્યું જે ગંજીફરાકમાં ખામી શું તો તે તમે લખ્યું જે ભૂલથી ટુંકી બાંયો થઇ, તેને બીજી ખામી

કોલર અડધો કર્યો તે આખો જોઈએ (કોલર) એટલી જ ભૂલ થઇ.

હે ભાઇ પૂંજાભાઇ, સાંભળો જે દુનિયામાં યુગ બદલાય છે તે દેહરૂપી દેસમાં ગુણ બદલાય છે. તે કયા તો રજ, તમ તેમાં જે જે ગુણ વરતે તે તે ગુણ પ્રમાણે વિચાર થયો છે. ગંજી ફરાકમાંજ નથી કારણકે હાલ શરીરમાં ગરમઇ છે તે, જ્યારે ઠંડક આવશે ત્યારે વિચાર થશે તો લખીશું. અગર જાતે જ્યારે ભેગા થઇશું ત્યારે કેવાશે જે આમ આવી રીતે મટી ગયું છે. કોઇનું મન હાલ નથી (માસ્તર વગેરેનું) માટે ગંજી ફરાક હાલ કરાવવું તે વિચાર બંધ રાખ્યો છે. માટે તે ગંજી ફરાકનો વિચાર તમે પણ કાઢી નાંખજો. એજ હાલ વિચાર છે છોકરુ માને છે ને દુઃખી થાય છે તેવી રીતે તો પૂંજાભાઇએ માગ્યું પણ જેમ મા-બાપ ને બુધ્ધી હશે તેમ કરશે બસ હવે ગંજી ફરાકનો વિચાર બંધ થયો છે. જ્યારે ઉપડશે ત્યારે લખીશું તમે પણ માંડી વાળજો, આ કાગળ પૂંજાભાઇને આપશો.

લી. નારાયણ મુનિની બુધ્ધિ પ્રમાણે લખ્યું છે.<br>
લી. નારાયણ મુનિ સહિ છે. પોતે ના. પુ.<br>
તા. ૧૮ શુક્રવાર દિવસના દોઢ વાગે લખવાનું<br>
લી. નારાયણ

ગંગાકાકીને માલમ થાયકે છઇઆની ચિંતા કરશો નહિ. અહિંયા બધા મઝામાં છે ને કહ્યું કરે છે તમારો સંકલ્પ સિદ્ધ થયો છે બધાએ રાત્રે ખીચડી શાક કઢી ખાધુ પછી રાત્રે બધા સૂઇ ગયા. પણ વચ્ચે વાત રહી જે વલ્લભભાઇએ ખાધુ નહિ. તે જોતાં હું ધંધુકાથી આવ્યો તેવુંજ તેમને થયેલું તેથી, ચારે બાજુએ તમામ વીંટાઇ વળ્યાને ઠંડા પોતાં પાણીનાં મૂકતાં હતાં પછી આરામ

થયો ને કેરીનું કચુંબર વિગેરે ખાધુ ને તે હરતાં ફરતાં થયા, તેવામાં હું સૂઈ ગયો પછી રાતે ઢેબરાં પૈસા ભાતુ પ્રસાદ સાકરનો આપી સવારે વિદાય થયા. પછી દોઢમણ કેરી શાક પુરી ભજીયા બીજાએ કરી નાખ્યા તે જમીને બેઠાને તે તમારો પત્ર વાંચ્યો.

ત્યાર પછી બે કડી " કર પ્રભુ સંઘાથે દૃઢ પ્રીતડી " વળી બે કડી "જાવું છે રે જાવું છે " માની લેરે એમ દરેક કિર્તનની બે બે કડી બોલતાં જાય વગેરે વાતો કરી. પછી ખીચડી ખવડાવવા ઊઠ્યા ખીચડીને લાપસી ને ચણા ને ચાહ એ ચારથી પેટ ભરાયું છે. વળી આજે દાળ વાત કરી તો કરી બપોરે વાત થઈ તથા પંચાણુંનું (૯૫) પહેલું વંચાવ્યું જે સમીપે જેવું સુખ છે તેથી સરવે આઘા આઘા આવો છો વિગેરે વાતો થઈ વળી બપોરે પુંજા કરતાં વિઠ્ઠલદાસે પૂછયું જે, મારે પૂછવું છે વિનંતી કરવી છે. પ્રાર્થના કરવી છે. તેનો ઉત્તર મહારાજે કહ્યું કે, આ પાંચમામાં ઉપર જામીને પૂછવાનો કાયદો નથી પણ, અંતરજામીને પૂછવાનો કાયદો છે એમ કહીને પૂછવાનું મટાડી દીધું. હવે બપોર થયા તે બૈરાંને સૂવાનો ખંડ ઓફિસ જોડે ત્યાં હીંચકા છોડી લઈ, ત્યાં જમવા બધાને બેસાડી દીધા હવે બસ ટપાલ વખત થયો. એજ

લી. નારાયણ હવે કાલે કહીશું

શ્રી પ્રગટ પુરૂષોત્તમ નમો નમઃ તા. ૨૧-૪-૩૮

પરમ સ્નેહી પૂંજાભાઈ,

ગઈ કાલનો પત્ર પહોંચ્યો હશે, પત્ર લખ્યા બાદ બપોરના બધાને જમવા ઊઠાડ્યા તે શીરો જમાડ્યો. જમી રહ્યા પછી પ્રભુએ નવા મંડપમાં કહેતાં ઓટલા ઉપર મુકામ પતરાં ચોઢીને કર્યો છે ત્યાં, ભીંત તરફ અર્ધા મુકામમાં થાળી, વાટકા મુકાવી જમવા માટે આથર પાથરી તૈયાર કરાવ્યું અને, અર્ધા ભાગમાં માદરપાટ

ના આથર પાથરી પથારીઓ કરાવી તે, ગોદડાં પાથરીને ઉપર ચાદરો પથરાવી, ઉશીકા ગોદડે મુકાવ્યા, સૂવા માટે પથારીઓ તૈયાર કરાવી તેમ કરતાં દિવસ આથમવા આવ્યો પછી દિવા કરાવી નવા મુકામમાં બાઇ ભાઇ સર્વેને જમવા બેસાડ્યા. જમી રહ્યા પછી જમવા બેઠા હતા તે જગા સાફ કરાવી તે ભાગમાં બાકી રહેલી પથારીઓ પુરી કરાવી અને પ્રભુ સભા કરીને બેઠા. તેમાં મણિકાકાએ બારેજા જવાની વાત કરી તે પ્રભુએ સાંભળીને છેવટે રવિવારે આવીશ તેમ કહ્યું. સમૈયો વેરાય તે દિવસે બીજી વાત કરી જે પાંચમા પ્રકારના નિશ્ચયમાં લીલા ન થાય, તેમ કરતાં વળી ભક્તોની માગણી જોઇ હા પાડી તે, સાંજના એક વાત કહેવી રહી ગઇ તે એક સાચા ભગવાન અને કરકટીઆ ભગવાનની ઓળખાણ પડાવી પ્રભુતો સદા બાળ બ્રહ્મચારી છે (વ. પ્ર. ૭૩) કરકટીઆ ભગવાન ચીમનને વાત કરી પછી રાત્રે બાર વાગતા બધાએ આરામ લીધો. સવારમાં વહેલા પ્રભુએ ઊઠીને છ વાગે નાહીને આરતી પુંજા કરવા બેઠાં તે થઇ રહેતાં શ્રી દિવાળીબાને પ્રભુએ કહ્યું કે આજે મજુરો આવવાના છે તે હું દેખરેખ રાખીશ અને તમે, તમામ હરિભક્તોને નિત્ય નિયમ મુજબ ચા તથા નાસ્તા આપજો તેમ કરતાં સાડા આઠ વાગે પોતે મજુરા આવ્યા તે પ્રભુ તથા મુનિ મહારાજ ત્યાં ગયા તે, માટી ખોદીને નવા ઓટલા પુરાવવાનું શરૂ કર્યું પછી પ્રભુએ પણ માટી લેવાનું શરૂ કર્યુ તે સરવે હરિભકતો - બાઇ - ભાઇ સર્વે તગારામાં તથા ટોપલીમાં માટી લઇને ઓટલો પુરવા લાગ્યા. પ્રભુએ જગન્નાથી ના નવા તાકા ફાડી સર્વેને ઉઢાણા કરી આપ્યા એમ કરતાં બપોરના બાર એક વાગ્યો બંન્ને ટાંકીઓ ખાલી હતી તે બહારથી પંપનું પાણી લીધું તે ટાંકીઓ ભરાવા આવી પ્રભુએ

આજે સવારમાં પુંજા વખતે હરિભક્તોને કહ્યું કે દરેકને છો છો ડોલો પાણી લઇને નાહવાની રજા છે તે ટાંકીમાં પાણી ભર્યું મહારાજશ્રી જમવા બેઠા છે અને શ્રી મુની મહારાજ હજુ બહાર ઓટલે કામ ચાલે છે ત્યાંજ છે.

લી. સેવક બેચરભાઇ

જત અમદાવાદમાં હાલ ફરી તોફાનનું લખ્યું તે આપ સર્વે ઓફિસ મીલ જતાં આવતાં સાવચેતીથી ચાલવું, કેમકે પ્રભુતો રક્ષા કરે છે ને કરશે પણ સમય ખોટો છે માટે, બીજુ અમે તો હવે વિચાર મોરો પડ્યો છે  કેમકે ધમાલ ચાલી છે એટલે હવે મન ઉપડશે ત્યારે, કાંતો તમારો કાગળ શાંતિનો આવશે ત્યારે આવીશુ. બસ હાલ એ પ્રભુને કેડમાં વા આવ્યો છે તે વાંકા ચાલે છે કેમકે, ટાઢા પાણીએ નાહ્યા તેથી વા આવ્યો છે પણ આનંદમાં છે.

દા. બેચરભાઇ

શ્રી પુરૂષોત્તમ.

અહીં સરવે ખુશીમાં છીએ

વા ની વાતતો હજુ લાકડી લઇને પરાંણે ઝાઝરે જવાય છે માટે હું કે કમુ એક જણ તો જોઇએ, કારણકે પોપટલાલ તો મજુરો પાસે રહે તેથી ખાવાનું પણ કમુ કરે છે ને, મારે તો હોંકારા હોંકાર કરે તેથી જોડે ફાવતું નથી, વળી આજથી તો કહીએ તો આજથી મજુર તથા ગમે તે આવે તેને કહે કહે કરે જે, મારે જવાનું છે એમ દરેકને ગોખાવે, વળી હજુ કાંઇ ચોક્કસ કર્યું નથી. આજે સીતાનું નક્કી થઇ ઘરે આવ્યું છે, માટે એજ. એ કારણ વળી આપણી ને પારકી હદવાળો વંઢો ઉકેલ્યો છે. તેથી બધુ પોલુ થયું છે માટે, તમે ફરી એમ લખજો જે પુરૂષોત્તમ મહારાજ તથા કમુ બે જણ

આવજો ફક્ત મારૂ નામ લખશો નહિ, કારણકે ઉપરની ઘણી અડચણ છે અને એમ લખજો જે, આ તારીખે આ વરસ આ મહીનો શનીવારે બપોરની ગાડીમાં બેસજો ખાનગી છાંની રીતે આવજો. કોઇને જણાવવાની જરૂર નથી. તેડાવનાર છાંનું છે તેમ લખ્યું જે મીલમાં ઓફિસમાં રજા છે તેથી બધાં ને ખબર કરે માટે એવુ ના લખશો તમારો કાગળ અમે બતાવ્યો નથી પાછળની અડચણ છે માટે કોણ ખાવા ફેરોફાટો ખાય, માટે મહારાજને કમુ બે જણ છાંની રીતે આવજો એ લખવું. જેથી મને લાવવાનો વિચાર કરેજ નહી. કારણકે ઘેર પછી કોણ રહે ને ફેરો કોણ ખાય ને હું ઘેર રહું તો મજુર વિગેરે ફેરો વિગેરે બધી વાતમાં ફાવે માટે ફરી વિગત વાર કાગળ લખવા ટીકીટ મુકી છે કોઇ બઇ છાંની રીતે તેડાવે છે માંદી છે માટે નામ લખવું નહી, નહીતો બધા બેઠા હસે ને કેસે કે પૂંજાભાઇના સગા ફલાણાથી આવ્યો છું માટે મોંઘમ લખવું તેથી, સભામાં તમારૂં પોલ નીકળવાનો વખત આવે નહી માંદાને લીધે તેડાવે છે એમ લખવું જેથી ઉઘાડુ પડે નહી. માટે સાલ મહીનો વાર તારીખ વિગેરે ચોક્કસ લખજો. બપોરની ગાડીએ બેસવાનું લખજો રવિવારે પાછા વળવાનું લખજો કાગળ તમારો બતાવ્યો નથી. એજ મંગળવારે લખ્યો છે બુધવાર પહોંચશે ને બુધ કે ગુરૂ એ લખશો તો શુક્રવારે પહોંચશે.

લી. નારાયણ

શ્રી પ્ર.પુ.નમો નમઃ તા. ૧૩-૪-૩૨

પૂંજાભાઇનો છે

અહીં સરવે ખુશી આનંદમાં છીએ પણ તમારી ખુશીના સમાચાર લખ્યા નહી તેથી, આ સાથે ટીકીટ ચાર છે તે તમારી ખુશીના સમાચાર લખશો. તમો વાગેલી જગાએ પાણીથી

પલાળતા નહી હો કારણકે, પલાળ્યાથી ફોગાય છે માટે સાચવજો. વળી તમો કોર્ટમાં જાવ છો કે કેમ ? તે લખશો કારણકે દિવાળીબા કહેતાં હતાં કે રાતે કહેતા હતા, કે સણકા મારે છે તેથી ખુરસીમાં બેસી રહ્યા હતા સુતા નહોતા વળી કમુ કહે છે કે કાગળ લખી જુઓ કોર્ટમાં જાય છે કે નહિ કારણકે તે તો જરાક દુ:ખથી ઢીલા થઇ જાય તેવા છે માટે તમે લખો તો ઉત્તર આવે મારાથી ઉત્તર નહી આવે માટે જરૂર વળતી ટપાલ તમારા શરીરના સમાચાર લખશો ગંગાજી ને જીણાભાઈની દવા આપશો અનુભવની છે. લી. નારાયણ પૂંજાભાઇ વળતી ટપાલે ઉત્તર જરૂર લખજો તમને અમારી ખુશીના સમાચાર જાણવા ઈન્તેજારી થાય ? જરૂર થાયજ જયશ્રી પુરૂષોત્તમ.........લી.
આપના બહેન કમુ
પૂંજાભાઈનો છે....અમદાવાદ.

ભાદરણથી લી. પૂંજાભાઈને માલમ થાય જે તા. ૨૮-૩-૩૯ ને રોજ દિવસ આથમ્યા પછી
ભાદરણથી પુરૂષોત્તમ મહારાજ તથા મુની મહારાજ તા. ૨૮-૩-૩૯ ને દિવસે સાંજે દિવસ આથમ્યા પછી સાત સાડા સાતે જે ગાડી ભાદરણ ભણીથી આવે તે ગાડીમાં, અમદાવાદને સ્ટેશને સાંજે આવશે તે ગાડીમાં અમદાવાદને સ્ટેશને સાંજે આવશે તે રામ નવમીનો આખો દિવસ કેશવલાલને ઘરે રહેશે ને દસમે બપોરે જમી ભાદરણ જશે.કેશવલાલનું સરનામું. ભટ્ટ કેશવલાલ શીવલાલ માસ્તર, ઠેકાણું કાલુપુર પંચ પટ્ટી જીવણ પોળ ઘર નં. ૧૦૩૯ મું અમદાવાદ. ભાવવાળાને સાંજે મળે તો ખબર કરજો કહેવા જવાનું નહિ, સહેજે મળેતો દા. પુરૂષોત્તમ

નારણભાઇ ને તથા વિઠ્ઠલદાસને જરૂર ખબર કરજો ને,

ભાઈલાલભાઈની દીકરી મણીબેનને કહેજો. બપોરે ઓફિસની જોડે બૈરાં બેઠાં બેઠાં કીરતન ગાતાં હતાં, બહારની બાજુએ એટલામાં મહારાજ ફરતા ફરતા આવ્યાં જે ભાઈ ગાવું હોય તો જાઓ બહાર નીકળો, નહીતો એક જણ ગાવો. જુઓ આ પોલીસ છે તમારે હવે, આંખ્યો મીંચીને પરમાત્મા સંભારવાનો વખત છે. હવે ચાર પ્રકાર પુરા થયા તે આજ સુધી કોઈ ખાળતા નહોતા પણ હવે તમે મારૂં માન્યુ નહી તો, સરકારમાં પ્રેરીને હવે બંધ રખાવવા માંડ્યું. આજ સુધી ૪૧ વરસ સુધી કોઈ ખાંળતુ નોતું તે ભગવાનની મરજી હતી ને હવે મરજી નથી પહેલાં તો બધાંને મળતા પણ હવે મરજી જુદાજુદી છે જમવા પણ જુદાં બેસાડીએ છીએ પણ કદાચ કોઈ ભેળસેળ થઈ જાય તો, જગન્નાથપુરી સમજવી. હવે બીજી વાત જે તા. ૧૯-૪-૩૮ને રોજ બધાં ને કહેલું કે પાણી નથી માટે, કોઈ નહાશે નહી. તે વાત તા.૨૦-૪-૩૮ ને રોજ ફરીથી વિસ્તારીને કહી હે ભાઈ, શ્રાવકનો ધર્મ પાળીએ છીએ એમ જાણજો. નહાવું નહિ એ પણ એક ધર્મ છે. ન નહાવું એ કાંઈ અધર્મ નથી. એ પણ એક શ્રાવકને ધર્મ છે માટે નાહવાથી પાપ લાગે નહિં એમ વાત કર્યા પછી સાંજે રાતે કહ્યું કે ભાઈ પાણી પંપનું લઈશું ત્યારે હું કહીશ ત્યારે બધા નહાજો. આતો ઢાળીયો તૈયાર નહોતો થયો માટે એમ ક્હયું, રાત્રે મણીકાકા વિગેરેએ કહ્યું કે મહારાજ શનીવારે બારેજા જવાનું છે ત્યારે મહારાજ કહે ભાઈ એ લોકોને મેં કંકોત્રી લખીને પાંચ દિવસ રહેવાનું ક્હયું તે પાંચ દિવસ રાખવા માટે હું તેમની સાથે બંધારયેલો છું માટે છઠ્ઠે દિવેસ આપણે રવિવારે જઈશું એમ કહી રવિવારે જવાનું નક્કી કર્યું વલ્લભભાઈ ને છુટા. છઠ્ઠે દિવસે ફાવે તેમ કરીશું પણ પાંચ દિવસમાં ક્યાંય જવાય નહિ. સરનામે

બીડયો છે કારણકે, આસ્તોડીએ નવ વાગે ટપાલ જાય છે. તે વલ્લભભાઇ ઓફીસમાં પૂંજાભાઇને આપશો. કદાચ શાહપુર મોંડી ટપાલ જતી હોયતો મોડો મળે તેથી વલ્લવભાઇને સરનામે મોકલ્યો છે.

**શ્રી પ્ર. પુ. શુક્રવાર**

અહીં સરવે ખુશીમાં છીએ સાંજના બે તાકા લુગડાના ફાડીને ઉઢઇણાં કરાવી તમામ તગારૂ તગારૂ માટી લીધી. મહારાજે પણ માટી લીધી. પંપથી પાણી લીધું ને ખુબ નાયા. સવારમાં નવડાવ્યા નાયા ને બારેજાની વાતમાં મણીકાકાએ લઇ જવાનો ઠરાવ કર્યો તેમાં સૂરજકાકી કહે શનીવારે જઇએ તે ઉત્તરમાં, જે મારા મહેમાન પાંચ દિવસ તો મહારા તો, કહે ત્યાં આવશે, ઉત્તર જે લચકા ધાન સારૂ આવે. ભાડુ પાંચ પાંચ થાય છે પછી એ વાત પડી રહી પછી રવિવારે સવારમાં બધાંની જોડે બારેજા જવાનું ઠરાવ્યું છે. પછી બારેજાથી મોટરનું ભાડુ જતાં આવતાંનું મણીકાકાને આપવાનું પરભુએ કબુલ કરાવ્યું. તે પ્રમાણે નામ લખવાનો ક્રમ શરૂ કર્યો તેમાં ભાદરણ એક લખ્યું તો કહે દિવાળીબા કમુ સીતા તો કહે તે જાણે, કમુને, પુછયું તો કહે ના, સીતાને પુછયું નિશાળે જવાનું છે. એટલે બંધ રહ્યું પછી મુનીને પ્રભુ કહે સો બારણાં અટકાવવાનાં. નહિ આવે એમ ક્રમ થતાં ચાલીસેક નંબર પડ્યા તેમાં બારેજાના કોઇના નામ નથી. ગામડીના કોઇના નામ નથી તે વીના, બીજાનાં છે. નડીઆદ રાવસાહેબનાં ત્રણ નરસીકાકો. ભરૂચનાં નાથુ નટવર સોમાભાઇનાં બે છોકરાં વિગેરે વાત થઇ. ત્રણ રાતો બારેજા ઠરાવી છે તેમાં જે થાય તે ખરૂ. પછી મુનીનું ફરી મણીકાકે કહ્યું. તો કહે ભઇ લાવીશું જેમ કહે તેમ કરશે, આજે મણીકાકા આદીક સરવે બારેજા જશે, બીજાં બારેજાનાં ને

તમામને મણીકાકાએ કહ્યું કે તમો અમારી સાથે ચાલો, તો કહે બે દિવસ અમે દરશનનો લાભ છોડી શું કરવા આવીએ ? ને મહારાજ કહે છે કે મણીકાકા શું કરવા વહેલા જાય, જઇને ખીચડી કરીશું પછી બીજે દિવસે તમારે જે કરવું હોય તે કરજો એમ ઉપદેશ બારેજાવાળા એ તમામ દીધો પણ મણીભાઇ તથા બીજા તેમનાં જોડે જોડે બીજાં જશે. એવી આજે શુક્રવારના બપોરે દોઢ વાગ્યા સુધીની વાત થઇ વળી પરભુએ કહ્યું કે આ પાંચમા નીશ્ચેમાં વાજાં, કિર્તન, પોષાક, જણશો વિગેરે કાંઇ ન જોઇએ. મણીભાઇએ વહેલું જવાની વાત કરી જે માંડવો બાંધવો પડે તે ઉત્તર વળી વાત નીકળી એવી રીતે વાત થઇ હવે કાલે વાત થઇ તે તો ગોકળભાઇ તથા કમુએ લખ્યું હશે કારણકે, મારે પંપમાં પાણી લાવવામાં તથા મજુર કરેલો તેના સવડમાં રહેવું પડેલ તેથી, નવરાશ આવી નહોતી, હવે કાલની વાત થોડી લખી. સરવે જમવા બેસાડ્યા તેમાં સમય બહુ લાગ્યો તેથી નોધાળુ કરવાનું ઠરાવ્યું ને સાંજના ઓટલે, મોટે ઓટલે જમવા બેસાડેલ ને બેસવા માટે આથરનાં ફાળીયાં ફાડીને બેસાડી દીધાં, પછી જગન્નાથીનો તાકો ફાડી ઉઢણી દરેકને કરી આપી તગારાં લીધાં ને મોટે ઓટલે માટી નાંખી. પછી એક સુરતની ડોસી કહે હું નવી આવી તે મને એક, એટલે બધાં હસી પડ્યા તેમાં બીજાં બોલ્યાં જે અમે શી ગનેગારી કરી હજારો ઉત્તર ભાગ પાડીશું પણ આ પાંચમા પ્રકારમાં હવે એ પાઠ ગયા વિગેરે વાત બંધ થઇ. સુરતની ડોસી ઉપર વાત નીકળી તે ઉપર જે આવી સભામાં વાત થાય નહી પણ થાય છે, એજ ચમત્કાર છે. સ્વામીનારાયણ પણ વાઘરીને ત્યાં પેઠા ને પણ ચેલાથી છાનાં માંના કૃષ્ણે વનમાં કર્યું વિગેરે પણ, આતો સભામાં વાત થાય છે. હવે બીજી વાત કાલે લખીશુ પણ તમે તો રવિવારે

વેલા જાઓ તો ટપાલ મળે કે ના મળે પણ હું તો શનિવારે લખીને નાખીશ. તમો રવિવારે વેલા બારેજા જશો તો ટપાલ ઘરમાં પડી રહેશે, કારણકે બારેજડી સ્ટેશનેથી મોટરમાં જવાનું બધાને ઠરાવ્યું છે. એજ લી. નારાયણ.......

પછી નાથુ નટવરની નવી માનું ભાષણ ચાલ્યું હોંકારો જીલાવ્યો તે ઉપર પ્ર-૪૩ નું વંચાવ્યું નરકમાં પડી પછી અવરનવર બીજાં બીજાંની વાતો ચાલી કલપતરૂ સંકલ્પ સરવના સત્ય કરે એવુ ઝાડ છે ને જવાસા પણ ઝાડ છે તે કે પાણી લીલું થાય ને બીજુ પાણીથી સુકાય તેમ, અસુર જીવ બળે વિગેરે વિગેરે વાત થઇ. સીક્કા ઉપર વાત જે પૈનું કાગળીયું તે સીક્કો માર્યો તે પાંચ દસ હજાર મેળવીને ચલણ ચાલ્યું. તેમ મારામાં પરભુએ સીક્કો માર્યો તેથી મારૂં ધાર્યું થાય છે. બીજીવાત નીકળી જે સોની મુતરે ને સોનીનું છોકરૂં મૂકે સુથાર સુથારનું છોકરૂ મૂકે તેમ ભગવાન ભગવાન મૂકે, તેથી સમાધી થઇ જે ભગવાનનાં પેટમાં દેખાયો નાથુ નટવરની માને વિગેરે વિગેરે વાતો થઇ તે ઉપર રાવ સાહેબની મહેમદાવાદ વાત નીકળી તેડાવી સુવાર્યો ને છોકરાં હીંદોળો નાંખે ને ટાઢુ શરીર થઇ ગયું તે અગ્નીથી બળે નહી તે શરીર ઠંડું કરી નાખ્યું. રાવ સાહેબની વાત કરીને કહ્યું કે પછી છોકરાને પરભુએ પગે લગાડ્યો એમ કહી બ્રાહ્મણને વાંઝીઓ કર્યો પછી નવા ગામના કાગળો આવ્યા ગયાના નંબર ૧૪ વિગેરે વંચાવવાનું કામ ચાલ્યું. પછી મને બોલાવ્યા જે હજામત કરો પછી કરીને કહ્યું કે, પાણી ભરાવીએ, ઉત્તર જે ના. શ્રાવક નો ધર્મ પાળવો છે. ધર્મ શીખાય પછી નાયા, પોષાક પેર્યો ઘરમપરાની હરખાએ રસોઇ આપી વાતની વાતમાં કેશવલાલને કહેવડાવ્યું ને પારકી બાયડીના સંગથી નરકે જાય. શું કહ્યું કેશવલાલ. તો શું

કહ્યું કે, પારકી બાયડીના સંગથી નરકે જાય. પછી "શોભા શી કહું રે રૂડી" "પોતે એકલા કીરતન ગાયુ પછી" મારે મંદિર પધાર્યા શામ થઇ બડભાગી એ ગાયુ પોતે એકલા જ પછી જાવુ છે રે જાવુ છે રે, રેવાનું છે કાચું એ કીરતન ગાયું તે ખરૂ ખોટામાં શું ખુત્યો તે સ્ત્રીમૈં સુખ નથી તો પણ મંડ્યો રહે છે ને તેવામાં અંબા નાચતી તે જોઇ મહારાજ કહે રાધા પધરાવે છે એટલે બાધ નથી દરશન કરવા ખીલે નથી સાક્ષી પુરાવી જે "ગોપી સાથે ભગવાન બેસે છે તેમાં આનંદ આવે છે" માટે ભેગાં દરશનથી સુખ આવે આ બધુ બોલું છું. તે ભગવાન છે તેથી બોલું છું જેમ ગાડુ ચાલતું હોય તેમાં બળદ આડો ચાલે તો ગબગોદો મારે ને બીજા ચાલે તો, અહીં બેઠો મારીને સીધો કરૂં. દાખલો નાથાલાલનો આપ્યો જે સ્ત્રી છેટે હતી તેથી અડધી રાતે કાઢયા ને બાપે ભાગ માગ્યો વિગેરે વાત વિસ્તારે સહીત કરી. માટે આડુ ચલાય નહિ. નહિતો ગબગોદો મારે ને, હું તો અનંત કોટી બ્રહ્માંડના નાથને લઇને બેઠો છું તેનું આ બળ છે. "કર પ્રભુ સંગાથે દૃઢ કરી પ્રીતડી" બોલવવાનું શરૂ થયું. પછી "પરથમ હરીનેરે ચરણે શીશ નમાવું" એ ચલાવ્યું. તેમાં "મોટા મુનીવરરે ગાવે." તેમાં મોટા ને નાના મુની બે ભેદ મોટાને મનમાં સંકલ્પ ઉપડે નહીં. કેતાં મન બેસાડે ને, નાનો મુની મોઢાંને બંધ કરે, કેતાં મોટા મનને ચુપ રાખેને, નાનો મોંઢાને ચુપ રાખે. પછી ગમે તેવું દુઃખ પડે તોપણ આ હું બોલું છું ચાલું છું તે સંભારે તો, ગમે તેવું દુઃખ પડે ને સંભારે તો મટી જાય. ને ના મટે તો હું શું મોઢુ દેખાડું. દાખલો, "આભ તૂટે તો પણ રક્ષા કરૂં છું" દાખલો રાજપારડી વાળાને શેઠનો દાખલો ડોસીનો વિગેરેનો આપ્યો. જે દેહે દુઃખ હતું પણ, જણાતુ નહોતું તે સાક્ષી પુરાવી. પછી દાકતરે કહ્યું કે ઊંઘમાં માંકણનું દુઃખ નથી

લાગતું તો આતો ભગવાનનું સુખ છે. "મોટા પુરૂષને આસરે, બળેતે પૂર્વ જન્મનાં પાપ, તે એવા થયા હોય તો શાંતી પમાડે તેને સંત કહીએ માટે, એને શાંતી પડી હોય તે તો બીજાને પમાડે ને ભગવાન વશ કર્યા હોય તે બધી પીડા ટાળે સાચા સંત પોતે બ્રહ્મરૂપ થઇ પોતે શાંતી પડી હોય તો જ પમાડે. જે બાપનું દેવું છોકરો વાળે તો ભઇબંધનું દેવું કેમ વળાય નહી. માટે ગમે તેવું દુ:ખ પડે તો પણ ટાળે, મનમાં જેજે ઇચ્છા હોય તે પુરી કરે જ. પુર્ણ થયો હોય તે પુરી કરી. અપુર્ણ શું કરે વિગેરે વાત કરી ને અંબા કુદે તે દેખાડીને કહ્યું જે આ રતી વા થાકે છે ? કારણકે અંદર બીજો કુદનારો છે ને, આતો મનુષ્ય તે દીવ્ય ભાવ બંન્ને ભેગું તે થાકે પણ આમ થાકે નહી. ગોપીઓને શ્રીકૃષ્ણ થતું તે ઉદ્ધવને ઉપદેશ કરવા મોકલ્યા પણ તે તો કૃષ્ણરૂપ થઇ ગઇ તે, કોણ સાંભરે કારણકે વૃત્તી એક થઇ ગયેલ તેથી, જ્ઞાન ઉતરે નહી. પછી બોલ્યા જે જેમ કહીએ તેમ કરે. સૌ સૌને આસને જાય. ઉઠો એકદમ એટલે વેરાઇ ગયું ને હીંચકા ઉપર સુઇ ગયા ને કાગળ પુરો કર્યો. હવે કાલે કારણ હવે ત્રણ વાગવા આવ્યા માટે બસ છે. લી. નારાયણ........

બે પરબીડીયાં મોકલ્યાં છે બુધવારે, બે નાંખ્યા છે તા. ૨૦ મી એ બે પરબીડીયાં મોકલ્યાં છે. મારે પેટલાદ જવાનું બંધ રહ્યું હતું. વકીલ સાંજે આવી કહ્યું તે મુદત પડાવી છે. માટે જશો નહી કારણકે તમારે અડચણ આવે, તેથી હું ગયો નથી તેથી એટલું લખાયું છે.

**-: પરચા :-**

અક્ષરધામથી અલબેલો આવ્યા, ભાદરણ ધામની મહી, ધરાઇને ભેગા થઇને બેઠા નહીં ને, દીલ ખોલી વાત કરી નહી,

તમે સાંભળજો મારા ભઈ - ૧

ડાકોર વડતાલ ધામ જોયાં, પણ ભાદરણ જેવાં નહિ,
અનેક અવતાર થયા પ્રભુના, પણ પુરૂષોત્તમ જેવા નહિ

તમે સાંભળજો મારા ભઈ - ૨

પુરષોત્તમતો પ્રીતે પધારતા, અમદાવાદની મહિ,
સેજ તળાઈએ સુતા મારા વાલમો, ભાદરણવાળા ભઈ

તમે સાંભળજો મારા ભઈ - ૩

મારા બાપુના વચન હતાં જે, ભાદરણ ધામની મહીં,
બે હજારને ત્રણની સાલો સુધી, રહેવું તે આ દેહ માંહી.

તમે સાંભળજો મારા ભઈ - ૪

કોણ જાણે આ શું રે થયું, એની ખબર પડી નહિ,
અણચિંતવ્યું તે આગળ આવ્યું, અલબેલાનું અહીં.

તમે સાંભળજો મારા ભઈ - ૫

જ્ઞાનીને તો જ્ઞાન ઘણા પણ, અજ્ઞાન ઉછર્યા અહીં,
પુરૂષોત્તમ તો પ્રીતે પધાર્યા, અક્ષરધામની મહીં.

તમે સાંભળજો મારા ભઈ - ૬

ઓગણી છન્નુની ગોઝારી સાલોને, પંડ પડ્યો પૃથ્વી મહીં,
ભાદરવા સુદી ચૌદશનો દહાડો, રવિ સાંજે છ વાગે વાતો થઈ.

તમે સાંભળજો મારા ભઈ - ૭

વળતો મુનીએ તાર રે કરીઓ, આવજો મારે અહીં,
મારા બાપુનાં મુખડાં જોવા, પંડમાં પ્રભુ નહી,

તમે સાંભળજો મારા ભઈ - ૮

તે સુણી સરવે હરિજન આવ્યાં, ભાદરણ ધામની મહીં,
પુરૂષોત્તમને પ્રીતેથી નીરખ્યા, સુતાતા ડેલાની મહીં.

તમે સાંભળજો મારા ભઈ - ૯

પરતંત્રપણાની વાતો ગઈને, સ્વતંત્ર થયા ભઈ,
અલબેલાજી અંતરના જામી, પ્રગટ્યા મુની મહીં.
તમે સાંભળજો મારા ભઈ - ૧૦
ભરૂચ શહેરના સોમાભાઈ મોટાને, પ્રીતી પુરૂષોત્તમની મહી,
પુરૂષોત્તમ તો પરલોક પધાર્યાને, વળગાડ્યા મુનિ મહી.
તમે સાંભળજો મારા ભઈ - ૧૧
સોમાભાઈ તો શિવજીનો અવતાર, ભુલી ગયા ભઈ,
પુરૂષોત્તમનાં વચન વિસાર્યા, ભાદરણ ધામની મહીં.
તમે સાંભળજો મારા ભઈ - ૧૨
પુરૂષોત્તમે પ્રિતેથી કહ્યું હતું, સોમાભાઈને જઈ,
સમૈયા મધ્યે તમેરે કહેજો, હું રહ્યો મુનિ મહીં.
તમે સાંભળજો મારા ભઈ - ૧૩
તે તો તમે કહ્યું નહિ, એનો વાંધો અમારે નહિ,
પુરૂષોત્તમ તો ઘેરો ઘેર કહે છે, હું રહ્યો મુનિ મહીં.
તમે સાંભળજો મારા ભઈ - ૧૪
ભાઈલાલ ભાઈનાં ભાગ્ય ઉઘડીયાં, ભગવાન ઓળખ્યાં અહીં,
કેન્સરનો તો રોગ મટાડ્યો, એ પરતાપ નારણભાઈ.
તમે સાંભળજો મારા ભઈ - ૧૫
વૈદ્ય ને દાકતર છુટી પડ્યા કે અમારૂં ચાલે નહિ,
તરત કાગળ લખ્યો ભાદરણમાં, વારે ધાજો મુનિ ભઈ.
તમે સાંભળજો મારા ભઈ - ૧૬
ટપાલમાં તો કાગળ નાંખ્યો, દુઃખ બેઠું તે દેહ બહાર જઈ,
આવા ચમત્કાર અમદાવાદમાં, નજરે જોયા અમે અહીં.
તમે સાંભળજો મારા ભઈ - ૧૭
છોટાભાઈનો છટાથી બોલે બારેજાની મહીં,

ઝાડમાં પેસીને બોલે એવા એક સમરથ નારણભાઇ.
તમે સાંભળજો મારા ભઇ - ૧૮
ઓગણીસતાણુંના શ્રાવણ માસે પુનમના દને જઇ,
દિવ્ય સ્વરૂપે પુરૂષોતમજી, પધાર્યા સોખડાની મહીં.
તમે સાંભળજો મારા ભઇ - ૧૯
સોખડા ગામમાં જેઠાભાઇ રહેતા, તે મોટેરા ગણાય ભઇ,
રાતે અગીયાર વાગે આવ્યા અલબેલો, જેઠાભાઇને તહીં.
તમે સાંભળજો મારા ભઇ - ૨૦
એક બાજુ તે બેઠા પરભુજીને, બીજી બાજુ જેઠાભાઇ,
ખબર અંતર પુછી પુરૂષોત્તમે, ઝુલ્યા ને હિંચકાની મહીં.
તમે સાંભળજો મારા ભઇ - ૨૧
જેઠાભાઇ તો પ્રભુને પુછે, ઓ મારા પ્રભુભાઇ,
મુનિ મહારાજ ભલે ભગવાન થયા, પણ આ લોક જાણે નહીં.
મારા મુનિ ભગવાન નહીં - ૨૨
પાડોશી માંદુ થયું, સાજુ થયું નહિ, કયું કામ થયું નહિ,
બાધા આખડિયો ક્યારે રાખી, તમારા કામ ક્યારે થયાં નહિ.
મારા મુનિ ભગવાન નહીં - ૨૩
એટલામાં એક તારો રે ખરીઓ, તેમાં મુનિ નારાયણભાઇ,
તેજ તેજના અંબાર થયા ને, સુખની સીમાયો નહિં.
તમે સાંભળજો મારા ભઇ - ૨૪
જુનાં જરીયાંની પહેર્યા પુરૂષોત્તમે, નવાં તે નારણભાઇ,
સુખની સેર્યો છુટી જેઠાભાઇને, આનંદ થયો મારે અહીં.
તમે સાંભળજો મારા ભઇ - ૨૫
શીખ માગીને ચાલ્યા પુરૂષોત્તમને, અદશ્ય થયા નારણભાઇ,
આવી લીલાઓ સોખડા ગામમાં, શ્રાવણ સુદીઓમાં થઇ

તમે સાંભળજો મારા ભઈ - ૨૬

હરખાબાને હરખથી કહ્યું તું, જાફરપરામાં જઈ,
ગુરૂને ઘેર જતાં ઘણાં દુઃખ પડ્યાં, સુખ આવ્યું ભાદરણ મહીં.

તમે સાંભળજો મારા ભઈ - ૨૭

પહેલાંની રીતો હવે નથી, તમે ભડકશો નહિ બઈ,
હેતેને પ્રીતે ભાદરણમાં આવજો, હું રહ્યો મુનિ મહીં.

તમે સાંભળજો મારા ભઈ - ૨૮

ડાહ્યા રે ભાઈનાં ગુરૂરે પત્નિ, આવ્યાં તે અક્ષર મહીં,
સનમુખ બેઠાં મુનિની સામેને ડોલ્યાં તે ભાદરણ મહીં.

તમે સાંભળજો મારા ભઈ - ૨૯

દિવ્ય મનોહર મુર્તિ રૂપાળીને, તેજમાં મુનિ ભઈ,
અલબેલીને આનંદ થયોને, સુગમ થયું બબુભાઈ.

તમે સાંભળજો મારા ભઈ - ૩૦

બારેજાના એક રાવજીભાઈ તે, આવ્યા તે ભાદરણ મહીં,
સનમુખ બેઠા ફોટાની સામે ને, વરતી એકતાર થઈ.

તમે સાંભળજો મારા ભઈ - ૩૧

ફોટો પુરૂષોત્તમનો બદલાઈ ગયોને, તે જગાએ મુનિભાઈ,
તેજ તેજના અંબાર થયાને, લીન થયા રાવજીભાઈ.

તમે સાંભળજો મારા ભઈ - ૩૨

અદ્દશ્ય રહીને દીધો હોંકારો, ઉમરેઠગામમાં જઈ,
મોંઢુ જોવું હોયતો જજો ભાદરણમાં, ઓ જે શંકર મોટાભાઈ.

તમે સાંભળજો મારા ભઈ - ૩૩

ભાદરણ ગામનાં હરીબા એક તે, વિચાર કરે મન મહીં,
હવે આલોકમાં શીરે ગતિઓ, પંડ પુરૂષોત્તમનો નહિ.

તમે સાંભળજો મારા ભઈ - ૩૪

મારા વાલમજી વિનંતી સુણીને, ગયા અડધી રાતે તહીં,
ખોળામાં માથું મુકીને પોતે સુતા, તે ખાટલાની મહીં.

તમે સાંભળજો મારા ભઇ - ૩૫

નીરખી પુરૂષોત્તમને, હરખ્યાં હરીબા, વાલમજીને જોઇ,
મુખ ઉપરતો હાથ ફેરવતાં મુછો તે હાથમાં રહી.

તમે સાંભળજો મારા ભઇ - ૩૬

હરીબા મનમાં વિચાર કરે જે, પુરૂષોત્તમને મુછો નહિ,
જોત જોતામાં સ્વરૂપ બદલાયું, ગાલગુલાબી નારણભઇ.

તમે સાંભળજો મારા ભઇ - ૩૭

ગાલમાંથી તો તેજ છુટ્યું, ને આનંદ થયો તે અંતર મહીં,
પુરૂષોત્તમ તો હરીજનોને ઓળખાવે નારણભાઇ.

હવે આ પ્રભુ આલોક મહીં. તમે..૩૮

મહેમદાવાદનાં ઈચ્છાબઇ તે, ભજન કરે અંતર મહીં,
ઉપાધીતો આલોકમાં આવીને, માંદા થયા તે એમના જમાઇ.

તમે સાંભળજો મારા ભઇ - ૩૯

પુરૂષોત્તમે પ્રીતેથી કહ્યું તું, ઈચ્છાબઇને જઇ,
દવાદારૂ તમે બંધરે કરજો, ધીરે ધીરે મટશે અહીં.

તમે સાંભળજો મારા ભઇ - ૪૦

થોડા દહાડા એમ વીતી ગયા પણ, શોક તે ટળ્યો નહિ,
ખભો થાબડીને કહી ગયા, એ મુનિ નારણભાઇ.

તમે સાંભળજો મારા ભઇ - ૪૧

આપણે માંથે પુરૂષોત્તમ સ્વામી, વિઘન આવે નહીં,
સુખેથી આપણે ભજન કરવું આલોકની તે મહીં.

તમે સાંભળજો મારા ભઇ - ૪૨

એમ કરતાં કંઇક વખત વિત્યોને, સાજા થયા તે જમાઇ,

મા દીકરી ભઈ જમાઈ સર્વે, આવ્યાં તે ભાદરણ મહીં.
તમે સાંભળજો મારા ભઈ - ૪૩
બાધા બંધાણીઓ કરી તે એ સમે, થાળ પુજા ને આરતી થઈ,
ધીરે ધીરે છત્રાયા થયા એ મુનિ નારણભાઈ.
તમે સાંભળજો મારા ભઈ - ૪૪
કાલોલના એક સોમેશ્વર તે, આવ્યા તે ભાદરણ મહીં.
મોટરે બેસવા ગયા ત્યાં, ચા પીવાની વૃત્તિ થઈ.
તમે સાંભળજો મારા ભઈ - ૪૫
એક છોકરો ત્યાં ચા લઈને આવ્યો, કાચના પ્યાલાની મહીં,
ચા આપીને કયારે ગયો, એની ખબર પડી નહીં.
તમે સાંભળજો મારા ભઈ - ૪૬
આડુ અવળું જોયા કરે પણ, ખબર પડે નહીં,
દુર દૃષ્ટિ કરી જોયું ત્યાં તો, જતા દીઠા મુનિભઈ.
તમે સાંભળજો મારા ભઈ - ૪૭
ખોડાભાઈના ભાઈ દ્યાભઈ, તેને મનમાં વિચાર નહીં,
ભાદરણ જવા ગાડીએ બેઠા પણ, ટીકીટ લીધી નહી.
તમે સાંભળજો મારા ભઈ - ૪૮
જયાં જયાં ઉતરવાનું આવે ત્યાં હાજર રહે મુનીભઈ,
હાથ ઝાલીને ગાડીએ બેસાડે, સોંપણીઓ કરે તહીં.
તમે સાંભળજો મારા ભઈ - ૪૯
એમ કરતાં રાતે અગીયાર વાગે, આવ્યા તે ભાદરણ મહીં,
પેરવીએ પેરવીએ પુછે મુનિભાઈ, કેમ કરી આવ્યા અહીં.
તમે સાંભળજો મારા ભઈ - ૫૦
બનેલી બધી વાતો ત્યાં કરી, સાંભળોને બઈને ભઈ,
પળે પળે રક્ષાઓ કરે, આ મુનિનારાયણ ભઈ.

તમે સાંભળજો મારા ભઇ - ૫૧

બારેજાના મણીભાઇએ, નવચંડી કરી જઇ,
માતાજીને મ્હોરે કર્યા, પુરૂષોત્તમ સંભાર્યા નહીં.

તમે સાંભળજો મારા ભઇ - ૫૨

કળીયુગના તે માહાત્મ પ્રમાણે, ભગવાન ભગત ભૂલે નહીં,
થાળ જમવા આરે સમે હું આવ્યો, બારેજાની મહીં.

તમે સાંભળજો મારા ભઇ - ૫૩

દાળ ભાત શાક ને ચુરમા, ઘી ખાંડ ઉપર રહી,
સરવે ભેગું કરીને જમ્યા, પુરૂષોત્તમ રાવજીભાઇની મહીં.

તમે સાંભળજો મારા ભઇ - ૫૪

ચાર કલાક સુધી ભજનની તે, ઠોર્યો તે પડી તહીં.
હરીજનોને આનંદ કરાવ્યો, એ બારેજા ગામની મહીં.

તમે સાંભળજો મારા ભઇ - ૫૫

છોટા ઉદેપુરનાં હરીભક્ત જેવાં, આલોકમાં બીજે નહીં,
ધ્યાન ભજનમાં દહાડો વિતે, એની ખબર પડે નહીં.

તમે સાંભળજો મારા ભઇ - ૫૬

મોટા મહંત જ્યારે સ્વધામ પધાર્યા, ત્યારે વાજીંત્ર વાગ્યા તહીં,
પાંચ પાંચ ગાઉ સુધી અવાજ સંભળાય પણ નજરે તે દેખાય નહીં

તમે સાંભળજો મારા ભઇ - ૫૭

જુના જેઠાભાઇને નવા પરભુજી, પોતે તે નારણભાઇ,
બે ભાગની તમાકુ રોપી ગયા, ત્રીજા ભાગની બાકી રહી.

તમે સાંભળજો મારા ભઇ - ૫૮

ઓગણી નવાણુંનાં કારતક માસે સમૈયો ભરીઓ ભઇ,
ભઇલાલભાઇનો ભાણો ગોવિંદ, તેને તાવને આંચકી થઇ.

તમે સાંભળજો મારા ભઇ - ૫૯

મુની નારાયણને અરજ કરતાં, તે ઉપર નજર ગઈ,
તાવ છે તાવ છે એવું પુછે ત્યાંતો આંચકીઓ બંધ થઈ.
તમે સાંભળજો મારા ભઈ - ૬૦
કારતક સુદી પાંચમની વાતો, સોખડાગામની રહી,
જેઠાભાઈને ઘેર જઈને, જગાડ્યાં જમનાબઈ.
તમે સાંભળજો મારા ભઈ - ૬૧
બે એક કલાક સુધી દર્શન દીધાં, આનંદ થયો તહીં,
વળતાં તે વચન ઉચર્યા જમનાબાઈ, જગાડું જેઠાભાઈ.
તમે સાંભળજો મારા ભઈ - ૬૨
ત્યાં તો પ્રભુજીએ ઉતર આપ્યો, આ સમે એ વાત નહીં,
મારે સમૈયો ભાદરણમાં છે, જગાડીશું કોકવાર જઈ.
તમે સાંભળજો મારા ભઈ - ૬૩
આ દળવા ઉઠવાની આજ્ઞાઓ કરીને, અદશ્ય થયા તહીં,
આવી લીલાઓ સોખડાગામમાં કારતક સુદીઓમાં થઈ.
તમે સાંભળજો મારા ભઈ - ૬૪
ખોડાભાઈનાં માસી વાવોલમાં, તે બાધાઓ રાખી તહીં,
છો મહીનાની એક ટંકની ભેંસ, બે વાર ઉભી રહી.
તમે સાંભળજો મારા ભઈ - ૬૫
પસાભાઈ તમને વિનંતી કરે છે, ઓ મુની નારણભાઈ,
પુરૂષોત્તમ તો મેલીને પધાર્યા, પણ તમે એવું કરશો નહીં.
તમે સાંભળજો મરા ભઈ-૬૬

**જય શ્રી પ્રગટ પુરૂષોત્તમ નારાયણ નમો નમઃ**

દયાભઈકાકાને અંતરયામી પ્રભુ શ્રી નારાયણ મુની દિવ્ય દેહે સાથે રહ્યા તે. તા.૧૫-૪-૪૭ ના રોજ ગુરૂવારે સાંજે છ વાગે હું ગાડીએ બેઠો અમદાવાદ સ્ટેશને દિલ્હી ફાસ્ટમાં બેસવા

માટે જગ્યા મલી ન હતી. વાંકા વાંકા ભીડમાં ઉભા રહેવાનું હતું. સાંજનું ગરમા ગરમ ખાધેલું તેથી તાપ સખત તેથી પહેલાજ અનુભવે દુઃખ પડતાં જોઇ જીવ ગભરાયો અને ઘેરથી કકળીને ગયેલો એટલે મહારાજની પ્રાર્થના કરી કે હે મહારાજ આમ એક માસ શી રીતે જશે ? પછી મહારાજે કહ્યું કે ધીરજ રાખવી, સૌ સારા વાંના થશે એવામાં એક માણસ બીજાને તડુક્યો કે ગાડીમાં પડદા થઇને ઉભા છો, બારણા આગળ રોકીને તે અંદર બેઠેલા લોકોને મારી નાંખવા છે ? તમે બધા ઉભા છો એટલે કેટલાયને ચક્કર આવશે ને મરી જશે એમ કહી બધાને આઘા ખસેડી બારણું ખોલી નાંખ્યું અને મને સીટ ઉપર બેસવાનું મન હતું પણ મહારાજે કહ્યું કે સીટ કરતાં અહીં નીચે વધારે સુખ આવશે એમ કહી નીચે બેસાર્યો. બારણા આગળનો પવન આવવાથી જીવને શાંન્તી થઇ ગઇ ડાંગરવા સ્ટેશને ઉનું ખાધેલું તેથી તરસ લાગી નાનું સ્ટેશન અને નળ મળે નહિ. નીચે ઉતરીને ક્યાંક પરબે પાણી પીવા જાયતો ગાડી ઉપડી જાયને ? કદાચ ઉભી રહેતો ગીરદીમાં જગ્યા પુરાઇ જાય, આ બધી અડચણો હતી તેવામાં એક માણસે પાણીવાળાને બોલાવ્યો અને કહ્યું કે આ સુરદાસજી છાનામાંના બોલ્યા વગર ભીડમાં તરસ્યા મહાદેવ થઇને બેસી રહ્યા છે. તેમને પાણી પાવો, પાણીવાળાએ કહ્યું નીચે ઉતારો તો પાઉં ત્યારે પેલાએ કહ્યું કે તેઓ દેખ્યા વગર નીચે નહિ ઉતરે. તુ ઉપર ચઢીને પાણી પા ત્યારે તેણે તેમ કર્યું. અને પૈસો માગ્યો ત્યારે પેલાએ કહ્યું સુરદાસને પાણી પાયું તેમાં પૈસા શાનો. એમ કહી તેને ત્યાંથી હઠાવ્યો અને ગાડી ઉપડી સાંઝે ખાધેલું હોવાથી ખાવાની ચિંતા ન હતી તે દિવસે પહેલી રાતતો આખી ગાડીમાં જાગરણ કર્યું સવારે નવ વાગે મલાર સ્ટેશન આવ્યું ત્યાં ભુખ લાગી તે વખતે મહારાજને ભુલથી પ્રાર્થના

થઇ ગઇ કે મહારાજ ભુખ લાગી છે. ગાડીમાં ગુજરાતી લોકો બેઠેલા હોવાથી શરમ આવતી હતી તેથી ગુજરાતીને બદલે હિન્દીના જોડે બેઠો તેથી શરમ આવે નહિ ખાતાં. મલારમાં ડબા કપાઇ ગયા અને લોકોની ફેર બદલી થઇ ગઇ ત્યાં અડધો શેર પુરી અને શાક મલ્યું કોઇએ અપાવ્યું તે ખાધું ખરૂં, પણ પાણી મલ્યું નહિ તે જયપુર સ્ટેશન એટલે કે દિવસના બાર વાગ્યા સુધી તરસ વેઠી પણ ભક્તી કપાયાની બીકે મહારાજને પ્રાર્થના કરી નહિ. અને પહેલા જે ભુલથી પ્રાર્થના થઇ ગયેલી તેની માફી માગી. જયપુરમાં જંકશન હોવાથી એક માણસ પાણી ભરવા નળ ઉપર લોટો લઇને જતો હતો તેને બીજાએ કહ્યું કે આ માણસ ચાર કલાકનો તરસ્યો છે તેને માટે પાણી ભરી લાવજે. એમ અનાયાસે પાણી મળી ગયું ને સંતોષ થયો પછી મહારાજે પોતાનું કામ કરવાનું કહ્યું પણ તે માન્યું નહીં. તેનું કારણ જીવ ઘરથી તપેલો હતો અને જાજરૂ પેસાબની દલીલ કરી તો મહારાજે ત્યાંજ તે અપાવીને ચારે કામ પુરાં કરાવ્યાં પણ તેમની આજ્ઞા ન માની તે નાજ માની અંતરમાં ગમે તેટલું ઉપડે પણ ના તે નાજ હા થઇ નહિ. દિવસના બે વાગે તા.૧૯-૫-૪૭ શુક્રવાર ગાડીએથી સખત કંટાળ્યો ને ક્યાં જવું તેનું ઠેકાણું તો પહેલેથી હતુંજ નહિ એટલે ગીરદીમાં બેસી રહેવાનું કોને ગમે ? વળી મહારાજની આજ્ઞા તો માનવીજ ન હતી. અને ઘેરેથી નીકળ્યાનું કારણ મહારાજને કહ્યું તેથી નહિ પણ, રોષથી હતું માટે ભાવાર્થમાં ઘણો ફેર હતો બે વાગે બાંદીકુઇ જંકશને ઉતરી પડ્યો ને ગાડી ચાલી ગઇ ગભરામણ સખત થતી હતી તો પણ મહારાજે કહ્યું કે સ્ટેશન ઉપર બેસીશ નહિ સીધો બહાર જા. મન ન હોવા છતાં બહાર જવું પડ્યું હવે એક મુદ્દો સુવાનો બાકી હતો તે જતાં વેંત ચંપલ ઓસીકે મુકી

સુઇ ગયો. સાંજે ઉઠ્યો ત્યારે ખમીસ પરસેવાથી ભીંજાઇને જમીનની માટી વળગવાથી ખરાબ થઇ ગયું હતું તેથી બેઠો થઇ તેને સાફ કર્યું ને મહારાજે કહ્યું કે ખમીસ અઠવાડીયાં સુધી ચલાવવું પડશે. ધોવાનો ઘાટ ક્યાં આવવાનો છે ? માટે સાચવવું જ્યાં ત્યાં પડવું ન જોઇએ, મેં કહ્યું મારે માટે નહિ બાંકડો શોધીને તૈયાર રાખ્યો હોય ? તેમણે કહ્યું ભાઇને પ્રાર્થના કરતાં ભક્તિ જાય છે ? બાંકડો શોધ્યો હોતતો તે ઘડીએ મળત. પછી બાંકડો શોધીને તે પર બેઠો. ચાર પાંચ કલાક ઊંઘેલો હોવાથી ઊંઘતો આવતી ન હતી પણ ભૂખ દિવસના નવે ખાધેલું તેથી લાગી હતી પણ પ્રાર્થના કરવાથી ભક્તિ જાય તે બીકે છાનો માનો બેસી રહ્યો હતો. ત્યારે મહારાજે કહ્યું ભુખ લાગી છે ? મેં કહ્યું કે લાગી તો છેજ મહારાજે કહ્યું કે પેલો બ્રાહ્મણ બેઠો છે તેની પાસે આડી સોટી પડી છે. તે પર જઇને બેસ. મેં કહ્યું તો તો મારેજ. દિવ્ય દેહે મહારાજે કહ્યું ન મારે, નિશ્ચિત થઇને જા. તે પ્રમાણે મેં કર્યું અને માગણી કરી તો તેણે ના પાડી અને મેં મહારાજને કહ્યું જુઓ ખાલી ધક્કો અપાવ્યો એતો મનનુ કહ્યું કરીએ તેમાં એમજ થાય બધું મહારાજ કહે તેમ હું માની લઉં છું તેમાં અસફળતા થાય છે. મહારાજે કહ્યું તે તો ભ્રમણા છે. અહીં બેઠાં આવશે. મને આ વાતતો તદ્દન ખોટી લાગી પણ મારો સ્વાર્થ હોવાથી મળશે તો ભલે ને, નહી મળેતો ફરીથી કહેવા થશે. એમ ધારી બેસી રહ્યો પા કલાક પછી તે બ્રાહ્મણ પુષ્કળ ખાવાનું લાવ્યો મહારાજે કહ્યું કે બધું ખાઇ જવું, પડ્યું મુકીએ તો સામાને થાય કે મેં ઓછું આપ્યું હોત તો ઠીક, આ તો ધરાઇ પડેલો છે માટે બધુ ખાઇ જવું. આથી પેટમાં ભુખ ન હોવા છતાં ઘણું ઘણું ખાધું ને પાણીની ઇચ્છા દર્શાવી ત્યારે કહ્યું કે બાંકડે બાંકડે ચાલ્યોજા આગળ

પાણી આવશે તે પ્રમાણે કર્યું તો તે પરબમાંથી પાણી મળ્યું તે પીને આજની રાત અહીંજ ગાળવી છે એમ નક્કી કર્યું મૂળ જગ્યાએ આવીને સુઇ ગયો. આ રીતે તા.૧૬-૫-૪૭ રાત બાંદીકુઇએ ગઇ સવારમાં છ વાગે જાગ્યો જાગીને સ્ટેશનમાં સીડી ચઢીને પેલી બાજુ ગયો અને નળ હતો ત્યાં દાતણ પાણી કર્યું. અડધા કલાક પછી આગ્રા જવાની ગાડી આવી તેમાં બેઠો મહારાજે કહ્યું કે કાલે સાંજે ખાધું છે. માટે કશી ચીંતા રહી નથી. તો હવે મારૂં કામ કર પણ તે વાત માની નહી એક માણસ સાથે મેં એવી વાત કરી કે મારે એક માસ ભગવાનનું સુખેથી ભજન કરવું છે માટે કાંઇક રસ્તો બતાવો ત્યારે તેણે કહ્યું કે વૃંદાવનમાં ભગવાનના ભક્તોની ભજન મંડળીઓ કેટલીક આવે છે. જાય છે. ને ગામની પણ કેટલીક મંડળીઓ છે તે અહોનીશ ભજન કરે છે. અને કેટલાંક ઘરડાં, માંદા અને અશક્ત લોકો વૃંદાવનમાં ભજન કરવા આવે છે. ને કેટલાક શેઠ સાહુકારો પોતાનું સર્વસ્વ મુકીને ત્યાં ભજન કરવા આવે છે. ખાવા માટે તમે કોઇ શેઠને મળશો તો મહીના સુધીની વ્યવસ્થા કરશે, નહિતર મોટા મંદિરમાં ખાવાની વ્યવસ્થા થશે. નહીતર કોઇ ભજન મંડળીમાં જોડાશો તો ખાવાની ખોટ નહીં રહે તે સિવાય વૃંદાવનમાં આઠ દસ અન્નક્ષેત્રો છે. ત્યાં કોઇમાં એક તો કોઇમાં બે રોટલી ને દાળ મળે છે. તે ખાવાની ખોટ રહેશે નહિં. ને નાવા માટે જુમનાજી છે. અને પૈસાની મદદ માટે અમારા ગામ પાસે જયપુર શહેર છે ત્યાંના જાનકીદાસ કરીને એક શેઠ છે તે કાયમ માટે ત્યાં રહે છે. તેમને મળજો ગાડી અચેરાથી અને ભરતપુરથી બદલાય છે તે બેમાંથી ગમે ત્યાં બદલી ને મથુરા જંકશન જજો પણ ભરતપુરથી બદલતાં ઘણું ચાલવું પડે છે અને મથુરા જંકશન

નામના સ્ટેશને ઉતરજો ત્યાંથી છ માઇલ દુર છે. સીધી પથ્થરની સડક જાય છે તે ચાલીને જવું પડશે આ રીતે તેણે સુચના આપી તે વખતે મને થયું કે ગમે તેટલા તોયે ભગવાન છેને ? આપણે તેમની આજ્ઞા ન માની તો પણ આપણું રૂડું થાય તેમ ઉપાય બતાવ્યો. મેં અચનેરા સ્ટેશન ગાડી બદલવાનો વિચાર કર્યો તે ગાડીએથી ત્યાં ઉતરી પડ્યો બીજી ગાડી આવવાને કલાક વાર હતી. હું આમ તેમ સ્ટેશને ફરતો હતો તેવામાં ગાડી આવી. મેં ઉતાવળ કરી મહારાજે કહ્યું શાન્તી રાખવી, બહુ ઉતાવળનું શું કામ છે. પણ લોકો ગાડી ઉપડી જવાની વાતો કરતા હતા તેથી માન્યું નહિ. ઝટ ઝટ ગાડીમાં ચઢી ગયો ગાડી ઉપડવાની થઇ એટલે ખબર પડી કે આતો આગ્રા જાય છે. તેથી તેમાંથી ઉતરી પડ્યો ને પસ્તાવો થયો કે મહારાજનું માન્યું હોત તો ઠીક, પછી મથુરા વાળી ગાડીમાં બેસી મથુરા અગીયાર વાગે ઉતર્યો. મહારાજે કહ્યું કે મથુરા જંકશન કેવું છે ? તે જોવું જોઇએ પણ છ માઇલ ચાલવાનું હતું ને તાપ ચઢી જાય તે બીકે માન્યું નહિ. ને ઉતાવળ કરીને સ્ટેશન બહાર નીકળ્યો ને ઉભી સડકે કેટલુંક ચાલ્યો લોકોને પુછયું કે વૃંદાવન આ સડક જશે ? લોકોએ હા પાડી પછી બીજાએ કોઇને વાત કરીકે વૃંદાવનની ગાડી ઉપડી ગઇ ? ત્યારે તેણે કહ્યું કે પાંચ મીનીટની વાર છે મારા મનમાં એમ હતું કે વૃંદાવન એટલે તુલસીનું જંગલ, તેમાં ગાડી ક્યાંથી અને પેલાએ છ માઇલ ચાલવાનું કહેલું તેથી મહારાજના ના કહેવા છતાં હું ચાલી નીકળેલો, આ વાત થયા પછી મેં પેલા માણસને આજીજી કરી કે મને ગાડીએ લઇ જાવ ત્યારે તેણે મને પકડીને દોટ મુકીને ટીકીટ માસ્તરે પણ કહ્યું કે આ સુરદાસને ઝટ ગાડીમાં બેસાડ, નહીતર ગાડી ઉપડી જશે. મને ગાડીમાં બેસાડ્યો પછી મને વિચાર થયો

કે દાસના દુશ્મન હરી હોય નહી. પણ હરીના દુશ્મન દાસ હોય કે હું મહારાજની આજ્ઞા માનતો નથી પણ મહારાજ મારે માટે કેટલો બધો પ્રયત્ન કરે છે. વૃંદાવન આવ્યું એટલે સ્ટેશનેથી હું બહાર નીકળ્યો મારા પગમાં ચંપલ લાગેલાં ને લોકોના પીલાવાથી પાકીને અંગુઠે બળતરા બળતી હતી ને ચલાતું ન હતું તે મહારાજને કહ્યું કે હુંતો અહીંજ સુઇ જઉં છું મારાથી ચલાતું નથી. ત્યારે તેમણે કહ્યું કે ચલાય કે ન ચલાય પણ વૃંદાવન પહોંચ્યા વગર છુટકો નથી. આ બધા લોકો ચાલે છે. તેમની પાછળ પાછળ ચાલો પછી ન ચલાય છતાં તેમ કર્યું. તે સાડા બાર વાગે એક ધર્મશાળામાં ઉતર્યો ત્યાં જઇને તરત સુઇ ગયો થોડીવાર પછી ત્યાંના આગેવાનને કહ્યું કે ખાવા પીવાની વ્યવસ્થા કેમ થઇ નથી ? ત્યારે તેણે કહ્યું કે રંધાય છે. અને નોકરો આ પીપમાં પાણી ભરે છે. તમે ક્યાં ઉતારો રાખ્યો છે ? મેં કહ્યું અહીં નીચે તેણે કહ્યું તે જાણતા ના હોય માણસ છો મેં ના કહી ત્યારે તેણે કહ્યું ભાઇ, આપને ખાવા પીવા વ્યવસ્થાનું મને હુકમ આપ્યો નથી માટે મહેરબાની કરીને ક્ષેત્રમાં જમી લ્યો ને મંદિરોમાં આરામ લો મેં કહ્યું ક્ષેત્રો હું જાણતો નથી તો તેણે પાંચ સાત નામ આપ્યાં તે બધાં મને યાદ ન રહ્યા પણ હરગુલાલનું ક્ષેત્રા ઠેકાણું બાંકેબીહારીજીના મંદિર પાસે એટલું યાદ રહ્યું તે મને સીધા રસ્તે ચડાવી ગયો. ક્ષેત્રનો રસ્તો પુછતાં લોકોએ કહ્યું કે ભાઇ તે તો મોડામાં મોડું અગીયાર વાગે બંધ થઇ જાય છે અને અત્યારે તો દોઢ થયો છે તમને કોઇ ખાવા આપનાર નથી. મીથ્યા પ્રયત્ન કરશો નહિ. તેમ છતાં મહારાજે કહ્યું કે આપણે ત્યાં જવામાં શું ખોટ છે. ખાવા આપશે તો ઠીકજ છે ને નહિ આપેતો નવું નવું વૃંદાવન જોવા મળશે ને ઓછામાં ઓછું પાણી તો આપે તેજ ને

સારો ઓટલો હશે તો ત્યાં પડી રહીશું. આ ઉપરથી લોકોના ના કહેવા છતાં હું ત્યાં ગયો ને જતાં વેંત ઘર માલીકે મારો હાથ પકડી ચંપલ એક બાજુ કઢાવી અંદર લઇ જઇ હાથ પગ મોં ઠંડા પાણીથી ધોવડાવ્યા ને જમવા માટે ચાર રોટલી ભાત ને કટોરો ભરીને શાક લઇ આવ્યા. તે જમ્યા પછી ઠંડુ પાણી પાયું ખરેખર રીતે તો આ ક્ષેત્રમાં એવો નિયમ છે કે હાથમાં એક રોટલી આપે ને ચમચો દાળ રેડે પાણી ત્યાં આપવાનો રીવાજ નથી નવ વાગે ઉઘડે ને મોડામાં મોડું અગીયારે બંધ થઇ જાય. પણ આ સઘળી ભગવાનની કૃપા હતી. જમ્યા પછી મારા ચંપલ શોધી લાવ્યો ને મને સીધે રસ્તે ચઢાવી ગયો. મારા મનમાં થયું કે અહો ભગવાન હું તમારી એક રંચ પણ આજ્ઞા પાળતો નથી પણ આપશ્રી મારૂં કેટલું બધુ જતન કરો છો. મહારાજે કહ્યું કે બાંકેબીહારીજીનું મંદિર પાસે છે ત્યાં જઇને બેસીશું પણ મેં આ વાત ના માંની મનમાં મહારાજની આજ્ઞા ભંગથી થતાં દુઃખો સાંભળી આવ્યાં તેથી એક માણસને પુછ્યું કે બીહારીજીનું મંદિર ખુલ્લુ હશે ? તેણે ના પાડી એટલે કે ત્યાં એવો રિવાજ છે કે ભગવાનનાં દ્વાર કેતાં મુરતી દરશન થાય એવી સ્થીતીમાં હોય તો મંદિર ખુલ્લુ છે એમ કહેવાય ને ન હોય તો મંદિર બંધ છે એમ કહેવાય અને હું એમ સમજયો કે મંદિરને તાળુ વાસ્યું હોય તો બંધ કહેવાય પેલાનો કહેવાનો ભાવાર્થ એમ હતો કે ભગવાનની મુરતીના દરશન થઇ શકશે નહિ એટલે કે મંદિર બંધ છે હું એમ સમજ્યો કે મંદિરમાં કોઇ નથી. મંદિરને તાળુ માર્યું છે એટલે કે મંદિર બંધ છે. થોડીવાર પછી મેં બીજા માણસને કહ્યું મારે સુઇ જવું છે. ત્યારે તેણે કહ્યું કે બાંકે બીહારીજીના મંદિરના ચોકમાં જઇને આરામ લો. પણ મેં તેનું માન્યું નહિં કેમકે પેલાએ કહ્યું કે મંદિર બંધ છે અને ધક્કો પડે

તેથી વાત ન માની થોડીવાર પછી તરસ લાગી ને કોઇની પાસે પાણી માગ્યું ત્યારે તેણે કહ્યું કે બાંકે બિહારીજીના મંદિરમાં જાવ ત્યાં પાણી મળશે. આળસુ થઇ મારી પાસે શા માટે માગો છો. મહારાજે પણ કહ્યું કે ચાલોને આપણ ત્યાં જઇએ પાણી મળશે તો પીઇશું નહિતર પગથીઆમાં સુઇ જઇશું પણ મેં કહ્યું ખાલી ધક્કા ખાવા તે કરતાં વૃંદાવન જોવું તે શું ખોટું છે ? એમ કહી તે વાત ન માની દિવસના બે ત્રણ વાગ્યા હતા એટલે તાપ પણ સખત હતો. તરસ બહુ લાગી હતી સ્ટેશનેથી નીકળ્યો હતો ત્યારે પગે બળતરા બહુ બળતી હતી તે ખપ જોગું ચાલી શકાય તેટલા માટે ભગવાને ઓછી કરી હતી પણ, ત્રણ ત્રણ વખત ભગવાનની આજ્ઞા ભંગ કરી વૃંદાવનની નવી નવી જગ્યાએ, ધર્મશાળાઓ, મંદિરો, મંડળીઓ, મકાનો, સડકો, ગલીઓ વગેરે જોવામાં એટલેકે પગનો દુર ઊપયોગ કરવા માંડ્યો તેથી સખત બળતરા ચાલુ થઇને તડકો લાગવાથી તરસ બહુ લાગી પણ કોઇ પાણી આપે નહિ, ને છાંયડે બેસવા ન મળે ને આજ્ઞા ભંગનું બહુ દુઃખ વેઠવું પડ્યું. છેવટે દયા કરી એક વાણીયાની દુકાને ખાલી ઓટલો હતો ત્યાં સુઇ રહેવાનું મળ્યું લગભગ પાંચ વાગે જાગ્યો. મહારાજે કહ્યું કે જાનકીદાસ શેઠને ઠંડા પહોરે મળી આવીએ પણ માન્યું નહિ ને બિહારજીનાં મંદિરે બપોરે ન ગયેલો ને દુઃખ પડ્યું તેથી રસ્તો પુછી જમુનાજીએ ટટ્ટી જઇ આવી ત્યાં મંદિરમાં ગયો તો તો મોટો ચોક હતો ને પથ્થરની મોટી પાટો હતી પાસે કુવો હતો ને પાછળ પરબ હતી તેથી મન ખુશ થઇ ગયું ને ત્યાંજ ઉતારો કર્યો, સાંજે દસ વાગે રાસ જોવાની ઇચ્છા થઇ તો ત્યાં મંદિરના રિવાજ પ્રમાણે સ્ત્રી પુરૂષો રાસ રમતાં હતાં તે જોયાં ને પછી પાટ ઉપર સુઇ ગયો તા.૧૭-૫-૪૭ ને શનીવારની રાતે વૃંદાવનમાં ગઇ ૧૭મીએ

બપોરે ક્ષેત્રમાં જમ્યો હોવાથી સાંજે ખાવાની ચિંતા ન હતી. વળી વૃંદાવનમાં એક રહીને ભજન કરવાનું હતું એટલે અલ્પઆહાર જોઈએ, એ હિસાબે સાંજે ખાવાનું બંધ રાખ્યું હતું ૧૮મી સવારે ઉઠતાં વેંત જમનાજી ગયો જુમનાજીનો ગુપ્ત રસ્તો તા.૧૭મીએ હું જોઈ આવ્યો હતો અને સવારે મહારાજે ધોરી રાજમાર્ગ બતાવ્યો અને તે યાદ થઇ ગયો જુમનાજીમાં અડધો કલાક નાવાનો વિચાર હતો તેથી પાણીમાં પડીને મહારાજે ને કહ્યું કે હવે તમને નહિ સંભારૂં નાહીને પાછા વળતાં મહારાજે કહ્યું કે, બસ મને ભુલી ગયો. અને વળી સલાહ આપી કે ધોતીયું બરડે સુકવીને ચાલ મંદિર જતાં અડધું ધોતીયું સુકાઇ ગયું. પછી મહારાજે કહ્યું કે પાટ ઉપર ધોતીયું સુકવીને ઉપર બેસ. તેથી કશી ચિંતા ન રહે તે પ્રમાણે કર્યું પછી મહારાજે કહ્યું કે ચાલો જાનકીદાસને મળી આવીએ એ ઉપરથી એક માણસને જાનકીદાસ વિષે પુછતાં જણાવ્યું કે તે તો અહીં નથી તેમના જેવા સતરસો જાનકીનાથ છે. બહાર તો નીકળો પણ આજ્ઞાજ માનવી ન હતી એટલે શી રીતે જવાય ? છાનો માનો બેસી રહ્યો અને કહ્યું કે ભુખ બહુ લાગી છે. મહારાજે કહ્યું કે નાતનું નોંતરૂં ને પરબનું પાણી શા માટે છોડ્યું સાંજે કાંણે ખાવાની ના પાડી હતી પણ અલ્પહાર કરીને ભજન કરવું છે તો હવે નિરાંતે બેઠા ભજન કરો પછી મને થયું કે વ્રજવનીતાઓ કેવી હશે ત્યારે મહારાજે કહ્યું કે પેલા કુવા ઉપર વ્રજવનીતાઓ પાણી ભરે છે ત્યાં જઇને પાણી માગ મેં ત્યાં જઇને પાણી માગ્યું ત્યારે તેમણે કહ્યું કે પ્યાવે જઇને પી. મહારાજે કહ્યું કે ગુજરાતીમાં તેમની સાથે જગડોકર. તેથી મેં તેમને કહ્યું પ્યાવ બ્યાવ સમજતો નથી મને પાણી આપો એમ હોંકારો કરીને કહ્યું ત્યારે તેમણે પાણી પાયું, મહારાજે કહ્યું પાટ ઉપર બેસીને હવે

નિરાંતે તારા વિશેની વાત સાંભળ આ પ્રમાણે વૃજવનીતાના સ્વભાવનો ખ્યાલ કરાવ્યો. મને થયું કે કૃષ્ણભગવાનને પણ આમ ને આમ હેરાન કરતી હશે. પણ મહારાજને મેં કહ્યું કે ગમે તેમ પણ વૃજવાસીઓ નિષ્કપટીને વિકાર રહીત છે. મહારાજે કહ્યું કે સામી બે પાટોના વચ્ચે જગ્યા છે ત્યાં નીચે પગ લટકાવીને બેસ એટલે રસ્તામાં બેઠો ગણાઈશ અને સામેની વાતો સાંભળ તે વાતો સાંભળી તેમાં એકબીજાને બીભસ્ત ગાળો આપતાં હતાં. મહારાજે કહ્યું કે પહેલાનાં વ્રજવાસીઓ નથી, હવે તો બધુ નકલી છે એટલે કે વેપાર માટે, મરવા માટે, ભજન માટે, ખાવા માટે કેટલાંયેક પંજાબી, બંગાળી, હિંદી ભેગા થયા છે. અને પોતાને વ્રજવાસી કહેવડાવે છે. માટે પહેલાનું માહાત્મ મુકી દે, કાને વૃજમાં આવ્યા પછી વ્રજનું, ગોપીઓનું, વ્રજવાસીનું, જમનાજીનું, ગાયોનું વિગેરેનું એટલું બધુ માહાત્મ આવતું હતું કે ન પુછો વાત તે મહારાજે કહેતાં માથાકુટ તને ભલી ગમે છે. અત્યારે તો તેમાંનું કોઈ નથી. અરે માટી પણ નથી પણ મનાતું નહિ, કેમકે મારે તો વૃંદાવન રહીનેજ ભજન કરવાનો વિચાર હતો ત્યાર પછી મેં પુછ્યું કે આ મંદિરોના વહીવટ કેવા ચાલતા હશે? ત્યારે મહારાજે કહ્યું કે છેલ્લી પાટ ઉપર વહીવટીઆ બેઠા છે ત્યાં જઈને સાંભળ તે સાંભળતાં માલુમ પડ્યું કે આ મંદિરનું લેખીતકામ નથી. ચારપાંચ સાધુને ચારપાંચ ગૃહસ્થ મળીને વહીવટ ચલાવે છે. વળી ત્યાર પછી હું બિંહારીજીનાં દર્શન કરવા ગયો, મહારાજે તો ના પાડી હતી પણ અંદર ગયો તો નવ વાગેલા છતાં દ્વાર ખુલેલા નહી, અને ગુજરાતમાં તો પરોઢિયે ચાર વાગે ખુલે છે એટલે મહારાજનું શી રીતે મનાય? ત્યાં જઈને ખાલી નમસ્કાર કર્યાને પરમેશ્વર સાવ નાસ્તીક બોલવાનો વિચાર કર્યો પણ

મહારાજે કહ્યું ઠાકોરજીતો નવ વાગ્યા છતાં આળસુ થઇને સુઇ ગયા છે. તો સ્રોત્ર કોને સંભળાવો છો ? પછી મને મંદિરમાં બધે ફરીને જોવાની ઇચ્છા થઇ મહારાજે કહ્યું ચિત્રામણવાળી જમીન જોઇને શું માગે છે. તેવા બ્રહ્માંડમાં કેટલાંયે મંદિરો છે માટે બહાર ચાલ પછી બહાર આવીને ઓટલે બેઠો મેં વિચાર કર્યો, ક્ષેત્ર અગીયાર વાગે બંધ થઇ ગયાની કાલે વાત સાંભળી હતી તો લગભગ દસવાગે શરૂ થતું હોવું જોઇએ. અરે દસ વાગે પણ કોણે સામું કરી મુક્યું છે માટે લગભગ સાડાદસે ક્ષેત્રમાં જઇશું પણ મહારાજે કહ્યું કે ભાઇ સુતું જાગે, કદાચ મળે ન મળે, ભુલા પડીએ ઉતાવળું ન ચલાય અને મોડા જઇએતો કદાચ થઇ રહ્યું હોય તો ન પણ આપે, માટે વહેલા જઇએ, પણ મેં કહ્યું હજીતો કલાકની વાર છે. એટલા બધા વહેલા જઇને શું કરીશું મહારાજે કહ્યું કે ક્ષેત્રના ઓટલા ઉપર બેસી રહીશું પણ મને આ વાત પસંદ પડી નહિ ને છાનો માનો બેસી રહ્યો પોણા દસ વાગે એક સાધુ આવ્યો તેણે કહ્યું કે સુરદાસજી ખાવું નથી મેં કહ્યું ખાવું તો છે પણ હજી તો પોણા કલાકની વાર છે. તેણે કહ્યું ભલામાણસ નવ વાગે તો ક્ષેત્ર ઉઘડી જાય છે. અને હવે તો થઇ રહેવા પણ આવ્યું. આ ઉપરથી મને પસ્તાવો થયો કે મનની હઠ છોડીને જો મહારાજનું કહ્યું કર્યું હોત તો ઠીક પણ મહારાજ તો દયાળું છે. માટે મને માફી આપશે મહારાજે કહ્યું કે આટ આટલી આજ્ઞા ભંગ કરે છે તે કયે વખતે માફી ન આપી ? પણ ભુખ લાગી છે એટલે દયાળુ કહે છે ને માફીની માગણી કરે છે. નહિતર માફીની દરકાર પણ રાખે નહિ. સવારમાં જાનકીદાસને મળવાનું કહ્યું હતું તે ન ગણકાર્યું મેં કહ્યું છોરૂ ક છોરૂં થાય. મા-બાપ કમાબાપ ન થાય પેલા સાધુએ કહ્યું કે ચાલો હું જાઉં છું તમને સાથે લઇ જાઉં એમ કહી તે બે

ક્ષેત્રોમાં લઇ ગયો. તે દરેક ક્ષેત્રમાં એક એક રોટલીને ચમચો દાળ મળતી હતી. પણ સાધુએ કહ્યું કે અમને ન આપો પણ આ સુરદાસજી ભુખ્યા છે. તેમને બબે રોટલી આપો આ ઉપરથી કુલ મળી ચાર રોટલી ખાધી. મહારાજે દાળ લેવાની તો ના પાડી હતી. બીજા સાધુઓતો એકાંતે લઇ જઇને ખાતા મહારાજે કહ્યું આપણે તો અહીંજ બેસો અહીં ઠીક છે પછી જ્યાં લીધી હતી ત્યાંજ નીચે બેસીને ખાઇ ગયો તે બિહારીજીમાં આવીને પાણી પીધું. બપોરે એક વાગે ખરા તાપમાં મહારાજ કહે જમુનાજીનો રસ્તો જોઇ આવીએ, મહારાજની મતલબ મને શેઠ લોકોના ભેળા કરવાની હતી એટલે અંતરમાં ઉપાડ્યા કરતા હતા પણ હું માનતો નહિ. આ વખતે તો મેં સ્પષ્ટ કહ્યું કે તાપમાં રખડવાથી આંખે ઓછું સુઝે છે. ને પગે બળતરા બળે માટે હું તમારૂં કહેવું માનીશ નહિ ને સુઇ જઇશ એટલે તરત ટટ્ટી લાગી ને જવાની ફરજ પડી. તે જુમનાજી ગયો મહારાજે કહ્યું કે હંમેશાં ટટ્ટીનો સમય બપોરનો રાખવો કેમકે લોકો સવારમાં ભરતી હોય તે દીગંબર ટટ્ટી કરતાં ન ફાવે માટે બપોરે ઠીક છે પછી પાછો આવ્યો ત્યારે બે વાગ્યા હતા. આવીને થોડીકવાર પાટ ઉપર લાંબો થયો પણ તપેલા પથરો હોવાથી કંઇ ફાવ્યું નહિ. ને બેઠો થઇ બેસી રહ્યો, તેવામાં ત્રણેક વાગે બિહારીજીનાથે એક છોકરો આવ્યો તેણે કહ્યું કેમ દટાઇ ગયા છો કંઇ ઓછુ ખાવા મળ્યું છે. મેં કહ્યું ના બરાબર ખાધું છે પણ એતો એવી પ્રકૃતિ છે પણ તેણે માન્યું નહિ. ને પોતાના ઘેરથી આના લઇ આવી મંદિરમાં મુકી દોઢ પાસેર બંગાળી એટલેકે ०।।। શેર લાડુને પેંડા લઇ આવ્યો તે ખાધા અને પરબેથી પાણી પીધું ત્યાર પછી મહારાજે કહ્યું કે હું તારૂં આટલું જતન કરૂં છું ને તું મારૂં કહ્યું કરતો નથી મેં કહ્યું મહારાજ એતો હું નહિજ

કરું. થોડીવાર માટે હું ભગત નથી. એમ માનજો ને મહેરબાની કરીને હવે એ વાત કહેશો નહિ. તેમ છતાં બહુ કહ્યું એટલે થોડેક સુધી બહાર વૃંદાવનમાં ફરી આવ્યો પણ કંઇ અર્થ સર્યો નહી. એટલે થોડેક મન વિના જે વસ્તુ કરવામાં આવે તેમાં બરકત આવે નહિ આવી રીતે મહારાજની આજ્ઞા માની નહી સાંજે પેલા સાધુએ આવીને કહ્યું કે ખીચડીને રોટલી મળે છે. લેવા આવવું છે ? મેં ના પાડી અને રાત્રે પાટ ઉપર સુઇ ગયો આ રીતે ૧૮-૫-૪૭ની રાત પણ વૃંદાવનમાં ગઇ સવારમાં ઉઠીને જમુનાજી નાવા ગયો ને કાલે ભગવાનને ભુલી ગયેલો હોવાથી આજે નાવામાં રસ પડ્યો નહિ ને પગ ને અંગુઠે ચંપલ લાગેલાં તેના ફોલ્લા ઉપર જળજંતુએ ડંખ મારવા માંડ્યા તેથી ઝટ ઝટ આવતો રહ્યો ને બિહારીજીના મંદિરમાં ધોતીયું સુકવી પહેરી લીધું આજે કાલના અનુભવથી મોડું કર્યું નહિ નવ વાગે મારી મેળેજ ક્ષેત્રમાં ગયો પણ ઉઘડ્યું ન હતું અડધા કલાક પછી ઉઘડ્યું તે એક રોટલી મળી તે ખાઇ લીધીને બિહારીજીમાં આવીને પાણી પીધું તેવામાં પેલો છોકરો આવ્યો તેણે પુછ્યું કેટલી રોટલી મળી ? ત્યારે મેં કહ્યું ફક્ત એકજ તેણે કહ્યું મેં વહેંચવા વાળાને જણાવ્યું હતું કે પાંચ રોટલી આપે પણ તેણે લક્ષમાં નહિ લીધું હોય હવે તમે અટખંભામાં જાવ. રાધા વલ્લભજીના મંદિર પાસે છે ત્યાર પછી હું અટખંભામાં ગયો. દિવસના સાડા બાર વાગ્યા સુધીમાં ત્રણસો માણસો એકઠા થયા તેમને રીતસર પતળામાં ભાણે બેસી જેટલી ખાય તેટલી રોટલી કોડીયામાં દાળ ને કુલડીમાં પાણી મળતું સાધુઓએ લગભગ કલાક સુધી ધુન મચાવી. હુંતો બેઠો બેઠો નારાયણ જપીને મોઢું હાલતું રાખતો હતો ત્યાર પછી પચાસેક જય બોલાવી તેમાં મને તો હસવુંજ આવતું હતું મહારાજે કહ્યું કે આપણે ચંપલ અંદર

લઈ જવાં બધાને બહાર જોડા રાખવાનો કાયદો હતો અંદર લઈ ગયા પછી ઉંચે મુકવાનું મહારાજે કહેલું પેલા લોકો તો ઘણું ના પાડે પણ મહારાજે કહેલું તેથી મેંતો મુકી દીધાં. જમી રહ્યા પછી હાથ બહાર ધોવાનો કાયદો હતો પણ મહારાજે કહ્યું કે આપણે હાથ બહાર ધોઈને આવીએ તેટલામાં કોઈ તાપના વખતમાં ચંપલ ઉઠાવી જાય માટે આપણે તો અહીંજ હાથ ધોવા તે લોકોના ના કહેવા છતાં હાથ ધોઈને કુલડો વચ્ચેજ મુકીને ચંપલ પહેરીને ચાલતો થયો મહારાજે કહ્યું અહીં પાણી મળે છે પણ માગવું નહિ કેમકે લોકો ખીજાયેલા છે. પછી બિહારીજીમાં આવીને પાણી પીધું ત્યારે પછી જુમનાજી ટટ્ટી ગયો ને કપડાં ધોવાં હતાં માટે ધોબીઘાટ શોધવા લાગ્યો પણ રસ્તો મળ્યો નહિ. પાછો બિહારીજીએ આવ્યો, મહારાજે કહ્યું કે આમ આપણે ક્ષેત્રોમાં ખાઈએ છીએ તે કરતાં આપણે ઘેર ખાવું શું ખોટું ? અને પૈસા વગરતો આપણે ઘેર બેસી રહીએ તે પણ સરખુ છે. ઉલટું અહીં વેળા કવેળા ખાવા મળે, જેવું તેવું મળે, ઝાડો પેશાબનું દુઃખ, નદીમાં જળજંતુ કાપે, કપડાં ધોવાનું દુઃખ અને સંત સમાગમ નહી ને ઘેર જઈએ તો આ બધી વાતનું સુખ માટે ઘેર જઈએ તો ઠીક મેં કહ્યું કે તમારી સલાહ મારે જોઈતી નથી. હું તો ઘેરથી કકળીને આવ્યો છું માટે મારે તો ભજન કરવું છે. એક મહીનો અહીં રહેવું છે. ત્યારે તેમણે કહ્યું કે ઘેરથી કકળ્યો હોય તો ભાદરણ આવજે મેં કહ્યું ભાદરણ કોણ ઉભુ રાખે છે બહુ બહુ તો આવીએ તે વખતે એક કલાક રાખેને વળી કંઈક નવું તુત નાંખે. માટે આપણે તો ભલુ થયુંને ભાગી જંજાળ, સુખે ભજીશું શ્રી ગોપાળ એમ કહી તે વાત માની નહિ. ને થોડું સુઈ ગયો પછી મનમાં થયું કે લાવ દરવાજે જાઉં. પછી દરવાજે જઈને ઉભો રહ્યો. મહારાજે

કહ્યું કે સામી પરબે પાણી સરસ છે માટે ત્યાં જઈએ અને પાણી પીએ પછી તેમ કર્યું મહારાજે પાછું કહ્યું કે સામે આગળ છાંયડો સારો છે. ત્યાં લોકોની વાતો સાંભળીશું. અહીં એકલા ગમતું તો નથી. પછી ત્યાં ગયો તો ત્યાંથી સીધી એક સડક ફૂટતી હતી મહારાજે કહ્યું કે વૃંદાવનમાં આપણે ભોમીયા થવું જોઈએ માટે આ સડક ક્યાં જાય છે તે જોઈએ પછી તે સડકે સ્ટેશન આવ્યું પછી મહારાજે કહ્યું તાપમાં અકળાઈ ગયા છીએ ત્યારે ઠંડા પહોરે પાછા જઈશું હાલ અહીં પરબે પાણી પીએ પછી પાણી પીને ત્યાં બેઠો એટલામાં ગાડી આવી ગાડી ખાલી જોઈને મહારાજે કહ્યું કે આપણે અહીં બેઠા બેઠા માખી મારીએ છીએ તે કરતાં મથુરાં જોઈ આવીએ તો ઠીક ગાડી ખાલી જોઈને અંદર બેસવાનું મન થયું અને મહારાજે કહ્યું કે સાંજે તો આપણે પાછા આવીશું એટલે અંદર બેઠો ગાડીતો તરત ઉપડીને મથુરાં આવ્યા પછી એમ થયું કે આખુ સ્ટેશન જોઈ વળીએ સીડી ઉતરીને પેલી બાજુએ ગયો અને ત્યાં જઈને બેઠો પછી મહારાજે કહ્યું કે પૈસા વિનાનું કેટલું દુઃખ છે જો પૈસા હોય તો આપણે વેચાતી વસ્તુ પણ લઈ શકીએ ને ખાવાપીવાનું દુઃખ પણ ન રહે અને કાલે બાર વાગ્યા સુધીની તો અટખંભામાં નીરાંત કરી છે. માટે ચાલો ને આપણું કામ કરીએ આ ઉપરથી મન લોભાયું ને આગ્રાની ગાડીમાં બેસી અચનેરા સુધી અડધો કલાક કામ કર્યું ને પછી મન આળસી ગયું ને મહારાજે ઘણું કહ્યું પણ માન્યું નહીં. રાતના આઠ વાગે આગ્રા સ્ટેશને ઉતરી પાણી પી બહાર નીકળી મુસાફરખાનામાં માથા નીચે પથ્થર મુકી ચંપલ પહેરેલા રાખી સુઈ ગયો ખાવાની ચિંતા હતી નહી. આ રીતે તા.૧૯-૫-૪૭ની રાત આગ્રામાં ગઈ સવારે સાત વાગે ઉઠીને સ્ટેશનની અંદર આવ્યો દાતણ પાણી કરી ગાડીમાં બેઠો

બેઠા પછી મહારાજે કહ્યું હવે આપણું કામ શરૂ કરો પણ આજ્ઞા ન માની પછી તો ભુખ લાગવા માંડી તે સખત ભુખ લાગી ને અંતરમાંથી ધીરજ ખુટવા માંડી તે બે પગ વચ્ચે માંથુ નાંખી દેડકાની માફક આકુળ વ્યાકુળ થવા લાગ્યો મહારાજે તો કંઈજ ખબર ન લીધી ને ભકતી કપાયાની બીકે મેં પ્રાર્થના પણ ન કરી ને આજ્ઞા પણ ન માની પછી ભરતપુર લગભગ આવ્યા એટલેકે દિવસના બાર વાગ્યા એટલે મહારાજે કહ્યું કેમ દોસ્ત, ધીરજ ખુટી ને ? ખાવું ખાવું શું કરે છે ? આજ્ઞા તો પાળતો નથી ને ખાવાનું તો ચાલુ સેંકડમાં કરી નાંખુ મને એટલા દુઃખમાં પણ હસવું આવ્યું એટલેકે વાત ખોટી માની તરતજ એક બ્રાહ્મણે કહ્યું સુરદાસજી કેમ કોકડું વળી ગયા છો ? મેં કહ્યું એતો એમજ. અમારૂં કોઈના જાણે તેણે કહ્યું, ના હું જાણું છું એમ કહી, પોતાના ડબ્બામાંથી બંગાળી સવાશેરેક ઢેબરાં દુધીનાં મોટાં મોટાં કાઢી આપ્યાં તે પુષ્કળ ખાધાં ને વધ્યાં તે શામાં રાખવાં ? તે માટે મહારાજને પુછ્યું, તેમણે કહ્યું કે ટોપીને ઉકેલી નાંખી ઢેબરાંને ભાગીને તેમાં ભર, પછી તેમ કર્યું દિવસના બે વાગે બાંદીકુઇ ગાડી આવી ત્યાં ઉતરી ક્યાં બેસવું તે માટે મહારાજને પુછ્યું ત્યારે તેમણે કહ્યું કે સીડી નીચે છાંયડો છે ત્યાં જઈને બેસ સ્ટેશન ઉપર ન બેસવું. કેમકે માણસોની ગીરદીમાં ખાતાં ન ફાવે ને. પછી ત્યાં જઈને ખુબ ખાધુ મહારાજે કહ્યું કે આ બાકી રહેલું ત્યાં નળ છે તેની આગળ જઈને ઠાલવી નાંખ. મેં કહ્યું સાંજે ખાવા થશે તેમણે કહ્યું સાંજે હું આપીશ. ત્યાર પછી મેં તેમ કર્યું ને પાછો ગાડી નીચે જઈને બેઠો ને મનમાં અમદાવાદ આવવા માટે દ્રઢ નિશ્ચય કર્યો ને રાત્રે જઈશ તો સીધો ઘેર જઈશ ને દિવસે જઈશ તો ડાહ્યાભાઈને ઘેર ઉતરીશ એમ નિશ્ચય કર્યો પછી ગાડી આવી તેમાં બેઠો.

મહારાજે પોતાનું કામ કરવા આજ્ઞા આપી આ વખતે આજ્ઞા માનીને કામ પુરૂ થયું એટલે કે ચારવાગે હલવરના સ્ટેસને ઉતરી ગયો ને ખબર પડી કે હું તો અમદાવાદને બદલે દિલ્હી તરફ ગયો ને ગાડી તો ઉપડી ગઇ હું હલવર સ્ટેશને સુઇ ગયો તે સાંજના છ વાગે ઉઠીને સ્ટેશનમાં ફરતો હતો ત્યાં મહારાજે કહ્યું કે અહિંયા રાત ગાળીએ સવારની વાત સવારે માટે બહાર ચાલો ગામ પણ જોવાશે. પછી બહાર નીકળ્યો અને ગામની સડકે થોડું ચાલ્યો. મહારાજે કહ્યું કે સામે ઓટલો છે ત્યાં જઇને બેસો. પછી ત્યાં જઇને બેઠો પાણી પીવાની ઇચ્છા થઇ ત્યારે મહારાજે કહ્યું કે આ ઓટલે ઓટલે ચાલો ત્યાં પરબ છે. તે પાણી મળશે પછી મેં કહ્યું સ્ટેશનને અને ઓટલાને આટલું તો છેટું છે વળી ઓટલે ઓટલે ચાલતાં પરબ આવે તે અસંભવીત છે પણ મહારાજે કહ્યું કે ના ચાલો ? પછી ત્યાં ગયો તો ખરેખર પરબ હતી. પાણી પીધા પછી મહારાજે કહ્યું કે ભુખ છે ? મેં કહ્યું ના પણ મહારાજ કહે મેં બપોરે કહ્યું હતું કે સાંજે હું આપીશ ને તેં આજ્ઞા પણ માની માટે ખાવાનું આપું છું. પણ પાણી પીવાવાળો મારવાડી ફાંટ ભરીને ચણા લઇ આવ્યો તેમાંથી ટોપી ભરીને મને આપ્યા પછી ઓટલા ઉપર બેસીને ચણા ફાકતો હતો ત્યાં મહારાજે કહ્યું કે ચણા ભાવે છે ? મેં કહ્યું ભુખજ લાગી નથી તેથી ભાવતા નથી ત્યારે તેમણે કહ્યું રોટલી અપાવું છું પછી એક વાણીઓ આવ્યો તેણે કહ્યું કેમ અમારી રોટલી તમે નહિ ખાવ. શા માટે ના પાડો છો ? મેં કહ્યું આટલા બધા ચણા છે માટે તેણે કહ્યું ચણા હું પાછા લઇશ પણ તમે રોટલી ખાવ. પછી ગરમાગરમ બે રોટલી ને શાક લઇ આવ્યો તે ખાધું. પરબેથી પાણી પીધું. મહારાજે કહ્યું ટોપી ખીસ્સામાં મુકી દે. ચણા હશે તો કાલે ખાવા થશે. મેં કહ્યું મહારાજ કાલની

વાત કાલે પણ મહારાજ કહે, અરે ખાલી ફાકવાં પણ ચાલે. શું ભાર કરે છે. પછી ખીસ્સામાં ટોપી મુકી દીધી ને મહારાજે કહ્યું ઓટલા ઉપર સુઇ જા. પણ મેં કહ્યું કદાચ બંધી હશે માટે પુછી જોઉં, મેં પેલા પાણીવાળાને કહ્યું કે આ ઓટલા ઉપર સુઇ જાઉં, તેણે જોરથી ના કહી. મહારાજે કહ્યું બીજીવાર પુછ ત્યારે તેણે કહ્યું અમારા સાત માણસ આવવાનાં છે. તેમનો ઓટલા ઉપર ઉતારો છે. પછી મહારાજે ત્રીજીવાર પુછવાનું કહ્યું ત્યારે મેં ત્રીજીવાર પુછ્યું. ત્યારે મારો હાથ પકડીને ઓટલાને છેડે લાવીને કહ્યું કે આટલી જગામાં સુઇ જાવ થોડીવાર સુતા પછી મહારાજે કહ્યું કે આપણે કોઇની અડફેટમાં ન આવીએ માટે નીચે સુઇ જઇએ. પછી કોઇ જગ્યાએ નીચે જઇને સુતાં તે વખતે મહારાજે કહ્યું કે કાયમ માટે ચંપલ માથા નીચે મુકીને સુઇ જવું પછી તેમ કર્યું ને સુઇ ગયો ગાડી રાતના બે વાગે આવી ત્યારે મહારાજે મને જગાડ્યો. હું અંદર ગયો તેવામાં ભીડમાં મારો પગ કોઇએ કચર્યો તેથી બહુ બળતરા થવા લાગીને નીચે બેસી ગયો મહારાજે કહ્યું કે ન ચલાતુ હોય તો માણસ પેદા કરીએ, ત્યારે મેં કહ્યું અહીં સાયબી ભોગવવાની નથી. તેવામાં એક માણસ આવ્યો ને કહે સુરદાસજી ગાડી ઉપડવા આવી ને તમે તો અહીજ બેઠા છો એમ કહી મારો હાથ પકડી દોડ્યોને ગાડીમાં બેસાડી ગયો મહારાજ કહે કે પેલા ચણા ફાકો મેં કહ્યું ભુખ જરા પણ નથી તેમણે કહ્યું. એ પણ એક જાતનો ધંધો છે ધીમે ધીમે ખાવું ને રાત કપાય પછી તેમ કર્યું ને સવારે બાંદીકુઇ આવ્યું. આ રીતે ૨૦-૫-૪૭ ની રાત હલવર સ્ટેશને ગઇ સવારે મહારાજે કામ કરવાનું કહ્યું પણ માન્યું નહિ ને ગાડીમાં એમ ને એમ બેસી રહ્યો તેથી મહારાજની કૃપા દષ્ટિ જરા ઓછી થઇ ને વારંવાર ઝાડા થવા માંડ્યા ને જે ડબ્બામાં હું

બેઠેલો તે ડબ્બાની ચકલી પણ ભાંગી ગયેલી તે સ્ટેશને સ્ટેશને ઉતરીને ડબ્બો બદલવો પડે ને ડબ્બામાં જાજરૂને પાણી મલે નહી. આવી રીતે પંદર વીસ ડબ્બા બદલ્યા પણ ઠેકાણું પડ્યું નહિ. મહારાજે કહ્યું મારી આજ્ઞા પાળી હોતતો આટલી અથડામણ થાત નહીં. પછી મેં માફી માગી ત્યારે એક ડબ્બામાં પાણી મલ્યું તે ટટ્ટી જઇ આવ્યો. મહારાજે કહ્યું કે ઝાડો પેશાબ ખાવુંને પાણી આ ચાર વાતની મારે તપાસ રાખવીને તારે મારૂ એકજ કામ કરવું. મહારાજે કહ્યું કે પાણી પીવું છે. મેં હા કહી એટલે કનકપુર સ્ટેશને કોઇ પાણી ભરી લાવ્યોને પાયુ પછી મહારાજે કહ્યું ખાવું છે ? ત્યારે મેં કહ્યું પુષ્કળ ચણા ખાધા છે માટે ખાવાની ઇચ્છા નથી ત્યારે તેમણે કહ્યું હવે મારૂં કામ કરો પણ મેં તો આજ્ઞા માની નહી ને છાનો માનો બેસી રહ્યો ત્યાં એક મુસલમાન મારા માટે મારી વતી કામ કરવા લાગ્યો ને મને પૈસા આપ્યા ગાડીમાં સવારનો બેઠેલો તેથી ચાર વાગ્યામાં તો સખત કંટાળો આવી ગયો ત્યારે મહારાજે કહ્યું કે કંટાળો આવ્યો હોય તો અજમેર ગાડી છોડી મુકીએ મને હસવું આવ્યું કેમકે એમ બનેકે કદાચ ફાસ્ટનું ઠેકાણું ન હોય પણ આતો દિલ્હી મેલને અમદાવાદ વગર છુટેજ નહી તે મને ચોક્કસ ખબર હતી. તેથી આ વાતને સાચી લાગી નહી ને પાંચ વાગે અજમેર સ્ટેશને હું ટટ્ટી ગયો ને પાછો આવીને બેઠો અડધા કલાક પછી એક માણસે આવીને કહ્યું કે મુર્ખા છો ગાડી બધી ખાલી થઇ ગઇ છે ને તમે બેસી રહ્યા છો આથી હું નીચે ઉતર્યો ને આખા સ્ટેશનમાં તપાસ કરી તો ગાડીમાં કોઇ માણસ ના મળેને બીજી ગાડી પણ ન હતી. પછી તે ગાડીને એન્જીન ખાલી ખેંચીને ગુદામમાં લઇ ગયું ત્યાં પછી મેં ત્યાંના સ્ટેશનના નોકરોને પુછ્યું ત્યારે તેમણે કહ્યું કે રાતે દસ વાગે અમદાવાદ

જવા માટે ગાડી આવશે પછી હું અજમેર સ્ટેશને અંદર સુઇ ગયો ને રાત્રે આઠ વાગે જાગ્યો ત્યારે મહારાજે કહ્યું કે ખાવું છે ? ત્યારે મેં કહ્યું કે પેટમાં ચણા હજી એમને એમ છે ત્યારે તેમણે કહ્યું કે એક આનીપણ ભુખ હો તો બોલવું ખાવા માટે મળી રહેશે પણ મેં સ્પષ્ટ ના કહી. ત્યાર પછી મને ટટ્ટી લાગી. તો સ્ટેશનમાં તો ગાડી એક પણ ન હતી મહારાજને પુછયું ત્યારે તેમણે કહ્યું કે સીધા ચાલ્યા જાઓ કેટલુક ચાલ્યા પછી મહારાજે કહ્યું અહીં દીગંબર થઇને ટટ્ટી કરી લેવીને પાસે આ નળ છે ત્યાં પાણી લેવું તે પ્રમાણે કર્યું આ વખતે મારી તો ધીરજ ખુટીજ ગઇ હતી કે ચોક્કસ કપડાં બગડશે પણ મહારાજે કહ્યું હતું કે ભગવાન અન્યથાકર્તુ છે. બધુ ઠીક કરશે ત્યાર પછી એક પોલીસ અમલદાર ઉભો હતો તેણે કહ્યું ઉભા રહો પણ મહારાજે ગુજરાતીમાં બોલવા મને કહ્યું. તેથી મેં કહ્યું અહીં સેકંડો ગણાય છે તે ઉભા રહેવા નવરાશ નથી ત્યાર પછી સ્ટેશનમાં આવીને સુઇ ગયો સુતા પહેલાં વિચાર થયો કે દસ વાગે ગાડી આવે છે અને નવ તો થવા આવ્યા છે માટે કંઇ ઉંઘ પાકશે નહિ. ત્યારે મહારાજે કહ્યું કે ઊંઘવું હોય તો ગાડીને લેટ કરીએ. દોઢ વાગે ગાડી આવશે માટે ફીકર કર્યા વગર નીરાંતે સુઇજા પછી દોઢ વાગે મહારાજે મને જગાડ્યો તો તો લોકો બુમાબુમ પાડતા હતા કે ગાડી સાડા ત્રણ કલાક લેટ આવી આ ઉપરથી મને મહારાજનું કહેવું સત્ય લાગ્યું ને ગાડીમાં બેઠો ત્યારપછી મહારાજે કહ્યું ઊંઘ બાકી હોય તો આ સીટ નીચે સુઇજા. ત્યાં કોઇ ડખલ કરશે નહી. પછી હું ઊંઘી ગયો ને જાગ્યો ત્યારે મહારાજે કહ્યું કે હજી તો બેજ વાગ્યા છે. માટે નીરાંતે સુઇજા પછી મારવાડ જંકશન આવવા થયું ત્યારે આંખ ઉઘડી મહારાજને કહ્યું કે બહાર નીકળવું છે ત્યારે તેમણે કહ્યું કે હજી

રાત ઘણી છે જ્યારે બહાર નીકળશ ત્યારે જગ્યા મળી રહેશે પણ હું બહાર નીકળ્યોને જંકશન આવ્યું ત્યાં સુધી નીચે બેસી રહ્યો ને જંકશને જગ્યા મળી. તે વખતે રાતના સાડાચાર વાગ્યા હતા અને સવાર આબુમાં થયું આ રીતે ૨૧-૫-૪૭ ની રાત અજમેરમાં ગઈ સવારે મહારાજે કહ્યું દાતણ પાણી કરવું હોય તો નીચે ઉતરો મેં કહ્યું ગાડી ઉપડી જાય, તેમણે કહ્યું આપણે લેટ કરીશું આ ઉપરથી નીચે ઉતર્યો ને પાછો એમ થયું કે દાતણમાં શું કરવું છે તે ગાડીમાં આવીને બેસી ગયો ને ટટ્ટી ગયો ત્યારે સૌ સંપુર્ણ કર્યું. મહારાજે કહ્યું ખાવું છે ? ત્યારે મેં કહ્યું હવે તો ડાહ્યાભાઈને ઘેર બાર વાગે ખાઈશ. આ વખતે મહારાજે કંઈ પણ આજ્ઞા કરી નહિ. મારા મનમાં થયું કે ભગવાને ઠીક કર્યું. પછી મેં મહારાજને કહ્યું કે મહારાજ અઠવાડીયાથી ગુજરાતી ભાષા સાંભળી નથી માટે સાંભળવા મળે તો ઠીક. પછી ઉંઝાથી દશેક બાઈઓ છોકરાં સહીત તે ડબ્બામાં ચઢી. તે છોકરાં છાનાં ન રહે માટે બૈરીઓ બારીએ ઉભી ઉભી ઘેટાં બકરાં ઝાડ ખેતર વગેરે ગામડીયા ભાષામાં બતાવેને છોકરાંને કલાવે તે અઠવાડીયાના ભુખ્યા મને ધરાઈ ધરાઈને ગુજરાતી ભાષા સાંભળી પછી મહારાજે કહ્યું કે ચાર વાગે ઘેર જજો ને અત્યારે તો જઈને સ્ટેશને પડી રહેજો પણ મેં કહ્યું મહારાજ મારે ડાહ્યાભાઈને ઘેર જમવાનો સંકલ્પ છે. તેમનો આગ્રહ ભર્યું ભોજન મારે જમવું છે. ત્યારે તેમણે કહ્યું અત્યારે નહિ કેમકે આ કપડાં ખરાબ છે ને એક વાગે ડાહ્યાભાઈ ઊંઘી ગયા હશે ને તેઓતો દસ વાગ્યા પહેલાં ખાઈ લે છે ને વધારાનું રાખતા નથી ને હોય છે તે તો ભાત લઈ જાયને મધુ મણીને પહોંચે તેટલું હોય છે. તે તેમના સાળાની વહુ આવી ત્યારે રસોઈ કરવી પડી હતી અને વળી મણીબેનને તકલીફ પડે માટે અત્યારે

સમજવું ? તો જ્યારે રામાઅવતાર ભગવાને ધાર્યો ત્યારે રામચંદ્રને અહિરાવણને મહીરાવણ ઉપાડી ગયા ને ભોંયરામાં સંતાડી દીધા ને અહીંરાવણ કોઇ રીતે મરાય નહિ એટલે તેની સ્ત્રીને હનુમાનજીએ પુછ્યું કે તારો ધણી શી રીતે મરાયા ત્યારે સ્ત્રીએ કહ્યું કે તમો મને રામચંદ્રને મેળાપ થાય તેવું વચન આપો તો હું મારા ધણીનું મોત બતાવું. ત્યારે હનુમાનજીએ વચન આપ્યું. તેથી તેણે મૃત્યું બતાવ્યું ને તેને મારી નાંખ્યો. પછી જ્યારે સભા થઇ ત્યારે સભામાં હનુમાનજીએ નીચું મોંઢુ ઘાલી દીધું. તે જોઇ રામચંદ્રજી બોલ્યા જે કેમ નીચું મોંઢુ ઘાલી બેઠા છો ? ત્યારે હનુમાનજીએ અથઇતી વાત કરી, ત્યારે રામચંદ્રજી બોલ્યા જે, મારે એક વચન એક સ્ત્રીને એક બાણની ટેક છે તે હું તેને કેમ મળી શકુ અને આતો ખોટું કર્યું પછી તેની સાથે શરત મુકી કરે છે. જે જો તારો પલંગ ભાગી જશે તો રામચંદ્રજી ઉઠી જશે તે પ્રમાણે પલંગ તે ભમરાથી કોચાવી નાંખ્યો, ને જેવા રામચંદ્રજી બેસવા ગયા તેવો તે ભાગી ગયો એટલે અહિંરાવણની સ્ત્રીએ જાણ્યું કે આમણે મને દગો દીધો માટે શ્રાપ દેવા માંડ્યો ત્યારે રામચંદ્રજીએ કહ્યું કે હાલ તને અંગીકાર કરીશ નહી. પણ જ્યારે હું કૃષ્ણાવતાર ધારણ કરીશ અને મથુરા પ્રગટ થઇશ ત્યારે તને હું મારી પટ્ટરાણી બનાવીશ. એવું વચન આપ્યું હતું તે હનુમાનજીએ સાંભળ્યું છતાં જ્યારે પાંડવોએ રાજસુર્ય યજ્ઞ કર્યો અને સોનું લેવા લંકામાં અર્જુન સાથે ગયા ત્યારે હનુમાનજીએ રોક્યા કે લંકામાં નહિ જવા દઇએ. રામની મનાઇ છે. ત્યારે પાછું કહ્યું જે રામ તે હુંજ છું. ને જવા દે. તે છતાં ના માન્યું અને છેવટે જ્યારે રામચંદ્ર રૂપે દર્શન દીધાં ત્યારે મનાયું ત્યારે જુઓ ભગવાન તો બેજ છેજ નહિ. એના એજ રામ કૃષ્ણ રૂપે થયા તો

પણ ના મનાયું ને છેવટે મનાયું માટે કયાં પતિવૃતપણું જતું રહેવાનું છે ? કારણકે ભગવાન તો એકજ છે જેમ આખુ ગામ હોય તેમાં બધી સ્ત્રીઓ હોય ને એક પુરૂષ હોય તો કોઇ તું પતિવૃતાપણું લોપ્યું તો તે કહેનારો ગાંડો છે કારણકે આખા ગામમાં પુરૂષ એક છે તો તેનું પતીવૃતાપણું શી રીતે ચુક્યું તેમ પુરૂષોત્તમ ભગવાન એક છે તો પતિવૃતાપણું કયાં જવાનું છે. જો ભગવાન બે હોય તો જાય, પણ ભગવાન તો બે છેજ નહિ.

ગુણાતીતાનંદ સ્વામી સ્વામીનારાયણને છતાં મુક્ત હતા ને પછી ભગવાન અંદર આવ્યા તે તેમનામાં શું અધીક છે ? આવ્યું તો તેઓ જયારે આત્મારૂપ હતા ત્યારે તેમની સતા આ પંચભૂતના દેહ ઉપર ચાલતીને દેહને ફાવે તેમ પોતાની ઇચ્છાએ વર્તાવે પણ પોતાથી દેહ બહાર નીકળાય નહિ. ને દેહ બહાર સતા ચાલે નહિ ને જયારે બ્રહ્મરૂપ થયા ત્યારે દેહ બહાર બ્રહ્માંડમાં સતા ચલાવે ને પુરૂષોત્તમ ભગવાન આવ્યા એટલે અનંતકોટી બ્રહ્માંડમાં સતાલાયક થઇને સર્વેના નિયંતા પ્રેરક ને આધાર થયા ને કર્મફળ પ્રદાતા જે કલમ તે તેમના ઉપર આવી તે સર્વેના કર્મફળ પ્રદાતા થયા. જેમ ગાદીએ બેઠો તેનું કર્યું સર્વે થાય છે. તેમ ભગવાનનું કર્યું થાય ને તેમની મરજીથી બીજો પણ કરી શકે પણ ભગવાનની મરજી બહાર કોઇ વર્તી શકે નહી.

ભગવાનની ઇચ્છાશક્તિ ક્રિયાશક્તિ અને જ્ઞાનશક્તિ તે કેમ સમજવી ? તો હું એનું એમ છે કે જીવ જે કોઇ પદાર્થ ઇચ્છાને પ્રાપ્ત થાય છે. તે પરમેશ્વરની ઇચ્છા શક્તિને અવલંબે કરી પ્રાપ્ત થાય છે. તેને ઇચ્છાશક્તિ કહીએ. જીવ જે જાગૃત સ્વપ્ન ને સુસુપ્તી એ ત્રણ અવસ્થા ભોગવાય છે તે કેવળ કર્મફળ ભોગવાવે છે, ત્યારે ભોગવે છે. સુસુપ્તીને જીવ પામે છે ત્યારે જે પાણાની સીલા

નહીં. પછી મેં કહ્યું મહારાજ મારે તો જમવું છેજ. ખાવા નહી આપે તો સુખે સુવાનું તો મળશેજને. તેમનો ભાવ ને રસોઇ હશે તો ઠીકજ છે. નહિતર અમારી ચાવી નીચે હશે તે ઉઘાડીને અંદર જઇને સુઇ જઇશને ભાઇને આવીને કડાકુટ ન કરવી પડે માટે ખાવાનું રાખ્યું હશે તે ખાઇ લઇશ પણ મહારાજનું કહ્યું માન્યું નહિ તો ગાડી બહુજ લેટ થઇ તે અહિં પોણાબારે આવે તેને બદલે એક થયો ને સ્ટેશને સુઇ ગયો મહારાજે કહ્યું હતું કે ચાર વાગ્યા સુધી ધીરજ નહિ રહે ને મેં કહ્યું હતું ગમે તેમ થાય પણ હું ધીરજ રાખીશ તે અમદાવાદ ગમે તેમ કર્યું પણ ધીરજ ન રહીને ભુખ લાગી ને મહારાજને કહ્યું કે સખત ભુખ લાગી છે. ત્યારે મહારાજે કહ્યું કે લાજે યુક્ત જમવું હોય તો તે પણ છે ને ન જમવું હોય તો તે પણ છે. મેં પહેલી વાત પસંદ કરીને એક આનાનું શેર ચવાણું આવ્યું તે ખાઇને મહારાજે કહ્યું કે અંદર જાવ પણ મેં વાત ન માની ને બહાર મુસાફરખાને બેઠો તે ગામનાં માણસો મળ્યાં ને ઉદ્વેગ થયો પછી ચાર વાગે પાછા વળતાં મહારાજને કહ્યું કે તેઓ આવે ને તરત હું જઉં ને ઉભો રહું એમ બને તો ઠીક અને તેમજ બન્યું. આ રીતે ભગવાન ભક્તના લાડકોડ પુરા કરે છે. વળી મહારાજે કહ્યું કે ડાહ્યાભાઇને ત્યાં ત્રણ દિવસમાં તમારી ઇચ્છા હશે તો જમવાનું થશે તો મુની મહારાજ અમદાવાદ આવવાના હતા તે ન આવ્યા ને તારીખ ૨૫-૪-૪૭ ને રોજ તેમને ત્યાં જમવાનું થયું.

## -: ભજન :-

**(રાગ - ઘરમાં તીરથ બારણે તીરથ આંગણીયે કાશી છબીલા)**

જયાં જાઉં ત્યાં સંગાથે આવે, આતે શું કહેવાય વાલા - ટેક
મોટર ગાડી જયાં જયાં બેસુ, નારાયણ દેખાય વાલા. ૧

મસ્ત મજાની વાતો કરતા, ભૂલી ના ભૂલાય વાલા. ૨
ભુખ લાગે તો થાળ જમાડે, ઠંડું પાણી પાય વાલા. ૩
દેશાવરમાં લહેર કરાવે, આનંદ કેમ સમાય વાલા. ૪
દીવ્ય સ્વરૂપે દર્શન આપે, કોઈથી કેમ કળાય વાલા. ૫
ઘાભઇ કહે છે કરજોડીને ભક્તિ આપોરાય વાલા. ૬

## -: ભજન :-

## ( રાગ - જોવા દેજો રાજ (૨) અક્ષરધામના ધામી )

પ્રગટ થયારાજ (૨) ગાડી પાટે પ્રયાગમાં તમે પ્રગટ થયા રાજ
પડી ગયો રાજ (૨) પાટામાં હું પડી ગયો પ્રગટ થયા રાજ. ૧
ગાડી આવે રાજ (૨) જીવવાની આશા છોડી પ્રગટ થયા રાજ. ૨
પાટા ઉપર આજ (૨) હાથ રાખીને ઝીલી લીધો. પ્રગટ થયા રાજ. ૩
ઘાભાઈ કહે છે રાજ (૨) અનેક પરચાપુર્યા તમે પ્રગટ થયા રાજ. ૪

## -: પ્ર.પુ. શ્રી નારાયણ મુની મહારાજની સ્વમુખની વાણી :-

ભગવાનનું સ્વરૂપ નિર્ગુણ કેમ જણાય ? એમ પુછયું તો તો મહારાજે ઉતર કર્યો કે શ્રીજી મહારાજ નિર્ગુણ મુરતીને સાક્ષાત અખંડ દેખતા હતા તો પણ કહ્યું જે પ્રગટ કૃષ્ણને જોવા માટે બધે રખડું છું. એમ સગુણ ભગવાનની મુરતી છે તે નિર્ગુણ છે માટે ગુણવાળી છે મુરતી કેતાં દેખાય છે. ગુણ છતાં નિર્ગુણ માનવાનું એટલે સગુણ નિર્ગુણ એક થઇ જાય.

ભગવાનનું ચિંતવન કેમ અખંડ થઇ જાય ? તો ઉતર જે ભગવાનના સંબંધથી જેજે જીવના કામ થાય એટલે તેમાં હેત થાય. જેમ દશ રૂપિયાની નોટ હોય તે બીજા કાગળના ટુકડા જેવી નથી ને માલ માની સાચવીએ છીએ તેમ ભગવાનમાં એવો માલ મનાય તેમ તેમ અખંડ ચિંતવન થાય.

શાસ્ત્રમાં પ્રતિવૃતાની ભક્તિ કરવાની કહે છે. તેનું કેમ

હોય તેવો જડ થઇ જાય છે. અને કોઇ પ્રકારનું જ્ઞાન રહેતું નથી. ત્યારે ભગવાન તેને જ્ઞાનશક્તિએ કરીને સુસુપ્તીમાંથી જગાડીને એને એની સર્વે ક્રિયાનું જ્ઞાન આપે છે. તેને જ્ઞાનાશક્તિ કહીએ અને જીવ જે ક્રિયાને વિષે શ્વેત છે તે ભગવાનની ક્રિયાશક્તિને અવલંબને કરીને શ્વેત વર્તે છે તેને ક્રિયાશક્તિ કહીએ.

તમોગુણમાં મુઢપણું રહે અને રજોગુણમાં ઘાટ સંકલ્પ રહે ક્રિયા રહે અને સત્વગુણમાં સુખ રહે, મુરતી રહે અને ત્રણે ગુણથી પર જ્યારે વર્તાયે ત્યારે ગુણાતીત થવાયને મુરતીમાં લીન થવાય. તે ઉપરામ કહેવાય.

ગુણ દબાવાની વાત થઇ જે ગુણ વ્યાપે પણ સમજણ પોતાનો રહે જે સામાને ક્રોધ થયો કોઇ ઉપર કે પોતા ઉપર તો એમ જાણવું જે તે વખતે તેને તેવો ગુણ હશે. તેથી થયો જાણે પોતે મન ટાઢું ઉનું કરવું નહિ. બ્રહ્માનંદસ્વામીને ચેલા તે મુક્તાનંદના મંડળે માગ્યો તેથી બંને જણા બોલે નહિ ને બ્રહ્માનંદ ઘણા કચવાયા તે વાત મહારાજ પાસે ગઇ એટલે મહારાજે ઠપકો દેવા માંડ્યો ત્યારે બ્રહ્માનંદ સ્વામી કહે મહારાજ મારો વાંક નથી. એતો ડોસીઓનો આવરદા મને વધારી આપ્યો તેથી કોઇ ડોસીનો એવો સ્વભાવ હશે તેથી ક્રોધ થયો. એમ કહીને મુક્તાનંદને પગે લાગ્યા.

ભગવાન દયાળુ છે પણ મનુષ્ય જેવી દયા કરતા નથી તે તો જીવના રૂડાં ભુંડા કર્મના ફળને પમાડે છે અને રજુ કરી દે છે. કોઇનું ઘાલી દેતા નથી. એટલીજ દયા છે. જેમ છપનીયામાં હજારો મનુષ્ય મરી ગયા તેથી લોકોએ જેને દયા આવે તેને મદદ કરે પણ ભગવાને એક વરસાદનું ઝાપટું નાંખ્યું હોય તો તેટલી દયા કરી હોય તો કહેવું પણ તેવી દયા કરતા નથી. તે તો જીવના કર્મફળ ભોગવાવે છે પણ મનુષ્ય જેવી દયા કરતા નથી.

ભગવાન ભગતનાં કર્મ ભોગવે છે એને કર્મે દુ:ખ હોય તો ભગવાન ભાઈબંધી ભાવે ભોગવે ને એને સુખ આપે. જે મહારાજે લખ્યું જે મારા સત્સંગીને રામપાતર હો તે મને આવોને એને સુખ થાવો બીજુ શ્રુતિમાં લખ્યું છે કે અંતે મતિ યા ગતિ તે મહારાજે ખોટું કર્યું ને પોતાનું સાચું કરવા ભગતની પેઠે લીધી. જે અંત વખતે પોતે દર્શન દેવા શ્રુતિનો અર્થ સાચો હતો જે ભરતજીને મરતી વખતે મૃગલું સાંભળ્યું તો મૃગલાનો દેહ આવ્યો તે તેજોતાં શ્રુતિ અર્થ સાચો હતો તેને પણ પોતે ખોટો કરી નાંખ્યો ને સા મતિ યા ગતિ એટલે હમણાં જેવી મતિ તેવી ગતી થાય.

બીજું દ્રોહની વાત થઈ જે ભગતનો દ્રોહ થયો હોય તે તો ભગવાનને ભોગવવો પડે જેમ વૃંદાએ શ્રીકૃષ્ણને શ્રાપ દીધો તે વૃંદાને છળવા ગયા તેથી ને નરનારાયણને શ્રાપ થયો દુર્વાસાનો તે પૃથ્વી ઉપર અવતાર લીધો.

ભગવાનનો ભગત ભગવાનનું ભજન કરતો થકો કંઈ અવગુણ રહ્યા હોય અને દેહ મુકે તો તેની શી ગતી થાય ? એ પ્રશ્ન છે ? ઉતર જે જ્યારે ભગત ધ્યાન કરે ત્યારે જે સંકલ્પ થાય તેને ભગવાન જુએ છે અને દેહ ત્યાગ પછી કાળ કર્મને એના ભોગ ખંડિત નહિ કરવાની આજ્ઞા કરે છે. અને જ્યારે વૈરાગ્ય થાય અને પ્રભુની જો સ્મૃતિ રહે તો તેને પાછો પ્રગટનો જોગ થાય છે નહિતો થતો નથી. અંત વખતે ભગવાન તેડવા આવે એ એમનું બિરદ છે પછી જ્યાં જીવને વાસના હોય ત્યાં જાય છે. માટે વૈરાગ્યની જરૂર છે.

શાસ્ત્રમાં છ નિશ્ચય કહ્યા છે તે કેમ સમજવા ? ઉતર જે જેમ ભણતરમાં ધોરણ પાડેલા હોય તેમ, નિશ્ચયના વિભાગ પાડ્યા છે. તેમાં એમ સમજાય જે આ ભગવાન જ છે ત્યારે કાંઈ કરવાનું

રહેતું નથી અને આ ભગવાન છે એમ સમજ્યા માટે જ બધા સાધન છે. અને તેવું સમજ્યા પહેલાં અનુમાને સમજવું પડે છે.

મુની મહારાજને પ્રશ્ન પુછ્યો કે ભગવાન ભગતને પરચા ઐશ્વર્ય વિગેરે બતાવે છે અને કોઇકને તો સમાધી થાય છે. તો પણ ભગવાનનું ચિંતવન કેમ નથી થયું. જે અખંડ વિચાર રહેતો નથી જે ભગવાનના પરચા ઐશ્વર્ય વગેરે સંભારતા નથી અને અખંડ સંભારી રાખે તો માહાત્મે સહિત ભજન થાય છે. અને સમાધીવાળાને તો નિત્ય દર્શન થવાથી દર્શનનું માહાત્મ રહેતું નથી મને કોણ મલ્યા છે ? તે સંભારી અખંડ રાખે તો માહાત્મે સહીત ભજન થાય છે. શરૂઆતમાં જેવો વેગ હોય તે નીત્ય સંભારી રાખવો એટલે વેગ ઢીલો પડે નહિ.

બે વરતી રાખવામાં લાભ છે. નહિતર ગોટાળા વળે એક વૃત્તિ ભજનમાં ને બીજી વૃત્તિ વહેવારમાં કેવી રીતે તો કોસવાળો તથા પાણીયારણ બે ત્રણ ઠેકાણે વૃત્તિ રાખે છે. તેમ ભજનમાં વૃત્તિ રાખવી. ને મન તો કંઈ ના કંઇ ઠરાવ કરતું હોય તો તે ઠરાવની જગ્યાએ ભજનમાં વૃત્તિ રાખવી. તે બે વૃત્તિ કહેવાય.

દરેક ક્રિયામાં ભગવાન સંભારવા ને મનથી વહેવાર કરવો પ્રભુ કહે કે મારી આગળ ના ચાલવું, મારી પાછળ ચાલવું તેથી મુરતીનાં દર્શન થાય ક્રિયા કરવી તે તોડ પાડવાની આકાંક્ષાએ ના કરવી કારણકે તેમ કરવાથી તે ક્રિયાનું જ ભજન થાય માટે જાણપણારૂપ વૃત્તિ રાખવી સહેજે સહેજે ક્રિયા થાય તેમ કરવી જે કામ કરી નાંખવું છે એમ મનમાં ના રાખવું નહિતો કામનું ભજન થાય અને વળી એકાગ્ર વૃત્તિ રહેતી હોય તેને વહેવાર પડ્યો મુકવો કેતાં વૃત્તિ તોડીને વહેવાર ના કરવો ખાવા મળતું હોય તેણે તેમ કરવું ને ખાવા ના મળતું હોય તેણે તો નિર્વાહ પુરતો

વહેવાર કરવો, વધીકો વહેવાર કરવાથી વહેવારનો ફેર ચઢી જાય છે. માટે ખપ જેટલો વહેવાર કરવો ખાવા ના મળે તેણે. વળી એકાદશ સ્કંધના પંદરમાં અધ્યાયમાં કહ્યું છે જે સુધા તૃષા લાગે નહિ તે સીધ્ધી આવી તેથી તેનો સીધ્ધીથી વહેવાર ચાલે પણ જગતમાં ના ચાલે ઉન્મત થઇ ગયો કહેવાય. પ્ર.૨૪. જો ભગવાન કૃપા કરે ને વહેવાર ઉલટો કરે (વરતે) તો છકી ગયો કહેવાય. માટે છકી જવું નહિ ને વહેવાર સીધ્ધીઓ વડે ચાલવાનો પાંચમાં નિશ્ચયમાં એવું સુખ આવે જે થોડું થોડું ખાવું પણ ઉન્મત ના થવું. સીનોરમાં મામાને સીધ્ધી તેથી સંકલ્પ કરે તે સીધ્ધ થાય તેથી સટ્ટો માર્યો બે વખત સાચું પડ્યું ને તે છતાં સીધ્ધી ગ્રહણ કરી રાખી તેથી દુઃખ આવ્યું ને ત્રીજે ફેરે સટ્ટો માર્યો તે માલમીલ્કત ઘરબાર સર્વે જતું રહ્યું ને ભીખારી થયા માટે સીધ્ધીઓ છેતરે માટે ફસાવું નહિ ને વહેવાર તો અજ્ઞાની કરે છે. તેમ કરવો ને તેથી ભગવાનજ સીધ્ધી ઓથી આપણો વહેવાર ચલાવશે ભગવાન સંભારવા વિઘન આવે તેવું કામ કહેતાં વહેવાર કાઢી નાંખવો ને તેથી વહેવાર બગડે ખરો પણ લાભ ઘણો થાય ને તેથી ભજનમાં જે વચ્ચે પડે (આવે) તે સર્વે વિઘન કહેવાય તે સર્વે કાઢી નાંખવો જેમ નાવું ધોવું તીલક કરવું તે સરવે ઉપાધી છે.

**-: સર્વે ભક્તોને જય શ્રી નારાયણ. જય શ્રી પુરૂષોત્તમ :-**